પાપપ્રતિઘાત-ગુણબીજાધાનસૂત્ર
સાધુધર્મપરિભાવનસૂત્ર
પ્રવ્રજ્યાગ્રહણવિધિસૂત્ર
પ્રવ્રજ્યાપરિપાલનસૂત્ર
પ્રવ્રજ્યાફલસૂત્ર



શ્રી ચિરન્તનાચાર્ય વિરચિત
આચાર્યશ્રી હરિભદ્રસૂરિ મહારાજ વિરચિત ટીકા સહિત

# પંચસૂત્ર

શબ્દશઃ વિવેચન (ભાગ-૧)

સૂત્ર ૧-૨

વિવેચનકાર : પંડિતવર્ય શ્રી પ્રવિણચંદ્ર ખીમજી મોતા

શ્રી ધરણેન્દ્ર-પદ્માવતી સંપૂજિતાય ૐ હ્રીં શ્રીં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ
શ્રી દાન-પ્રેમ-રામચંદ્ર ગુરુભ્યો નમઃ
ऐँ નમઃ

# पंचसूत्रकम्

## શબ્દશઃ વિવેચન (સૂત્ર ૧-૨)

: **મૂળગ્રંથકાર** :
जिनप्रवचनपारदृश्वायोगमार्गमर्मज्ञ दृद्रद्द
**चिरन्तनाचार्य**

: **ટીકાકાર** :
याकिनीमहत्तराधर्मसून्वाचार्यप्रवर
**श्रीहरिभद्रसूरि**

: **આશીર્વાદદાતા** :
પરમપૂજ્ય વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક, આચાર્યદેવેશ
**શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા** તથા
ષડ્દર્શનવિદ્, પ્રાવચનિકપ્રભાવક સ્વ. પરમપૂજ્ય
**મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા**

: **વિવેચનકાર** :
**પંડિતવર્યશ્રી પ્રવિણચંદ્ર ખીમજી મોતા**

: **સંપાદિકા** :
**સ્મિતાબેન ડી. કોઠારી**

: **પ્રકાશક** :
गीतार्थ गंगा

# પંચસૂત્ર

## શબ્દશઃ વિવેચન સૂત્ર ૧-૨

: વિવેચનકાર :

**પંડિતવર્ય શ્રી પ્રવિણચંદ્ર ખીમજી મોતા**


વીર સં. ૨૫૨૯ ❖ વિ.સં. ૨૦૫૯

આવૃત્તિ : પ્રથમ ❖ નકલ : ૧૦૦૦

મૂલ્ય રૂા. ૪૫/-


**: આર્થિક સહયોગ દાતા :**

પરમ પૂજ્ય શ્રી ભક્તિસૂરીશ્વરજી મ.સા.નાં સમુદાયનાં સરળ સ્વભાવી પરમ પૂજ્ય શ્રી સુરેન્દ્રશ્રીજી મ.સા.નાં શિષ્યા સાધ્વીજી શ્રી બોધિરત્નાશ્રીજી મ.સા.નાં શિષ્યા સાધ્વીજી શ્રી દષ્ટિરત્નાશ્રીજી મ.સા., સાધ્વીજી શ્રી આર્જવરત્નાશ્રીજી મ.સા.નાં ઉપદેશથી વયોવૃદ્ધ ધર્માનુરાગી સુશ્રાવક શ્રી છગનલાલ મગનલાલ શાહ, સ્વ. શ્રી હર્ષદરાય છગનલાલ શાહ, અને શ્રી વિનોદરાય છગનલાલ શાહ તરફથી


: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

**ગીતાર્થગંગા**

૫, જૈન મરચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ,
પાલડી, અમદાવાદ - ૩૮૦ ૦૦૭.

: મુદ્રક :

**મુદ્રેશ પુરોહિત**

**સૂર્યા ઓફસેટ,** આંબલી ગામ, સેટેલાઈટ-બોપલ રોડ, અમદાવાદ-૫૮.

# પ્રાપ્તિસ્થાન

* **અમદાવાદ :**

**ગીતાર્થ ગંગા**
૫, જૈન મરચંન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ - ૭.
✆ (૦૭૯) ૬૬૦૪૯૧૧

**નટવરભાઇ એમ. શાહ (આફ્રિકાવાળા)**
૯, પરિશ્રમ બેંક ઓફ ઇન્ડિયા સોસા.,
વિજયનગર ક્રોસીંગ પાસે, અમદાવાદ-૧૩.
✆ (૦૭૯) ૭૪૭૮૫૧૨, ૭૪૭૮૬૧૧

* **મુંબઇ :**

**નીકુંજભાઇ ર. ભંડારી**
વિષ્ણુમહલ, ત્રીજે માળે,
ગરવારે પેવેલીયનની સામે,
ડી-રોડ, ચર્ચગેટ, મુંબઇ-૨૦.
✆ (૦૨૨) ૨૮૧૪૦૪૮, ૨૮૧૦૧૯૫

**શ્રી ચીમનભાઇ ખીમજી મોતા**
૯/૧, ગજાનન કોલોની,
જવાહરનગર, ગોરેગામ (વે),
મુંબઇ-૬૨
✆ (૦૨૨) ૮૭૩૪૫૩૦

**લલિત ધરમશી**
૩૦૨, ચંદનબાળા એપાર્ટમેન્ટ, જવાહરલાલ નહેરૂ રોડ,
સર્વોદય પાર્શ્વનાથ નગર, જૈન દેરાસરની પાછળ,
મુલુંડ (વેસ્ટ), મુંબઇ-૮૦.
✆ (૦૨૨) ૫૬૮૦૬૧૪, ૫૬૮૬૦૩૦

* **સુરત :**

**ડૉ. પ્રફુલભાઇ જે. શેઠ**
ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ, બાબુનીવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત.
✆ (૦૨૬૧) ૩૪૭૧૩૨૮.

* **રાજકોટ :**

**કમલેશભાઇ દામાણી**
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
✆ (૦૨૮૧) ૨૩૩૧૨૦

* **બેંગલોર :**

**વિમલચંદજી**
C/o. J. Nemkumar & Co.
Kundan Market, D.S.Lane,
Chickpet Cross,
Bangalore-560053
✆ (O) 2875262, (R) 2259925

* **જામનગર :**

**ઉદયભાઇ શાહ**
C/o. મહાવીર અગરબત્તી વર્કર્સ,
સુપરમાર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર.
✆ (૦૨૮૮) ૬૭૮૫૧૩

## પ્રકાશકીય

**"ગીતાર્થ ગંગા"** નું મુખ્ય લક્ષ્ય તો આપણા ઉપકારી પૂર્વાચાર્યો જેવા કે **પ.પૂ.આ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મ.સા., પ.પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી** આદિ રચિત જૈનશાસ્ત્રોમાં પથરાયેલાં વિવિધ પરમાર્થી તત્ત્વોનાં રહસ્યોનું નય, નિક્ષેપ, વ્યવહાર, નિશ્ચય સાપેક્ષ અર્થગાંભીર્યપૂર્ણ વિશ્લેષણ કરવાનું છે, જેથી શ્રી જૈનસંઘને તે તે પદાર્થોના સર્વાંગી બોધમાં સહાયકતા મળે. આ કાર્ય અત્યંત વિસ્તારવાળું અને ગહન છે. ઘણા સાધુ-સાધ્વીજી ભગવંતો આમાં સહાય કરી રહ્યા છે. શ્રાવકો અને શ્રાવિકાઓ પણ સૌ સૌને યોગ્ય કાર્યો સંભાળી રહ્યા છે, પરંતુ કામ સમય માંગી લે તેમ છે. દરમ્યાન શ્રીસંઘમાંથી જિજ્ઞાસુ મુમુક્ષુઓ તથા શ્રાવક-શ્રાવિકાઓ તરફથી એવી માંગ વારંવાર આવે છે કે, **પૂ. મુનિરાજશ્રી મોહજિતવિજયજી મ.સા.** તથા **પૂ. ગણિવર્યશ્રી યુગભૂષણવિજયજી મ.સા.**નાં અપાયેલાં જુદા જુદા વિષયો પરનાં વ્યાખ્યાનો તથા પંડિતવર્ય **શ્રી પ્રવિણભાઇ મોતા**એ વિવિધ શાસ્ત્રીય વિષયો પર કરેલાં વિવેચનો છપાવીને તૈયાર કરવામાં આવે તો સકળ સંઘને ચોક્કસ લાભદાયી નીવડે. આવી વિનંતીઓને લક્ષ્યમાં રાખીને ટ્રસ્ટે નક્કી કર્યું છે કે આવાં વ્યાખ્યાનો તથા વિવેચનોના વિષયો અંગેનાં પુસ્તકો પ્રકાશિત કરવાં અને તેને માત્ર એક સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારવી. આ કામ ગીતાર્થ ગંગાના મૂળ લક્ષથી સહેજ ફંટાય છે, બોધની વિવિધતા અને સરળતાની દૃષ્ટિએ પણ ભિન્ન પ્રકારે છે, છતાં તત્ત્વજિજ્ઞાસુ માટે હિતકારી હોવાથી ઉપર્યુક્ત વિનંતી લક્ષ્યમાં રાખીને પ્રધાન કાર્ય જ્યાં સુધી બહાર ન આવે ત્યાં સુધી કામચલાઉ ધોરણે પૂરક પ્રવૃત્તિ તરીકે સ્વીકારવામાં આવ્યું છે.

તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આવાં પુસ્તકો સમ્યક્જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનામાં ઉપયોગી થશે, તેવી આશા સહિત -

ટ્રસ્ટીગણ
ગીતાર્થ ગંગા

૫, જૈન મરચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

**સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.**

## સંપાદિકાનું કથન

ચરણકરણાનુયોગમાં પંચસૂત્રનો આધાર આગમો છે. ૧૪૪૪ ગ્રંથના રચયિતા ભગવંતશ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબે આ પંચસૂત્ર ઉપર વિવેચન કર્યું છે. આ વિવેચનના આધારે સંસ્કૃત પંક્તિઓ પર શબ્દશઃ વિવેચના પંડિતવર્યશ્રી પ.પૂ.પ્રવિણભાઈ મોતાએ કરી છે.

ગીતાર્થગંગામાં ગતવર્ષે પૂ.સા.શ્રી ચંદ્રાનનાશ્રીજી મ. ના શિષ્યા સા. ચારૂનંદિતાશ્રીજી મહારાજ સાહેબની નિશ્રામાં ચાતુર્માસ કરવાનું બન્યું એ સમયે યોગગ્રંથો અને યોગમાર્ગના જ રસિક એવા પંડિતવર્યશ્રી પ્રવિણભાઈ પાસે પંચસૂત્ર ગ્રંથ વાંચન સમયે સંસ્કૃત ટીકા સાથે તેનું ગુજરાતીમાં ભાષાંતર થાય તો સ્વ અને પરનું કલ્યાણ થાય એ ખ્યાલથી મેં તો માત્ર નોંધ જ તૈયાર કરેલ. સકલ સંઘના તત્ત્વજિજ્ઞાસુઓને તેનો લાભ મળે તે હેતુથી ગીતાર્થ ગંગા ટ્રસ્ટ તેને પ્રકાશિત કરે છે.

આ પંચસૂત્ર ગ્રંથ અતિગંભીર છે. સંક્લેશમાં વારંવાર અને સંક્લેશ ન હોય ત્યારે ત્રિકાળ સ્વાધ્યાય કરવાનું ગ્રંથકારે જ કહેલ છે. આ ગ્રંથમાં મોક્ષમાર્ગ માટે ક્રમિક સાધનાનું વર્ણન કર્યું છે. તેથી પંચસૂત્રનો અભ્યાસ મુમુક્ષુ માટે અતિજરૂરનો છે. તથા ભવ્યત્વના પરિપાક માટે આ સૂત્રનું પુનઃ પુનઃ ચિંતન અને મનન અતિ આવશ્યક છે. આ ગ્રંથ પ્રવચનનો સાર છે અર્થાત્ સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ ક્રિયાનો ખજાનો ભર્યો છે પૂ. પ્રવિણભાઈએ યોગમાર્ગનું જે રસપાન કરાવ્યું છે તેનાથી આ ગ્રંથને મસ્તક ઉપર મૂકીને નાચ-ગાન કરવાનું મન થાય છે.

આ ગ્રંથમાં સતત માર્ગદર્શન અને પ્રેરણા આપવા બદલ પૂ.સા.શ્રી ચારૂનંદિતાશ્રીજી મહારાજ સાહેબ અને પૂ.સા.શ્રી ચારૂગિરાશ્રીજી મહારાજ સાહેબ, પ્રસ્તાવનાની સંકલના માટે પૂ.સા.શ્રી બોધિરત્નાશ્રીજી મહારાજ સાહેબ, પ્રુફ-સંશોધનના કાર્યમાં પૂ.સા.શ્રી હિતરુચિતાશ્રીજી મહારાજ સાહેબનો ઉપકાર ભૂલી શકાય તેમ નથી. પ્રુફ સંશોધન અને ભાષાકીય દૃષ્ટિએ જરૂરી સૂચનો આપવા બદલ સુશ્રાવક શ્રી શાંતિલાલ શિવલાલ શાહનો સહયોગ મળ્યો તે બદલ ધન્યતા અનુભવું છું.

ગ્રંથકારના આશયથી અને જિનેશ્વરદેવની આજ્ઞાથી વિરૂદ્ધ જે કંઈ લખાયું હોય તે બદલ મિચ્છા મિ દુક્કડં. આ યોગગ્રંથનું સતત ચિંતન-મનન આપણા જીવનમાં ચિરકાળ રહે એ જ અપેક્ષા.

વિ.સં. ૨૦૫૯, ફા.સુ.૧૩
રવિવાર, તા. ૧૬-૩-૨૦૦૩
૧૨, બેન્ક ઓફ ઇન્ડિયા સોસાયટી,
ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

*સ્મિતા ડી. કોઠારી*

# પ્રથમ પંચસૂત્રની અનુક્રમણિકા


| અ.નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧. | ટીકાકારનું મંગલાચરણ | ૪૦ |
| ૨. | પંચસૂત્રના વિષયો અને તેના ક્રમનું પ્રયોજન | ૪૦-૫૦ |
| ૩. | મંગલાચરણ રૂપે ગ્રંથકારે બતાવેલ પરમાત્માનું સ્વરૂપ અને પરમાત્માના અતિશયો | ૫૧-૭૨ |
| ૪. | સંસારનું સ્વરૂપ અને સંસારના ઉચ્છેદ માટેનાં ઉપાયો | ૭૨-૭૭ |
| ૫. | શુદ્ધધર્મના આસેવનનું સ્વરૂપ | ૭૭-૮૫ |
| ૬. | તથાભવ્યત્વના પરિપાકના ઉપાયો.<br>૧. ચતુઃશરણગમન ૨. દુષ્કૃતગર્હા ૩. સુકૃતઆસેવન | ૮૫-૯૪ |
| ૭. | ફલપ્રાપ્તિમાં સુપ્રણિધાનનું મહત્ત્વ | ૯૪-૯૭ |
| ૮. | ચતુઃશરણગમન આદિના અંગીકરણનું કાલમાન | ૯૭-૯૯ |
| ૯. | ચતુઃશરણગમનનું સ્વરૂપ<br>૧. અરિહંતનું સ્વરૂપ ૨. સિદ્ધનું સ્વરૂપ<br>૩. સાધુનું સ્વરૂપ ૪. કેવલીપ્રજ્ઞપ્તધર્મનું સ્વરૂપ | ૧૦૦-૧૨૭ |
| ૧૦. | દુષ્કૃતગર્હાના વિષયો<br>દુષ્કૃત ગર્હાનું સ્વરૂપ<br>દુષ્કૃત પ્રત્યે વિશેષભાવ પેદા કરવા પ્રણિધાન.<br>માટીનાઘટસ્થાનીય અને સુવર્ણના ઘટસ્થાનીય કર્મનું વર્ણન | ૧૨૭-૧૫૨ |
| ૧૧. | સુકૃત આસેવનનું સ્વરૂપ<br>સુકૃત અનુમોદનાને શુદ્ધ કરવા માટેનું પ્રણિધાન<br>વનચ્છેત્તૃ-બલદેવ અને મૃગનું દૃષ્ટાન્ત | ૧૫૨-૧૭૦ |
| ૧૨. | પંચસૂત્રના પાઠ, શ્રવણ અને અનુપ્રેક્ષાથી પ્રાપ્ત ફળ | ૧૭૦-૧૮૯ |
| ૧૩. | અવસાનમંગલ- (અંતમાં ગ્રંથકારનો અભિલાષ) | ૧૮૯-૧૯૨ |

# બીજા પંચસૂત્રની અનુક્રમણિકા


| અ.નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧. | ધર્મગુણોનાં પરિભાવનનું સ્વરૂપ | ૧૯૬-૨૦૨ |
| ૨. | વ્રતભંગના નિવારણ માટે અપ્રમાદવૃદ્ધિના ઉપાયો | ૨૦૨-૨૦૪ |
| ૩. | સાધુધર્મપરિભાવન માટે બારવ્રતો | ૨૦૪-૨૦૯ |
| ૪. | આજ્ઞાનું સ્વરૂપ | ૨૦૯-૨૧૬ |
| ૫. | દેશવિરતિના પાલન માટે વર્જનીય અને સેવનીય પ્રવૃત્તિઓ | ૨૧૬-૨૨૦ |
| ૬. | લોકવિરૂદ્ધકૃત્યનું ફળ | ૨૨૦-૨૨૭ |
| ૭. | ધર્મમિત્રના સેવનનું સ્વરૂપ | ૨૨૮-૨૩૨ |
| ૮. | શ્રાવકે સ્વીકારેલ વ્રતોમાં વર્તવાનું સ્વરૂપ | ૨૩૨-૨૩૪ |
| ૯. | શ્રાવકને સંસારની પ્રવૃત્તિમાં ઔચિત્ય | ૨૩૫-૨૪૨ |
| ૧૦. | શ્રાવકનું પરિવાર પ્રત્યેનું ઉચિત વર્તન | ૨૪૩-૨૪૭ |
| ૧૧. | શ્રાવકને સદાસ્મૃતિમાં રાખવા યોગ્ય વિચારણા | ૨૪૭-૨૫૭ |
| ૧૨. | શ્રાવકને કર્તવ્ય-ધર્મજાગરિકા | ૨૫૮-૨૬૫ |
| ૧૩. | સર્વવિરતિને અભિમુખ થવા માટેનો શ્રાવકનો ઉચિત પ્રયત્ન | ૨૬૬-૨૭૯ |

## પ્રથમ પંચસૂત્રમાં આવતા પદાર્થોની સંક્ષિપ્ત સંકલના

**(૧)** યોગમાર્ગની બહુલતા એ પ્રાપ્તિના કારણરૂપ પંચસૂત્રના વિષયો

| | | | | |
|---|---|---|---|---|
| પાપ પ્રતિઘાતગુણ - બીજાધાન સૂત્ર | સાધુધર્મ - પરિભાવના સૂત્ર | પ્રવ્રજ્યા ગ્રહણ વિધિ સૂત્ર | પ્રવ્રજ્યા પરિપાલન સૂત્ર | પ્રવ્રજ્યાફલ સૂત્ર |

(૧) પ્રથમ સૂત્રનાં સમ્યક્પાઠથી સમ્યક્ત્વની પ્રાપ્તિ, ત્યારપછી

(૨) બીજાસૂત્રના પાઠપૂર્વક સાધુધર્મના પરિભાવનની ક્રિયારૂપ દેશવિરતિના પાલનથી સર્વવિરતિની યોગ્યતાની પ્રાપ્તિ, ત્યારપછી

(૩) વિધિપૂર્વક પ્રવ્રજ્યા ગ્રહણથી ભાવથી સર્વવિરતિની પ્રાપ્તિ, ત્યારપછી

(૪) પ્રાપ્ત થયેલ પ્રવ્રજ્યાનાં સમ્યગ્ પાલનનું સ્વરૂપ, જેના પરિભાવનથી તે પ્રકારના પાલનનું સામર્થ્ય પ્રગટે છે.

(૫) ચોથાસૂત્રમાં બતાવ્યા પ્રમાણે સમ્યગ્ પ્રવ્રજ્યાનાં પાલનથી અંતે મોક્ષરૂપ ફળ મળે છે. તેનું સ્વરૂપ વિશેષથી બતાવેલ છે જેથી તેના સ્વરૂપને જાણીને તેના પ્રાપ્તિના ઉપાયરૂપ આ પંચસૂત્રમાં જ ક્રમશઃ બોધ અને તે પ્રમાણે ઉચિત યત્ન થાય જેથી મોક્ષરૂપ ફળ અવશ્ય પ્રાપ્ત થાય.

**(૨)** પ્રવ્રજ્યા પાલનનું ફળ

| | |
|---|---|
| પ્રધાન ફળ સિદ્ધિ | આનુષંગિક ફળ સુદેવત્વાદિ |

પંચસૂત્રના ક્રમને છોડીને પ્રાપ્ત કરેલ પ્રવ્રજ્યાના પાલનનું ફળ મોક્ષ નથી પરંતુ સંસારના પરિભ્રમણના કારણરૂપ એવા કુદેવત્વની જ પ્રાપ્તિ છે.

પંચસૂત્રમાં બતાવેલ ક્રમ વગર અનંત વખત પ્રવ્રજ્યા ગ્રહણ કરીને જીવો નવમા ગ્રૈવેયકમાં ગયા. જો પંચસૂત્રમાં બતાવેલા ક્રમથી પ્રવ્રજ્યા પ્રાપ્ત કરે તો આનુષંગિક ફળરૂપે સુદેવત્વાદિને પ્રાપ્ત કરીને પ્રધાનફળ મોક્ષને પ્રાપ્ત કરે.

**(૩) પ્રવ્રજ્યાની પ્રાપ્તિ**

- નિર્બીજ
  ગુણના પક્ષપાત વિનાની
  (ભવાભિનંદી જીવોને ક્રિયામાત્રની પ્રાપ્તિરૂપ હોવાથી)
- સબીજ
  ગુણના પક્ષપાત યુક્ત
  (પ્રવ્રજ્યાની પ્રાપ્તિરૂપ હોવાથી)

પંચસૂત્રમાં બતાવેલા ક્રમથી જ યોગમાર્ગની પ્રાપ્તિ થાય છે. જીવ અનાદિકાળથી પાપની પ્રવૃત્તિ કરવાના પરિણામવાળો છે તેથી પ્રથમ પાપના પ્રતિઘાત માટે પ્રયત્ન કરીને દોષોથી વિમુખ થવાનું છે પરંતુ માત્ર દોષોથી વિમુખ થવાથી જીવનું હિત થતું નથી. ગુણને અભિમુખ થવું પણ આવશ્યક છે અને ત્યારે જ સમ્યક્ત્વ પ્રગટે છે અને ત્યારપછી સાધુધર્મનું પરિભાવન કરવાથી સબીજ પ્રવ્રજ્યા પ્રગટે છે. જ્યારે મિથ્યાદૃષ્ટિ જીવો ગુણના પક્ષપાતરૂપ બીજ વગર જ માત્ર પ્રવ્રજ્યાની પ્રાપ્તિ કરે છે.

**(૪) મંગલાચરણરૂપે કરાયેલ પરમાત્માનું સ્વરૂપ**

- વીતરાગ
- સર્વજ્ઞ
- દેવેન્દ્રોથી પૂજીત
- યથાસ્થિતવસ્તુવાદી
- ત્રૈલોક્યગુરુ
- અરુહંત
  (ભવરૂપ અંકુરો જેને ફરી ઊગવાનો નથી તેવા)
- ભગવંત
  (સમગ્ર ઐશ્વર્યાદિથી યુક્ત)

આ ચાર વિશેષણોથી પરમાત્મા જગતમાં પૂર્ણ પુરુષ છે તેવો બોધ થાય છે અને જગત માટે ઉપાસ્ય દેવ છે તેવો બોધ થાય છે.

**(૫) મંગલાચરણમાં બતાવેલ પરમાત્માના સ્વરૂપથી જણાતા પરમાત્માના ચાર મૂળ અતિશયો**

- અપાયાપગમાતિશય
  (વીતરાગ થતા)
- જ્ઞાનાતિશય
  (કેવળજ્ઞાન પ્રાપ્તિ થતા ૧૩ મા ગુણસ્થાનકે)
- પૂજાતિશય
  (કેવળજ્ઞાન થતા ઇન્દ્રો સમવસરણ રચે ત્યારે)
- વચનાતિશય
  (ભગવાન દેશના આપે ત્યારે યથાસ્થિત વસ્તુવાદી એવો)

ભગવાનના ચાર અતિશયો આ ક્રમથી પ્રગટે છે. ૧૨મા ગુણસ્થાનકે અપાયાપગમ અતિશય પ્રગટે છે. ૧૩મા ગુણસ્થાનકે કેવલજ્ઞાન પ્રગટ થાય ત્યારે જ્ઞાનાતિશય પ્રગટે છે અને કેવલજ્ઞાન પ્રગટે ત્યારે જ ઇન્દ્રો વગેરે આવીને સમોવસરણ રચે છે ત્યારે પૂજાતિશય પ્રગટે છે અને ત્યારપછી જ્યારે ભગવાન દેશના આપે છે ત્યારે જ યથાસ્થિતવસ્તુવાદી 'વચનાતિશય' પ્રગટે છે.

**(૬) પરમાત્માથી બતાવાયેલ જીવ અને સંસારનું સ્વરૂપ**

- જીવ અનાદિ (સતત સમવસ્થિત)
- જીવનો ભવ અનાદિ
- જીવને કર્મનો સંયોગ અનાદિ

**(૭) વ્યવહારનયને આશ્રયીને સામાન્ય સંસારી જીવોના સંસારનું સ્વરૂપ**

- દુ:ખરૂપ (જન્મ-જરા-મરણ-રોગ શોકરૂપ હોવાથી
- દુ:ખફલક (જન્માંતરમાં પણ જન્માદિની પ્રાપ્તિ હોવાથી
- દુ:ખાનુબંધી (અનેક ભવોમાં વેદન થાય તેવા કર્મોને લાવનાર હોવાથી)

જીવ અનાદિનો છે, જીવનો ભવ અનાદિનો છે, જીવનો કર્મ સાથે સંયોગ અનાદિનો છે અને ભવનું સ્વરૂપ અત્યંત વિષમ છે આથી વિચારકને આ ભવના ઉચ્છેદમાં જિજ્ઞાસા થાય અને તે બતાવીને જ સ્વયં ગ્રંથકાર ભવના ઉચ્છેદનો ઉપાય બતાવે છે.

**(૮) પરમાત્મા વડે બતાવાયેલ દુ:ખરૂપ ભવના વિનાશના ક્રમશઃ ઉપાયો**

- તથાભવ્યત્વાદિનો પરિપાક
- પાપકર્મનું વિગમન
- શુદ્ધધર્મ સંપ્રાપ્તિ

પંચસૂત્રમાં બતાવેલા ક્રમથી ચતુ:શરણગમન આદિમાં યત્ન કરવાથી જીવનાં તથાભવ્યત્વઆદિનો પરિપાક થાય છે અને તેથી આત્મામાં રહેલા દુરંત સંસારને ચલાવે તેવા પાપકર્મોનું વિગમન થાય છે અને પાપકર્મોના વિગમનથી જીવમાં થયેલી નિર્મળતાને કારણે જીવને શુદ્ધધર્મની સંપ્રાપ્તિ થાય છે.

**(૯) વ્યવહારનયથી ભવના ઉચ્છેદ માટે દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ શુદ્ધ ધર્મનાં સેવનનું સ્વરૂપ**

- ઔચિત્યપૂર્વક (એક આચારનું સેવન અન્ય ઉચિત આચારને બાધક ન બને તે રીતે પંચાચારના સેવનરૂપ)
- સાતત્યથી (સતત સેવન)
- સત્કારથી (બહુમાનપૂર્વક)
- વિધિથી

પંચસૂત્રમાં બતાવેલ ક્રમ પ્રમાણે દુષ્કૃતગર્હા આદિમાં પ્રયત્ન કરવાથી જ શુદ્ધધર્મ સેવનનું સામર્થ્ય પ્રગટે છે.

શુદ્ધધર્મ અત્યંત ઉચિતપ્રવૃત્તિરૂપ છે અને જે પ્રવૃત્તિ એકાંતે સ્વ-પરનાં હિતનું કારણ બને તે અત્યંત ઉચિતપ્રવૃતિ છે. વળી, ઔચિત્યપૂર્વક શુદ્ધધર્મ સતત સેવવામાં આવે, અને શુદ્ધધર્મ પ્રત્યે હૈયામાં બહુમાનભાવ હોય તે રીતે સેવવામાં આવે, વળી, ભગવાને બતાવેલ વિધિથી શુદ્ધધર્મનું સેવન કરવામાં આવે તો તે શુદ્ધધર્મ અવશ્ય સંસારના ઉચ્છેદનું કારણ બને છે.

**(૧૦) પાપકર્મ વિગમન થવાના કારણો (કોઈપણ કાર્ય થવાનાં કારણો)**

- તથાભવ્યત્વ
- કાલ
- નિયતિ
- કર્મ
- પુરુષકાર

કાર્ય માત્ર પ્રત્યે તથાભવ્યત્વાદિ પાંચ કારણો કારણરૂપે છે તે રીતે પાપકર્મના નાશરૂપ કાર્ય પ્રત્યે પણ તથાભવ્યત્વાદિ પાંચ કારણો કારણરૂપે છે જ્યારે જીવ પ્રસ્તુતગ્રંથમાં બતાવેલ વિધિપ્રમાણે ચતુઃશરણગમનઆદિમાં પ્રયત્ન કરે છે ત્યારે તેના પુરુષકારથી તથાભવ્યત્વ ફળને સન્મુખ બને છે તેથી જીવનો પુરુષકાર અને તથાભવ્યત્વરૂપ બે કારણથી પાપકર્મનું વિગમન થાય છે તેથી તે વખતે પાપકર્મના વિગમનનો કાળ પાક્યો માટે કાળ પણ પાપકર્મના વિગમન પ્રત્યે કારણ બને છે અને જીવે અત્યાર સુધી પાપ નાશ માટે પુરુષકાર ન કર્યો પણ ઊંધો જ પુરુષકાર કર્યો અને પ્રસ્તુતગ્રંથના શ્રવણથી ચતુઃશરણગમનઆદિમાં સમ્યક્ પ્રયત્ન કર્યો તેથી તેની નિયતિ જ એવી હતી કે અત્યારસુધી પ્રમાદ કરાવીને સમ્યક્ યત્ન ન કરાવે અને હમણાં જ સમ્યક્ યત્ન કરાવીને પાપનું વિગમનરૂપ ફળ પ્રાપ્ત કરાવે. તેથી પ્રસ્તુત પાપ વિગમન

પ્રત્યે નિયતિ પણ કારણ છે. અને જીવના સમ્યક્ પ્રયત્નથી પાપકર્મનું વિગમન થયું તેથી પાપકર્મનાં વિગમનરૂપ કાર્ય પ્રત્યે પાપકર્મ પણ કારણ બન્યું, કેમ કે પાપકર્મ ન હોય તો પાપકર્મનું વિગમન થાય નહિ તેથી ન્યાયની ભાષાથી '**प्रतियोगीविधया**' પાપનાશ પ્રત્યે પાપ પણ કારણ છે. આ રીતે પાપકર્મ વિગમન પ્રત્યે ચતુઃશરણગમન આદિમાં સમ્યક્ યત્ન કરવાથી પાંચે કારણોનો યોગ પ્રાપ્ત થાય છે.

**(૧૧)** **તથાભવ્યત્વના પરિપાકના ઉપાયો**

- સુપ્રણિધાનપૂર્વક ચતુઃશરણગમન (અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવલી પ્રરૂપિત ધર્મનું ભાવથી શરણ, અંતરંગ બળ સંચય માટે અને આપત્તિમાં રક્ષણ માટે)
- સુપ્રણિધાનપૂર્વક દુષ્કૃતગર્હા (કર્મના અનુબંધને તોડવા માટે)
- સુપ્રણિધાનપૂર્વક સુકૃત સેવન (પરકૃત-સુકૃત અનુમોદનારૂપ, વિશિષ્ટ પુણ્યબંધ માટે)

તથાભવ્યત્વના પરિપાકના ઉપાયો ત્રણ છે તેમાં ચતુઃશરણગમનમાં ગુણવાનના અવલંબનથી દુષ્કૃતગર્હામાં પાપના અનુબંધને તોડવાની શક્તિ છે. અને સુકૃત અનુમોદનામાં પુણ્યના અનુબંધને પેદા કરવાની શક્તિ છે.

**(૧૨)** **ચતુઃશરણગમનના વિષયો**

- અરિહંત
- સિદ્ધ
- સાધુ
- કેવલી પ્રરૂપિત ધર્મ

અરિહંત, સિદ્ધ, સાધુ, કેવલી પ્રરૂપિત ધર્મ આ ચારે ગુણની પરાકાષ્ઠા સ્વરૂપ છે. તેમનું શરણું સ્વીકારવાથી, તેમના પ્રત્યે અત્યંત બહુમાન થવાથી અને તેઓના સ્વરૂપથી પોતાના આત્માને અત્યંત વાસિત કરવાથી જીવને હવે કર્મ કદર્થના કરી શકતા નથી અને આપત્તિમાં પણ રક્ષણ મળે છે. અરિહંતઆદિ ચારનું પ્રધાન શરણ સ્વીકારવાથી જીવનું તથાભવ્યત્વ સંસારના ઉચ્છેદ માટે પ્રવૃત્ત થાય છે.

**(૧૩)** **દુષ્કૃતગર્હાના વિષયો**

- આભવનું દુષ્કૃત
- પરભવનું દુષ્કૃત

આભવ અને પરભવના દુષ્કૃતોની ગર્હા કરવાથી જન્મજન્માંતરના દુષ્કૃતના સંસ્કારો અને આભવના સંસ્કારો શિથિલ થાય છે અને દુષ્કૃતની વિરુદ્ધ શુદ્ધ અધ્યવસાય પ્રગટ થવાના કારણે મલિનભાવથી થયેલા દુષ્કૃતરૂપી કર્મો નાશ પામે છે.

**(૧૪) દુષ્કૃત ગર્હાનું સ્વરૂપ**

- અકર્તવ્ય બુદ્ધિ પ્રધાન
- પરસાક્ષિકી તથા નિવેદન પૂર્વકની પ્રતિપત્તિ (અરિહંતાદિની સાક્ષીએ તેવા પ્રકારે જે પ્રકારે જે ક્રમથી દુષ્કૃત થયું હોય તે જણાવવા દ્વારા દુષ્કૃતને સ્વીકારે)
- કર્મના અનુબંધને તોડવા અપ્રતિહત સામર્થ્યવાળી

દુષ્કૃતગર્હા અરિહંત, સિદ્ધ અને ગુરુઆદિની સાક્ષીએ કરવાની છે દુષ્કૃતગર્હા કરતી વખતે પોતે જે દુષ્કૃત કર્યું છે તે દુષ્કૃત અકર્તવ્ય છે એવી પોતાને અત્યંત બુદ્ધિ પેદા થાય તે પ્રકારના ઉપયોગપૂર્વક અને જે સંયોગોમાં, જે ભાવથી જે ક્રમથી દુષ્કૃત થયું હોય તેનું સાક્ષાત્ નિવેદન કરતો હોય તે રીતે દુષ્કૃતગર્હા કરવાની છે. તેમ કરવાથી દુષ્કૃતગર્હા કર્મના અનુબંધની શક્તિનો નાશ કરે છે.

**(૧૫) પરકૃત સુકૃતની અનુમોદના રૂપ સુકૃત આસેવનનું સ્વરૂપ**

- વિવેક હોતે છતે નિયમ ભાવિ અખંડ સુકૃતભાવને પ્રાપ્ત કરાવનાર (અરિહંતાદિથી માંડી અર્પુનબંધક પર્યંતના તમામ જીવોના સુકૃતના પક્ષપાતના અધ્યવસાયપૂર્વક શક્તિના પ્રકર્ષથી યત્ન થતો હોવાથી)
- મહાન કુશળ આશયનું કારણ

વિવેકપૂર્વક અરિહંતઆદિના સુકૃતની અનુમોદના કરવાથી તે સુકૃત નક્કી પોતાનામાં પ્રગટ થાય તેવા બીજનું આધાન થાય છે. અને શક્તિના પ્રકર્ષથી અનુમોદના કરવામાં આવે તો તે સુકૃતના સેવન તુલ્ય ફળ પ્રાપ્ત થાય છે.

**(૧૬) પુણ્ય પાપના ભેદ**

- કરણ
- કરાવણ
- અનુમોદન

કરણ-કરાવણ અને અનુમતિરૂપ હોવાથી સુકૃતની અનુમોદના સુકૃતના આસેવનરૂપ છે. પરના સુકૃતની અનુમોદના કરતી વખતે વિવેક હોય તો જે સુકૃતની પોતે અનુમોદના કરે છે તે સુકૃત પ્રત્યે પોતાનો પ્રતિબંધ વધે છે અને જેમ જેમ સુકૃત પ્રત્યેનો પ્રતિબંધ વધે તેમ તેમ તે સુકૃતના પરિણામો પોતાનામાં આર્વિભાવ પામે છે તેથી વિવેકપૂર્વક કરાયેલી સુકૃતની અનુમોદનાથી સર્વ સુકૃતના સેવનનું ફળ પોતાને પ્રાપ્ત થઇ શકે છે અને સર્વ સુકૃત પ્રત્યેનો પક્ષપાત મહાન કુશળ આશયરૂપ છે માટે સુકૃતની અનુમોદનાને સુકૃતના આસેવનરૂપ કહેલ છે.

**(૧૭) સુપ્રણિધાનને ફલપ્રાપ્તિ માં પ્રધાન કારણ માનવાના કારણો**

- સુપ્રણિધાન પૂર્વક કરાયેલું કર્મ તીવ્ર વિપાકવાળુ હોવાથી અપેક્ષિત ફળ વિશેષ પ્રકારે ઇષ્ટ ફળની પ્રાપ્ત થાય છે.
- સુપ્રણિધાન પૂર્વકની ક્રિયા નિયમા સાનુબંધ હોવાથી અંતે કર્મનો નાશ કરે જ છે.
- સુપ્રણિધાનપૂર્વકની ક્રિયામાં પ્રણિધાનના આશય રૂપ શુભાંશ રહેલો છે.

સંસારનું વિષમ સ્વરૂપ જાણીને આ સંસારની નિષ્પત્તિનું કારણ દુષ્કૃતો છે અને તેના ઉચ્છેદનું કારણ સુકૃતો છે. આ પ્રકારનો નિર્ણય કરીને મારે દુષ્કૃત સેવનની મારી પરિણતિ નાશ કરવી છે અને સુકૃતસેવનની પરિણતિ આ ભવમાં પ્રગટ કરવી છે એ પ્રકારના દૃઢ સંકલ્પપૂર્વક પ્રસ્તુત સૂત્રના સૂત્ર અને અર્થમાં સમ્યગ્ યત્ન થાય તે પ્રકારે શક્તિને અનુસાર માનસ યત્ન કરવામાં આવે તો દુષ્કૃત આદિની ક્રિયા સુપ્રણિધાનપૂર્વકની બને છે અને તેથી તે સુપ્રણિધાનથી બંધાયેલું પુન્ય દુષ્કૃતના નાશ અને સુકૃતના સેવનને અનુકૂળ શક્તિને પેદા કરે છે અને વર્તમાનમાં સુપ્રણિધાનપૂર્વક કરાયેલી ક્રિયા જન્મ જન્માંતરમાં પણ ફરી ફરી અતિશય અતિશય થાય છે જે સર્વકર્મના નાશપૂર્વક પૂર્ણગુણરૂપ આત્માને પ્રગટ કરે છે.

**(૧૮) ચતુઃશરણગમન આદિનાં અંગીકરણનું કાલમાન**

- તીવ્ર રાગાદિ સંવેદનરૂપ સંક્લેશ થયે છતે વારંવાર
- અસંક્લેશવાળી સ્વાભાવિક અવસ્થામાં ત્રિકાળ (સતત તત્ત્વને અભિમુખ અધ્યવસાય જીવંત રાખવા અને તથાભવ્યત્વનાં પરિપાક માટે)

ચતુઃશરણગમનઆદિ ત્રિકાળ કરતી વખતે પણ '**जावज्जीव**' નો અભિલાષ કરેલ છે જેથી સદા માટે સંસારમાં સુરક્ષા પ્રાપ્ત થાય. ચતુઃશરણગમન આદિ ત્રિકાળ કરવાથી આખો દિવસ ચારના શરણની પરિણતિવાળું, દુષ્કૃતથી વિમુખ અને સુકૃતના સન્મુખ જીવનો પરિણામ વર્તે છે તેથી સવાર, બપોર, સાંજ - ત્રિકાળપૂજાની જેમ ત્રિકાળ ચતુઃશરણગમન આદિ કરવાની વિધિ છે. આમ છતાં વચમાં ક્યારેય પણ કોઇ નિમિત્તને પામીને સંક્લેશ થાય ત્યારે તે સંક્લેશના વિગમન અર્થે વારંવાર પણ ચતુઃશરણગમન આદિમાં યત્ન કરવો જોઇએ. જેથી પ્રાપ્ત થયેલો મનુષ્યભવ દુષ્કૃતથી વિમુખ રહીને અને સુકૃતના સન્મુખ પરિણામવાળો રહે જેથી સંસારનો ઉચ્છેદ સુલભ બને.

**(૧૯) ચતુઃશરણગમન માટે ઉપયોગી અરિહંતનું સ્વરૂપ**

૧ પરમ ત્રણલોકના નાથ (દુર્ગતિનાં ભયમાં રક્ષણ કરનાર હોવાથી)

૨ અનુત્તર પુણ્ય સંભારવાળા (=સંચયવાળા)(સર્વોત્તમ હેતુથી બંધાયેલા તીર્થંકરનામકર્મરૂપ પુણ્યાનુબંધી પુણ્યવાળા હોવાથી)

૩ ક્ષીણ રાગ-દ્વેષ મોહવાળા (અભિષ્વંગ - અપ્રીતિરૂપ અને અજ્ઞાનરૂપ)

૪ અચિંત્ય ચિંતામણિ (ચિંતાથી અતિક્રાંત (રહિત) મોક્ષના વિધાયક હોવાથી)

૫ ભવજલધિમાં નાવ જેવા (સંસાર સમુદ્રને તરવા માટે)

૬ એકાંત શરણ કરવા યોગ્ય (આશ્રિતનું સર્વહિત કરવામાં સમર્થ હોવાથી)

૭ દેવકૃત પ્રાતિહાર્યાદિરૂપ વિશિષ્ટ પૂજાને યોગ્ય

ઉપરના સાત વિશેષણોથી અરિહંત પૂર્ણ પુરુષ છે અને જગતના જીવોને માટે અત્યંત ઉપકારક છે તે બતાવવામાં આવેલ છે. અને તે સ્વરૂપે તેનું શરણ સ્વીકારવાથી તેમના વચનઅનુસાર સમ્યક્ પ્રવૃત્તિ કરવાનું બળ સંચય થાય છે.

**(૨૦) ચતુઃશરણગમન માટે ઉપયોગી સિદ્ધોનું સ્વરૂપ**

૧ પ્રક્ષીણ જરામરણવાળા (સદા અપુનર્ભાવરૂપે)

૨ કર્મકલંકથી રહિત (સર્વથા કર્મ રહિત)

૩ પ્રનષ્ટ વ્યાબાધાવાળા (સર્વવ્યાબાધા રહિત)

૪ સર્વજ્ઞ-સર્વદર્શી (કેવળજ્ઞાન-કેવળદર્શનને ધારણ કરનારા)

૫ સિદ્ધિપુરના વાસી (લોકાંતે વસનારા)

૬ નિરૂપમ સુખવાળા (અસાંયોગિક આનંદથી યુક્ત)

૭ સર્વથા કૃતકૃત્ય (પૂર્ણ થયેલા સર્વપ્રયોજનવાળા)

ઉપરના સાત વિશેષણોથી સિદ્ધનું સ્વરૂપ બતાવવાથી એ પ્રાપ્ત થાય કે ખરેખર આત્માનું આવું જ વાસ્તવિક સ્વરૂપ પ્રાપ્તવ્ય છે અને સિદ્ધોનું શરણ સ્વીકારવાથી પોતાના આત્માનું સ્વરૂપ પ્રગટ કરવાની શક્તિનો સંચય થાય છે.

**(૨૧) ચતુઃશરણગમન માટે ઉપયોગી સાધુનું સ્વરૂપ**

૧. શાંતિના યોગથી પ્રશાંત, અને અગાધતાથી ગંભીર, ચિત્તપરિણામવાળા
૨. સાવદ્યયોગથી વિરત (સંસારકારણીભૂત સપાપ વ્યાપાર રહિત)
૩. પંચાચારને જાણનાર
૪. એકાંતિક અને આત્યંતિક પરોપકારમાં નિરત
૫. પદ્માદિ દૃષ્ટાંતની ઉપમાવાળા (ઇંદ્રિયના વિષયરસથી રહિત હોવાથી)
૬. ધ્યાન અને અધ્યયનથી યુક્ત
૭. વિશુદ્ધ્યમાન અધ્યવસાયવાળા

ઉપરના સાત વિશેષણોથી મોક્ષની સાધના કરતા આત્માઓ કેવા હોય છે તેનો બોધ થાય છે અને તેવા સાધક આત્માઓનું શરણું સ્વીકારવાથી તેમની જેમ મહાયત્નથી સાધના માટેની શક્તિનો સંચય થાય છે. આ ભાવસાધુનું સ્વરૂપ આ પ્રમાણે છે.

**"निर्वाणसाधकान् योगान्, यस्मात्साधयतेऽनिशम् । समश्च सर्वभूतेषु, तस्मात्साधुरुदाहृतः ॥१॥**
**क्षान्त्यादिगुणसम्पन्नो, मैत्र्यादिगुणभूषितः । अप्रमादी सदाचारे, भावसाधुः, प्रकीर्त्तितः"॥२॥**

**(૨૨) કેવલી પ્રરૂપિત ધર્મનું સ્વરૂપ**

૧. સુર (જ્યોતિષ્ક - વૈમાનિક) અસુર (ભવનપતિ, વ્યંતર) મનુષ્ય (વિદ્યાધરાદિ) થી પૂજિત
૨. સમ્યગ્ દર્શનને આવરનાર, મોહરૂપી અંધકારને હણવા માટે સૂર્ય સમાન
૩. રાગ-દ્વેષ રૂપી વિષને નાશ કરવા પરમ મંત્ર સમાન
૪. સકલ કલ્યાણનો હેતુ
૫. કર્મરૂપી વનને બાળવામાં અગ્નિ સમાન
૬. સિદ્ધ ભાવનો સાધક
૭. શ્રુત-ચારિત્રરૂપ
૮. સમગ્ર ઐશ્વર્યાદિથી યુક્ત

સર્વજ્ઞ પ્રરૂપિત ધર્મ એકાંતે સર્વ કલ્યાણનું કારણ છે તેનું સ્વરૂપ અત્યંત ઉચિત - પ્રવૃત્તિરૂપ છે અને તે રૂપે તેની ઉપસ્થિતિ કરીને તેનું શરણ સ્વીકારવામાં આવે તો તેના બળથી પોતાનામાં શુદ્ધધર્મને પ્રગટ કરવાનું સામર્થ્ય પ્રગટે છે.

**(૨૩) પ્રમાદવશ જીવથી કોના કોના પ્રત્યે વિપરીત આચરણાઓ થઈ શકે તે સર્વ સ્થાનો દુષ્કૃતગર્હાના વિષયો**

- અરિહંત
- સિદ્ધ
- આચાર્ય
- ઉપાધ્યાય
- સાધુ
- સાધ્વી
- માનનીય અને પૂજનીય એવા ધર્મના સ્થાનભૂત ગુણાધિક અન્ય જીવો
- માતાઓ
- પિતાઓ
- બંધુઓ
- મિત્રો
- ઉપકારીઓ
- અમાર્ગમાં રહેલા જીવો (મિથ્યાત્વ અવસ્થામાં રહેલા)
- માર્ગના સાધન (પુસ્તકાદિ)
- અમાર્ગના સાધન (ખડ્ગાદિ)

**(૨૪) વિપરીત આચરણનું સ્વરૂપ**

- ક્રિયા વડે અનાચરણીય
- મન વડે અનિચ્છનીય
- પાપનું કારણ હોવાથી પાપરૂપ
- વિપાકથી પાપાનુબંધી
- સ્વરૂપથી સૂક્ષ્મ કે બાદર
- જુગુપ્સનીય
- ત્યાગ કરવા યોગ્ય

**(૨૫) દુષ્કૃત આચરણના પ્રકારો**

- મનથી
- વચનથી
- કાયાથી
- કરણથી
- કરાવણથી
- અનુમોદનથી
- રાગથી
- દ્વેષથી
- મોહથી
- આજન્મમાં કર્યું હોય
- અતીત જન્મમાં કર્યું હોય

આ રીતે દુષ્કૃતગર્હા કર્યા પછી દુષ્કૃત પ્રત્યે અત્યંત જુગુપ્સા પેદા કરવા માટે ત્રણ વખત 'મિચ્છામિ દુક્કડમ્' નો પ્રયોગ ગ્રંથમાં કરેલ છે.

**(૨૬) દુષ્કૃતનું દુષ્કૃતરૂપે જ્ઞાન કરાવનાર ઉપકારીઓ**

કલ્યાણમિત્ર | ગુરૂ | ભગવાન

પ્રાયઃ કરીને જીવને કયા કૃત્યો દુષ્કૃત છે અને કયા કૃત્યો સુકૃત છે તેનો સૌ પ્રથમ બોધ કલ્યાણમિત્રના વચનથી થાય છે અને કલ્યાણમિત્રના સંપર્કને કારણે પ્રાયઃ સદ્ગુરુનો યોગ અને ત્યારપછી દુષ્કૃતની દુષ્કૃતરૂપે વિશેષ ઓળખ તીર્થંકરના યોગથી કે શાસ્ત્ર વચનથી થાય છે, તેથી જ અહીં પ્રથમ કલ્યાણમિત્ર, પછી ગુરુ અને ત્યારબાદ ભગવાન અહીં ગ્રહણ કરેલ છે આમ છતાં કોઈ જીવને સાક્ષાત્ ભગવાનથી પણ પ્રથમ બોધ થઈ શકે છે.

**(૨૭) દુષ્કૃત ગર્હા પ્રત્યે વિશેષભાવ પેદા કરવા પ્રણિધાન**

૧. આ દુષ્કૃતગર્હા મને સમ્યગ્ થાઓ=ભાવરૂપ થાઓ (=જેથી દર્શન મોહનીયનો ક્ષયોપશમ થતા દુષ્કૃત પ્રત્યે જુગુપ્સા)
૨. મને દુષ્કૃતના અકરણનો નિયમ થાઓ = પાપ નહિ કરવાનો પરિણામ થાઓ.
૩. પાપની જુગુપ્સા અને પાપનાં અકરણનો નિયમ તે બન્ને મને બહુમત છે.
૪. અરિહંત ભગવંત, ગુરુ અને કલ્યાણમિત્રના અનુશાસનની ઇચ્છા થાઓ.
૫. અરિહંત ભગવંત, ગુરુ અને કલ્યાણમિત્ર સાથે સંયોગ (ઉચિત યોગ) થાઓ.
૬. અરિહંત ભગવંત, ગુરુ અને કલ્યાણમિત્ર સાથેનાં સંયોગ વિષયક સુપ્રાર્થના થાઓ
૭. અરિહંત ભગવંત, ગુરુ અને કલ્યાણમિત્ર સાથેના સંયોગ વિષયક સુપ્રાર્થનામાં મને બહુમાન થાઓ = ઉપયોગનો પ્રકર્ષ થાઓ.
૮. અરિહંતાદિના સંયોગની પ્રાર્થનાથી મને સુવર્ણ ઘટસ્થાનીય મોક્ષબીજની પ્રાપ્તિ થાઓ.
૯. અરિહંતાદિનો સંયોગ પ્રાપ્ત થાય ત્યારે હું તેઓની સેવાને યોગ્ય બનું.
૧૦. અરિહંતાદિના આજ્ઞાના પાલનને યોગ્ય થાઉં.
૧૧. અરિહંતાદિની આજ્ઞા સ્વીકારને યોગ્ય થાઉં.
૧૨. અરિહંતાદિની આજ્ઞાના નિરતિચાર પારને પામનાર થાઉં.

અરિહંત ભગવંત, ગુરુ અને કલ્યાણમિત્ર આ ત્રણની સેવા સર્વ કલ્યાણનું કારણ છે અને ઉપરમાં બતાવેલા આ પ્રકારના પ્રણિધાનોથી જીવ ક્રમે કરીને સર્વ દુષ્કૃતોનો નાશ કરીને અવશ્ય મોક્ષને પામે છે.

## (૨૮) તથાભવ્યત્વના પરિપાકના ઉપાયરૂપ સુકૃત આસેવન પ્રકાર

૧. સર્વ અરિહંતોના ધર્મકથાદિ અનુષ્ઠાનની અનુમોદના (તન્મય ઉપયોગ થવાથી સમાપત્તિ દ્વારા તીર્થંકરનામકર્મ બાંધી સ્વયં તીર્થંકર પણ થાય)
૨. સર્વ સિદ્ધોના અવ્યાબાધાદિરૂપ સિદ્ધભાવની અનુમોદના (જેથી શુદ્ધ અવસ્થા પ્રત્યે પ્રતિબદ્ધચિત્ત થતા આત્માના શુદ્ધ ભાવો પ્રગટ થાય.)
૩. સર્વ આચાર્યો જ્ઞાનાચારાદિ પાંચે આચારો સ્વયં સેવે છે અને બીજા પાસે પંચાચારનું પાલન કરાવે છે તેની અનુમોદના
૪. સર્વ ઉપાધ્યાયો ના સદ્‌વિધિપૂર્વક સૂત્રદાનની અનુમોદના (તન્મય થવાથી સ્વમાં સૂત્રપ્રદાનની શક્તિ આવિર્ભૂત થાય)
૫. સર્વ સાધુઓની સત્સ્વાધ્યાયાદિરૂપ સાધુ ક્રિયાની અનુમોદના (સ્વમાં સાધુ ભાવ પ્રગટી કરણ અર્થે)
૬. સર્વ શ્રાવકોના વૈયાવચ્ચાદિરૂપ મોક્ષ સાધનયોગોની અનુમોદના
૭. રત્નત્રયીરૂપ મોક્ષમાર્ગને સન્મુખ ભાવવાળા, કલ્યાણ આશયવાળા, એવા ઇન્દ્રાદિ દેવો અને યોગની પ્રથમ ચાર દૃષ્ટિવાળા એવા મંદ મિથ્યાદૃષ્ટિ જીવોના માર્ગ સાધનયોગની અનુમોદના.

અરિહંતથી માંડીને અપુનર્બંધક સુધીના સર્વજીવોના સુકૃતોની અનુમોદના ઉપરના કથનથી પ્રાપ્ત થાય છે. આ રીતે સુકૃતની અનુમોદનાનો પરિણામ થવાથી અપુનર્બંધકથી માંડીને સિદ્ધઅવસ્થા સુધીના સર્વ ઉત્તમભાવો પ્રત્યે તીવ્ર પક્ષપાત પેદા થાય છે, જેથી આત્મામાં ગુણનો તીવ્ર પક્ષપાત પ્રગટે છે. આ પ્રકારની અનુમોદનાથી જીવમાં નિરતિચાર સંયમપાલનની શક્તિનો પણ અવશ્ય આર્વિભાવ થાય છે, જે ક્રમસર પૂર્ણગુણમય મોક્ષરૂપ ફળમાં જ વિશ્રાંત થાય છે.

## (૨૯) સુકૃત અનુમોદના ને શુદ્ધ કરવા માટેનું પ્રણિધાન

૧. પરમગુણયુક્ત અરિહંતાદિના સામર્થ્યથી આ સુકૃત અનુમોદના સમ્યગ્ વિધિપૂર્વક થાઓ = સૂત્રાનુસારે થાઓ.
૨. પરમગુણયુક્ત અરિહંતાદિના સામર્થ્યથી આ સુકૃત અનુમોદના મોહનીય કર્મના વિગમનથી સમ્યગ્ શુદ્ધ આશયવાળી થાઓ.
૩. પરમગુણ અરિહંતાદિના સામર્થ્યથી આ સુકૃત અનુમોદના ક્રિયારૂપે સમ્યગ્ સ્વીકાર રૂપ બનો.
૪. જે ગુણસ્થાનકની ક્રિયા સ્વીકારું તેને અપ્રમાદભાવથી સમ્યગ્ નિર્વાહ દ્વારા નિરતિચાર પાલન કરનાર થાઉં.

સુકૃતનો અત્યંત પક્ષપાત પેદા કરવા માટે ત્રણ વખત '**इच्छामि सुक्कडं**' (હું સુકૃતને ઇચ્છું છું) નો પાઠ કરવામાં આવે છે.

પૂર્વમાં અરિહંતઆદિથી માંડીને અપુનર્બંધક સુધીનાં સર્વ જીવોના સુકૃતોની અનુમોદના કરી, તે અનુમોદના પરિપૂર્ણ શુદ્ધ બનાવવાના ઉપાયભૂત પરિણામો અહીં બતાવવામાં આવ્યા છે. આ પ્રણિધાનોમાં સુદૃઢ યત્ન થાય તો અવશ્ય શુદ્ધ સુકૃત અનુમોદના થાય. આ પરિપૂર્ણશુદ્ધ થયેલી સુકૃત અનુમોદના સુકૃત સેવનનાં તુલ્ય ફળવાળી છે. જો દૃઢ પ્રયત્નપૂર્વક ઉપરોક્ત પ્રણિધાનમાં યત્ન થાય તો સુકૃત સેવનથી થતા સંસાર પરિમિતકરણની જેમ સુકૃતની અનુમોદનાથી પણ સંસારનું પરિમિતકરણ થાય છે. બલભદ્રમુનિ, વનચ્છેતૃ અને હરણ ત્રણેય સંસાર પરિમિત કરીને સમાન ફળને પામ્યા છે.

જે જીવોમાં વિશેષ પ્રકારની સુકૃત સેવનની શક્તિ નથી તેઓ પણ અત્યંત ઉપયોગપૂર્વક અરિહંત આદિ જીવોના સુકૃતોની અનુમોદના કરે તો, જેમ બલભદ્રમુનિનાં સુકૃતની અને વનચ્છેતૃના દાનની અનુમોદના દ્વારા મૃગલો બલભદ્રમુનિની સમાન જ પાંચમો દેવલોક અને એકાવતારી બને છે તેમ સામાન્ય જીવો પણ સુકૃતની અનુમોદના દ્વારા સંસાર પરિમિત કરી શકે છે.

**(૩૦)** **અરિહંતાદિ પાંચનું સ્વરૂપ**

**(અરિહંત - સિદ્ધ - આચાર્ય - ઉપાધ્યાય - સાધુ)**

પરમગુણયુક્ત — અચિંત્ય શક્તિ યુક્ત — વીતરાગ ભગવંત — સર્વજ્ઞ — પરમ કલ્યાણ

જીવો માટે પરમકલ્યાણના કારણ
(મોક્ષમાર્ગ દર્શક હોવાથી)

સુકૃતોની અનુમોદના માત્ર શબ્દ કે વિચારથી જ કરવાની નથી પણ જે સુકૃતોમાં પોતે યત્ન કરી શકે તેમ હોય તે સુકૃતોને શક્તિ ગોપવ્યા વિના ક્રિયાથી સ્વીકારવાનો છે.

અહીં અરિહંતઆદિ પાંચેયને પરમગુણયુક્ત વીતરાગ, સર્વજ્ઞ વગેરે વિશેષણવાળા કહ્યા છે તેમ અરિહંત અને સિદ્ધ ભગવંત તેવા જ છે પણ આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ભગવંત વીતરાગ અને સર્વજ્ઞ થયા નથી છતાં થવાની તૈયારી છે, તેના માટે જ સાધના કરી રહ્યા છે માટે તેઓને પણ વીતરાગ, સર્વજ્ઞ કહેલ છે. અરિહંત સન્માર્ગ બતાવીને પરમકલ્યાણના કારણ થાય છે. સિદ્ધભગવંતો સાધના કરીને મોક્ષમાં ગયા છે તેવું જ્ઞાન થવાથી મોક્ષમાર્ગમાં આસ્થા પેદા કરાવીને સિદ્ધ ભગવંતો જીવોનાં માટે પરમકલ્યાણનાં હેતુ છે. આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ પોતાના આચાર આદિથી જગતના જીવોને મોક્ષમાર્ગમાં દર્શક હોવાથી પરમકલ્યાણના કારણરૂપ છે.

**(૩૧) પરમકલ્યાણના હેતુ એવા અરિહંતઆદિની મને વિશિષ્ટ પ્રતિપત્તિ નહીં થવાના કારણો**

- અનાદિથી મોહવાસિત હોવાથી મૂઢ છું
- અનાદિથી મોહવાસિત હોવાથી પાપી છું
- પરમાર્થથી હિતાહિતનો અજાણ છું. (જેથી હિતમાં પ્રવૃત્તિ નથી કરતો અને અહિતથી નિવર્તન નથી થતો)

જીવ અત્યારસુધી આત્મકલ્યાણ માટે ઉત્થિત થયો નહિ તેનું કંઈક કારણ પોતાને જણાય છે અને તેથી જ કહે છે કે અનાદિ મોહવાસિત હોવાને કારણે હું મૂઢ-પાપી છું ઈત્યાદિ.

**(૩૨) અરિહંતાદિને પુનઃ પ્રાર્થના**

- આપના સામર્થ્યથી હું હિતાહિતને જાણનારો થાઉં
- અહિતથી નિવૃત થાઉં
- હિતમાં પ્રવૃતિ કરું
- સર્વજીવો સાથે ઉચિત વ્યવહાર કરીને હું આરાધક થાઉં તેમાં જ મારૂં હિત છે.

વળી, વિવેકને કારણે તે જાણી શકે છે કે હિત સમ્યક્જ્ઞાનથી જ થાય છે પરંતુ તે અતિદુષ્કર છે તેથી ભગવાનને પ્રાર્થના કરે છે કે હું અભિજ્ઞ થાઉં ઈત્યાદિ અને આ પ્રાર્થના દ્વારા યોગમાર્ગ માટેની પોતાની શક્તિનો સંચય કરે છે.

**(૩૩) સંવેગપૂર્વક દુષ્કૃતગર્હાનો સૂત્રપાઠ, અર્થશ્રવણ અને અનુપ્રેક્ષાથી પ્રાપ્ત ફળ**

અપાયના પરિહારરૂપ ફળો

- અશુભકર્મના અનુબંધ શિથિલ થાય (મંદવિપાકપણાથી)
- અશુભકર્મના અનુબંધ નાશ પામે
- અશુભકર્મના અનુબંધ આશય વિશેષ અને અભ્યાસથી નિર્મૂળ થાય

- શેષ અશુભ અનુબંધવાળું કર્મ નિરનુબંધ થાય
- શેષ અશુભ અનુબંધવાળું કર્મ શુભ પરિણામથી ભગ્ન સામર્થ્યવાળું થાય
- શેષ અશુભ અનુબંધવાળું કર્મ મંત્ર સામર્થ્યથી બદ્ધ એવા વિષની જેમ અલ્પફળ વાળું થાય છે.

શેષ અશુભ અનુબંધ વાળું કર્મ સુખે કરીને દૂર થઇ શકે તેવું અને અર્પુનભાવવાળુ થાય છે.

અરિહંતઆદિ ચારના શરણ દ્વારા શક્તિ સંચય કરીને મારે અશુભકર્મનો નાશ કરવો છે તે પ્રકારના લક્ષ્યની ઉપસ્થિતિ કરીને પ્રસ્તુતસૂત્રમાં બતાવેલ વિધિપૂર્વક દુષ્કૃતની ગર્હા કરવામાં આવે તો અશુભકર્મના અનુબંધો શિથિલ થાય છે અને ભાવનો પ્રકર્ષ થાય તો અશુભકર્મના અનુબંધો નાશ થાય છે અને તેનાથી પણ વધુ તીવ્રપરિણામ થાય તો અશુભકર્મના અનુબંધો નિર્મૂળ નાશ પામે છે. વળી, જે અશુભ કર્મના અનુબંધો શિથિલ થયા છે તે શિથિલ અનુબંધવાળા કર્મ પણ દુષ્કૃતગર્હાથી નિરનુબંધ થાય છે અને તેથી તેનું સામર્થ્ય તૂટી જાય છે માટે ક્ષીણશક્તિવાળા તે અશુભકર્મો અલ્પફળ આપે છે. જેમ શ્રીપાળ મહારાજાએ પૂર્વભવમાં સાધુઓની હીલના કરેલ અને તેનાથી બંધાયેલ અશુભકર્મ જો ખરેખર વિપાકમાં આવે તો દુરતસંસારનું કારણ બને પરંતુ ધર્મ પામ્યા પછી દુષ્કૃત પ્રત્યે થયેલી જુગુપ્સાને કારણે ક્ષીણ થયેલું તે કર્મ માત્ર કોઢ પ્રાપ્તિ આદિ આપત્તિનું કારણ બન્યું, તેથી તે અશુભકર્મ અલ્પફળવાળું બન્યું.

વળી, કોઇ જીવ ભાવના પ્રકર્ષથી દુષ્કૃતગર્હા કરે તો તે શેષ અશુભ અનુબંધવાળા કર્મ પણ દૂર થઇ જાય, જેથી તેનું કોઇ ફળ જ મળે નહિ. જેમ વંકચૂલે જીવનના પૂર્વભાગમાં અનાચારો, હિંસા આદિ અનેક અશુભકાર્યો કર્યા પરંતુ ધર્મ પામ્યા પછી મહાસત્ત્વથી શ્રાવકધર્મનું સેવન કરીને ૧૨ મા દેવલોકને પામે છે અને જીવનના પૂર્વાર્ધમાં

કરાયેલા સર્વ પાપો પ્રાયઃ કોઇ ફળ આપનાર થતા નથી. પ્રસ્તુતસૂત્રમાં કરેલી વિધિથી દુષ્કૃતગર્હા જો શક્તિ અને ઉપયોગનાં અતિશયથી કરવામાં આવે તો અશુભ અનુબંધવાળા કર્મનો મૂળથી ઉચ્છેદ કરવા સમર્થ છે.

**(૩૪) સંવેગપૂર્વક સુકૃત અનુમોદનાને કહેનાર સૂત્રપાઠ, અર્થશ્રવણ અને અનુપ્રેક્ષાથી પ્રાપ્ત ફળ.**

- ૧. અભ્યાસ કાળમાં જ શુભ કર્મના અનુબંધો આક્ષેપ કરાય છે.
- ૨. વારંવાર સૂત્રપાઠ કરવાથી ઉત્તમભાવોનાં ઉપચયથી શુભકર્મના અનુબંધો પરિપોષણને પામે છે તથા પરિસમાપ્તિ ને પ્રાપ્ત કરાવે છે = પ્રકૃષ્ટ શુભ અનુબંધથી સુદેવત્વ કે સુમાનુષત્વની પ્રાપ્તિ કરી અવશ્ય સંસાર સાગર તરાવે તેવી શક્તિવાળા થાય છે.
- ૩. સાનુબંધ શુભકર્મ પ્રકૃષ્ટ હોય છે પ્રકૃષ્ટભાવથી અર્જિત હોય છે અને સુપ્રયુક્ત મહાઔષધની જેમ શુભફળવાળું તે કર્મ થાય છે.
- ૪. પ્રકૃષ્ટભાવથી અર્જિત સાનુબંધ શુભકર્મ શુભ પ્રવર્તક થાય છે અને એ રીતે નિશ્ચયે પરંપરાએ નિર્વાણરૂપ પરમસુખનું સાધક થાય છે.
- ૫. પંચસૂત્રનો પાઠ આ પ્રકારના ઉપરમાં બતાવેલા સાનુબંધ શુભકર્મનું કારણ હોવાથી અનિદાનરૂપ છે કેમકે અશુભભાવના નિરોધ દ્વારા શુભભાવનું બીજ છે.

જો જીવ સુકૃતની અનુમોદના કરવી છે એવા અધ્યવસાયપૂર્વક સૂત્રપાઠ કરતો હોય ત્યારે અભ્યાસકાળમાં જ શુભકર્મના અનુબંધો પ્રાપ્ત થાય છે અને સૂત્ર પરિચય થયા પછી અર્થમાં ઉપયુક્ત થઇને સૂત્ર સાંભળતો હોય કે બોલતો હોય અને અર્થમાં સુદઢ ઉપયોગ હોય તો શુભકર્મના અનુબંધો પ્રકૃષ્ટ થાય છે, જે સદ્ગતિની પરંપરા દ્વારા મોક્ષફળમાં જ વિશ્રાંત પામે છે. તેથી કલ્યાણના અર્થી જીવે સુકૃત અનુમોદનાને કહેનારા સૂત્રના અર્થને બરાબર રીતે અવધારણ કરીને અર્થમાં જ પ્રધાન યત્ન થાય તે રીતે સૂત્રપાઠ કરવો જોઇએ કે જેથી સંચિત થયેલી શક્તિ દ્વારા આ ભવમાં કે જન્માંતરમાં સુકૃતના સેવનની પરંપરા પ્રગટ થાય.

**(૩૫) પ્રથમ પંચસૂત્રની પરિસમાપ્તિમાં ગ્રંથકારનો અભિલાષ**

- કુતીર્થના નિવારણ દ્વારા ભગવાનનું શાસન જય પામો
- મિથ્યાત્વના દોષથી નિવૃત્તિથી જગતનાં જીવો શ્રેષ્ઠ બોધિલાભને પ્રાપ્ત કરીને સુખી થાઓ

## દ્વિતીય પંચસૂત્રમાં આવતા પદાર્થોની સંક્ષિપ્ત સંકલના

**(૧)** પ્રથમ સૂત્ર સાથે બીજા સૂત્રનો સંબંધ

- પ્રથમ પંચસૂત્રનો સમ્યક્ પાઠ કરવાથી ધર્મબીજનું આધાન થાય
- કાલાદિ નિમિત્ત સામગ્રીથી ધર્મબીજનો વિપાક થાય
- ધર્મબીજનો વિપાક થતા ધર્મગુણના સ્વીકારની રૂચિ થાય

પ્રથમસૂત્રના સમ્યગ્ પાઠથી વીર્યનો ઉત્કર્ષ થાય તો સર્વકર્મનો નાશ પણ થઇ શકે અને કેવળજ્ઞાન થઇ શકે, તેમ છતાં તેવા પ્રકારનું વીર્ય અતિ દુષ્કર છે. પરંતુ જે જીવો સૂત્રમાં ઉપયોગ રાખીને વારંવાર સૂત્રપાઠ કરતાં હોય, તો તે જીવને સમ્યગ્ દર્શન પ્રગટે છે, જે પ્રથમસૂત્રનાં સમ્યગ્ પાઠનું ફળ છે. અને સમ્યગ્દર્શન પ્રગટે એટલે જીવને મોક્ષ અને મોક્ષનાં ઉપાયભૂત સર્વવિરતિ ધર્મ જ એક સેવનીય લાગે છે. એ સિવાય અન્ય કાંઇ કરવા જેવું નથી તેવી સ્થિર રૂચિ પ્રગટે છે. આમ છતાં સર્વવિરતિ ધર્મ સમજવો, ગમવો એ જુદી વસ્તુ છે અને આચારરૂપે આજીવન સેવવો તે અતિદુષ્કર છે તેથી એવા ધર્મને સેવવાને માટે શક્તિ સંચય કરવા માટે આ બીજું સૂત્ર બતાવેલ છે.

તે બતાવવા માટે જ અહીં કહે છે કે પ્રથમસૂત્રનાં સમ્યગ્ પાઠથી ધર્મબીજનું આધાન થાય છે અને આ ધર્મબીજ ધર્મ કરવાનો અભિલાષ પેદા કરે તેવી કાલાદિની સામગ્રી મળે તો જીવમાં ધર્મ સેવવાનો અભિલાષ પેદા થાય છે. અને આ અભિલાષ પ્રગટે ત્યારે જ જીવે બીજા સૂત્રમાં બતાવેલ ક્રમ પ્રમાણે સાધુધર્મનું પરિભાવન કરવું જોઇએ જેથી સાધુધર્મની યોગ્યતા પ્રગટ થાય.

**(૨) સાધુધર્મનાં સ્વીકારની રૂચિ થયે છતે ભાવથી સાધુધર્મ પ્રગટ કરવા માટે ધર્મ ગુણોની ઉત્તમતાના સ્વરૂપનું ભાવન**

- પ્રકૃતિથી સુંદરપણું (જીવના સંક્લેશની વિશુદ્ધિ થવાથી)
- ધર્મનું આનુગામિકપણું (ભવાંતરમાં વાસના રૂપે ઉત્તમ સંસ્કારોનું જવુ)
- પરોપકારીપણું (સંયમ પાલન દ્વારા પરપીડાદિની નિવૃત્તિ થવાથી)
- પરમાર્થ હેતુપણું (પરંપરાએ મોક્ષનું સાધન હોવાથી)

સામાન્ય રીતે પ્રથમસૂત્રનાં પાઠથી સંચિત થયેલી શક્તિવાળો જીવ ઉપદેશ આદિ નિમિત્તને પામીને ધર્મ સેવનનાં અભિલાષવાળો થાય છે. આમ છતાં ભાવનાં આવેશમાં આવીને દેશવિરતિ કે સર્વવિરતિ સ્વીકારી લે એટલા માત્રથી આત્મામાં દેશવિરતિ કે સર્વવિરતિ પ્રગટ થતી નથી તેથી વ્રત સ્વીકારતાં પહેલાં ધર્મનું કેવું સુંદરપણું છે તેનું વારંવાર ચિંતવન કરવાથી ધર્મને અભિમુખ થયેલો ભાવ સુદૃઢ થાય છે.

**(૩) વ્રતભંગના નિવારણ અર્થે અપ્રમાદબુદ્ધિના ઉપાયોનું ભાવન**

- દૂર અનુચરત્વ સદા અભ્યાસ નહિ હોવાથી દુઃખે કરી સેવાય તેવા છે તેથી સત્ત્વ પ્રગટે તો જ વ્રતો લઇ શકાય
- ભંગદારૂણત્વ (સમ્યગ્ પાલન ન કરવામાં આવે તો ભગવદ્ આજ્ઞા ખંડનથી)
- મહામોહજનકપણું (વ્રતભંગ એ ધર્મનું દૂષક હોવાથી)
- ફરી પ્રાપ્તિનું દુર્લભપણું (વ્રતભંગથી અધર્મના અનુબંધની પુષ્ટિ થતી હોવાથી)

ધર્મગુણોની ઉત્તમતાનું ભાવન કર્યા પછી ગ્રંથ માટે સુદૃઢ યત્ન ઉત્પન્ન થાય તેના માટે લીધેલા વ્રતનાં ભંગમાં શું શું અનર્થો થાય તેનું સ્વરૂપ અહીં ઉપરમાં બતાવેલ છે, જે વાસ્તવિક સ્વરૂપ છે, માટે વિચાર્યા વિના વ્રતો ગ્રહણ કરવાની પ્રવૃત્તિ ઉચિત નથી પણ પોતાની શક્તિનું સમ્યક્ સમાલોચન કરીને જે વ્રત ગ્રહણ કરવાનો અભિલાષ થયો છે તેને અનુકૂળ મન-વચન-કાયાનાં યોગને નિષ્પન્ન કરવા અર્થે જ ભગવાને વ્રતભંગમાં થતા અનર્થો બતાવ્યા છે. તેને બરાબર ભાવન કરવાથી સ્વીકારાયેલા વ્રતોમાં સ્ખલના ન થાય તેવી જાગૃતિ આવે છે અને આવી જાગૃતિ આવ્યા પછી જ વ્રતો સ્વીકારવા જોઇએ.

**(૪) વ્રત ગ્રહણનું સ્વરૂપ**

- યથાશક્તિ
- શાસ્ત્રોક્ત વિધિથી
- અત્યંત ભાવસાર (મોટા પ્રણિધાનના બળથી)

ધર્મનાં સમ્યગ્ સેવનનું ફળ અને ધર્મનાં ભંગનું ફળ બુદ્ધિમાંસ્થિર થાય ત્યારપછી વ્રતો કઇ રીતે ગ્રહણ કરવા જોઇએ તે વાત અહીં બતાવેલ છે તેનાથી એ ફલિત થાય કે વ્રતોને અનુકૂળ જે પોતાની શક્તિ હોય તેને ગોપવવી પણ જોઇએ નહિ અને શક્તિને અતિક્રમીને પણ વ્રતગ્રહણ કરવાં જોઇએ નહિ અને યથાશક્તિ તે જ કહેવાય કે જે શાસ્ત્રોક્ત વિધિથી અત્યંત ઉપયોગપૂર્વક વ્રતોને ગ્રહણ કરે અને ત્યારે તે વ્રત ઉચ્ચરાવવાની ક્રિયાકાળમાં જ બોલતાં પ્રતિજ્ઞાનાં વચન દ્વારા ભાવથી તે વ્રતનાં પરિણામ જીવમાં પેદા થાય.

**(૫) સાધુધર્મના પરિભાવન અર્થે વ્રતગ્રહણના પ્રકાર**

- સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ
- સ્થૂલ મૃષાવાદ વિરમણ
- સ્થૂલ અદત્તાદાન વિરમણ
- સ્થૂલ મૈથુન વિરમણ
- સ્થૂલ પરિગ્રહ વિરમણ
- ત્રણ ગુણવ્રત
- ચાર શિક્ષા વ્રત

પ્રસ્તુતસૂત્ર સાધુધર્મ પરિભાવના સૂત્ર છે તેથી સાધુધર્મપરિભાવન માટે સાધુધર્મની નજીક જવાને અનુકૂળ એવી દેશવિરતિમાં યત્ન હોય છે. તેથી અહીં વ્રતગ્રહણમાં શ્રાવકના ૧૨ વ્રત બતાવેલ છે. આ બાર વ્રતો ગ્રહણ કરવા માટે જીવ તૈયાર થાય ત્યારે પ્રથમ તે વ્રતોનું સમ્યગ્ સ્વરૂપ, તે વ્રતોને પાળવા માટેની યતના અને તે વ્રતોમાં લાગતા અતિચારોનું સ્વરૂપ ગુરુ પાસેથી સમ્યક્ જાણીને ત્યારપછી વિધિપૂર્વક ઉપરમાં બતાવેલા બાર વ્રતો અથવા બારવ્રતની શક્તિ ન હોય તો શક્તિને અનુરૂપ યથાયોગ્ય વ્રતો ગ્રહણ કરે.

**(૬) વ્રત સ્વીકાર થી પણ ફલની અપ્રાપ્તિના કારણો**

- શક્તિના સમાલોચનનો અભાવ
- પ્રણિધાનનો અભાવ
- રાભસિક = અવિચારક, પ્રવૃત્તિથી વ્રતગ્રહણ

પૂર્વમાં બતાવેલી વિધિપ્રમાણે શ્રાવકવ્રતો યથાશક્તિ ગ્રહણ કરે તો ભાવથી દેશવિરતિ અવશ્ય પ્રગટે. આમ છતાં કયા કયા કારણે વ્રત સ્વીકારવા છતાં ભાવથી દેશવિરતિની પ્રાપ્તિ ન થાય તે અહીં બતાવેલ છે.

કોઇ વ્યક્તિ ઉપરમાં વર્ણન કરેલ તે પ્રમાણે ધર્મનું સુંદરપણું વગેરે ભાવન કરે, આમ છતાં તે ભાવન દ્વારા વ્રતોને ગ્રહણ કરે તેવી શક્તિ પોતાનામાં પ્રગટ થઇ ન હોય અને અતિત્વરાથી ફળ મેળવવા માટે શક્તિનું સમાલોચન કર્યા વિના વ્રતો ગ્રહણ કરે તો વ્રત સ્વીકાર્યા છતાં વ્રતના ફળની પ્રાપ્તિ થાય નહિ.

જીવ કદાચ શક્તિનું સમાલોચન કરીને, વ્રતગ્રહણ કાળમાં ઉપયોગપૂર્વક વ્રતગ્રહણ કરવામાં તે યત્ન પણ કરતો હોય, આમ છતાં ઘણી વખત પોતાની શક્તિ કરતાં ઉપરની ભૂમિકાના વ્રત પ્રત્યે જ પક્ષપાત હોવાના કારણે અવિચારક રીતે પોતાની ભૂમિકાથી ઉપરની ભૂમિકાના વ્રત માટે પ્રયત્ન કરે તો દઢ યત્ન હોવા છતાં શક્તિના અભાવના કારણે વ્રત પરિણમન પામતું નથી માટે રાભસિકવૃત્તિથી વ્રત ગ્રહણ કરવાનો નિષેધ છે.

**(૭) વ્રતપાલન માટે યત્નના ઉપાયો**

**અથવા**

**દેશવિરતિના સંવર ભાવને અતિશયિત કરવાના ઉપાયો**

| | | |
|---|---|---|
| સંવેગ વૃદ્ધિ થાય તે રીતે અધ્યયન અને અર્થશ્રવણ દ્વારા આજ્ઞાગ્રાહક થાય | અનુપ્રેક્ષા દ્વારા સદા આજ્ઞા ભાવક થાય | અનુષ્ઠાનને આશ્રયીને સદા આજ્ઞા પરતંત્ર થાય |

ઉપરમાં બતાવ્યા પ્રમાણે કોઇ વ્યક્તિ શક્તિને અનુરૂપ અત્યંત ઉપયોગપૂર્વક વ્રતગ્રહણ કરે ત્યારપછી શું કરે તો આ વ્રતો સર્વવિરતિના કારણ બને તે બતાવવા માટે અહીં પ્રયત્ન કરેલ છે દેશવિરતિનું પાલન તે માત્ર શ્રાવકનું લક્ષણ નથી પરંતુ સાધુધર્મની યોગ્યતા પ્રગટ કરવી એ જ દેશવિરતિનું લક્ષણ છે. માટે વ્રત સ્વીકાર્યા પછી જેમ વ્રતપાલનમાં નિરતિચાર યત્ન કરવાનો છે તેમ શાસ્ત્રનું અધ્યયન કરીને આજ્ઞા ગ્રાહક, આજ્ઞાભાવક અને આજ્ઞા પરતંત્ર બનવાનું છે. અને તેમ થવાથી જ દેશવિરતિને પાળનાર

શ્રાવક કદાચ આ ભવમાં જ સર્વવિરતિની ભૂમિકાને પામે અને કદાચ આ ભવમાં સર્વવિરતિ ન લે તો પણ જન્માંતરમાં સર્વવિરતિની સુલભતા અવશ્ય થાય છે. માટે વ્રત ગ્રહણ કર્યા પછી શાસ્ત્રોનું અધ્યયન કર્યા પછી તે શાસ્ત્રોથી આત્માને ભાવિત કરવો જોઇએ અને તે શાસ્ત્રવચન જીવનમાં સમ્યક્ પરિણમન પામે તેવો યત્ન કરવો જોઇએ અને આથી જ શ્રાવક સદા સાધુ સામાચારી સાંભળે છે અને તેનાથી આત્માને ભાવિત કરવા યત્ન કરે છે.

**(૮)** **આજ્ઞાનું સ્વરૂપ**

- મોહવિષને દૂર કરવામાં પરમ મંત્ર સ્વરૂપ
- દ્વેષ, ઈર્ષ્યા, માત્સર્યાદિ અગ્નિને બુઝવવા માટે જલ સ્વરૂપ
- કર્મરૂપી વ્યાધિનો ક્ષય કરનાર ચિકિત્સા શાસ્ત્ર છે.
- મોક્ષફળ અવન્ધ્યસાધક

ભગવાનની આજ્ઞા એ આગમ સ્વરૂપ છે અને આગમવચનનો યથાર્થ બોધ થાય તો જીવ જાણી શકે છે કે આ સંસારની સર્વ વિડંબણાનું બીજ મોહ જ છે. તેથી ભગવાનના દરેક વચનો કઈ રીતે મોહનાશનું કારણ છે તે પણ તેને પરમાર્થથી દેખાય છે. તેથી જેમ વિષને દૂર કરનાર મંત્રના જાપથી સર્પાદિનું વિષ શરીરમાંથી દૂર થાય છે તેમ આગમવચનનું ભાવન કરીને તેને પરતંત્ર રહીને ઉચિત આચરણા કરવામાં આવે તો મોહરૂપી વિષ અવશ્ય નાશ પામે છે.

વળી, જીવમાં વર્તતા દ્વેષ, ઈર્ષ્યાદિ ભાવો જીવને સતત બાળનારા છે. પણ જેણે આગમવચનોથી ભાવિત કરીને પોતાના આત્માને સંપન્ન કર્યો છે તેનો દ્વેષાદિ અગ્નિ અવશ્ય બુઝાઈ જાય છે. વળી, ઉચિત ચિકિત્સાથી જેમ શરીરના રોગો મટે છે તેમ આગમનું ભાવન કરવાથી જીવમાં રહેલા કર્મો દૂર થાય છે. તેથી જીવ ભાવ આરોગ્યને પ્રાપ્ત કરે છે.

**(૯) દેશવિરતિ પાલન માટે વર્જનીય અને સેવનીય પ્રવૃત્તિઓ**

- અકલ્યાણ મિત્રના યોગનું વર્જન (વ્રત સ્ખલનાની સંભાવના હોવાથી)
- ગુણ પક્ષપાત અર્થે નવા સ્વીકારેલ વ્રત ગુણોનું ચિંતવન
- સદા અવિરતિ પણાને કારણે થયેલા અનાદિ ભવસંગત દોષોનું ચિંતવન
- અધર્મમિત્રો અનાદિ ભવ સંગત દોષોને પ્રગટ કરવામાં સહકારી કારણનું ચિંતવન
- અધર્મમિત્રોના ઉભયલોક ગર્હિતપણાનું ચિંતવન પાપની અનુમતિ અને સહકાર આદિનાં કારણે.
- અધર્મ મિત્રનો સંબંધનાં કારણે અશુભ યોગની પરંપરાના કારણનું ચિંતવન
- લોકોના અશુભ અધ્યવસાયના કારણી ભૂત લોક વિરુદ્ધ કૃત્યનો સમ્યગ્ પરિહાર કરવો
- સ્વકૃત્યોથી લોકોને અધર્મ ન થાય તે રીતે લોકોની અનુકંપામાં તત્પર થવું
- લોકવિરૂદ્ધ કૃત્યથી સ્વ-પરની અબોધિની પ્રાપ્તિ

પૂર્વમાં વર્ણન કર્યું તે રીતે દેશવિરતિ ગ્રહણ કર્યા પછી શ્રાવક આજ્ઞાનું ગ્રહણ, ભાવન અને સેવન કરે છે. આમ છતાં, અનાદિ ભવ અભ્યસ્ત પ્રમાદ છે તેથી શાસ્ત્રવચનના બળથી યોગમાર્ગમાં યત્ન કરતા શ્રાવકને અધર્મમિત્રઆદિનો સમાગમ યોગમાર્ગમાં સ્ખલના કરાવે છે. માટે શ્રાવકે જેમ શાસ્ત્રવચન ભણવા માટે, પરિણમન પમાડવા માટે યત્ન કરવાનો છે તેમ અકલ્યાણમિત્રના યોગથી દૂર રહેવાનું છે.

વળી, સ્વીકારેલા વ્રતોમાં અતિશયતા લાવવા માટે તે વ્રતોથી થતા ગુણનું ચિંતવન કરે જેથી દઢયત્નપૂર્વક પાલન કરેલા વ્રતો વિશેષ ગુણ નિષ્પત્તિનું કારણ બને.

વળી, વ્રતોની દઢતા અર્થે જ હંમેશા વિચારે કે અત્યારસુધી અવિરતિના કારણે જ આપણે ચારગતિરૂપ સંસારમાં ભટક્યા. માટે ફરી પ્રમાદથી તે અવિરતિ આવે નહિ પરન્તુ સ્વીકારાયેલી વિરતિ સર્વવિરતિનું કારણ કેમ બને તે રીતે શ્રાવકે ચિંતવન કરવું જોઇએ.

વળી, જીવનો સ્વભાવ છે કે જેની સાથે મિત્રતા બંધાયેલી હોય તે જીવ ધર્મી ન હોય તો પણ તેને છોડવા માટે તૈયાર ન થાય. તેથી શ્રાવક વિચારે છે કે સંસારના પરિભ્રમણમાં જીવને અધર્મમિત્રો પ્રબળ સહકારી છે માટે અતિદુર્લભ એવું ભગવાનનું

આ શાસન પામીને પૂર્વપરિચિત અધર્મમિત્રોનો હું ત્યાગ નહિ કરું તો સ્વીકારાયેલા વ્રતોમાં સ્ખલના થશે. અને દુર્લભ એવો પ્રાપ્ત થયેલો માર્ગ ફરી દુર્લભ થશે. આ પ્રકારના ચિંતવનથી મિત્રો પ્રત્યે સ્નેહ હોય તો પણ ભવના ભયથી તેઓના પરિહાર માટે શ્રાવક યત્ન કરે.

વળી, શ્રાવક ધર્મ સ્વીકાર્યા પછી સંસારમાં ક્યાંય માલિન્ય ન થાય તેવી ચિંતાવાળો હોય છે તેથી લોકવિરૂદ્ધ એવું કૃત્ય જીવનમાં આચરે નહિ. કેમકે તે જાણે છે કે લોકવિરૂદ્ધ કૃત્યથી લોકોને એમ જ થશે કે શ્રાવક જે ધર્મ કરે છે તે ધર્મ વિવેક વગરનો છે કેમ કે જે ધર્મમાં આવા કૃત્યોનો પણ નિષેધ નથી તેવો ધર્મ કઇ રીતે પૂર્ણપુરુષથી પ્રરૂપિત હોય? માટે લોકોને અબોધિની પ્રાપ્તિ ન થાય અને પોતે કોઇપણ જીવનાં અબોધિનું કારણ ન બને તે માટે શ્રાવક લોકવિરૂદ્ધ કૃત્યોનો અવશ્ય પરિહાર કરે.

**(૧૦)　　લોકવિરૂદ્ધ કૃત્યનું ફળ**

- મહાઅનર્થકારી
- સ્વને અબોધિની પ્રાપ્તિ કરાવે - કારણ લોકમાં પોતે અબોધિનું નિમિત્ત બન્યો માટે
- અશુભભાવ રૂપ હોઇ પરમ સંક્લેશ પ્રાપ્તિ
- હિતનું દર્શન ન થતા અંધત્વની પ્રાપ્તિ સંસાર અટવીમાં છે
- અનિષ્ટ તેવા દુર્ગતિઓના પાત્રનું જનક
- સંક્લેશની પ્રધાનતા હોઇ સ્વરૂપથી અતિદારૂણ
- પરંપરા એ ઉપધાતનો ભાવ હોવાથી અત્યંત અશુભ અનુબંધવાળુ છે.

**(૧૧)　　ધર્મમિત્રના સેવનનું સ્વરૂપ**

- ધર્મમિત્રોનું સત્પ્રતિપત્ત્યાદિ સેવન કરે
- બહુમાન યુક્ત બને
- ધર્મ મિત્ર પાસે ભાવઆરોગ્ય અર્થે વારંવાર કલ્યાણની આજ્ઞાની આકાંક્ષા રાખે
- આજ્ઞા ઉત્સાહપૂર્વક સ્વીકારે
- આજ્ઞાનો અનારાધક ન થાય તેમ અવિરાધક બને.
- ઔચિત્યથી આજ્ઞાના નિષ્પાદક બનવું.

શ્રાવક સંસારથી ભય પામેલો હોવાના કારણે જેમ અધર્મમિત્રોનો ત્યાગ કરે છે તેમ ધર્મમિત્રોનો સ્વીકાર કરે છે. શ્રાવક પોતાનાથી વિશેષ રીતે ધર્મના જાણનાર અને ધર્મમાં સુદઢ રીતે પ્રવર્તતા હોય એવા જ ધર્મમિત્રોનો સમાગમ રાખે છે જેથી ધર્મમિત્રો તેની યોગ્યતા પ્રમાણે હંમેશા તેને ધર્મમાર્ગમાં દઢ પ્રયત્ન કરાવવામાં કારણ બને છે. કલ્યાણનો અર્થી એવો શ્રાવક ધર્મમિત્ર જે કાંઈ કહે તેનો સમ્યગ્ સ્વીકાર કરે છે એટલું જ નહિ પણ વારંવાર ધર્મમિત્રને કહે કે મારા હિત ખાતર પણ તારે મને હંમેશા ધર્મમાં જાગૃત કરાવવા પ્રયત્ન કરવો. કલ્યાણનો અર્થી શ્રાવક એટલા માત્રથી જ સંતોષ ન માને પણ સામેથી કહે કે મને આજ્ઞા કરો કે જેથી મારું હિત થાય અને જ્યારે ધર્મમિત્ર તેની ભૂમિકા પ્રમાણે ઉચિત કર્તવ્ય કરવાનું સૂચન કરે ત્યારે તે આજ્ઞાને અત્યંત બહુમાનપૂર્વક અને હર્ષપૂર્વક સ્વીકારે અને તે આજ્ઞાનો અવિરાધક થાય અર્થાત્ લેશ પણ પ્રમાદ વગર તે આજ્ઞાથી વિપરીત આચરણા ન થાય તેવો સુદઢ યત્ન કરે અને આ રીતે ઔચિત્યપૂર્વક તેની આજ્ઞાનું પાલન કરીને પોતાના આત્માને એ રીતે સંપન્ન કરે કે જેથી પોતે જે ગુણસ્થાનકની ભૂમિકામાં છે તેનાથી ઉપરની સંયમની ભૂમિકાને પ્રાપ્ત કરે.

**(૧૨) ધર્મમિત્રના સેવન ને સ્થિર કરનાર દષ્ટાંતો**

- પાપાદિના ભયથી જેમ અંધ અનુકર્ષકને સેવે તેમ
- દુઃખના ભયને કારણે વ્યાધિત વૈદ્યને સેવે તેમ
- જીવન નિર્વાહનો હેતુ હોવાથી દરિદ્રી ધનવાનને સેવે તેમ
- આશ્રયણીય પણાથી ભયભીત મહાનાયકને સેવે તેમ

**(૧૩) શ્રાવકે સ્વીકારેલ વ્રતોમાં વર્તવાનું સ્વરૂપ**

- શાસ્ત્રાનુસારે પરિશુદ્ધ મન ક્રિયાવાળો વર્તે
- શાસ્ત્રાનુસારે પરિશુદ્ધ વચન ક્રિયાવાળો વર્તે
- શાસ્ત્રાનુસારે પરિશુદ્ધ કાય ક્રિયાવાળો વર્તે
- શ્રાવક સ્વીકારાયેલ ધર્મગુણોને યોગ્ય વર્તે

**(૧૪) સ્વીકૃત ધર્મગુણો મલિન ન થાય તેવી શ્રાવકની સંસારની પ્રવૃત્તિ**

- (૧) અંગાર કર્માદિ સમારંભનું વર્જન
  - અનેક જીવોને ઉપઘાત કરનાર હોવાથી
  - પ્રકૃતિથી ગર્હણીય હોવાથી
  - પ્રવૃત્તિમાં બહુ કલેશને કરનાર હોવાથી
  - પરલોકની પીડાને કરનાર હોવાથી
- (૨) શ્રાવકની પરિશુદ્ધ મનક્રિયા
  - પરપીડાનું અચિંતન
  - અપ્રાપ્તિમાં અદીનભાવ
  - પ્રાપ્તિમાં હર્ષ ન પામે
  - અતત્ત્વના અધ્યવસાય રૂપ વિતથ અભિનિવેશનું અસેવન
  - તત્ત્વનો પક્ષપાત
  - સંસારના ભાવો ક્ષીણ થાય તે રીતે શાસ્ત્રાનુસારે ઉચિત મન પ્રવર્તન
- (૩) શ્રાવકની પરિશુદ્ધ વચનક્રિયા
  - જુઠું ન બોલે
  - નિષ્ઠુર ન બોલે
  - પરપ્રીતિ હરનાર પૈશુન્ય ન કરે
  - વિકથાદિરૂપ અસંબદ્ધ ન બોલે
  - સૂત્રનીતિથી હિતમિત જ બોલે
- (૪) શ્રાવકની પરિશુદ્ધ કાયક્રિયા
  - પૃથ્વી આદિ જીવોની હિંસા ન કરે
  - થોડું પણ અદત્તાદાન ન ગ્રહે
  - પરસ્ત્રીને રાગથી ન જુએ
  - અપધ્યાનથી આચરિત અનર્થદંડ ન કરે
  - આગમનીતિથી શુભ કાયયોગ વાળો બને

શ્રાવકે શાસ્ત્રાનુસારી સંસારની ઉચિતપ્રવૃત્તિ કેમ કરવી જોઈએ એ હકીકત અહીં ઉપરમાં બતાવેલ છે. સાધુધર્મ પરિભાવના અર્થે શ્રાવકધર્મ સ્વીકાર્યો છે તેવો શ્રાવક જેમ ગુણસ્થાનકની વૃદ્ધિ અર્થે ધર્મમિત્રોને સેવે છે તેમ સ્વીકારાયેલા વ્રતોમાં ક્યાંય દોષ ન લાગે તે રીતે જ ગૃહસ્થની સર્વ આચારસંહિતામાં જ યત્ન કરે તેથી સંસારની પ્રવૃત્તિ કરતી વખતે પણ મન, વચન અને કાયા શાસ્ત્રાનુસારી રીતે જ પ્રવર્તે તેવો

યત્ન કરે. શ્રાવક આજીવિકાનો પ્રશ્ન હોય ત્યારે વિચારે કે ભગવાને શ્રાવકને શોભે તે રીતે જ વ્યાપારઆદિ કરવાનું કહ્યું છે માટે લોભને વશ થઇને અતિઆરંભવાળી પ્રવૃત્તિ ન થાય તેની ચિન્તા કરે અને પરિશુદ્ધ મન-વચન-કાયાના યોગો પ્રવર્તાવે. પૃથ્વીઆદિજીવોની હિંસા ન કરે તેમ કહ્યું છે ત્યાં પોતાને અનાવશ્યક એવી હિંસાના વર્જન માટે સમ્યગ્ યત્ન કરે તે પ્રકારનું તાત્પર્ય જાણવું.

**(૧૫) શ્રાવકને પ્રાપ્ત થયેલ ધનનું વર્ગીકરણ**

- લાભોચિત દાન કરનાર થાય
- લાભોચિત ભોગ કરનાર થાય
- લાભોચિત નિધિ (બચત) કરનાર થાય
- લાભોચિત પરિવારમાં ધન વ્યય કરનાર થાય

શ્રાવક વિચારે છે કે ભગવાને અનર્થનું મૂળ અર્થને કહેલ છે. કેમ કે બાહ્ય ધનાદિનો સંચય કરીને જ જીવે તે સંચય કરવામાં ઘણા કર્મો બાંધ્યા અને તે અનર્થની પરંપરાનું કારણ છે. માટે શાસ્ત્રવચનના ભાવનથી અર્થની ઇચ્છા નિવર્તન પામે તેમ હોય અને પોતાની આજીવિકાનો પ્રશ્ન ન હોય તેનો ત્યાગ કરીને ધર્મમાં જ યત્ન કરે અને આજીવિકાનો પ્રશ્ન ન હોય આમ છતાં લોભ અતિ સતાવતો હોય અને લોભને વશ થઇને અર્થાદિમાં યત્ન કરતો હોય તો પણ વિચારે કે ભગવાને અનર્થનું કારણ અર્થને કહેલ છે. આમ છતાં, હજી લોભવૃત્તિ મારી જતી નથી તેથી જ સાવદ્ય એવી અર્થઉપાર્જનની ઇચ્છા મારી નિવર્તન પામતી નથી અને કોઇ રીતે ઇચ્છા નિવર્તન ન જ પામે તો અર્થ ઉપાર્જનમાં યત્ન કરે તો પણ તે વિચારે કે આ પ્રાપ્ત થયેલું ધન જેટલું ધર્મમાં વ્યય થશે તે જ સફળ છે બાકી મહાઅનર્થનું કારણ છે.

**(૧૬) મધ્યમસ્થિતિની આવકવાળા શ્રાવકને પ્રાપ્ત ધનનું વિભાજન**

- પ્રાપ્ત ધનના ચાર ભાગ કરી એક ભાગ પરિવારના પોષણ માટે રાખે
- પ્રાપ્ત ધનના ચાર ભાગમાંથી એક ભાગ સંચય માટે નિધિને કરે
- પ્રાપ્તધનના ચાર ભાગમાંથી એક ભાગ વેપારની વૃદ્ધિ માટે વાપરે
- ચારભાગમાંથી શેષ એક ભાગમાંથી બે ભાગ કરી એક ધર્મ માટે અને બીજો પોતાના માટે વાપરે

**(૧૭) વિશેષ ધન કમાણીને આશ્રયી ધર્મી શ્રાવકના ધનનું વિભાજન (અન્ય દ્વારા કથિત)**

- પ્રાપ્ત ધનનો અડધો ભાગ ધર્મમાં વાપરે
  અથવા
  અડધા ભાગથી અધિક પણ ધન ધર્મમાં વાપરે
- પ્રાપ્ત ધનના અડધા ભાગ વડે તુચ્છ ઐહિક કાર્યો વિવેકપૂર્વક કરે કે જેથી સ્વીકૃત ધર્મ ગુણોને બાધ ન કરે.

**(૧૮) શ્રાવકનું પરિવાર પ્રત્યેનું ધર્મમય વર્તન**

- શુભ પ્રણિધાન દ્વારા પરિવાર જનને અસંતાપક થાય
- યથાશક્તિ ભવસ્થિતિના કથન દ્વારા પરિવારને ધર્મપરાયણ બનાવે
- પ્રતિફલની અપેક્ષા રાખ્યા વિના પરિવારની ઉચિત સંભાળ કરે કે જે ભાવ અનુકંપાનું કારણ બને
- ભવસ્થિતિના આલોચનનાં કારણે ભાવથી પરિવાર પ્રત્યે નિર્મમ થાય.

શ્રાવક જીવમાત્રનું શુભ થાય તેવા અધ્યવસાયવાળો હોય છે અને વિશેષથી પરિવારનું શુભ થાય તેની ચિન્તા કરે છે તેથી અત્યંત ઉચિત રીતે પરિવાર સાથે વર્તણૂંક કરે છે અને તેના વર્તનના કારણે પરિવાર પણ ધર્મવૃત્તિવાળો બને છે.

**(૧૯) શ્રાવકના ઉચિત આચારોમાં માનસ ઉપયુક્તતા રાખવા માટે ચિન્તનીય સ્થાનો.**

| | |
|---|---|
| ૧. હું દેવદત્તાદિ અમુક છું. | જેથી નામને અનુરૂપ ગુણ વહન કરાય |
| ૨. હું ઈક્ષ્વાકુ આદિ અમુકકુળમાં ઉત્પન્ન થયો છું | જેથી કુલને કલંક લાગે તેવું ન કરાય. |
| ૩. હું અમુક આચાર્યનો શિષ્ય છું | જેથી સ્વગુરુનાં ઉપદેશથી વિપરીત આચારોનું સેવન પ્રમાદથી ન થાય તેવી જાગૃતિ આવે. |
| ૪. અણુવ્રતાદિની અપેક્ષાએ હું અમુક ધર્મસ્થાનમાં રહેલો છું | જેથી સ્વીકારાયેલા ધર્મસ્થાનોને ઉચિત મર્યાદા માટેની જાગૃતિ રહે. |
| ૫. મને સ્વીકૃત ધર્મસ્થાનની વિરાધના મારા માટે ઉચિત નથી. | જેથી સ્વીકારાયેલા ધર્મસ્થાનમાં સૂક્ષ્મ અતિચારનાં પરિહારની જાગૃતિ આવે. |

| | |
|---|---|
| ૬. મને સ્વીકૃત ધર્મસ્થાનની વિરાધનાનો આરંભ નથી. | જેથી<br>(૧) વિરાધનાથી વિરુદ્ધ ભાવ સ્થિર થાય<br>(૨) ભવિષ્યમાં વિરાધનાનો ભાવ થવાની સંભાવના ઓછી થાય. |
| ૭. મને સ્વીકૃત ધર્મસ્થાનની વૃદ્ધિ થઇ રહી છે | જેથી વ્રતો જીવની પ્રકૃતિરૂપે બને અને અધિક વ્રતો ગ્રહણ કરવાનો પરિણામ જાગૃત થાય. |
| ૮. સ્વીકૃત ધર્મ સ્થાન જ સંસારમાં સાર છે | જે વિચારવાથી<br>(૧) ભોગાદિની મનોવૃત્તિ ઘટે<br>(૨) વર્તમાનમાં ઉપશમસુખની પ્રાપ્તિ થાય<br>(૩) કર્મબંધ અટકે<br>(૪) આત્મ હિતને અનુકૂળ પુણ્યાનુબંધી પુણ્ય અને નિર્જરા પ્રાપ્ત થાય. |
| ૯. મને સ્વીકૃત ધર્મસ્થાન મારા માટે પરલોક અનુગામી હોવાથી અદ્ભુત છે. | જેથી સ્વીકૃત ધર્મસ્થાનો સંસ્કારરૂપે પરલોક અનુગામી હોવાથી મારા સ્વભાવભૂત છે. |
| ૧૦. સ્વીકૃત ધર્મસ્થાન સુંદર હોવાથી હિત છે | જેથી<br>(૧) મોહનો પરિણામ ઓછો થાય.<br>(૨) વર્તમાનમાં શાંતરસ પેદા થાય.<br>(૩) સંસારનાં કલેશો અને કર્મબંધ ઓછા થાય.<br>(૪) પુણ્યાનુબંધીપુણ્ય અને નિર્જરા પ્રાપ્ત થાય.<br>(૫) ભાવિમાં હિતની પરંપરાનું કારણ બને. |
| ૧૧. સ્વીકૃત ધર્મસ્થાનથી અન્ય સર્વ ધનભોગાદિ અવિધિથી ગ્રહણ કરાયેલ હોવાથી વિશેષથી અસાર છે કેમ કે વિપાકથી દારૂણ છે. | જેથી<br>(૧) અર્થાદિપ્રતિ અસારતાની બુદ્ધિ અધિક થાય.<br>(૨) અર્થભોગાદિ પ્રત્યેનું વલણ ઘટે.<br>(૩) ધર્મ તરફ વલણ સ્થિર થાય.<br>(૪) અવિધિથી અર્થાદિ માટે યત્ન ન થઇ શકે તેવું સ્થિર વીર્ય જીવમાં પ્રગટે.<br>(૫) શુદ્ધ શ્રાવકાચાર પાળી આત્મહિત સાધી શકે. |

**(૨૦) શ્રાવકને ભાવનિદ્રાને દૂર કરવા તત્ત્વના આલોચન વડે કરાતી ધર્મજાગરિકા**

| | |
|---|---|
| ૧. વય અવસ્થા રૂપ મારો કયો કાળ છે અને વયને ઉચિત કયુ ધર્માદિ અનુષ્ઠાન છે. | જેથી વયને અનુરૂપ ચિત્તવૃત્તિને ઉચિત ધર્માનુષ્ઠાનમાં પ્રયત્ન કરવા જાગૃતિ આવે |
| ૨. તુચ્છ એવા શબ્દાદિ પાંચ ઈન્દ્રિયના ૨૩ વિષયો અસાર છે. | જેથી વિષયો પ્રત્યેનું આકર્ષણ ઘટે, વૃત્તિ શિથિલ થાય અને સંયમને અનુકૂળ ચિત્ત સંપન્ન થાય. |
| ૩. તુચ્છ શબ્દાદિ વિષયો નિયમા વિયોગ અંતવાળા છે. (પુણ્ય ક્ષીણ થયે અથવા જન્મની સમાપ્તિ સાથે નક્કી નાશ છે) | જેથી સંયમાભિલાષી એવા શ્રાવક ને જે કાંઇ થોડુ પણ વિષયોનું આકર્ષણ હોય તે પણ ઘટે. |
| ૪. વિષયો પરિણામે દારૂણ છે કેમ કે તેના સેવનથી રાગના સંસ્કારો વધે છે, કર્મ બંધ થાય છે, ભવ પરંપરા વધે છે અને કલેશો પ્રાપ્ત કરાવે છે. | જેથી વિષયોથી દૂર રહેવા યત્ન કરે, અને વિષયો વિના ન રહી શકે તો પણ સેવન કાળે જાગૃતિ રહે. |
| ૫. મૃત્યુ ભયાનક છે = (૧) મહાભયને પેદા કરનાર છે. (૨) સર્વ અભાવને કરનારું છે. (૩) અવિજ્ઞાત આગમવાળુ છે. (૪) સ્વજનાદિથી અનિવારણીય છે. (૫) જ્યાં જ્યાં જન્મ લે ત્યાં ત્યાં ફરી આવનારું છે. (૬) વળી મૃત્યુ વ્યાધિ જેવુ છે. (૭) દરેક ભવમાં કદર્થના કરનારૂં છે. | જેથી બાહ્ય જે પદાર્થો ઊભા કર્યા તેનો અભાવ થશે આથી તુચ્છ સંસારના પદાર્થ માટેનો જે અભિમુખ ભાવ છે તે દૂર થાય છે અને મૃત્યુરૂપી વ્યાધિના ઔષધ તુલ્ય ધર્મને મનુષ્ય ભવમાં સાધી લેવાનો ઉત્સાહ થાય છે. |

શ્રાવક પ્રતિદિન ઉપરોક્ત ધર્મજાગરિકા કરે જેથી વિષયો પ્રત્યેનું વલણ ક્ષીણ ક્ષીણતર થાય છે અને સર્વવિરતિ ધર્મ પ્રત્યેનો પક્ષપાત અને સર્વવિરતિ ધર્મ સ્વીકારનો પરિણામ અતિશય અતિશયતર થાય છે.

**(૨૧) સર્વ સાવદ્ય વિરતિરૂપ ધર્મ સ્વરૂપ**

- વ્યાધિ તુલ્ય મૃત્યુનું ઔષધ
- એકાંતે વિશુદ્ધ
- મહાપુરુષ એવા તીર્થંકરાદિથી સેવિત
- મૈત્ર્યાદિ રૂપ હોવાથી સર્વ હિતકારી
- યથાગ્રહિત પાલન દ્વારા નિરતિચાર
- નિર્વાણનું કારણ હોવાથી પરમાનંદનો હેતુ

ઉપર પ્રમાણે સર્વવિરતિરૂપ ધર્મનાં સ્વરૂપના ચિંતવનથી વિરતિ પ્રત્યેનો પક્ષપાત વધે છે અને નિરતિચાર પાલન કરવા માટે અનુકૂળ શક્તિનો સંચય થાય છે.

**(૨૨)** **સાધુ ધર્મ પરિભાવના માટે ધર્મ પ્રત્યેના આદરના અતિશય અર્થે કરણીય કૃત્યો**

**અથવા**

**સર્વવિરતિ ધર્મની નિષ્પત્તિ અર્થે શ્રાવકનો પ્રયત્ન**

- ૧. વ્યાધિ રૂપ મૃત્યુના ઔષધરૂપ સાધુ ધર્મને નમસ્કાર (જેથી સર્વ વિરતિને અભિમુખ વીર્ય સંચિત થાય)
- ૨. નિરવદ્ય ધર્મનું સેવન કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી સાધુધર્મના પ્રકાશક એવા અરિહંતોને નમસ્કાર
- ૩. સાધુ ધર્મના પાલક યતિઓને નમસ્કાર
- ૪. સાધુ ધર્મના પ્રરૂપક યતિઓને નમસ્કાર
- ૫. સાધુ ધર્મના સ્વીકારનારાઓ, શ્રાવક, શ્રાવિકા, સમ્યગ્દષ્ટિ જીવો, સ્થૂલબોધવાળા અપુનર્બંધકાદિને નમસ્કાર
- ૬. સમ્યગ્ મન, વચન કાયાના યોગો દ્વારા હું આ ધર્મને સ્વીકારવાની ઈચ્છાવાળો છું.
- ૭. પરમ કલ્યાણરૂપ જીનેશ્વરોના અનુગ્રહથી ધર્મ સ્વીકારવા રૂપ કલ્યાણ મને પ્રાપ્ત થાઓ.
- ૮. સાધુ ધર્મથી યુક્ત એવા મુનીઓનો હું આજ્ઞાકારી થાઉં.
- ૯. મુનીઓનું આજ્ઞાકારીપણું પ્રધાન મોહ છેદન છે અને તે મોહ છેદન યોગનિષ્પત્તિનું અંગ છે.

સર્વવિરતિધર્મ પ્રત્યે આદરનો અતિશય કરવા અર્થે શ્રાવક પ્રતિદિન સર્વવિરતિનાં ધર્મનાં સ્વરૂપને ઉપસ્થિત કરીને તે ધર્મને, તે ધર્મના પ્રરૂપકને, પાલકને વારંવાર નમસ્કાર કરે છે. એટલું જ નહિ પણ પોતાની જેમ જે જીવો સાધુધર્મના સ્વીકાર અર્થે શ્રાવક ધર્મ પાળી રહ્યા છે તેને નમસ્કાર કરે છે. અને આ રીતે સાધુધર્મના સ્વરૂપની ઉપસ્થિતિપૂર્વક કરાયેલો નમસ્કાર સર્વવિરતિને અનુકૂળ ઘણી શક્તિનો સંચય કરે છે અને ત્યારપછી પ્રણિધાનપૂર્વક અભિલાષ કરે છે કે ભગવાનના અનુગ્રહથી મને આ ધર્મ પ્રગટ થાય કે જેથી હું ગુરુની આજ્ઞાનું પાલન કરીને મોહનો ઉચ્છેદ કરું.

**(૨૩) પ્રસ્તુતસૂત્રનાં પરિભાવનથી જીવમાં પ્રગટ થતી સાધુધર્મની યોગ્યતા**

- કર્મના અપગમનથી સાધુ ધર્મની યોગ્યતાની પ્રાપ્તિ
- સંસારથી વિરક્ત (સંસારના દોષોની ભાવના વડે)
- સંવિગ્ન (મોક્ષાર્થી)
- અમમ્ (મમત્વ રહિત)
- અપરોપતાપી (પરપીડા પરિહારી)
- ગ્રંથિ આદિના ભેદથી વિશુદ્ધ
- શુભકંડકની વૃદ્ધિથી વિશુદ્ધ્યમાન ભાવવાળો

પ્રસ્તુતસૂત્રમાં બતાવેલ સાધુધર્મના પરિભાવનથી કોઈક જીવને માત્ર એક જ વખતના પરિભાવનથી ઉપરમાં બતાવેલી સાધુધર્મની યોગ્યતા પ્રગટે છે. અને જેનું ચારિત્ર મોહનીય દૃઢ છે તેને અનેક વખતના પરિભાવનથી સાધુધર્મની યોગ્યતા પ્રગટે છે અને જેનું કર્મ અનિવર્તનીય છે તેને આ ભવમાં સાધુધર્મની યોગ્યતા ન પ્રગટે તો પણ અનિવર્તનીયકર્મ સહવર્તી નિવર્તનીયકર્મ સાધુધર્મના પરિભાવનથી નાશ પામે છે તેથી જન્માંતરમાં સાધુધર્મની પ્રાપ્તિ સુલભ થાય છે.

આ વિવરણ કરવામાં છદ્મસ્થતાને કારણે અનાભોગથી ગ્રંથકારશ્રીના આશય વિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય તે બદલ મિચ્છા મિ દુક્કડં.

વિ.સં. ૨૦૫૯, ફા.સુ.૧૩
રવિવાર. તા. ૧૬-૦૩-૨૦૦૩
૩૦૨, વિમલવિહાર, સરસ્વતી સોસાયટી,
પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

**પ્રવિણચંદ્ર ખીમજી મોતા**

# प्रथमं

# पापप्रतिघातगुणबीजाधानसूत्रम् ।

॥ अर्हम् ॥

याकिनीमहत्तराधर्मसून्वाचार्यप्रवरश्रीहरिभद्रसूरिविरचितव्याख्यासमलङ्कृतं

## चिरन्तनाचार्यविरचितं

# पञ्चसूत्रकम्

॥ ॐ नमो वीतरागाय ॥

**ટીકાકારનું મંગલાચરણ :**

**શ્લોક :**

प्रणम्य परमात्मानं, महावीरं जिनेश्वरम् ।
सत्पञ्चसूत्रकव्याख्या, समासेन विधीयते ॥१॥

**શ્લોકાર્થ :**

**પરમાત્મા જિનેશ્વર મહાવીરને નમસ્કાર કરીને, પંચસૂત્રની સદ્વ્યાખ્યા = સમ્યગ્ વ્યાખ્યા સમાસથી કરાય છે. ॥૧॥**

**પંચસૂત્રની પૂર્વભૂમિકારૂપે ટીકા :**

आह-किमिदं पञ्चसूत्रकं नाम? उच्यते-पापप्रतिघातगुणबीजाधानसूत्रादीनि पञ्च सूत्राण्येव, तद्यथा पापप्रतिघातगुणबीजाधानसूत्रम् १, साधुधर्मपरिभावनासूत्रम् २, प्रव्रज्याग्रहणविधिसूत्रम् ३, प्रव्रज्यापरिपालनासूत्रम् ४, प्रव्रज्याफलसूत्रम् ५ इति ।

**ટીકાર્થ :**

आह ........ इति । ગ્રંથના પ્રારંભની પૂર્વભૂમિકારૂપે ટીકાકાર શંકા કરતાં કહે છે–

આ પંચસૂત્ર શું છે ?

તેનો ટીકાકાર જવાબ આપે છે –

પાપપ્રતિઘાતપૂર્વક ગુણબીજાધાનસૂત્રાદિ પાંચ સૂત્રો જ પંચસૂત્ર છે.

હવે તે પાંચ સૂત્રોનાં નામો 'तद्यथा' થી બતાવે છે–

તે પાંચ સૂત્રો આ પ્રમાણે છે–

૧. પાપપ્રતિઘાતપૂર્વક ગુણરૂપ બીજના આધાનને બતાવનાર સૂત્ર,
૨. સાધુધર્મની પરિભાવનાને બતાવનાર સૂત્ર,
૩. પ્રવ્રજ્યાના ગ્રહણની વિધિને બતાવનાર સૂત્ર,
૪. પ્રવ્રજ્યાના પરિપાલનને બતાવનાર સૂત્ર અને
૫. પ્રવ્રજ્યાના ફળને બતાવનાર સૂત્ર.

'इति' શબ્દ આ પાંચ સૂત્રના નામની સમાપ્તિ અર્થક છે.

**ટીકા :**

आह-किमर्थमेतेषामुपन्यासः ( किमर्थमेवमेतेषामुपन्यासः ) इति । अत्रोच्यते-एतदर्थस्यैवमेव तत्त्वतो भाव इति ख्यापनार्थम्, न हि प्रायः पापप्रतिघातेन गुणबीजाधानं विना तत्त्वतस्तच्छ्रद्धाभावप्ररोहः, न चासत्यस्मिन् साधुधर्मपरिभावना, न चापरिभावितसाधुधर्मस्य प्रव्रज्याग्रहणविधावधिकारः, न चाप्रतिपन्नस्तां तत्पालनाय यतते, न चापालने एतत्फलमाप्नोतीति प्रवचनसार एष सज्ज्ञान-क्रियायोगात् अन्यथा अनादिमति संसारे यथाकथञ्चिदनेकशः एतत्प्राप्त्यादेः स्यादेतत् सर्वसत्त्वानामेव, न चैतदेवम्, सर्वसत्त्वानां सिद्ध्यभावात् सिद्धिश्च प्रधानं फलं प्रव्रज्यापरिपालनस्य आनुषङ्गिकं तु सुदेवत्वादि । यथाकथञ्चिदनेकश एतत्प्राप्त्यादि च वचनप्रामाण्यात्, सर्वसत्त्वानामेव प्रायो ग्रैवेयकेष्वनन्तश उपपातश्रुतेः, न च साधुक्रियामन्तरेणोपपातः, न च सम्यग्दृष्टेरुपार्द्ध-पुद्गलपरावर्ताभ्यधिको भव इति भावनीयमेतत् । तस्मान्निर्बीजस्यैव क्रियामात्रस्य सा प्राप्तिरिति प्रतिपत्तव्यम् । सबीजायां तु तस्यां न दीर्घदौर्गत्यम् । अत एतदर्थस्यैवमेव तत्त्वतो भाव इति स्थितम् ।

अयं चातिगंभीरो न भवाभिनन्दिभिः क्षौद्र्याद्युपघातात् प्रतिपत्तुमपि शक्यते, आस्तां पुनः कर्त्तुमिति न सर्वेषामेवैतत्प्राप्त्यादि, अतो यथोक्तदोषाभाव इति । अलं विस्तरेण ।

**ટીકાર્થ :**

**आह ............. इति । અહીં કોઈક 'आह' શબ્દથી શંકા કરે છે કે આ પાંચે સૂત્રનો આ પ્રમાણે ઉપન્યાસ કેમ છે ?**

'**इति**' શબ્દ શંકાની સમાપ્તિઅર્થક છે.

★ કોઈક પૂસ્તકમાં '**किमर्थमेतेषामुपन्यासः**' પાઠ છે જે અશુદ્ધ જણાય છે. અને કોઈક પુસ્તકમાં '**किमर्थमेवमेतेषामुपन्यासः**' પાઠ છે જે શુદ્ધ જણાય છે. તેથી તે પાઠ અહીં લીધેલ છે.

**अत्रोच्यते .......... क्रियायोगात् ।**

પૂર્વે શંકા કરી કે–

**પાંચ સૂત્રોનો ઉપન્યાસ આ ક્રમથી જ કેમ કર્યો ? તેનાં જવાબરૂપે કહે છે–**

**આ અર્થનું આ રીતે જ=આ ક્રમથી જ, તત્ત્વથી ભાવ છે એ જણાવવા માટે આ પાંચસૂત્રોનો આ રીતે ઉપન્યાસ છે.**

**"આ અર્થનું આ રીતે જ તત્ત્વથી ભાવ છે" તે હવે યુક્તિથી બતાવે છે–**

**"प्रायः" કરીને પાપના પ્રતિઘાત વડે ગુણના બીજનું આધાન કર્યા વગર તત્ત્વથી ગુણની શ્રદ્ધાના ભાવનો પ્રરોહ થતો નથી જ અને આ નહિ હોતે છતે =ગુણની શ્રદ્ધાના ભાવનો પ્રરોહ નહિ હોતે છતે, સાધુધર્મની પરિભાવના નથી, અને અપરિભાવિત સાધુધર્મવાળાને પ્રવ્રજ્યાગ્રહણની વિધિમાં અધિકાર નથી, અને તેને અપ્રતિપન્ન=પ્રવ્રજ્યાને નહિ સ્વીકારનાર એવો પુરુષ, તેના= પ્રવજ્યાના, પાલન માટે યત્ન કરતો નથી, અને પ્રવ્રજ્યાના અપાલનમાં પ્રવ્રજ્યાનાં ફલને પ્રાપ્ત કરતો નથી.**

**'इति'=એ પ્રમાણે=પૂર્વે પંચસૂત્રના પાંચેય સૂત્રો ક્રમસર બતાવ્યાં એ પ્રમાણે, આ=આ પંચસૂત્રનો ક્રમ, પ્રવચનનો સાર છે; કેમ કે પંચસૂત્રમાં બતાવેલા ક્રમથી જ સમ્યગ્ જ્ઞાન અને સમ્યક્ ક્રિયાનો યોગ થાય છે.**

**★ "પ્રાયઃ"– 'પ્રાયઃ' કહેવાનો આશય એ છે કે મરુદેવામાતા જેવા કેટલાક જીવો જેઓ નિસર્ગથી યોગમાર્ગને પ્રાપ્ત કરે છે, તેઓ દુષ્કૃતગર્હા આદિના**

**પંચસૂત્રમાં બતાવેલા ક્રમથી મોક્ષને પામતા નથી, પરંતુ સીધા સમતાની ભૂમિકાને જ પ્રાપ્ત કરે છે, તેઓની વ્યાવૃત્તિ કરવાની છે. તે સિવાયના જીવો અધિગમથી યોગમાર્ગને પ્રાપ્ત કરે છે અને અધિગમથી પ્રગટ થતો યોગમાર્ગ પંચસૂત્રમાં બતાવેલા ક્રમથી જ પ્રગટ થાય છે. ક્વચિત્ કોઈક જીવને આ ક્રમ અલ્પકાળમાં થઈ જાય છે, તો કોઈક જીવને આ ક્રમ દીર્ઘકાળના સેવનથી પ્રાપ્ત થાય છે, પરંતુ આ ક્રમને છોડીને યોગમાર્ગ પ્રગટ થતો નથી, માટે અહીં 'પ્રાયઃ' નું ગ્રહણ છે.**

**ભાવાર્થ :**

શંકાકારનો આશય એ છે કે આ પાંચ સૂત્રોનો આ ક્રમથી જ કેમ ઉપન્યાસ કર્યો ? અન્ય ક્રમથી કેમ નહિ ? એવી શંકાનું સમાધાન કરતાં ગ્રંથકારે ખુલાસો કર્યો કે, આ પાંચ સૂત્રોમાં બતાવેલા ભાવો પરમાર્થથી જીવમાં આ રીતે જ = આ ક્રમથી જ, પ્રગટ થાય છે, પરન્તુ આ ક્રમને છોડીને પ્રગટ થતા નથી તે બતાવવા માટે જ આ પાંચ સૂત્રોની આ ક્રમથી રચના કરેલ છે.

વળી, આ પાંચ સૂત્રોનો ક્રમ પ્રવચનનો સાર છે અને પ્રવચનનો સાર તેને જ કહેવાય કે જેનાથી સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ક્રિયાનો યોગ થાય. આ પાંચેય સૂત્રોના આ ક્રમનો બોધ કરવાથી જીવને સમ્યગ્ જ્ઞાન પ્રગટે છે અને જો જીવ તે જ્ઞાનથી તે જ પ્રમાણે, અર્થાત્ સૂત્રમાં બતાવેલા ક્રમથી જો તેમાં પ્રવૃત્તિ કરે તો સમ્યગ્ ક્રિયાનો યોગ થાય છે. તેથી આ પંચસૂત્ર નામનો ગ્રંથ સમ્યગ્ જ્ઞાન અને સમ્યક્ ક્રિયાનું કારણ છે જેના બળથી જીવને પરમપદની પ્રાપ્તિ થાય છે.

આ પાંચ સૂત્રોમાં કહેલા ભાવોની આ ક્રમથી જ પ્રાપ્તિ છે તે આ રીતે– પાપના પ્રતિઘાત વડે કરીને જીવ ગુણના બીજનું આધાન ન કરે ત્યાં સુધી જીવમાં ગુણની રુચિના ભાવનો અંકુરો ફૂટતો નથી. આશય એ છે કે જીવ અનાદિકાળથી પાપની પ્રવૃત્તિનો પરિણામ કરે છે. આથી તે પાપના પ્રતિઘાત માટે સૂત્રમાં પ્રથમ દુષ્કૃતગર્હા બતાવવામાં આવેલ છે. સમ્યગ્ ઉપયોગપૂર્વક દુષ્કૃતગર્હા કરવાથી જીવમાં વર્તતી પાપની મનોવૃત્તિનો પ્રતિઘાત થાય છે. પરંતુ પાપની મનોવૃત્તિનો પ્રતિઘાત થવા માત્રથી જીવનું હિત થતું નથી. દોષોથી વિમુખ થયા પછી પણ જીવ માટે ગુણને અભિમુખ થવું આવશ્યક છે. તેથી ગુણના પક્ષપાતરૂપ બીજનું આધાન કરવા માટે સુકૃતઅનુમોદના બતાવી છે અને તે થયા વગર પરમાર્થથી જીવમાં ગુણ પ્રગટ કરવાના અભિલાષરૂપ અંકુરો પ્રગટ થતો નથી.

જીવમાં ગુણ પ્રગટ કરવાનો અભિલાષ પ્રગટ થાય તે પછી જ જીવ તે ગુણ પ્રગટ કરવાને અનુરૂપ ક્રિયા કરે છે. આ ક્રિયા કરવાથી જીવમાં ક્રમસર ગુણની પ્રાપ્તિ થાય છે. તેથી પ્રથમસૂત્ર પાપના પ્રતિઘાતપૂર્વક ગુણબીજાધાન બતાવે છે.

અહીં વિચારકને પ્રશ્ન થાય કે પંચસૂત્રના પ્રથમ સૂત્રમાં સૌપ્રથમ ચતુઃશરણગમન ત્યારપછી દુષ્કૃતગર્હા અને ત્યારબાદ સુકૃત અનુમોદના બતાવી છે, તેથી તે સૂત્રની ભૂમિકારૂપે કથનમાં એમ કહેવું જોઈએ કે "ચતુઃશરણગમન-પૂર્વક પાપપ્રતિઘાત વડે ગુણબીજાધાન વગર તત્ત્વથી ગુણ પ્રગટ કરવાની શ્રદ્ધાનો ભાવ પ્રરોહ થતો નથી." પરંતુ અહીં ચતુઃશરણગમનનો ઉલ્લેખ કર્યા વગર "પાપપ્રતિઘાતથી ગુણના બીજનું આધાન કર્યા વગર તત્ત્વથી ગુણ પ્રગટ કરવાની શ્રદ્ધાના ભાવનો પ્રરોહ થતો નથી", તેમ લખ્યું. તેથી શંકા થાય કે ચતુઃશરણગમનનો ઉલ્લેખ કેમ ન કર્યો ? તેનું સમાધાન આ પ્રમાણે છે–

વાસ્તવિક રીતે જીવને દોષોથી વિમુખ કરીને ગુણને અભિમુખ કરવાથી જ ગુણનો વિકાસ થાય છે. તેથી યોગની ભૂમિકા પ્રગટ કરવા માટે દોષોથી વિમુખ કરવા દુષ્કૃતગર્હા છે, અને ગુણના પક્ષપાત માટે સુકૃત અનુમોદના છે. આમ છતાં દુષ્કૃતગર્હાથી દોષોનો નાશ કરવો અતિદુષ્કર છે, તેથી ચારનું શરણું સ્વીકારીને દુષ્કૃતગર્હા કરવામાં આવે તો પાપનો પ્રતિઘાત થઈ શકે માટે દુષ્કૃતગર્હાના બલના આધાન માટે ચતુઃશરણગમન સૂત્રમાં પ્રથમ લીધેલ છે. જ્યારે યોગની ભૂમિકાની પ્રાપ્તિ માટે દુષ્કૃતથી વિમુખ ભાવ અને ગુણને અભિમુખભાવ કરવાનો છે. તેથી પ્રથમ સૂત્રનું નામ 'પાપપ્રતિઘાત ગુણબીજાધાન' સૂત્ર રાખેલ છે.

જીવને ગુણ પ્રગટ કરવાનો અભિલાષ થાય ત્યારપછી જીવ સમ્યગ્ પ્રયત્ન કરે, તો તે સાધુધર્મનું પરિભાવન કરી શકે અને સાધુધર્મ પરિભાવન કર્યા પછી જ પ્રવ્રજ્યા ગ્રહણ કરવાને યોગ્ય બને છે. અહીં સાધુધર્મનું પરિભાવન એ સાધુધર્મના સેવનરૂપ નથી પણ સાધુધર્મ પ્રગટ કરવા માટે ભૂમિકા તૈયાર કરવાની ક્રિયારૂપ છે. અને તેથી જ બીજા સૂત્ર "સાધુધર્મ પરિભાવનસૂત્ર"માં સાધુધર્મ ખરેખર કેવી રીતે લોકોત્તમ છે અને કઈ રીતે જીવનમાં ઉપકારક છે તે બતાવીને તે પ્રગટ કરવાના યત્નરૂપ શ્રાવક ધર્મના સેવનની ક્રિયા બતાવેલ છે.

આ રીતે સાધુધર્મનું મહત્ત્વ અંકિત કરીને કોઇ જીવ શ્રાવકધર્મ સેવે તો તે અવશ્ય પ્રવ્રજ્યા ગ્રહણ કરવાનો અધિકારી બને છે. આવો પ્રવ્રજ્યાગ્રહણ કરવાનો અધિકારી બનેલ જીવ જ્યારે પ્રવ્રજ્યા ગ્રહણ કરે છે ત્યારે તેને ભાવથી પ્રવ્રજ્યા પ્રગટે છે, અને ભાવથી પ્રવ્રજ્યાના પરિણામવાળો જીવ પ્રવ્રજ્યાનું સમ્યગ્ પાલન કરી શકે છે. પ્રવ્રજ્યાના સમ્યગ્ પાલનથી પ્રવ્રજ્યાના ફલને તે જીવ પ્રાપ્ત કરે છે. આ બતાવવા માટે જ આ ક્રમથી આ ગ્રંથ પંચસૂત્રાત્મકરૂપે રચેલ છે.

વળી આ ગ્રંથ ભણવાથી સમ્યગ્ જ્ઞાન થાય છે, અને તે જ પ્રમાણે આચરણા કરવાથી સમ્યગ્ક્રિયા થાય છે, જેથી ક્રમે કરીને જીવ મોક્ષસુખને પામે છે. તેથી આ ગ્રંથ પ્રવચનના સારરૂપ છે.

**ઉત્થાન :**

પૂર્વમાં સ્થાપન કર્યું કે પંચસૂત્રમાં બતાવાયેલા ક્રમથી જ ભાવો પ્રગટ થાય છે, તે વાતની પુષ્ટિ કરવા માટે કહે છે–

**ટીકાર્થ :**

**अन्यथा ....... सुदेवत्वादि । अन्यथा=આવું ન માનો તો=પંચસૂત્રમાં બતાવાયેલા ક્રમથી જ આ ભાવો થાય છે તેમ ન માનો તો, અનાદિમાન એવા સંસારમાં યથાકથંચિત્=આ ક્રમને છોડીને, અનેક વખત આની પ્રાપ્તિ હોવાથી =પ્રવ્રજ્યાની પ્રાપ્તિ હોવાથી, સર્વજીવોને જ આ પ્રાપ્ત થાય=બધા જીવોને પ્રવ્રજ્યાનું ફલ પ્રાપ્ત થાય, અને આ એમ નથી=બધા જીવોને પ્રવ્રજ્યાનું ફળ પ્રાપ્ત થયું છે એમ નથી, કેમ કે સર્વજીવોને સિદ્ધિનો અભાવ છે.**

અહીં પ્રશ્ન થાય કે પંચસૂત્રમાં બતાવેલા ક્રમ વગર પણ સર્વજીવોને અનેક વખત જેમ પ્રવ્રજ્યા પ્રાપ્ત થઇ છે, તેમ તેઓને પ્રવ્રજ્યાનું ફળ પણ ઉત્કૃષ્ટથી નવમું ગ્રૈવેયક મળેલ છે, તેથી પંચસૂત્રમાં બતાવેલા ક્રમ વગર પણ કોઇક જીવને પ્રવ્રજ્યા પ્રાપ્ત થાય તો તેને પ્રવ્રજ્યાના ફળરૂપ સ્વર્ગની પ્રાપ્તિ થાય છે એમ માનીએ તો શું વાંધો ? એ પ્રકારની શંકા સામે રાખીને કહે છે–

**પ્રવ્રજ્યાપરિપાલનનું પ્રધાન ફળ સિદ્ધિ છે=મોક્ષ છે. વળી, આનુષાંગિક ફલ સુદેવત્વાદિ છે.**

★ '**सुदेवत्वादि**' માં '**आदि**' પદથી '**सुमानुषत्व**' ગ્રહણ કરવાનું છે.

**ભાવાર્થ :**

પૂર્વમાં સ્થાપન કર્યું કે પંચસૂત્રમાં બતાવેલા પાંચ સૂત્રોના ક્રમ પ્રમાણે જ જીવોને ભાવો પ્રગટ થાય છે, અને તેમ ન સ્વીકારીએ તો આ ક્રમને છોડીને અનાદિ એવા સંસારમાં પ્રાયઃ કરીને સર્વ જીવોએ અનેક વખત પ્રવ્રજ્યા પ્રાપ્ત કરેલ છે, અને પ્રવ્રજ્યાને પ્રાપ્ત કર્યા પછી પ્રવ્રજ્યાનું પાલન કરેલ છે, તેથી તેઓને પ્રવ્રજ્યાનું ફલ મોક્ષ પ્રાપ્ત થવું જોઈએ. પરંતુ બધા જીવો મોક્ષમાં ગયા નથી તે જ બતાવે છે કે પ્રવ્રજ્યાનું પાલન કરવા છતાં તેઓને પ્રવ્રજ્યાનું ફળ ન મળ્યું. તેનું કારણ સર્વજીવોએ પંચસૂત્રમાં બતાવેલા ક્રમ પ્રમાણે પ્રવ્રજ્યા પ્રાપ્ત કરેલ નથી.

અહીં કોઈને શંકા થાય કે સર્વજીવોએ અનંતી વખત યથાકથંચિત્ પ્રવ્રજ્યાને પ્રાપ્ત કરી અને તેનું પાલન કર્યું અને તેના ફળરૂપે તેઓ અનંતી વખત નવમા ગ્રૈવેયકમાં ગયા છે. તેથી તેઓને પણ પ્રવ્રજ્યાનું ફળ મળેલ જ છે તેના નિરાકરણ માટે કહે છે–

પ્રવ્રજ્યાપાલનનું પ્રધાન ફળ મોક્ષ છે અને આનુષંગિક ફલ સુદેવત્વાદિ છે.

જે જીવોએ પંચસૂત્રના ક્રમને છોડીને અનંતી વખત પ્રવ્રજ્યા પ્રાપ્ત કરી, તેઓને પ્રવ્રજ્યાનું પ્રધાન ફળ મળ્યું નહિ, તેનું કારણ પંચસૂત્રના ક્રમથી તેઓને પ્રવ્રજ્યા પ્રાપ્ત થઈ નહિ. જો પંચસૂત્રમાં બતાવેલા ક્રમથી સર્વજીવોએ પ્રવ્રજ્યાને પ્રાપ્ત કરી હોત તો તે પ્રવ્રજ્યાના આનુષંગિક ફળરૂપે સુદેવત્વાદિને પ્રાપ્ત કરીને પ્રધાન ફળ મોક્ષને અવશ્ય પામત.

આનાથી નક્કી થાય છે કે પંચસૂત્રના ક્રમને છોડીને પ્રાપ્ત કરેલ પ્રવ્રજ્યાના પાલનનું ફળ મોક્ષ નથી અને સુદેવત્વ અને સુમાનુષત્વ પણ નથી પણ સંસારના પરિભ્રમણના કારણરૂપ એવા કુદેવત્વની જ પ્રાપ્તિ છે.

અહીં પ્રશ્ન થાય કે સર્વજીવોને પંચસૂત્રમાં બતાવેલા ક્રમ વગર અનંતી વખત પ્રવ્રજ્યા પ્રાપ્ત થઈ અને તેનું પાલન કર્યું તેમાં પ્રમાણ શું ? તેથી કહે છે–

**ટીકાર્થ :**

**यथा .......... दौर्गत्यम् । અને ભગવાનના વચનના પ્રામાણ્યથી યથાકથંચિત્ =ક્રમ વિના, અનેક વખત આની=પ્રવ્રજ્યાની, પ્રાપ્તિ આદિ છે, કેમ કે સર્વજીવોનો જ પ્રાયઃ કરીને ગ્રૈવેયકમાં અનંતી વખત ઉપપાત શાસ્ત્રમાં સંભળાય**

**છે, અને સાધુક્રિયા વગર ગ્રૈવેયકમાં ઉપપાત નથી, અને સમ્યગ્દૃષ્ટિ જીવને અર્ધપુદ્ગલપરાવર્તથી અધિક ભવ નથી, એથી કરીને આ ભાવન કરવું જોઈએ =અનંતી વખત સર્વ જીવો નવમા ગ્રૈવેયકમાં ગયા તે પંચસૂત્રમાં બતાવેલા ક્રમથી પ્રવ્રજ્યા પાળીને ગયા નથી પણ યથાકથંચિત્ પ્રવ્રજ્યાને ગ્રહણ કરીને નવમા ગ્રૈવેયકમાં ગયા છે, એ ભાવન કરવું જોઈએ.**

**તે કારણથી=યથાકથંચિત્ પ્રવ્રજ્યાના પાલનથી જ જીવને નવમા ગ્રૈવેયકની પ્રાપ્તિ અનંતી વખત, થઈ તે કારણથી, નિર્બીજ જ=ગુણના પક્ષપાતરૂપ બીજ, વગર જ, ક્રિયામાત્રની તે પ્રાપ્તિ છે=પ્રવ્રજ્યાની પ્રાપ્તિ છે, એ પ્રમાણે સ્વીકારવું જોઈએ. વળી સબીજ એવી પ્રવ્રજ્યામાં દીર્ઘદૌર્ગત્ય નથી=દીર્ઘસંસાર નથી.**

**ઉત્થાન :**

પૂર્વમાં પૂર્વપક્ષીએ એવી શંકા કરી કે આ પંચસૂત્રનો આ રીતે જ કેમ ઉપન્યાસ કર્યો ? તેનો જવાબ "**अत्रोच्यते ........ ख्यापनार्थम्**" થી આપતાં ગ્રંથકારે કહ્યું કે આ પંચસૂત્રના અર્થોનો આ રીતે તત્ત્વથી ભાવ છે એ ખ્યાપન કરવા માટે પંચસૂત્રનો આ રીતે ઉપન્યાસ કર્યો છે. ત્યારપછી "**न हि प्रायः ...... दीर्घदौर्गत्यम्**" સુધી આ પંચસૂત્રના પદાર્થોનો આ રીતે જ તત્ત્વથી ભાવ કેમ છે ? તે વાત યુક્તિથી બતાવી. હવે તેનું નિગમન "**अत एतदर्थस्यैवमेव ...**" થી કરતાં કહે છે—

**ટીકાર્થ :**

**अत ........ स्थितम् । अत=આથી કરીને આ અર્થનું=પંચસૂત્રમાં બતાવેલા પદાર્થનું, આ રીતે જ=પંચસૂત્રમાં જે ક્રમ બતાવ્યો છે એ રીતે જ, તત્ત્વથી= પરમાર્થથી, ભાવ છે એ પ્રકારે સ્થિત છે.**

**ભાવાર્થ :**

સર્વજીવોએ અનેક વખત પંચસૂત્રમાં બતાવેલા ક્રમ વગર પ્રવ્રજ્યાને પ્રાપ્ત કરી અને તેનું પાલન કર્યું તેનું પ્રમાણ શું ? તેથી ગ્રંથકાર કહે છે—

સર્વજીવોનો પ્રાયે કરીને અનંતી વખત ગ્રૈવેયકમાં ઉપપાત થયો છે તે વાત શાસ્ત્રસંમત છે, અને ગ્રૈવેયકમાં ઉપપાત સાધુ સિવાય કોઈનો થતો નથી. વળી

શાસ્ત્રમાં સમ્યગ્દષ્ટિ જીવ અર્ધપુદ્ગલપરાવર્તમાં અવશ્ય મોક્ષમાં જાય છે એમ કહ્યું છે. તેથી સમ્યગ્દષ્ટિને અનંતી વખત ગ્રૈવેયકમાં ઉપપાત સંભવે નહિ. માટે જે જીવો અનંતી વખત ગ્રૈવેયકમાં ગયા છે તે સર્વજીવો યથાકથંચિત્ સાધુક્રિયાના પાલનથી જ ગયા છે, પણ પંચસૂત્રમાં બતાવેલા ક્રમના પાલનથી નહિ, તે વસ્તુનું ભાવન કરવું જોઈએ.

આ કથનથી એ ફલિત થાય કે પંચસૂત્રમાં બતાવેલા ક્રમને છોડીને પ્રાપ્ત કરેલી પ્રવ્રજ્યા, અને તે પ્રવ્રજ્યાનું પાલન નિર્બીજ જ=ગુણના પક્ષપાત વગર જ, માત્ર ક્રિયારૂપ છે. આથી મિથ્યાદષ્ટિની તે પ્રવ્રજ્યા છે.

જે પ્રવ્રજ્યાનું પાલન જીવને નિર્લેપભાવનું કારણ બને છે, તે પ્રવ્રજ્યા જ સબીજ છે અને તેવી પ્રવ્રજ્યા માટે પ્રથમ પાપના પ્રતિઘાતપૂર્વક ગુણનું બીજાધાન આવશ્યક છે અને ગુણનો તીવ્ર પક્ષપાત થાય ત્યારે સમ્યક્ત્વ પ્રગટે છે અને ત્યારપછી સાધુધર્મનું પરિભાવન કરવાથી પ્રવ્રજ્યાની યોગ્યતા પ્રગટે છે ત્યારપછી ગ્રહણ કરાયેલ પ્રવ્રજ્યા સબીજ થાય છે. અને જે જીવોએ આ ક્રમને છોડીને પ્રવ્રજ્યા ગ્રહણ કરેલ તેઓને પ્રવ્રજ્યાના ફળરૂપે દેવદુર્ગતત્વરૂપ નવમા ગ્રૈવેયકની પ્રાપ્તિ થઈ, પણ તેમના સંસારના પરિભ્રમણનો ઉચ્છેદ થયો નહિ.

આથી કરીને આ અર્થનો=પંચસૂત્રમાં કહેલા ક્રમનો, આ રીતે જ પરમાર્થથી સદ્ભાવ છે, એ પ્રકારે પદાર્થ અવસ્થિત છે.

**ઉત્થાન :**

પૂર્વમાં સ્થાપન કર્યું કે પંચસૂત્રમાં બતાવેલા ક્રમથી જ પ્રવ્રજ્યાની પ્રાપ્તિ થાય તો જ પ્રવ્રજ્યાનું ફળ મળે છે, તે સિવાય પ્રવ્રજ્યાની પ્રાપ્તિ થવા છતાં પણ પ્રવ્રજ્યાનું ફળ પ્રાપ્ત થતું નથી.

હવે પંચસૂત્રનો બતાવેલ આ ક્રમ કયા જીવને પ્રાપ્ત થઈ શકે અને કયા જીવને પ્રાપ્ત ન થઈ શકે તે બતાવીને, સર્વજીવોને આ પંચસૂત્રનો ક્રમ કેમ પ્રાપ્ત થયો નહિ ? તે બતાવવા અર્થે કહે છે–

**અથવા**

**ઉત્થાન :**

પૂર્વમાં કહ્યું કે અનાદિ સંસારમાં "**यथाकथञ्चिद्**" આ પ્રવ્રજ્યા સર્વજીવોને

અનેક વખત પ્રાપ્ત થયેલ છે, પરંતુ પંચસૂત્રમાં બતાવેલા ક્રમથી સર્વજીવોને આ પ્રવ્રજ્યા પ્રાપ્ત થયેલ નથી. ત્યાં પ્રશ્ન થાય કે શાસ્ત્રવચનથી જ સર્વજીવો પ્રવ્રજ્યામાં પ્રવૃત્તિ કરે છે તો શાસ્ત્રવચનનો આ ક્રમ તેઓને કેમ પ્રાપ્ત થયો નહિ? જેના કારણે તેઓ પ્રવ્રજ્યાના ફળને પ્રાપ્ત કરી શક્યા નહિ ? તેના સમાધાનરૂપે કહે છે.

**ટીકાર્થ :**

**अयं ....... अलं विस्तरेण । અને ક્ષુદ્રતા આદિ દોષોથી તત્ત્વની રુચિનો ઉપઘાત થતો હોવાના કારણે ભવાભિનંદી જીવો વડે અતિગંભીર એવો આ= પંચસૂત્રનો, ક્રમ સ્વીકારવો પણ શક્ય નથી, તો વળી આ ક્રમથી તેમાં યત્ન કરવો તો દૂર રહ્યો. એથી કરીને સર્વજીવોને જ આની=પંચસૂત્રમાં બતાવેલા ક્રમની પ્રાપ્તિ આદિ નથી. આથી કરીને "યથોક્તદોષનો અભાવ" છે. વિસ્તારથી સર્યું.**

★ "**सर्वेषामेवैतत्प्राप्त्यादि**" માં "**आदि**" પદથી પંચસૂત્રમાં બતાવેલ ક્રમ પ્રમાણેનું સેવન ગ્રહણ કરવાનું છે.

અહીં "**यथोक्तदोषाभावः**" થી એ કહેવું છે કે સર્વજીવોએ અનંતીવાર પ્રવ્રજ્યા ગ્રહણ કરી અને સાધુક્રિયાનું પાલન પણ કર્યું, તો પણ હજી બધા જીવોને મોક્ષની પ્રાપ્તિ થઇ નહિ, આ વિધાનમાં કોઇ દોષ નથી કેમ કે પંચસૂત્રમાં બતાવેલ ક્રમથી સર્વજીવોને પ્રવ્રજ્યાની પ્રાપ્તિ આદિ નથી.

★ અહીં યથોક્તદોષ અભાવ પછી "**इति**" શબ્દ છે તે કથનની સમાપ્તિ અર્થે છે.

★ અહીં "**अलं विस्तरेण**" થી એ કહેવું છે કે, હજુ આનો વિસ્તાર છે તે સ્વયં સમજી લેવું. અહીં ગ્રંથકાર ગ્રંથના વિસ્તારના ભયથી અધિક કહેતા નથી.

**ભાવાર્થ :**

સંસારના કારણભૂત એવા પૌદ્‌ગલિકભાવો પ્રત્યે ભવાભિનંદી જીવો અતિઆકર્ષણવાળા હોય છે, તેથી તેઓને ક્ષુદ્ર સ્વભાવવાળા કહેવાય છે. ક્ષુદ્રતા આદિ દોષોને કારણે જ ભવાભિનંદી જીવોને પંચસૂત્રમાં બતાવેલો ગંભીર એવો આ ક્રમ રુચતો નથી, તેથી આ ક્રમથી જ તેઓ પ્રવ્રજ્યામાં પ્રયત્ન કરતા નથી. ફક્ત કોઇક ભવમાં તીર્થંકર આદિના દર્શનથી કે તીર્થંકર પાસે આવતા દેવોની

સમૃદ્ધિ પ્રત્યે આકર્ષણ થવાથી, તે સમૃદ્ધિપ્રાપ્તિના અભિલાષથી સંયમ ગ્રહણ કરે છે અને બાહ્ય રીતે સંયમ સારું પાળે છે. આમ છતાં પાપ પ્રત્યે જુગુપ્સા અને ગુણ પ્રત્યે પક્ષપાત તેમને થતો નથી; કેમ કે સંસારના ભૌતિક પદાર્થો પરત્વે જેને અતિઆકર્ષણ હોય તેને પાપની જુગુપ્સા થઇ શકે નહિ.

જે જીવોનું દર્શનમોહનીય કર્મ કાંઇક મંદ થયું છે તે જીવોને જન્મજરામય આ સંસાર અસાર દેખાય છે, અને તેથી સંસારના કારણભૂત પાપો પ્રત્યે તેમને જુગુપ્સા થાય છે અને ગુણોનો પક્ષપાત થાય છે. એવા જીવો જ પંચસૂત્રને ભણીને તેમાં બતાવેલા ભાવો પ્રત્યે રુચિવાળા થાય છે અને ક્રમે કરીને તેનો સ્વીકાર પણ કરે છે. જ્યારે સંસારમાં મોટાભાગના જીવો ભવાભિનંદી હોય છે, અને તેવા જીવોને પંચસૂત્રમાં બતાવેલા ક્રમથી પ્રવ્રજ્યાની પ્રાપ્તિ આદિ થતાં નથી, તેથી તે જીવો પ્રવ્રજ્યાને પાળીને પણ મોક્ષમાં ગયા નથી, તેમાં પ્રવ્રજ્યાનો કોઇ દોષ નથી એમ **"यथोक्तदोषाभावः"** થી કહેવું છે.

પૂર્વમાં કહ્યું કે અનાદિ સંસારમાં જીવે અનંતી વખત પ્રવ્રજ્યા પ્રાપ્ત કરી, તો પ્રવ્રજ્યાનું ફળ તેમને અવશ્ય મળવું જોઇએ એમ અર્થથી પ્રાપ્ત થાય. અને પૂર્વમાં એ પણ કહ્યું કે, પ્રવ્રજ્યાનું ફળ સિદ્ધિ સર્વજીવોને પ્રાપ્ત થઇ નથી. એથી એ દોષ પ્રાપ્ત થયો કે ભગવાને કહેલી પ્રવ્રજ્યા, સર્વજીવોએ અનંતીવાર પ્રાપ્ત કરી તો પણ પ્રવ્રજ્યાના ફળને પામ્યા નહિ, અને તેમ સ્વીકારીએ તો પ્રવ્રજ્યા મોક્ષફળવાળી છે તેમ માની શકાય નહિ, આ પ્રકારનો દોષ અહીં પ્રાપ્ત થતો નથી. કેમ કે બધા જીવોને પંચસૂત્રમાં કહેવાયેલા ક્રમથી પ્રવ્રજ્યાની પ્રાપ્તિ આદિ નથી.

પંચસૂત્રમાં બતાવેલો આ ક્રમ અતિગંભીર છે એમ કહેવાથી એ કહેવું છે કે, જે જીવોનો ભાવમલ કંઇક અલ્પ થયો હોય એવા જીવો પંચસૂત્રના આ ક્રમને પરમાર્થથી સમજી શકે છે, પણ જે જીવોનો ભાવમલ ઘણો છે એવા ભવાભિનંદી જીવો શાસ્ત્રો ભણે તો પણ આવા યોગગ્રંથના પરમાર્થને સમજી શકે નહિ. તેથી તેવા જીવોને પરમાર્થ પ્રાપ્ત થાય તેમ નથી, તે અપેક્ષાએ આ ગ્રંથ અતિ ગંભીર છે એમ કહેલ છે.

**અવતરણિકા :**

**इह चेदमादिसूत्रम् —**

**અવતરણિકાર્થ :**

અને અહીં=પંચસૂત્ર નામના ગ્રંથમાં, આ=આગળમાં કહેવાશે તે, પ્રથમ સૂત્ર છે.

**સૂત્ર :**

णमो वीतरागाणं सव्वण्णूणं देविंदपूइयाणं जहट्ठियवत्थुवाईणं तेलोक्कगुरूणं अरुहंताणं भगवंताणं जे एवमाइक्खंति-इह खलु अणाइजीवे, अणादिजीवस्स भवे अणादिकम्मसंजोगणिव्वत्तिए, दुक्खरूवे, दुक्खफले, दुक्खाणुबंघे।

**સૂત્રાર્થ :**

**વીતરાગ, સર્વજ્ઞ, દેવેન્દ્રોથી પૂજિત, યથાસ્થિત વસ્તુને કહેનારા, ત્રણ લોકના ગુરુ, અરિહંત ભગવંતોને નમસ્કાર કરું છું. જેઓ આ પ્રમાણે કહે છે–**

**અહીં=લોકમાં ખરેખર જીવ અનાદિ છે, જીવનો ભવ અનાદિ છે અને તે ભવ અનાદિ કર્મના સંયોગથી નિષ્પન્ન છે, દુઃખરૂપ છે, દુઃખ ફલવાળો છે, અને દુઃખાનુબંધવાળો છે.**

**ટીકા :**

णमो वीतरागाणमित्यादि । नमो वीतरागेभ्यः। तत्र रज्यतेऽनेनेति रागः, रागवेदनीयं कर्म, आत्मनः क्वचिदभिष्वङ्गपरिणामापादनात्। रञ्जनं वा रागः, रागवेदनीयकर्मापादितो भावोऽभिष्वङ्गपरिणाम एव । वीतोऽपेतो रागो येषां ते वीतरागाः, तेभ्यो नमः । एतच्च वीतद्वेष-मोहोपलक्षणम्, वीतद्वेषेभ्यो वीतमोहेभ्यः। तत्र द्विष्यतेऽनेनेति द्वेषः, द्वेषवेदनीयं कर्म, आत्मनः क्वचिदप्रीतिपरिणामापादनात्। द्वेषणं वा द्वेषः, द्वेषवेदनीयकर्मापादितो भावोऽप्रीतिपरिणाम एव । एवं मुह्यतेऽनेनेति मोहः, मोहवेदनीयं कर्म, आत्मनः क्वचिदज्ञानपरिणामापादनात् । मोहनं वा मोहः, मोहवेदनीयकर्मापादितो भावोऽज्ञानपरिणाम एव । एतदुपलक्षणं 'वीतराग' ग्रहणम् तथा चाह-सव्वण्णूणं, सर्वज्ञेभ्यः, न ह्यवीतरागा इव अवीतद्वेषादयः सर्वज्ञा भवन्ति । सर्वं जानन्तीति सर्वज्ञाः, तेभ्यो नमः ।

**ટીકાર્થ અને ભાવાર્થ :**

'**णमो वीतरागाण मित्यादि**' એ સૂત્રનું પ્રતિક છે.

**વીતરાગને નમસ્કાર કરું છું.** ત્યાં=વીતરાગ શબ્દમાં, રાગ શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે. એમાં પ્રથમ કરણાર્થક વ્યુત્પત્તિથી 'રાગ' શબ્દનો અર્થ કરે છે– જેના વડે જીવ રંજિત થાય તે રાગ. આ વ્યુત્પત્તિથી બાહ્ય પદાર્થ પણ રાગનું કારણ છે. તેથી રાગ શબ્દથી બાહ્ય પદાર્થની પ્રાપ્તિ થાય, પણ તેનું અહીં ગ્રહણ કરવું નથી. તેથી કહે છે– રાગ એટલે રાગવેદનીય કર્મ. તેમાં હેતુ કહે છે– આત્માને કોઈક પદાર્થમાં અભિષ્વંગ પરિણામનું=લાગણીના પરિણામનું આપાદન કરે છે. તેથી રાગવેદનીય કર્મને રાગ કહેલ છે. અહીં રાગવેદનીય કર્મ કહેવાથી એ કહેવું છે, કે જીવને લાગણીના પરિણામનું આપાદક કર્મ તે રાગ છે. અહીં વેદનીયમાં '**अनीय**' પ્રત્યય કર્તૃઅર્થક છે, તેથી રાગના વેદનને કરાવનાર કર્મનું ગ્રહણ થાય છે.

હવે 'રાગ' શબ્દની ભાવ અર્થમાં વ્યુત્પત્તિ બતાવે છે.

**આત્માને રંજન કરે તે રાગ. તેનું તાત્પર્ય બતાવે છે કે રાગવેદનીય કર્મથી આપાદિત જીવનો ભાવ, જે અભિષ્વંગ પરિણામરૂપ જ રાગ છે.**

હવે '**वीतराग**' શબ્દનો અર્થ કરે છે. **ચાલ્યો ગયો છે રાગ જેને તે વીતરાગ, તેઓને નમસ્કાર કરું છું. અને આ વીતરાગ શબ્દ વીતદ્વેષ અને વીતમોહનું ઉપલક્ષણ છે. તેથી એ પ્રાપ્ત થાય છે કે જેમના રાગ, દ્વેષ અને મોહ ત્રણેય ચાલ્યા ગયા છે તે વીતરાગ.**

અહીં રાગથી લાગણીનો પરિણામ, દ્વેષથી અરૂચિનો પરિણામ અને મોહથી મિથ્યાત્વ મોહનીયનો પરિણામ ગ્રહણ કરવાનો છે. આ ત્રણે પરિણામોનો અભાવ ૧૨મા ગુણસ્થાનકમાં રહેલા મહાત્માઓને હોય છે. જો કે ૧૧મા ગુણસ્થાનકમાં જીવના પરિણામરૂપ આ ત્રણે ભાવો છે, તો પણ રાગવેદનીય આદિ કર્મ સત્તામાં છે, તેથી ૧૧મા ગુણસ્થાનકવાળા 'વીતરાગ' શબ્દથી ગ્રહણ થાય નહિ કેમ કે કરણાર્થક વ્યુત્પત્તિ કરીને રાગનો અર્થ રાગવેદનીય કર્મ પણ ગ્રહણ કરેલ છે, અને ૧૧મા ગુણસ્થાનકમાં રાગ-દ્વેષ-મોહની સત્તા છે, તેથી કરણાર્થક વ્યુત્પત્તિથી રાગ, દ્વેષ અને મોહનો અર્થ કરીએ તો તેઓ વીતરાગ નથી એ અર્થ પ્રાપ્ત થાય

અને '**रञ्जनं रागः**' એ વ્યુત્પત્તિ કરીએ તો જીવના પરિણામરૂપ રાગનું ગ્રહણ થાય અને તે વ્યુત્પત્તિથી ૧૧મા ગુણસ્થાનકવાળા રાગ, દ્વેષ અને મોહના પરિણામ વગરના હોવાથી વીતરાગ છે, તેમ પ્રાપ્ત થાય.

હવે '**द्वेष**' નો અર્થ કરે છે. **જેના વડે જીવને દ્વેષ પેદા થાય તે 'द्वेष' એટલે દ્વેષવેદનીયકર્મ.** દ્વેષવેદનીયકર્મને દ્વેષ કેમ કહે છે ? તેથી કહે છે કે **આત્માને કોઈ સ્થાનમાં અપ્રીતિ પરિણામનું આપાદન કરનાર હોવાથી દ્વેષવેદનીયકર્મ એ દ્વેષ છે.**

હવે દ્વેષ શબ્દની ભાવ અર્થમાં વ્યુત્પત્તિ બતાવે છે. '**द्वेषणं द्वेषः।**' તેનું તાત્પર્ય બતાવે છે કે **દ્વેષવેદનીયકર્મથી આપાદિત જીવનો ભાવ જે અપ્રીતિ પરિણામરૂપ જ છે તે દ્વેષ છે.**

હવે '**मोह**' શબ્દનો અર્થ કરે છે. જેના વડે જીવ મોહ પામે તે મોહ એટલે મોહવેદનીયકર્મ. **આત્માને કોઈક ઠેકાણે અજ્ઞાન પરિણામો આપાદાન કરનાર હોવાથી મોહવેદનીયકર્મ તે મોહ છે.** અહીં મોહવેદનીયકર્મથી મિથ્યાત્વ-મોહનીયકર્મ ગ્રહણ કરવાનું છે.

હવે મોહ શબ્દની ભાવના અર્થમાં વ્યુત્પત્તિ કરે છે. '**मोहनं मोहः।**' **મોહવેદનીયકર્મથી આપાદિત જીવનો ભાવ જે અજ્ઞાન પરિણામરૂપ જ છે તે મોહ છે.**

અહીં અજ્ઞાન પરિણામથી જ્ઞાનાભાવ ગ્રહણ કરવાનો નથી, કેમ કે જ્ઞાનાભાવ તો ૧૨મા ગુણસ્થાનક સુધી યત્કિંચિત બધાને હોય છે પરંતુ કુત્સિત જ્ઞાન ગ્રહણ કરવાનું છે. તેથી મિથ્યાત્વના ઉદયથી થયેલું વિપરીત જ્ઞાન તે અજ્ઞાન છે, અને તે જ મોહ છે.

**આનું** ઉપલક્ષણ **એટલે વીતદ્વેષ અને વીતમોહનું** ઉપલક્ષણ, **'વીતરાગ'** ગ્રહણ **છે=મૂળસૂત્રમાં વીતરાગ શબ્દનું** ગ્રહણ **વીતદ્વેષ અને વીતમોહનું** ઉપલક્ષણ **છે.**

**અને તે રીતે કહે છે=વીતરાગ** ગ્રહણથી **વીતદ્વેષ અને વીતમોહનું** પણ ગ્રહણ **થાય છે તે રીતે કહે છે; સર્વજ્ઞને હું નમસ્કાર કરું છું.**

અહીં પ્રશ્ન થાય કે સર્વજ્ઞને નમસ્કાર કરું છું તેમ કહેવાથી '**वीतराग**'**ग्रहणम** વીતદ્વેષ અને વીતમોહનું ઉપલક્ષણ કઈ રીતે પ્રાપ્ત થાય ? તેથી કહે છે—

**અવીતરાગની જેમ અવીતદ્વેષ આદિવાળા સર્વજ્ઞ થતા નથી જ.** આનાથી એ પ્રાપ્ત થાય કે મૂળસૂત્રમાં 'વીતરાગ' પછી 'સર્વજ્ઞ' કહ્યું, તેથી જ એ નક્કી થાય છે કે વીતરાગ એ વીતદ્વેષ અને વીતમોહનું ઉપલક્ષણ છે.

★ **'न हि'** એ **"नैव"** ના અર્થમાં છે.

હવે 'સર્વજ્ઞ' શબ્દનો વ્યુત્પત્તિ અર્થ કરે છે. **સર્વને જે જાણે તે સર્વજ્ઞ. તેઓને હું નમસ્કાર કરું છું.** આટલા કથનથી એ પ્રાપ્ત થયું કે, સંપૂર્ણ વસ્તુને જાણનારા, રાગ-દ્વેષ અને મોહથી રહિત એવા સર્વજ્ઞને હું નમસ્કાર કરું છું.

**ટીકા :**

**आह-ये वीतरागास्ते सर्वज्ञा एवेति गतार्थं विशेषणम्, न, छद्मस्थवीतरागाणामसर्वज्ञत्वात् । यद्येवं 'सर्वज्ञेभ्यः' इत्येतावदेवास्तु, अलं 'वीतराग' ग्रहणेन, न, अवीतरागाणामपि सकलशास्त्रविदामुपचारेण सर्वज्ञव्यवहारसिद्धेस्तद्व्यवच्छेदार्थं 'वीतराग' ग्रहणमिति।**

**ટીકાર્થ :**

**અહીં કોઈ શંકા કરે છે કે જે વીતરાગ છે તે સર્વજ્ઞ જ છે, એથી કરીને સર્વજ્ઞ વિશેષણ ગતાર્થ છે=કહેવાની જરૂર નથી, તેને ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું. કેમ કે છદ્મસ્થ વીતરાગનું અસર્વજ્ઞપણું છે.**

**અહીં પૂર્વપક્ષી કહે છે કે જો આમ છે=છદ્મસ્થ વીતરાગ અસર્વજ્ઞ છે, તો સર્વજ્ઞને નમસ્કાર કરું છું એટલું જ કહેવું જોઈએ, 'વીતરાગ' ગ્રહણથી સર્યું. તેને ગ્રંથકાર કહે છે કે તેમ ન કહેવું. સકલશાસ્ત્રને જાણનારા એવા અવીતરાગને પણ ઉપચારથી સર્વજ્ઞના વ્યવહારની સિદ્ધિ હોવાથી તેના વ્યવચ્છેદ માટે**=સર્વ શાસ્ત્રોના જાણનાર એવા 'સર્વજ્ઞ' ના વ્યવચ્છેદ માટે, **સૂત્રમાં 'વીતરાગ' નું ગ્રહણ છે.**

**'इति'** શબ્દ કથનની સમાપ્તિ માટે છે.

**ભાવાર્થ :**

સૂત્રના પ્રારંભમાં **"णमो वीतरागाणं सव्वण्णूणं"** એમ કહ્યું,ત્યાં કોઈ શંકા કરે છે કે વીતરાગ તે સર્વજ્ઞ જ હોય.

અહીં શંકાકારને એ ઉપસ્થિત નથી કે ૧૨મા ગુણસ્થાનકમાં જીવ સર્વજ્ઞ નથી છતાં વીતરાગ હોય છે. તેથી તે શંકા કરે છે જે વીતરાગ હોય તે સર્વજ્ઞ જ હોય, તેથી માને છે કે સર્વજ્ઞ વિશેષણ આપવાની જરૂર નથી.

તેનો ગ્રંથકારે ખુલાસો કર્યો કે, ૧૨મા ગુણસ્થાનકમાં રહેલા છદ્મસ્થ વીતરાગ અસર્વજ્ઞ છે તેથી તેમની વ્યાવૃત્તિ કરવા માટે સૂત્રમાં 'સર્વજ્ઞ' વિશેષણ ગ્રહણ કરેલ છે.

અહીં પૂર્વપક્ષી કહે છે કે, તો પછી "**णमो वीतरागाणं**" ગ્રહણ ન કરતાં "**णमो सव्वण्णूणं**" જ ગ્રહણ કરવું જોઇએ, જેથી વીતરાગ વિશેષણ ન આપવા છતાં અર્થથી તેની પ્રાપ્તિ થઇ જશે; કેમ કે સર્વજ્ઞ હંમેશાં વીતરાગ જ હોય છે. આ પ્રકારની પૂર્વપક્ષીની શંકા નિશ્ચયનયથી સાચી છે, પરંતુ ઉપચરિત વ્યવહારનયથી સર્વશાસ્ત્રોના જાણકારને પણ 'સર્વજ્ઞ' કહેવાય છે, તેથી '**णमो सव्वण्णूणं**' એમ કહેવાથી કોઇને ભ્રમ થાય કે સર્વશાસ્ત્રોના જાણકારને અહીં નમસ્કાર કરેલ છે. પરંતુ સર્વશાસ્ત્રોના જાણનારા કંઇ વીતરાગ હોતા નથી, તેથી તેના નિવારણ માટે 'વીતરાગ' વિશેષણ ગ્રહણ કરેલ છે.

**ટીકા :**

**एतद्विशेषणायैवाह-देविंदपूजिताणं, देवेन्द्रपूजितेभ्यः।देवेन्द्राः शक्रादयः, तैः पूजिताः समभ्यर्चिताः, तेभ्यो नमः।**

**ટીકાર્થ/ભાવાર્થ :**

**આને=પૂર્વમાં વીતરાગ સર્વજ્ઞને નમસ્કાર કરું છું એમ કહ્યું એને, વિશેષણથી વિશેષિત કરવા માટે કહે છે, દેવેન્દ્રથી પૂજિતને નમસ્કાર કરું છું.**

**દેવેન્દ્રથી પૂજિતનો અર્થ કરે છે. અહીં દેવેન્દ્રથી શક્રાદિ ગ્રહણ કરવાના છે અને તેનાથી પૂજાયેલા ભગવાનને હું નમસ્કાર કરું છું.**

**વીતરાગ, સર્વજ્ઞ અને દેવેન્દ્રથી પૂજિત એવા ભગવાનને નમસ્કાર કરું છું. એમ કહેવાથી કેવળજ્ઞાન પછીની અવસ્થાવાળા એવા જ તીર્થંકરો પ્રાપ્ત થાય છે.**

**ટીકા :**

आह-ये वीतरागाः सर्वज्ञाश्च ते देवेन्द्रपूजिता एवेति नार्थोऽनेन विशेषणेन, न, मुण्डकेवलिप्रभृतीनां केषाञ्चित् तत्पूजितत्वानुपपत्तेः। यद्येवं देवेन्द्रपूजितेभ्य इत्येतदेवास्तु, अलं वीतरागादिग्रहणेन, न, अवीतरागादीनामपि गणधरादीनां देवेन्द्रपूजितत्वसिद्धेस्तद्व्यवच्छेदार्थं वीतरागादिग्रहणमिति ।

**ટીકાર્થ :**

અહીં કોઈ શંકા કરે છે– જે વીતરાગ, સર્વજ્ઞ છે તે દેવેન્દ્રથી પૂજિત જ છે, એથી કરીને આ વિશેષણથી=દેવેન્દ્રથી પૂજિત વિશેષણથી અર્થ નથી; અર્થાત્ કોઈ પ્રયોજન નથી.

તેને ગ્રંથકાર કહે છે કે તેમ ન કહેવું, કેમ કે મુંડકેવલી વગેરે કેટલાક વીતરાગ અને સર્વજ્ઞ હોવા છતાં દેવેન્દ્રથી પૂજિત નથી. તેથી જો દેવેન્દ્રથી પૂજિત વિશેષણ આપવામાં ન આવે તો મુંડકેવલી ગ્રહણ થાય, અને તેના વ્યાવર્તન માટે દેવેન્દ્રથી પૂજિત વિશેષણ છે.

અને જો આમ છે=મુંડકેવલીના વ્યાવર્તન માટે દેવેન્દ્રથી પૂજિત વિશેષણ આવશ્યક છે, તો એટલું જ હો=દેવેન્દ્રથી પૂજિત એટલું જ કથન કરવું જોઈએ, વીતરાગ આદિ વિશેષણથી સર્યું. અર્થાત્ **"णमो देविंदपूइयाणं"** એટલું જ હો, પરંતુ વીતરાગ અને સર્વજ્ઞ વિશેષણ મૂકવાની જરૂર નથી. કેમ કે દેવેન્દ્રથી પૂજિત કહેવાથી જ વીતરાગ, સર્વજ્ઞ એવા તીર્થંકરનું ગ્રહણ થશે.

તેને ગ્રંથકાર કહે છે એમ ન કહેવું. અવીતરાગાદિ એવા ગણધરઆદિ પણ દેવેન્દ્રથી પૂજિત હોવાથી તેના વ્યવચ્છેદ માટે 'વીતરાગ' આદિ ગ્રહણ કરેલ છે.

'**इति**' શબ્દ શંકા અને સમાધાનની સમાપ્તિ માટે છે.

★ '**अवीतरागादीनामपि**' માં '**आदि**' થી અસર્વજ્ઞને ગ્રહણ કરવાના છે અને 'अपि' થી એ કહેવું છે કે તીર્થંકરો તો દેવેન્દ્રોથી પૂજિત છે પણ ગણધરો પણ દેવેન્દ્રથી પૂજિત છે.

**ભાવાર્થ :**

વીતરાગ, સર્વજ્ઞ કહ્યા પછી દેવેન્દ્રપૂજિત વિશેષણ આપવાથી મુંડકેવલીને નમસ્કાર પ્રાપ્ત થતો નથી, અને વીતરાગ, સર્વજ્ઞ કહેવાથી દેવેન્દ્રથી પૂજિત એવા ગણધરને પણ નમસ્કાર પ્રાપ્ત થતો નથી પરંતુ દેવેન્દ્રથી પૂજિત એવા તીર્થંકરને જ નમસ્કાર થાય છે. જોકે મુંડકેવલી અને ગણધરો પણ નમસ્કારને યોગ્ય છે તો પણ તેઓને નમસ્કાર કરવાનું અહીં પ્રયોજન નથી. તીર્થંકરોને જ નમસ્કાર કરવો છે, માટે વીતરાગ, સર્વજ્ઞ અને દેવેન્દ્રથી પૂજિત એ ત્રણ વિશેષણો અહીં મૂક્યાં છે.

**ટીકા :**

**एतद्विशेषणायैवाह-जहट्ठितवत्थुवादीणं, यथास्थितवस्तुवादिभ्यः। यथास्थितमभिलाप्यानभिलाप्यत्वादिना प्रकारेण स्थितं वस्तु वदितुं शीलाः यथास्थितवस्तुवादिनः, तेभ्यो नमः।**

**ટીકાર્થ :**

**આને=પૂર્વમાં વીતરાગ સર્વજ્ઞ દેવેન્દ્રથી પૂજિતને નમસ્કાર કરું છું એમ કહ્યું એને, વિશેષણથી વિશેષિત કરવા માટે જ કહે છે– "યથાસ્થિતવસ્તુવાદી" ને નમસ્કાર કરું છું.**

**યથાસ્થિતવસ્તુવાદીનો અર્થ કરે છે યથાસ્થિત વસ્તુને=અભિલાપ્ય અનભિલાપ્યત્વાદિ પ્રકારથી રહેલ વસ્તુને, કહેવાના સ્વભાવવાળા જે છે તે 'યથાસ્થિતવસ્તુવાદી', તેઓને હું નમસ્કાર કરું છું.**

★ અહીં '**अभिलाप्यानभिलाप्यत्वादि**' માં '**आदि**' પદથી હેય-ઉપાદેય ભાવોનું ગ્રહણ કરવાનું છે.

**ભાવાર્થ :**

જગતમાં રહેલા ભાવો કેટલાક અભિલાપ્ય અને કેટલાક અનભિલાપ્ય છે, તે સર્વ પ્રકારે ભગવાન કેવલજ્ઞાનથી જાણે છે, અને તે જ પ્રકારે કહેવાના સ્વભાવવાળા છે, તેથી ભગવાન "**यथास्थितवस्तुवादी**" છે.

અહીં અભિલાપ્ય અને અનભિલાપ્યપદમાં 'આદિ' પદથી હેય-ઉપાદેય ભાવોનું ગ્રહણ કરેલ છે. આ વિશેષણથી એ બતાવવું છે કે, ભગવાન વીતરાગ અને સર્વજ્ઞ છે એટલું જ નહિ, પરંતુ જગતમાં રહેલ અભિલાપ્ય અને અનભિલાપ્ય ભાવોને પણ જાણે છે, તેમ જ હેય અને ઉપાદેય ભાવોને પણ જાણે છે. ભગવાન જે પ્રકારે તે ભાવોને પોતે કેવલજ્ઞાનમાં જુએ છે તે પ્રકારે જગતને બતાવે છે, તેથી જગત ઉપર મહાન ઉપકાર કરે છે, તેઓને જ અહીં નમસ્કાર કરવો છે.

અહીં વિશેષ એ છે કે અભિલાપ્ય ભાવોને ભગવાન સાક્ષાત્ શબ્દોથી બતાવી શકે છે, પણ અનભિલાપ્ય ભાવોને શબ્દોથી બતાવી શકતા નથી. તો પણ ભગવાને પોતે જે ભાવો શબ્દોથી બતાવ્યા, તેનાથી અનંતગણા ભાવો પોતે કેવલજ્ઞાનમાં જુએ છે પણ જગતને બતાવી શકતા નથી, તેથી તેને અનભિલાપ્યરૂપે બતાવેલ છે.

**ટીકા :**

**आह-ये वीतरागाः सर्वज्ञाः देवेन्द्रपूजिताश्च ते यथास्थितवस्तुवादिन एवेति न किञ्चिदनेन विशेषणेन, न, असदभ्युपगमव्यवच्छेदार्थत्वात् । तथाहि-अस्त्येवंविधोऽसदभ्युपगमः-किल वीतरागादयोऽपि न यथास्थितवस्तुवादिनः, वस्तु वाचामगोचरः [ ] इति वचनात् ।**

**ટીકાર્થ :**

**અહીં કોઈ શંકા કરે છે કે, જે વીતરાગ, સર્વજ્ઞ અને દેવેન્દ્રોથી પૂજિત છે તે યથાસ્થિતવસ્તુવાદી જ છે, એથી કરીને આ વિશેષણની=યથાસ્થિતવસ્તુવાદી વિશેષણની, અહીં જરૂર નથી.**

**તેને ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું. કેમ કે અસદ્ અભ્યુપગમના વ્યવચ્છેદ માટે યથાસ્થિતવસ્તુવાદી વિશેષણ છે, તે આ પ્રમાણે–**

**આવા પ્રકારનો અસદ્અભ્યુપગમ છે કે ખરેખર વીતરાગ આદિ પણ યથાસ્થિતવસ્તુવાદી નથી, કેમ કે વસ્તુ વાણીને અગોચર છે, એ પ્રકારનું વચન છે.**

★ **'वीतरागादयोऽपि'** માં **'आदि'** પદથી સર્વજ્ઞ ગ્રહણ કરવાનું છે અને **'अपि'**

પદથી એ કહેવું છે કે અવીતરાગ તો યથાસ્થિતવસ્તુવાદી નથી, પણ વીતરાગ પણ યથાસ્થિતવસ્તુવાદી નથી.

**ભાવાર્થ :**

શંકાકાર કહે છે કે, જે વીતરાગ, સર્વજ્ઞ અને દેવેન્દ્રથી પૂજિત હોય તે હંમેશાં યથાસ્થિતવસ્તુવાદી જ હોય, માટે સૂત્રમાં "યથાસ્થિતવસ્તુવાદી" વિશેષણ મૂકવાની જરૂર નથી.

તેને ગ્રંથકાર કહે છે કે, બૌદ્ધમત એમ માને છે કે વસ્તુ વાણીનો વિષય નથી. કેમ કે શબ્દો પદાર્થ સાથે સંબંધવાળા નથી. તેથી શબ્દોથી વસ્તુનો બોધ થઇ શકતો નથી. તેથી જે વીતરાગ, સર્વજ્ઞ આદિ છે તે જગતમાં રહેલી વસ્તુઓને શબ્દો દ્વારા બતાવી શકે નહિ. આ પ્રકારની બૌદ્ધ માન્યતાનું નિરાકરણ કરવા માટે યથાસ્થિતવસ્તુવાદી વિશેષણ મૂકેલ છે.

આ વિશેષણથી એ નક્કી થાય કે 'વીતરાગ' આદિ ગુણોવાળા હોય તે જ શબ્દો દ્વારા વાસ્તવિક અર્થોનો બોધ કરાવી શકે છે. આથી જ ભગવાને ત્રિપદી આપીને ગણધરોને ૧૪ પૂર્વનું શ્રુતજ્ઞાન કરાવ્યું અને તેના બળથી જ ગણધરોને સર્વ અભિલાપ્ય પદાર્થોનું જ્ઞાન થયું તેથી ચક્ષુથી નહિ દેખાતા એવા નરકાદિ ભાવોને અથવા દેવલોકાદિ ભાવોને પણ તેઓ યથાર્થ જાણી શકે છે.

અહીં વિશેષ એ છે કે બૌદ્ધમત તાદાત્મય અને તદ્‌ઉત્પત્તિ બે જ સંબંધ માને છે, પરંતુ વાચ્ય-વાચક ભાવરૂપ સંબંધને માનતો નથી.તેથી શબ્દો અને અર્થ વચ્ચે કોઇ સંબંધ નથી તેમ કહે છે, અને તેથી શબ્દોથી અર્થનો બોધ થઇ શકે તેમ તે માનતો નથી.

બૌદ્ધમતની આ માન્યતા નિશ્ચયનયની દૃષ્ટિથી જૈનદર્શનને માન્ય હોવા છતાં વ્યવહારનયથી માન્ય નથી, કેમ કે નિશ્ચયનય તાદાત્મય અને તદ્‌ઉત્પત્તિરૂપ બે જ સંબંધ સ્વીકારે છે પરંતુ, વાચ્ય-વાચક ભાવરૂપ સંબંધ સ્વીકારતો નથી. આમ છતાં વ્યવહારનય વાચ્ય-વાચક સંબંધ સ્વીકારે છે માટે વ્યવહારનયથી શબ્દોથી અર્થનો બોધ થાય છે અને બૌદ્ધમત વ્યવહારનયનો અપલાપ કરે છે, તેના નિરાકરણ માટે જ અહીં "યથાસ્થિતવસ્તુવાદી" વિશેષણ આપેલ છે.

તેનાથી એ ફલિત થાય કે વ્યવહારનયની દૃષ્ટિથી ભગવાન, શબ્દો દ્વારા જગતમાં રહેલા પદાર્થોને બતાવે છે, અને તત્ત્વદૃષ્ટિથી તો જીવને પ્રગટ થયેલા જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી જગતના પદાર્થોનું દર્શન થાય છે, પણ ભગવાનના શબ્દોથી પદાર્થોનો બોધ થતો નથી. આમ છતાં, જીવના જ્ઞાનાવરણીયના ક્ષયોપશમમાં ભગવાનનું વચન પ્રબળ નિમિત્ત હોવાથી ભગવાનના વચનથી ગણધર આદિને બોધ થયો છે તેમ વ્યવહારનય સ્વીકારે છે. અને તેથી જ ભગવાન 'યથાસ્થિતવસ્તુ'ને કહીને આપણા ઉપર ઉપકાર કરે છે. એ પ્રકારની વ્યવહાર-નયની દૃષ્ટિથી અહીં તેઓને નમસ્કાર કરેલ છે.

**ઉત્થાન :**

પૂર્વમાં યથાસ્થિતવસ્તુવાદી વિશેષણ બૌદ્ધની માન્યતાના વ્યવચ્છેદ માટે છે તેમ સ્થાપન કર્યું, ત્યાં ફરી કોઈ શંકા કરતાં કહે છે–

**ટીકા :**

**यद्येवं 'यथास्थितवस्तुवादिभ्यः' इत्येतावदेव चारु, नार्थो वीतरागादिग्रहणेन, न, साम्यतः पूर्वधरादेरपि यथास्थितवस्तुवादित्वात् तद्व्यवच्छेदार्थं वीतरागादि-ग्रहणमिति ।**

**ટીકાર્થ :**

**જો આમ છે='યથાસ્થિતવસ્તુવાદી' વિશેષણ આવશ્યક છે તો યથાસ્થિત-વસ્તુવાદી ને જ હું નમસ્કાર કરું છું એટલું જ સુંદર છે, વીતરાગાદિ ગ્રહણ વડે કોઈ અર્થ નથી.**

**તેને ગ્રંથકાર કહે છે તેમ ન કહેવું. સમતાનો પરિણામ હોવાથી પૂર્વધરાદિ પણ યથાસ્થિતવસ્તુવાદી છે, તેના વ્યવચ્છેદ માટે 'વીતરાગ' આદિ વિશેષણ ગ્રહણ કરેલ છે.**

'**इति**' શબ્દ શંકાના ઉત્તરની સમાપ્તિ માટે છે.

★ અહીં '**पूर्वधरादेरपि**' માં '**आदि**' પદથી છદ્મસ્થ એવા મત્યાદિ ચાર જ્ઞાનના સ્વામી આદિનું ગ્રહણ કરવાનું છે, અને '**अपि**' શબ્દથી વીતરાગ, સર્વજ્ઞનો સમુચ્ચય છે.

**ઉત્થાન :**

અત્યાર સુધીના કથનમાં દરેક વિશેષણ દ્વારા કોઈક ને કોઈક જીવોનો વ્યવચ્છેદ કર્યો. જેમ વીતરાગ ગ્રહણ દ્વારા અવીતરાગ એવા સર્વશાસ્ત્રના જાણનારા સર્વજ્ઞનો વ્યવચ્છેદ કર્યો, તેમ જ ગણધરઆદિનો પણ વ્યવચ્છેદ કર્યો. દેવેન્દ્રથી પૂજિત કહીને મુંડકેવલી વગેરેનો વ્યવચ્છેદ કર્યો અને યથાસ્થિતવસ્તુવાદી વિશેષણ દ્વારા બૌદ્ધમતનો વ્યવચ્છેદ કર્યો.

ત્યાં પ્રશ્ન થાય કે તો શું ગણધર આદિ સર્વ નમસ્કાર કરવા યોગ્ય નથી ? તેથી તેના વ્યવચ્છેદ માટે આ બધાં વિશેષણો આપ્યાં છે ? તેના નિરાકરણ માટે કહે છે—

**ટીકા :**

**व्यवच्छेदश्चेह 'सर्वत्र गुणप्रकर्षवान् स्तवार्ह इति तस्य तत्संपादने तदन्तर्गत-गुणानां तत्संपादनमेव' इति न्यायख्यापनार्थमिति, [ न ] तु निराकरणार्थमेव ।**

★ "**न्यायख्यापनार्थमिति**" શબ્દમાં '**इति**' શબ્દ વધારાનો ભાસે છે.

**ટીકાર્થ :**

**સર્વત્ર ગુણપ્રકર્ષવાળા સ્તુતિને યોગ્ય છે. એથી કરીને તેના=ગુણપ્રકર્ષ-વાળાના, તેના સંપાદનમાં=સ્તુતિના સંપાદનમાં, તદ્અંતર્ગત ગુણોનું=ગુણ પ્રકર્ષવાળાના અંતર્ગત ગુણોનું, તે સંપાદન જ છે=સ્તુતિ સંપાદન જ છે, એ પ્રકારના ન્યાયને=યુક્તિને, બતાવવા માટે અહીંયાં=પ્રસ્તુત સૂત્રમાં, તે તે વિશેષણો દ્વારા ગણધર આદિનો વ્યવચ્છેદ કરેલ છે, પરંતુ તેઓમાં વર્તતા સ્તુતિ યોગ્યત્વના નિરાકરણ માટે વ્યવચ્છેદ કરેલ નથી.**

**ભાવાર્થ :**

સૂત્રમાં બતાવેલ દરેક વિશેષણની સાર્થકતા બતાવવા માટે કયા વિશેષણથી કોનો વ્યવચ્છેદ થાય છે તે વાત બતાવી. હવે તે વ્યવચ્છેદનું પ્રયોજન શું છે તે બતાવતાં કહે છે કે જગતમાં સર્વત્ર ગુણપ્રકર્ષવાળા પુરુષો જ સ્તુતિ કરવા યોગ્ય છે. તેથી ગુણપ્રકર્ષવાળા સ્તુતિયોગ્ય વીતરાગ, સર્વજ્ઞ એવા તીર્થંકરો જ છે, અન્ય કોઈ નહિ અને તે બતાવવા માટે તે તે વિશેષણ દ્વારા ગણધર આદિનો વ્યવચ્છેદ

કર્યો. આમ છતાં, તીર્થંકરોની જે સ્તુતિ કરી, તેમાં જે જે ગુણો વર્તે છે તેમાંથી જ કોઈક ગુણવાળા ગણધર આદિ છે, તેથી તેઓની સ્તુતિનું સંપાદન પણ તેમાં થઈ જાય છે. ભગવાનની સર્વ વિશેષણ દ્વારા સ્તુતિ કરી છે, તેથી તેમાનું કોઈપણ વિશેષણ કોઈ પણ જીવમાં હોય તો તે સ્તુતિપાત્ર જ છે, તે ન્યાયખ્યાપન માટે તેમનો વ્યવચ્છેદ કર્યો છે. પરંતુ અરિહંત સિવાય તેનાથી ન્યૂનગુણવાળા કેવલી આદિ સ્તુતિ કરવા યોગ્ય નથી એમ બતાડવા માટે તે તે ગુણોથી કેવલી આદિનો વ્યવચ્છેદ કર્યો નથી.

આનાથી એ ફલિત થાય કે, જેમ પૂર્ણ ગુણવાળા તીર્થંકર સ્તવન કરવા યોગ્ય છે, તેમ તેનાથી ન્યૂન ગુણવાળા કેવલી આદિ પણ સ્તુતિ કરવા યોગ્ય છે. આમ છતાં, પૂર્ણગુણવાળાની સ્તુતિથી તેના જેવા કોઈ પણ ગુણવાળાની સ્તુતિ થઈ જાય છે એ બતાડવા માટે જ પૂર્ણગુણવાળા સિવાયની સ્તુતિનો વ્યવચ્છેદ કર્યો છે, પરંતુ તેઓ સ્તુતિ યોગ્ય નથી તે બતાડવા માટે તે તે વિશેષણ દ્વારા ગણધર આદિનો વ્યવચ્છેદ કર્યો નથી.

**ઉત્થાન :**

સૂત્રમાં ચાર વિશેષણોથી અરિહંતનું સ્વરૂપ બતાવીને તેમને નમસ્કાર કર્યા. ત્યાં તે ચાર વિશેષણોની સાર્થકતા શું છે ? તે પૂર્વમાં બતાવી.

આ ચાર વિશેષણોથી ભગવાનની કયા પ્રકારની વિશેષતા બતાવાયેલી છે તે હવે બતાવે છે–

**ટીકા :**

**एभिश्चतुर्भिर्विशेषणपदैरपायापगमातिशयादयश्चत्वारो मूलातिशया उक्ता वेदितव्याः । तद्यथा-अपायापगमातिशयः १, ज्ञानातिशयः २, पूजातिशयः ३, वागतिशयश्च ४, यथोद्देशमेव च वेदितव्याः, अनेनैव क्रमेणैतेषां भावात् । तथाहि-वीतरागो भूत्वा १ सर्वज्ञो २ भवति, सर्वज्ञस्य च पूजातिशयसंभवः ३, तदनु धर्मदेशना ४ इति अनेनैव क्रमेणैतेषां भाव इति ।**

**ટીકાર્થ :**

**આ ચાર વિશેષણપદો વડે અપાયાપગમઅતિશયાદિ ચાર મૂળ અતિશયો કહેવાયેલા જાણવા. તે આ પ્રમાણે–**

૧. અપાયાપગમઅતિશય ૨. જ્ઞાનાતિશય. ૩. પૂજાતિશય અને ૪. વચનાતિશય. અને આ ચારેય અતિશયો યથાઉદ્દેશ=જે ક્રમથી નિર્દેશ કરાય છે, તે રીતે જ જાણવા. કેમ કે આ ક્રમથી જ આ ચાર અતિશયો પ્રગટ થાય છે.

આ ચાર અતિશયો આ ક્રમથી જ પ્રગટ થાય છે એ વાત 'तथाहि' થી બતાવે છે–

વીતરાગ થઈને સર્વજ્ઞ થાય છે, સર્વજ્ઞને પૂજાતિશયનો સંભવ છે, અને ત્યારપછી ધર્મદેશના આપે છે. એથી કરીને આ જ ક્રમથી આ ચારેય અતિશયો પ્રગટે છે.

'इति' શબ્દ ચાર અતિશયના વક્તવ્યની સમાપ્તિ માટે છે.

પૂર્વમાં વર્ણન કરાયેલા ભગવાનના ચાર અતિશય સામે પ્રસિદ્ધ એવા ભગવાનના ૩૪ અતિશયોનો સંબંધ બતાવે છે.

**ટીકા :**

**एतदविनाभाविनश्चान्येऽपि देहसौगन्ध्यादयः प्रभूता वेदितव्याः । ततश्च 'चतुस्त्रिंशदतिशयसमन्वितेभ्यः परमात्मभ्यो नमः' इत्युक्तं भवति ।**

**ટીકાર્થ :**

**આ ચાર અતિશય સાથે અવિનાભાવી અન્ય પણ દેહસુગંધ આદિ ઘણા અતિશયો જાણવા. અને તેથી ૩૪ અતિશયથી સમન્વિત એવા પરમાત્માને હું નમસ્કાર કરું છું એ પ્રમાણે મૂળસૂત્રમાં ચાર અતિશયના કથનથી કહેવાયેલું છે.**

★ '**एतदविनाभाविनश्चान्येऽपि**' માં '**अपि**' પદથી એ કહેવું છે કે ચાર અતિશય તો અવિનાભાવી છે પણ અન્ય પણ અતિશયો અવિનાભાવી છે.

**ભાવાર્થ :**

મૂળસૂત્રમાં ચાર વિશેષણો દ્વારા ભગવાનના ચાર મૂળ અતિશયો કહેવાયા. આ ચાર અતિશયો ૩૪ અતિશયો કરતાં જુદા પ્રકારના છે, અને આ ચાર અતિશયને કારણે જ ગુણપ્રકર્ષવાન તરીકે તીર્થંકર જ સ્તુતિપાત્ર બને છે. કેમ કે

આ ચાર અતિશયો કેવલી આદિ કોઈ જીવમાં હોતા નથી. ફક્ત તીર્થંકરનાં આત્મામાં જ તીર્થંકર અવસ્થામાં આ ચાર મૂળભૂત અતિશય હોય છે તેથી આને મૂળ અતિશય કહેવાય છે.

આ ચાર અતિશયો પણ તીર્થંકરમાં ક્રમસર પ્રગટે છે અને જ્યારે તીર્થંકર વીતરાગ થાય છે ત્યારે ૧૨મા ગુણસ્થાનકમાં પ્રથમ અપાયાપગમ અતિશય પ્રાપ્ત થાય છે. તે આ રીતે–

જીવને સર્વ અનર્થ કરનાર એવા જે રાગાદિ ભાવો છે તે જ અપાય છે. કેમ કે રાગાદિભાવો જ વર્તમાનમાં સંક્લેશ કરાવે છે અને તેના દ્વારા જ જીવને કર્મબંધ અને સંસારનું પરિભ્રમણ થાય છે. તેથી રાગાદિ, જીવ માટે અપાયરૂપ છે અર્થાત્ અનર્થરૂપ છે, અને તેનો સર્વથા અપગમ ૧૨મા ગુણસ્થાનકે થાય છે, તેથી ૧૨મા ગુણસ્થાનકે 'અપાયાપગમ અતિશય' પ્રગટે છે.

૧૨મા ગુણસ્થાનકમાં અપાયપગમ અતિશય પ્રગટ થયા પછી ૧૩મા ગુણસ્થાનકે ભગવાનને કેવલજ્ઞાન પ્રગટ થાય છે ત્યારે 'જ્ઞાનાતિશય' પ્રગટે છે. ભગવાનને કેવલજ્ઞાન પ્રગટે છે ત્યારે જ ઇન્દ્રો વગેરે આવીને સમોવસરણ રચે છે ત્યારે 'પૂજાતિશય' પ્રગટે છે, અને ત્યારપછી જ્યારે ભગવાન દેશના આપે છે ત્યારે યથાસ્થિતવસ્તુવાદીરૂપ 'વચનાતિશય' પ્રગટે છે.

આ ચાર અતિશયો સાથે બાકીના ૩૪ અતિશયો અવિનાભાવે થનારા છે, તેથી સૂત્રમાં ચાર અતિશયોના ઉલ્લેખથી ભગવાનને નમસ્કાર કર્યા, ત્યાં અર્થથી ૩૪ અતિશયવાળા ભગવાનને નમસ્કાર થઈ જાય છે.

'પ્રથમ જિનેશ્વર પ્રણમીએ .....' એ સ્તવનમાં કહેવાયેલા ૩૪ અતિશયના વર્ણનમાં, ભગવાનને જન્મથી જે ચાર અતિશય છે તેને મૂળ અતિશય તરીકે ગ્રહણ કરેલ છે. જ્યારે અહીં ટીકામાં કહેવાયેલા ચાર અતિશય ભગવાન જ્યારે કેવળજ્ઞાન પછી સમોવસરણમાં દેશના આપે છે, તે વખતે જે ચાર અતિશય છે, તેને મૂળ અતિશયથી ગ્રહણ કરેલ છે તે, અતીર્થંકર કરતા તીર્થંકરની વિશેષતાને બતાવવા માટે મૂળ અતિશય તરીકે ગ્રહણ કરેલ છે. તેથી અપેક્ષા ભેદથી જન્મના ચાર અતિશયને મૂળ અતિશય કહેલ છે અને અન્ય અપેક્ષાથી પ્રસ્તુત ગ્રંથના ચાર અતિશયને મૂળ અતિશય કહેલ છે અને આ ચાર અતિશય હોય ત્યારે જ અન્યત્ર બતાવેલ ૩૪ અતિશય અવિનાભાવી હોય છે તેથી કરીને

ભગવાન જેમ ચાર અતિશયથી સમન્વિત છે તેમ ૩૪ અતિશયથી પણ સમન્વિત છે અને તેવા પરમાત્માને નમસ્કાર કરેલ છે.

**ઉત્થાન :**

પૂર્વમાં ચાર વિશેષણોથી ભગવાનને નમસ્કાર કર્યા. હવે તે ચાર વિશેષણ દ્વારા બતાવાયેલ, નમસ્કારપાત્ર એવા ભગવાન કેવા છે તે બતાવવા માટે કહે છે–

**ટીકા :**

**अत एव सकलविशेषणार्थोपसंहारेणाह-तेलोक्कगुरूणं अरुहंताणं भगवंताणं ति। त्रैलोक्यगुरुभ्यः, त्रैलोक्यवासिसत्त्वेभ्यो गृणन्ति शास्त्रार्थमिति त्रैलोक्यगुरवः, तद्गुणाधिकत्वात् तन्माननीयत्वाद्वा, तेभ्यो नमः।**

**ટીકાર્થ :**

**આથી કરીને જ=પૂર્વમાં ચાર વિશેષણથી વિશિષ્ટ એવા ભગવાનને નમસ્કાર કર્યો આથી કરીને જ, એ ચાર વિશેષણથી દ્યોતિત થતા એવા અર્થના ઉપસંહારથી કહે છે–**

**ત્રણ લોકના ગુરુ, અરિહંત ભગવંતને નમસ્કાર કરું છું.**

**ત્રૈલોક્યગુરુનો અર્થ કરે છે; ત્રણ લોકમાં રહેનારા જીવોને શાસ્ત્રાર્થ બતાવે તે 'त्रैलोक्यगुरु'. ભગવાન ત્રૈલોક્યગુરુ કેમ છે તેમાં હેતુ કહે છે; તદ્ગુણનું અધિકપણું છે=શાસ્ત્રાર્થ બતાવવાના ગુણનું અન્ય ગુરુ કરતાં ભગવાનમાં અધિકપણું છે, તેથી ત્રણ લોકના ગુરુ છે.**

**ભગવાન ત્રૈલોક્યના ગુરુ કેમ છે તેમાં બીજો હેતુ કહે છે–**

**તન્માનનીયપણું છે=ત્રણ લોકને ભગવાન માનનીય છે, માટે ત્રણ લોકના ગુરુ છે તેઓને હું નમસ્કાર કરું છું.**

**ભાવાર્થ :**

જે શાસ્ત્રોના પદાર્થને કહે તેને ગુરુ કહેવાય. અને ગુરુ કે કેવળજ્ઞાની શાસ્ત્રોના પદાર્થોને કહે તેના કરતાં ભગવાન શાસ્ત્રનાં તત્ત્વને વિશેષ રીતે કહે

છે. આથી શાસ્ત્રને કહેવાનો ગુણ તીર્થંકરમાં અધિક છે, તે આ રીતે—

સાક્ષાત્ તીર્થંકર વિચરતા હોય ત્યારે શાસનની સ્થાપના કરે છે, ગણધરોને ત્રિપદી દ્વારા ઉત્કૃષ્ટ ૧૪પૂર્વનો બોધ કરાવે છે, અને અન્ય જીવોને પણ ઉપદેશ દ્વારા શાસ્ત્રના પદાર્થોનો વિશેષ બોધ કરાવે છે; કેમ કે તીર્થંકરને 'વચનાતિશય' હોય છે. ભગવાનને જે વચનાતિશય છે તેવો વચનાતિશય અન્યગુરુ કે કેવળજ્ઞાનીમાં હોતો નથી, તેથી માત્ર ભગવાન જ ત્રૈલોક્યના ગુરુ છે.

વળી જે રીતે 'તીર્થંકર' ત્રણ લોકને માન્ય છે, તેમ 'કેવલી' આદિ અન્ય જીવો ત્રણ લોકને માન્ય નથી, તેથી ફક્ત ભગવાનને જ ત્રૈલોક્યગુરુ કહેલ છે.

પૂર્વે વીતરાગ, સર્વજ્ઞ, દેવેન્દ્રથી પૂજિત અને યથાસ્થિતવસ્તુવાદી આ ચાર વિશેષણથી ભગવાનને નમસ્કાર કર્યા. એ ચાર વિશેષણથી પ્રાપ્ત એવા અર્થને ઉપસંહારરૂપે અહીં ગ્રંથકારે બતાવ્યા છે. તે આ રીતે—

ચાર વિશેષણનો અર્થ પરમાર્થથી વિચારીએ તો આ ચાર વિશેષણવાળા જે કોઇ છે તે ત્રણલોકના ગુરુ એવા અરિહંત ભગવંત જ છે. તેથી ચાર વિશેષણના ઉપસંહારરૂપે જ ભગવાનને ત્રણ લોકના ગુરૂ, અરિહંત ભગવંત કહેલ છે.

ભગવાન ત્રણ લોકના ગુરુ કેમ છે તે બતાવે છે. જે શાસ્ત્રના અર્થ બતાવે તે ગુરુ કહેવાય. ભગવાન ત્રણે લોકના જીવોને શાસ્ત્રના અર્થ બતાવે છે. ભગવાનના સમોવસરણમાં ઊર્ધ્વલોકના દેવો, અધોલોકના ભુવનપતિ આદિ દેવો, તિર્ચ્છા-લોકના મનુષ્યો અને તિર્યંચો વગેરેમાંથી જે કોઇ સમોવસરણમાં આવે છે, તે સર્વને શાસ્ત્રના અર્થ બતાવે છે,તેથી ભગવાન ત્રણલોકના ગુરુ છે.

અહીં પ્રશ્ન થાય કે કદાચ કોઇ અન્ય સાધુ કે કેવલી પણ ત્રણ લોકના જીવને શાસ્ત્રાર્થ બતાવે તો તે પણ ત્રૈલોક્યગુરુ કહેવાશે? એથી ગ્રંથકાર કહે છે કે શાસ્ત્રના તત્ત્વ બતાવવારૂપ ગુણ ભગવાનમાં અધિક છે, તેથી ભગવાન સિવાય બીજા ત્રૈલોક્યગુરુ નથી.

વળી, ભગવાન ત્રણ લોકના બધા યોગ્ય જીવોથી માનનીય છે માટે પણ ભગવાન ત્રૈલોક્યના ગુરુ છે, જ્યારે અન્ય ગુરુઓ તો કેટલાક જીવોથી જ માનનીય છે, પરંતુ ત્રણ લોકના સર્વ યોગ્ય જીવોથી માનનીય નથી. તેથી ફક્ત તીર્થંકર જ ત્રૈલોક્યગુરુ છે.

**ટીકા :**

एतानेव सनिबन्धनेनान्वर्थनाम्नाऽऽह-**अरुहेभ्यो भगवद्भ्य** इति। न रोहन्ति न भवाङ्कुरोदयमासादयन्ति कर्मबीजाभावादिति अरुहाः, तेभ्यः । किंविशिष्टेभ्यः? भगः समग्रैश्वर्यादिलक्षणः, स विद्यते येषां ते भगवन्तः, तेभ्यो भगवद्भ्यो नम इति । एवंभूताश्च ते समधिकृतातिशयभाजश्चरमदेहस्था अपि, ततो मुक्तिभावे जन्माङ्कुरोदयाभावात् ।

**ટીકાર્થ :**

આને જ=પૂર્વમાં ત્રૈલોક્યગુરુને બતાવ્યા, એને જ, સનિબન્ધનરૂપે= સકારણરૂપે, અન્વર્થનામથી સૂત્રમાં કહે છે– "**अरुहेभ्यो भगवद्भ्यः**"=ફરી સંસારમાં નહિ જન્મનાર અને ગુણસંપત્તિવાળા એવા ભગવાનને હું નમસ્કાર કરું છું. "**अरुह**" નો અર્થ કરે છે : જે ઊગતા નથી=જેઓ ભવઅંકુરના ઉદયને પ્રાપ્ત કરતા નથી, કેમ કે કર્મરૂપી બીજનો અભાવ છે તેથી કરીને "**अरुह**" છે, તેમને હું નમસ્કાર કરું છું.

વળી તે કેવા વિશિષ્ટ છે તે બતાવે છે : "**भगवद्भ्यः**". '**भगः**' એટલે સમગ્રઐશ્વર્યાદિ લક્ષણ, '**भग**' તે વિદ્યમાન છે જેને તે '**भगवन्तः**' તેઓને હું નમસ્કાર કરું છું.

★ '**समग्रैश्वर्यादि**' માં '**आदि**' પદથી '**भग**' શબ્દનાં ૧૪ અર્થો છે તેમાંથી ૧૨ અર્થો ગ્રહણ કરવાના છે માટે અહીં સમગ્રૈશ્વર્યાદિમાં '**आदि**' પદથી સમગ્ર ઐશ્વર્યને છોડીને બાકીના ૧૧ અર્થ ગ્રહણ કરવાના છે.

પૂર્વમાં બતાવ્યું કે ભવરૂપી અંકુરના ઉદયને જેઓ પામતા નથી તેવા ભગવાનને હું નમસ્કાર કરું છું. ત્યાં પ્રશ્ન થાય કે, હજુ ભગવાન તો ભવમાં છે તેથી ભવના અંકુરનો ઉદય નથી તેમ કઈ રીતે કહી શકાય ? તેથી કહે છે–

અને આવા પ્રકારના સમધિકૃત અતિશયવાળા=પૂર્વમાં વર્ણન કરાયું છે એવા અતિશયવાળા તેઓ ચરમ દેહસ્થ પણ છે. તેથી મુક્તિ પ્રાપ્તિમાં જન્મ અંકુરના ઉદયનો અભાવ હોવાથી ભગવાનને "**अरुह**" કહ્યા છે.

**ભાવાર્થ :**

"**एतानेव**" આવા વિશેષણવાળા ભગવાનને જ સકારણરૂપે અન્વર્થ નામથી કહે છે.

આશય એ છે કે ભગવાન સંસારમાં ફરી જન્મનારા નથી અને ગુણસંપત્તિવાળા છે તે રૂપે સ્તુતિ કરવાથી આપણે પણ તેમના જેવા થઈ શકીએ એ કારણથી, એવા ભાવને બતાવનારા એવા "**अरुहेभ्यो**" અને "**भगवद्भ्य**" નામથી ભગવાનને નમસ્કાર કરે છે.

અહીં ભગવાનને "**अरुह**" કહ્યા તેનાથી એ અર્થ પ્રાપ્ત થાય કે ભગવાનનો ભવરૂપી અંકુરો ઉદયને પ્રાપ્ત થતો નથી. ત્યાં શંકા થાય કે ભગવાન હજુ સંસારમાંથી મુક્ત થયા નથી, પરંતુ ઘણા અતિશયવાળા અને ચરમદેહવાળા છે, તેથી ભવનો નાશ હજુ થયો નથી, તેથી ભગવાનનો ભવરૂપી અંકુરો ઉદયને પ્રાપ્ત થતો નથી તેમ કેમ કહી શકાય ? તેથી ટીકાકારે ખુલાસો કર્યો કે ભગવાન હવે જ્યારે મોક્ષમાં જશે ત્યારે જન્મરૂપી અંકુરો ઉદયમાં થવાનો નથી, તે અપેક્ષાએ ભાવિમાં વર્તમાનનો ઉપચાર કરીને ભગવાન વર્તમાનમાં પણ ભવના અંકુરા વગરના છે તેમ કહેલ છે. વળી ભગવાન બધા ઐશ્વર્યાદિથી યુક્ત છે તે બતાડવા માટે "**भगवद्भ्यः**" શબ્દથી બતાવ્યા છે. ભગવાનનું સમગ્ર ઐશ્વર્ય એ છે કે પૂર્વમાં બતાવેલા ચાર અતિશયો અને તેનાથી પ્રાપ્ત એવા ૩૪ અતિશયોથી યુક્ત ભગવાન છે.

**ટીકા :**

**अत एवाह एतदुक्तार्थसूत्रानुवादकृत्-जे एवमाइक्खंतीत्येवं चानन्तरेण ग्रन्थेनेष्टदेवतानमस्कारः अनुवादकरणस्यापि श्रेयोभूतत्वेन तदारम्भे विघ्नविनायकोपशान्तये मङ्गलार्थ उक्तो वेदितव्यः।**

**ટીકાર્થ :**

**આથી કરીને જ કહે છે**=પૂર્વમાં ભગવાન કેવા અતિશયવાળા છે તે બતાવ્યું **આથી કરીને જ કહે છે, કોણ કહે છે** તે બતાવે છે. **આમના વડે**=ભગવાન વડે, **કહેવાયેલા અર્થને કહેનાર સૂત્રના અનુવાદને કરનાર** એવા પંચસૂત્રકાર **કહે છે. શું કહે છે** તે બતાવે છે. **જે**=જે ભગવાનનું પૂર્વમાં વર્ણન કર્યું તે, **આ પ્રમાણે કહે છે**=આગળમાં બતાવશે એ પ્રમાણે કહે છે.

**અને આ રીતે, ભગવાને કહેલા અર્થને કહેનારાં સૂત્રના અનુવાદકરણનું પણ શ્રેયોભૂતપણું હોવાના કારણે, અનન્તર ગ્રંથ વડે=જે આ પ્રમાણે કહે છે એમ કહ્યું તેના પૂર્વના ગ્રંથ વડે="नमो वीयरागाणं ......... अरुहंताणं भगवंताणं" સુધીના સૂત્ર વડે, તેના આરંભમાં=પંચસૂત્રના આરંભમાં, વિઘ્નના સમુદાયની શાન્તિ માટે મંગલઅર્થક ઈષ્ટદેવતાને નમસ્કાર કહેવાયો જાણવો.**

★ '**अनुवादकरणस्यापि**' માં '**अपि**' પદથી એ કહેવું છે કે ગ્રંથ તો શ્રેયભૂત છે પણ અનુવાદકરણ પણ શ્રેયભૂત છે.

**ભાવાર્થ :**

ભગવાન જગતના ગુરુ છે, યથાસ્થિતવસ્તુવાદી છે વગેરે વિશેષણોથી ગ્રંથકારે ભગવાનનું વાસ્તવિક સ્વરૂપ બતાવ્યું જેથી આ ગ્રંથ ભણનારને ભગવાનના વચનનું મહત્ત્વ ખ્યાલ આવે. અને ત્યારપછી પ્રસ્તુતગ્રંથના પદાર્થો ગ્રંથકારે પોતાની મતિથી કહેલા નથી પણ ભગવાનના વચન અનુસાર કહ્યા છે માટે આ ગ્રંથ અત્યંત ઉપાદેય છે તેમ બતાવવા માટે ટીકાકારે કહ્યું કે, ભગવાનના કહેવાયેલા અર્થને બતાવનારા એવા સૂત્રનો જ અનુવાદ કરનાર પંચસૂત્રકાર કહે છે કે ભગવાન આ રીતે કહે છે–

જે વ્યક્તિએ ભગવાનના સ્વરૂપના વર્ણનથી ભગવાનનું મહત્ત્વ અવધારણ કર્યું હોય તે વ્યક્તિ ભગવાનના વચનને સાંભળવા માટે અત્યંત સન્મુખ બને છે, અને જીવોને અત્યંત સન્મુખ બનાવવા માટે જ પંચસૂત્રકારે '**जे एवमाइक्खंति**' એ પ્રમાણે કહેલ છે.

અને "જે આ પ્રમાણે કહે છે" તેમ કહ્યું તેની પૂર્વેમાં પંચસૂત્રના કથનથી ગ્રંથકારશ્રીએ મંગલઅર્થક ઈષ્ટદેવતાને નમસ્કાર કર્યો છે. તેનું કારણ એ છે કે કહેવાયેલા અર્થને કહેનારાં જે સૂત્રો છે, તેના અનુવાદને કરનારો એવો આ પંચસૂત્ર ગ્રંથ પણ શ્રેયનું કારણ છે, તેથી તેના આરંભમાં વિઘ્નનો સમુદાય શાંત થાય તે માટે મંગલાચરણ કરેલ છે.

અહીં વિશેષ એ છે કે '**जे एवमाइक्खंति**' એ પ્રકારનું વચન છે તેની પૂર્વનું કથન પંચસૂત્રમાં મંગલાચરણરૂપે છે, અને મંગલાચરણ વખતે જ ભગવાનના બધાં વિશેષણો મૂકેલ હોવાથી ભગવાનના લોકોત્તમ સ્વરૂપનો બોધ થાય છે અને

ત્યારપછી પંચસૂત્રકારે '**जे एवमाइक्खंति**' કહ્યું તેનાથી એ પ્રાપ્ત થાય કે, પંચસૂત્રકાર પંચસૂત્રમાં બતાવેલા પદાર્થો સ્વયં પોતાના બતાવતા નથી, પણ ભગવાન વડે કહેવાયેલા અર્થોને ગણધરોએ સૂત્રરૂપે ગૂંથ્યા, અને તેના અનુવાદરૂપે જ પંચસૂત્રની રચના કરેલી છે; તેથી સર્વજ્ઞના વચન અનુસાર જ આ ગ્રંથ છે, સ્વમતિની કલ્પનાથી આ ગ્રંથ રચાયેલો નથી.

**ઉત્થાન :**

મૂળસૂત્રમાં '**जे एवमाइक्खंति**'– એ પ્રકારનું પદ છે તેનો અર્થ કરે છે.

**ટીકા :**

**ये=वीतरागादिविशेषणविशिष्टा भगवन्त, एवम् इति वक्ष्यमाणम् आचक्षते अत्यर्थं व्यक्तमभिदधति । कथम्? इत्याह– इह खलु अणादिजीवे, इह खल्वनादिजीवः । इह=लोके, खलु शब्दोऽवधारणार्थः, लोके एव नालोके, अनादिः सततं समवस्थितो जीव आत्मा, सर्वथाऽसतः सत्ताऽयोगात्, अतिप्रसङ्गात्, विशिष्टशक्त्यसिद्धेः ।**

**ટીકાર્થ :**

**જે=વીતરાગ આદિ વિશેષણોથી વિશિષ્ટ ભગવાન, આ પ્રમાણે=જે આગળમાં કહેવાશે એ પ્રમાણે, અત્યંત વ્યક્ત કહે છે. ત્યાં કેવી રીતે અત્યંત વ્યક્ત કહે છે, તે હવે બતાવે છે–**

**અહીંયાં જ=લોકમાં જ, અલોકમાં નહિ, જીવ=આત્મા, અનાદિ છે= સતત સમવસ્થિત આત્મા છે. આત્મા સતત સમવસ્થિત કેમ છે ? તેમાં યુક્તિ બતાવે છે. જો આત્મા પૂર્વમાં સર્વથા અસત્ હોય તો પાછળથી સત્તાનો અયોગ થાય.**

અહીં પ્રશ્ન થાય કે આત્મા પૂર્વમાં ન હતો, પાછળથી સત્તા થઇ એમ માનીએ તો શું વાંધો ? તેથી કહે છે–

**અતિપ્રસંગ હોવાથી તેમ મનાય નહીં='શશશૃંગ' સર્વથા અસત્ છે તેની પણ સત્તા માનવાનો અતિપ્રસંગ છે, માટે તેમ મનાય નહીં.**

અહીં પૂર્વપક્ષી કહે છે કે શશશૃંગમાં વિશિષ્ટ શક્તિ નથી, જ્યારે આત્મામાં વિશિષ્ટશક્તિ છે. તેથી પૂર્વમાં શશશૃંગ અને આત્મા બંને નહિ હોવા છતાં વિશિષ્ટ

શક્તિને કારણે આત્માને પાછળથી સત્તા પ્રાપ્ત થાય છે અને શશશૃંગને સત્તા પ્રાપ્ત થતી નથી. માટે શશશૃંગની સત્તા સ્વીકારવાનો અતિપ્રસંગ આવશે નહિ. તેથી ગ્રંથકાર કહે છે–

**વિશિષ્ટ શક્તિની અસિદ્ધિ હોવાથી તેમ માની શકાય નહિ=પૂર્વમાં જો આત્મા અને શશશૃંગ બન્નેની સત્તા ન હોય તો અસત્ એવા શશશૃંગમાં જેમ વિશિષ્ટ શક્તિ નથી તેમ અસત્ એવા આત્મામાં વિશિષ્ટ શક્તિની સિદ્ધિ થઈ શકે નહિ. તેથી જો આત્મા અસત્ હોય તો પાછળથી તેની સત્તા માની શકાય નહિ.**

**ભાવાર્થ :**

પૂર્વમાં વીતરાગ આદિ વિશેષણથી વિશિષ્ટ એવા ભગવાન બતાવ્યા, અને તે ભગવાન "આ પ્રમાણે અત્યંત વ્યક્ત કહે છે" એમ કહીને ગ્રંથકારને એ કહેવું છે કે, ભગવાને દ્વાદશાંગી બતાવેલી છે તે આખી દ્વાદશાંગીમાં અત્યંત વ્યક્તરૂપે યોગમાર્ગ બતાવેલ છે, અને તે યોગમાર્ગને જ ગ્રંથકારે પંચસૂત્રમાં બતાવેલ છે. તેથી આખા પંચસૂત્રમાં જે કહેવામાં આવ્યું છે તે સર્વ, ભગવાન દ્વાદશાંગીમાં અત્યંત સ્પષ્ટરૂપે કહે છે. અહીં 'અત્યંત સ્પષ્ટ કહે છે' એમ કહેવાથી એ કહેવું છે કે, અન્ય સર્વ દ્વાદશાંગીનું વર્ણન આ જ અર્થને સ્પષ્ટ કરવા માટે કહેલું છે. દ્વાદશાંગીમાં મુખ્યરૂપે તો પંચસૂત્રમાં વર્ણવેલ યોગમાર્ગ જ છે.

ભગવાન અત્યંત વ્યક્ત શું કહે છે તે બતાવે છે–

અહીં લોકમાં "જીવ અનાદિનો છે." તેમાં ટીકાકારે યુક્તિ આપી કે જો આત્મા અનાદિ ન હોય તો એમ માનવું પડે કે આત્મા પહેલાં ન હતો અને પાછળથી ઉત્પન્ન થયો. પરંતુ આમ માની શકાય નહિ. કેમ કે જે સર્વથા અસત્ હોય તેની સત્તા ક્યારેય પ્રાપ્ત થઈ શકે નહિ. જેમ શશશૃંગ સર્વથા અસત્ છે તેથી તેની સત્તા ક્યારેય પ્રાપ્ત થતી નથી. અને ઘટ સર્વથા અસત્ નથી, પરંતુ પૂર્વમાં માટીરૂપે કે પુદ્ગલરૂપે સત્ છે તે જ ઘટરૂપે બને છે, તેમ આત્મા જે વર્તમાનમાં મનુષ્યરૂપે છે તે પૂર્વમાં કોઈકને કોઈક સ્વરૂપે હતો, અને તે સ્વરૂપને છોડીને વર્તમાનમાં મનુષ્યરૂપે થયો. પરંતુ આત્મા સર્વથા પૂર્વમાં ન હતો અને પાછળથી તેનું અસ્તિત્વ થયું તેમ માની શકાય નહિ.

અહીં કોઈક કહે કે આત્મા સર્વથા ન હતો અને પાછળથી ઉત્પન્ન થાય છે એમ માનીએ તો શું વાંધો ? તેથી કહે છે કે તેમ સ્વીકારવામાં અતિપ્રસંગ દોષ છે તે આ રીતે–

'શશશૃંગ' સર્વથા નથી અને તેની જેમ આત્મા પણ પૂર્વમાં નથી તેમ માનીએ તો સર્વથા અસત્ એવા આત્માને સત્તા જેમ પ્રાપ્ત થઈ તેમ સર્વથા અસત્ એવા શશશૃંગની પણ સત્તા પ્રાપ્ત થવાનો અતિપ્રસંગ આવે, માટે આત્માને સર્વથા અસત્ સ્વીકારી શકાય નહિ.

અહીં પૂર્વપક્ષી કહે કે શશશૃંગની અને આત્માની પૂર્વમાં સત્તા નહિ હોવા છતાં આત્મામાં વિશિષ્ટ શક્તિ છે તેથી પાછળથી આત્માને સત્તા પ્રાપ્ત થાય છે, જ્યારે શશશૃંગમાં વિશિષ્ટ શક્તિ નથી તેથી શશશૃંગને ક્યારેય સત્તા પ્રાપ્ત થતી નથી.

તેને ગ્રંથકાર કહે છે કે વિશિષ્ટ શક્તિની અસિદ્ધિ છે તે આ રીતે–

જેમ શશશૃંગ સર્વથા અસત્ છે તેમ આત્મા પણ પૂર્વમાં સર્વથા અસત્ છે, અને જે વસ્તુ જ ન હોય તેમાં વિશિષ્ટ શક્તિ છે તેમ કહી શકાય નહિ. તેથી પૂર્વમાં સર્વથા અસત્ એવા આત્મામાં વિશિષ્ટ શક્તિ છે તેમ માની શકાય નહિ.

તેથી એમ જ માનવું પડે કે આત્મા સર્વથા અસત્ નથી, પરંતુ કોઈક ભાવરૂપે સત્ છે અને કોઈક ભાવરૂપે અસત્ છે. આમ સ્વીકારવાથી આત્માને પોતાના હિતની ચિન્તા કરવા જેવી છે, પરંતુ માત્ર નિર્વિચારક થઈને ૫૦-૧૦૦ વર્ષના જીવન માટે મનુષ્યભવને વ્યર્થ પસાર કરવો ઉચિત નથી, એ પ્રકારનો ભગવાનનો ઉપદેશ છે.

**ઉત્થાન :**

આ રીતે આત્માને 'અનાદિ' સિદ્ધ કરીને આત્માની જેમ જ આત્માના ભવો પણ અનાદિ છે તે બતાવવા કહે છે–

**ટીકા :**

**तथा अणादि जीवस्स भवे**, अनादिजीवस्य भवः । भवन्त्यस्मिन् कर्मवशवर्त्तिनः प्राणिन इति भवः संसारः। किंकृतोऽयम्? इत्याह-**अणाइकम्म-**

**संजोगणिव्वत्तिए, अनादिकर्मसंयोगनिर्वर्त्तितः। अनादिश्चासौ कर्मसंयोगश्च,तत्कृत इत्यर्थः। नान्यथा कर्मसंयोगः, मुक्तस्येव केवलस्य तदयोगात्, अहेतुकत्वापत्तेः, कृतकत्वेऽपि प्रवाहतस्तथाविधकालवत् अनादित्वाविरोधात् ।**

**ટીકાર્થ :**

**તથા જીવનો ભવ અનાદિ છે.**

ભવ શું વસ્તુ છે તે બતાવે છે–

**કર્મવશવર્તી પ્રાણીઓ એમાં ઉત્પન્ન થાય તે ભવ=સંસાર.**

**આ સંસાર શેનાથી કરાયો છે? એથી કરીને કહે છે–**

**અનાદિ કર્મસંયોગથી નિર્વર્તિત=કરાયેલો આ સંસાર છે.**

**अनादिकर्मसंयोगनिर्वर्त्तितः નો સમાસ બતાવે છે–**

**અનાદિ એવો કર્મનો સંયોગ, તેનાથી કરાયેલો આ ભવ છે, એ પ્રકારનો અર્થ છે.**

**હવે કર્મસંયોગ અનાદિ છે તે યુક્તિથી બતાવે છે–**

**नान्यथा=જો કર્મસંયોગ અનાદિ ન હોય તો કર્મસંયોગ થઈ શકે નહિ.**

તેમાં યુક્તિ બતાવે છે–

**મુક્ત આત્માની જેમ કેવલ એવા શુદ્ધ આત્માને તેનો=કર્મનો અયોગ છે.**

અહીં કોઈ પ્રશ્ન કરે કે પહેલાં આત્મા શુદ્ધ હતો છતાં તેને કર્મનો યોગ થયો એમ માનીએ તો શું વાંધો ? તેથી કહે છે–

**अहेतुकत्वापत्तेः અહેતુકત્ત્વની આપત્તિ છે=કર્મરહિત એવો શુદ્ધ આત્મા કર્મબંધનો હેતુ નથી. તેથી કર્મબંધનો જે હેતુ ન હોય તેનાથી કર્મબંધ થયો તેમ માનવાની આપત્તિ આવે, અર્થાત્ જે પ્રથમ કર્મબંધ થયો તે હેતુ વગર થયો એમ માનવાની આપત્તિ આવે.**

અહીં શંકા થાય કે જો કર્મ અનાદિ માનશો તો જીવ કર્મ કરે છે તેમ માની શકાય નહિ, અને જે જીવથી કરાય તેને અનાદિ માની શકાય નહિ, અને કર્મ તો "જે જીવથી કરાય છે" તેને કહેવાય છે, માટે કર્મ એ કૃત છે=કરાયેલું છે, તેથી અનાદિ કેમ કહી શકાય ? તેનું નિરાકરણ કરતાં કહે છે–

**કર્મનું કૃતકપણું હોવા છતાં પણ કાળની જેમ પ્રવાહથી તેનો અનાદિપણાનો અવિરોધ છે=કર્મ જીવથી કરાય છે તે અપેક્ષાએ તે આદિ છે, તો પણ પ્રવાહથી અનાદિ છે.** જેમ ભૂતકાળની દરેક ક્ષણ તે તે ક્ષણમાં પ્રગટ થઇ છતાં ભૂતકાળ એ પ્રવાહથી અનાદિ છે, તેમ કર્મ પણ પ્રવાહથી અનાદિ છે.

★ અહીં '**कृतकत्वेऽपि**' માં '**अपि**' શબ્દથી એ કહેવું છે કે કૃતકૃત્ય ન હોય તો અનાદિત્વનો અવિરોધ છે. પણ કૃતકૃત્યમાં પણ પ્રવાહથી અનાદિત્વનો અવિરોધ છે.

**ભાવાર્થ :**

જેમ આત્મા અનાદિ છે તેમ આત્માના ભવો અનાદિ છે. ભવ એટલે કર્મને પરવશ પ્રાણી જેમાં ઉત્પન્ન થાય તે. આ ભવ અનાદિ એવા કર્મના સંયોગથી પેદા કરાયેલ છે.

અહીં કોઇને શંકા થાય કે કર્મ સંયોગને અનાદિ ન માનીએ તો શું વાંધો ? તેથી ગ્રંથકાર કહે છે–

જો આત્મામાં કર્મનો સંયોગ અનાદિ ન હોય તો પાછળથી કર્મનો સંયોગ થઇ શકે નહિ. તે આ રીતે–

જે મુક્ત આત્માઓ છે તે કેવલ આત્માઓ છે તેમને કર્મનો સંયોગ નથી અને જેમ મુકત આત્મા કર્મરહિત કેવલ આત્મા છે તેમ જો આપણો આત્મા પહેલા કર્મરહિત હોય તો કેવલ મુક્ત આત્મા છે તેમ માનવું પડે, અને કેવલ મુક્ત આત્માને કર્મનો સંયોગ થઇ શકે નહિ.

અહીં કોઇક કહે કે, પહેલાં કેવલ આત્મા હતો, આમ છતાં તેને કર્મનો સંયોગ થયો તેમ માનીએ તો શું વાંધો ? તેથી ગ્રંથકાર કહે છે–

જો પહેલાં કેવલ આત્મા જ હોય તો તે પોતાના શુદ્ધ ભાવમાં જ વર્તતો હોય અને આત્માનો શુદ્ધ ભાવ કર્મબંધનું કારણ નથી. તેથી સૌ પ્રથમવાર જે કર્મબંધ થાય છે તે હેતુ વગર થયો તેમ માનવું પડે, અને તેમ માનવું યુક્તિ વિરુદ્ધ છે. તેથી અનાદિનો જ કર્મસંયોગ માનવો પડે, અને તો જ વર્તમાનમાં કર્મથી નિષ્પન્ન કરાયેલો ભવ જે દેખાય છે તે સંગત થાય.

અહીં કોઈ શંકા કરે કે જીવના પ્રયત્નથી જે કરાય તે કર્મ કહેવાય એવો કર્મ શબ્દનો અર્થ છે, એટલે જ્યારે જીવ દ્વારા પ્રયત્ન કરાય છે ત્યારે જ કર્મ ઉત્પન્ન થાય છે, તેના પહેલાં તે કર્મ હોતું નથી, તેથી તેને અનાદિ કઈ રીતે માની શકાય ? તેના સમાધાનરૂપે ગ્રંથકાર કહે છે–

દરેક કર્મ જીવના પ્રયત્નથી કરાય છે તો પણ પ્રવાહથી અનાદિ છે તેમ માનવામાં વિરોધ નથી. જેમ ભૂતકાળની દરેક ક્ષણ કોઈક ક્ષણમાં ઉત્પન્ન થઈ, તેથી તે ક્ષણ આદિમાન છે, તો પણ ભૂતકાળ પ્રવાહથી અનાદિમાન છે. તે જ રીતે દરેક કર્મનો સંયોગ જીવથી કરાય છે તેથી આદિમાન છે, તો પણ પ્રવાહથી કર્મનો સંયોગ અનાદિમાન છે.

**ઉત્થાન :**

પૂર્વના કથનથી એ સ્થાપન કર્યું કે,

૧. જીવ અનાદિનો છે,
૨. જીવનો ભવ અનાદિનો છે અને
૩. આ ભવ અનાદિ કર્મસંયોગથી પેદા કરાયેલો છે.

ત્યાં કોઈને પ્રશ્ન થાય કે ભલે જીવ, જીવનો ભવ અને જીવના કર્મનો સંયોગ અનાદિનો હોય તો આપણને શું વાંધો છે ? આપણને શું દુઃખ છે ? તેથી આ ભવ ખરેખર સારરૂપ નથી તે બતાવવા અર્થે કહે છે–

**ટીકા :**

**अयमेव विशेष्यते-दुक्खरूवे दुक्खफले दुक्खाणुबंधे, दुःखरूपो दुःखफलो दुःखानुबंधः ।** तत्र **दुःखरूपः**, जन्म-जरा-मरण-रोग-शोकरूपत्वात्, एतेषां च दुःखत्वात् । तथा **दुःखफलः**, गत्यन्तरेऽपि जन्मादिभावात् । तथा **दुःखानुबंधः**, अनेकभववेदनीयकर्मावहत्वात् ।

**ટીકાર્થ :**

**આ જ**=આ ભવ જ, **વિશેષ કરાય છે**=વિશેષણોથી વિશેષિત કરીને કહેવાય છે–

**આ ભવ દુઃખરૂપ, દુઃખફલવાળો અને દુઃખાનુબંધવાળો છે.**

ત્યાં ભવ દુઃખરૂપ કઇ રીતે છે તે બતાવે છે.

**આ ભવ જન્મ, જરા, મરણ, રોગ અને શોકરૂપ હોવાથી અને આમનું= જન્મજરાઆદિનું દુઃખપણું હોવાથી ભવ દુઃખરૂપ છે.**

ભવ દુઃખફલ કેમ છે તે બતાવે છે–

**અન્ય ભવમાં પણ જન્મ આદિનો સદ્ભાવ હોવાથી=વિદ્યમાન હોવાથી, ભવ દુઃખફલવાળો છે.**

હવે ભવ દુઃખાનુબંધવાળો કેમ છે તે બતાવે છે–

**સંસારીજીવોનો ભવ અનેક ભવોમાં વેદન કરવા યોગ્ય કર્મને લાવનાર હોવાથી દુઃખના અનુબંધવાળો છે=દુઃખના પ્રવાહવાળો છે.**

★ અહીં '**गत्यन्तरेऽपि**' માં '**अपि**' પદથી એ કહેવું છે કે આ ગતિમાં તો જન્માદિ છે જ પણ ગત્યન્તરમાં પણ જન્માદિ છે.

★ અહીં '**जन्मादि**' માં '**आदि**' પદથી જરા, મરણ, રોગ, શોક વગેરેનું ગ્રહણ કરવાનું છે.

**ભાવાર્થ :**

વ્યવહારનયને આશ્રયીને ભવ દુઃખરૂપ, દુઃખફલવાળો અને દુઃખાનુબંધી કઇ રીતે છે તે અહીં બતાવેલ છે. પુણ્યથી મળતી અનુકૂળતાઓને કે શાતાને દુઃખરૂપ વ્યવહારનય કહેતો નથી, પરંતુ સંસારમાં દરેક જીવ જન્મે છે, તે જન્મ દુઃખના અનુભવવાળો કહે છે, જરા (ઘડપણ) પણ જીવને દુઃખરૂપ જ લાગે છે અને જન્મ સાથે નિયત એવું મરણ પણ દુઃખરૂપ જ પ્રતીત થાય છે. શરીરના કારણે થતા રોગ અને સંસારના વિષમ સંયોગોમાં જીવને જે માનસિક શોક થાય છે તે પણ દુઃખરૂપ જ પ્રતીત થાય છે. અને તેને આશ્રયીને સંસાર દુઃખરૂપ કહેલ છે.

વળી, આ ભવ પૂરો થાય કે તરત જ બીજા ભવની પ્રાપ્તિ થાય છે, ત્યાં પણ જન્મ, જરા આદિ ભાવો જીવને પ્રાપ્ત થાય છે. તેથી આ ભવના ફળરૂપ પ્રાપ્ત થનાર અન્ય ભવ પણ દુઃખરૂપ છે. માટે સંસારને દુઃખફલવાળો કહ્યો છે.

વળી, દરેક સંસારીજીવ સામાન્ય રીતે ભવની અંદર અનેક ભવમાં વેદન થાય તેવાં કર્મો બાંધે છે, તેથી આ ભવમાં પ્રાપ્ત થતાં કર્મો અનેક ભવો સુધી દુઃખનો પ્રવાહ ચલાવનાર છે. માટે આ ભવ દુઃખના અનુબંધવાળો છે.

અહીં વિશેષ એ છે કે જીવો ભવની પ્રાપ્તિ કરીને આ ભવમાં પણ સાધના પૂર્ણ કરી શકે, તેને આ ભવના ફળરૂપ મોક્ષ મળે છે. તેવા જીવોને આશ્રયીને આ ભવ દુઃખફલવાળો નથી. વળી, જે જીવ આ ભવ પછી તરત મોક્ષમાં જનાર ન હોય, પણ યોગમાર્ગની સાધના કરતો હોવાથી, આ ભવમાં સાધનાના કારણે પૂર્વમાં બંધાયેલા અનેક ભવ ચાલે તેવા કર્મોનો ઉચ્છેદ કરે છે, તેથી તેવો ભવ દુઃખના અનુબંધને કરનારો નહિ, પણ ઉચ્છેદ કરનારો છે, તેથી આવા સાધક આત્માની વિવક્ષા કરીને અહીં કથન કરેલ નથી, પણ સામાન્ય સંસારી જીવોનો ભવ કેવો છે તેનો બોધ કરાવીને, ભવના ઉચ્છેદની પ્રેરણા આપવા માટે ભગવાને ભવને દુઃખરૂપ, દુઃખફલવાળો અને દુઃખાનુબંધવાળો કહ્યો છે.

**અવતરણિકા :**

**कस्तर्ह्यस्य प्रतीकारः? इत्याह —**

**અવતરણિકાર્થ :**

**પૂર્વમાં સ્થાપન કર્યું કે આ ભવ દુઃખરૂપ, દુઃખફલવાળો અને દુઃખાનુબંધવાળો છે. ત્યાં પ્રશ્ન થાય કે આ ભવનો પ્રતિકાર શું છે ? એથી કહે છે–**

અથવા

**કોઈને જિજ્ઞાસા થાય કે જો ભવ દુઃખરૂપ હોય તો શું કરવાથી આ ભવનો વિનાશ થાય ? તેથી ગ્રંથકાર ભવના નાશનો ઉપાય બતાવે છે–**

**સૂત્ર :**

**एयस्स णं वोच्छित्ती सुद्धधम्माओ ।**
**सुद्धधम्मसंपत्ती पावकम्मविगमाओ ।**
**पावकम्मविगमो तहाभव्वत्तादिभावओ ।**

**સૂત્રાર્થ :**

**શુદ્ધ ધર્મથી=ક્ષયોપશમિકઆદિ ભાવ વડે પેદા થયેલ ધર્મથી, આનો =ભવનો, ઉચ્છેદ થાય છે. શુદ્ધ ધર્મની પ્રાપ્તિ પાપકર્મના વિગમનથી થાય છે. પાપકર્મનું વિગમન તથાભવ્યત્વાદિભાવથી થાય છે.**

**★ અહીં સૂત્રમાં 'णं' શબ્દ વાક્યાલંકારમાં છે.**

**ટીકા :**

**एयस्स णं वोच्छित्ती सुद्धधम्माओ ।** एतस्य भवस्य, णं इति वाक्यालंकारे, **व्यवच्छित्तिः उच्छित्तिः शुद्धधर्मात्** ज्ञान-दर्शन-चारित्ररूपात् औचित्येन सातत्य-सत्कार-विधिसेवितात् । अयं च श्रावकादेरप्यभिग्रहपालनेन ज्ञेयः, अभिग्रहभावस्य सातत्येन भावादिति ।

**ટીકાર્થ :**

ભવનો ઉચ્છેદ ઔચિત્યપૂર્વક સાતત્યથી, સત્કારથી અને વિધિથી સેવાયેલા જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ શુદ્ધ ધર્મથી થાય છે. અને આ=શુદ્ધ ધર્મ, શ્રાવક આદિને પણ અભિગ્રહના પાલનથી જાણવો; કેમ કે અભિગ્રહના ભાવનો સાતત્યથી સદ્‌ભાવ છે.

'इति' શબ્દ કથનની સમાપ્તિ માટે છે.

★ '**श्रावकादेरपि**' માં '**आदि**' પદથી અવિરતસમ્યગ્‌દૃષ્ટિજીવને ગ્રહણ કરવાના છે. અને 'अपि' પદથી એ કહેવું છે કે સાધુને તો સાતત્યથી શુદ્ધધર્મ છે પણ શ્રાવકને પણ અભિગ્રહના ભાવના કારણે શુદ્ધધર્મ છે.

**ભાવાર્થ :**

શુદ્ધધર્મથી ભવનો ઉચ્છેદ થાય છે ત્યાં ધર્મનું સ્વરૂપ બતાવતાં કહ્યું કે, ઔચિત્યપૂર્વક સાતત્યથી, સત્કારથી અને વિધિથી સેવાયેલા રત્નત્રયીરૂપ શુદ્ધધર્મથી સંસારનો ઉચ્છેદ થાય છે.

તેનો આશય એ છે કે વ્યવહારનયથી પંચાચારના પાલનરૂપ શુદ્ધધર્મ છે. અને આ પંચાચારનું પાલન એ રીતે કરવું જોઈએ કે જેથી કોઈપણ બલવાન

આચારનો વ્યાઘાત ન થાય. આ પ્રકારના પાલનને ઔચિત્યપૂર્વકનું પાલન કહેવાય.

આથી કરીને શાસ્ત્રમાં અસપત્નયોગ સેવવાનો કહ્યો છે. તેનો આશય એ છે કે કોઇપણ યોગ એ રીતે સેવવો જોઇએ કે જેથી અન્ય બલવાન યોગનો નાશ ન થાય. જેમ કોઇ વ્યક્તિ તપ એ રીતે કરે કે જેથી અન્ય સ્વાધ્યાય આદિ બલવાન યોગ નાશ પામે તો તે સપત્નયોગ (=પરસ્પરવિરોધી યોગ) કહેવાય. સપત્નયોગ ઔચિત્યવાળો નથી. તેથી 'ઔચિત્યપૂર્વક' એ કહેવું છે કે પંચાચારના પાલનમાં એ રીતે યત્ન કરવો જોઇએ કે જેથી કોઇ આચારનું સેવન અન્ય આચારનું વિરોધી ન બને.

વળી, આ શુદ્ધધર્મનું સેવન યત્કિંચિત સેવીને મૂકી દેવામાં આવે તો સંસારનો ઉચ્છેદ થાય નહિ. શુદ્ધધર્મનું સેવન સતત કરવું જોઇએ અને તે પણ સત્કારપૂર્વક સેવન કરવું જોઇએ; અર્થાત્ બહુમાનપૂર્વક સેવન કરવું જોઇએ. અને શાસ્ત્રમાં બતાવેલ વિધિપૂર્વક પંચાચારનું પાલન થાય તો તેનાથી જીવના પરિણામરૂપ રત્નત્રયીની અવશ્ય ક્રમસર વૃદ્ધિ થાય છે અને એ શુદ્ધધર્મના સેવનરૂપ છે અને તેનાથી સંસારનો ઉચ્છેદ થાય છે.

અહીં પ્રશ્ન થાય કે આવો શુદ્ધધર્મ સતત માત્ર સાધુ જ સેવી શકે, પરંતુ શ્રાવક શુદ્ધધર્મ સતત સેવી શકે નહિ; કેમ કે શ્રાવક જેમ ધર્મનું સેવન કરે છે તેમ સંસારની પ્રવૃત્તિ પણ કરે છે. તેથી સ્થૂળ દૃષ્ટિથી વિચારીએ તો એમ જણાય કે શ્રાવકને સતત શુદ્ધધર્મ સંભવી શકે નહિ, તેથી શ્રાવક સંસારનો ઉચ્છેદ કરી શકે નહિ, એવી કોઇને શંકા થાય. તેથી ગ્રંથકાર કહે છે–

આ શુદ્ધધર્મનું પાલન શ્રાવક આદિને પણ અભિગ્રહના પાલનથી થઇ શકે છે; કેમ કે શ્રાવકને જીવનમાં અભિગ્રહનો ભાવ સતત વર્તે છે.

આશય એ છે કે, કોઇ વિવેકસંપન્ન શ્રાવક પોતાની ભૂમિકા અનુસાર ઉચિત વ્રતોને ગ્રહણ કરે, અને ગ્રહણ કરાયેલાં વ્રતોના પાલનનો પરિણામ જીવમાં સતત વર્તતો હોય, આવો જીવ જયારે સંસારની અન્ય પ્રવૃત્તિ કરતો હોય ત્યારે પણ, તે અભિગ્રહની મર્યાદાનું ઉલ્લંઘન ન થાય તે રીતે જ સંસારની પ્રવૃત્તિ કરે છે. તેથી સંસારની પ્રવૃત્તિના કાલમાં પણ અભિગ્રહનો ભાવ વિદ્યમાન હોય છે. તેથી શ્રાવકને પણ શુદ્ધધર્મની પ્રાપ્તિ સંભવી શકે.

અહીં શ્રાવકાદિમાં ‘આદિ’ પદથી અવિરતસમ્યગ્દૃષ્ટિ જીવને ગ્રહણ કરવાના છે. અવિરતસમ્યગ્દૃષ્ટિ જીવ ભગવાનની પૂજા આદિ વિષયક કે ગુરુની વૈયાવચ્ચ આદિ વિષયક કોઇક અભિગ્રહ ગ્રહણ કરે તે સંભવે છે, અને આ અભિગ્રહનો ભાવ તેના હૈયામાં સતત હોઇ શકે અને તેના બળથી જ તેને પણ શુદ્ધધર્મની પ્રાપ્તિ થઇ શકે. શ્રાવક ફક્ત અભિગ્રહ ગ્રહણ કરે એટલા માત્રથી શુદ્ધધર્મ થતો નથી, પરંતુ અભિગ્રહ ગ્રહણ કર્યા પછી ઔચિત્યપૂર્વક તે વ્રતોને સત્કારથી અને વિધિથી સેવતો હોય તો જીવમાં અવશ્ય શુદ્ધ ધર્મ પ્રગટે છે, જે સંસારના ઉચ્છેદનું કારણ બને છે.

અહીં વિશેષ એ છે કે સર્વવિરતિની લાલસાવાળો દેશવિરતિનો પરિણામ હોય તેવા શ્રાવકને તત્ત્વનો યથાર્થ બોધ છે, અને તેના કારણે જ તેનામાં સમ્યક્ત્વ ગુણ વર્તે છે અને તેથી મોક્ષ જ તેને સાર લાગે છે, અને મોક્ષના અનન્ય ઉપાયરૂપ સર્વવિરતિ ગ્રહણ કરવાની તેને તીવ્ર લાલસા હોય છે. આમ છતાં, સર્વવિરતિ પાળવા માટેનું સામર્થ્ય પોતાનામાં હોતું નથી અને તેથી શ્રાવકધર્મ પાળીને સર્વવિરતિના શક્તિના સંચય માટે યત્ન કરે છે. એવો શ્રાવક પોતાની શક્તિના પ્રકર્ષથી ઉત્તર ઉત્તર વિશેષ વિશેષ દેશવિરતિમાં યત્ન કરતો હોય, અને વિવેક હોવાના કારણે ઔચિત્યપૂર્વક, બહુમાનપૂર્વક અને શાસ્ત્રવિધિ અનુસાર અભિગ્રહમાં યત્ન કરતો હોય તેવા શ્રાવકમાં પણ શુદ્ધધર્મ છે, પરંતુ સાધુ કરતા નીચલી ભૂમિકાનો શુદ્ધ ધર્મ છે. સમ્યક્દૃષ્ટિને પણ શ્રાવકની જેમ સર્વવિરતિની તીવ્ર લાલસા હોય છે, આમ છતાં તેવું સત્ત્વ નહિ હોવાથી શ્રાવક ધર્મમાં યત્ન કરી શકતો નથી. તો પણ સમ્યક્ત્વને અનુરૂપ અભિગ્રહમાં યત્ન કરે છે, તેથી તેને પણ શ્રાવક કરતાં નીચલી ભૂમિકાનો શુદ્ધ ધર્મ છે, જેનાથી ભવનો અવશ્ય ઉચ્છેદ થાય છે.

**ટીકા :**

**शुद्धधर्मसंप्राप्तिः कुतः? इत्याह-सुद्धधम्मसंपत्ती पावकम्मविगमाओ । शुद्धधर्मो यथोदितः, तस्य सम्यक् प्राप्तिः संप्राप्तिः भावप्राप्तिरित्यर्थः । पापं कर्म मिथ्यात्वमोहनीयादि, तस्य विगमो विशिष्टो गमः, अपुनर्बन्धकत्वेन पृथग्भाव इति यावत्, तस्मात् पापकर्मविगमात् ।**

**ટીકાર્થ :**

**અહીં પ્રશ્ન થાય કે, શુદ્ધધર્મની પ્રાપ્તિ જીવને કઇ રીતે થાય ? તેથી કહે છે–**

**શુદ્ધ ધર્મની પ્રાપ્તિ પાપકર્મના વિગમનથી થાય છે.**

તેનો અર્થ સ્પષ્ટ કરતાં કહે છે–

**શુદ્ધધર્મ એટલે પૂર્વમાં કહેવાયેલો એવો ધર્મ=ઔચિત્યપૂર્વક સાતત્યથી, સત્કારથી અને વિધિપૂર્વક સેવન કરાયેલો રત્નત્રયીરૂપ ધર્મ, તેની સમ્યક્ પ્રાપ્તિ તે શુદ્ધધર્મની સંપ્રાપ્તિ છે અને તે શુદ્ધધર્મની પ્રાપ્તિ એ જ ભાવથી ધર્મની પ્રાપ્તિ છે.**

હવે પાપકર્મવિગમનનો અર્થ કરે છે–

**પાપકર્મ એટલે મિથ્યાત્વમોહનીય આદિ. તેનું વિગમન એટલે તેનો વિશિષ્ટ નાશ.**

વિશિષ્ટ નાશ શું છે તે સ્પષ્ટ કરે છે–

**અપુનર્બંધકપણા વડે કરીને જીવથી કર્મનો પૃથક્ભાવ તે વિગમન છે. તેવા પાપકર્મના વિગમનથી શુદ્ધધર્મની પ્રાપ્તિ થાય છે, એ પ્રકારનો અન્વય છે.**

★ '**मिथ्यात्वमोहनीयादि**' માં '**आदि**' પદથી ચારિત્રમોહનીય ગ્રહણ કરવાનું છે.

**ભાવાર્થ :**

જીવને શુદ્ધધર્મની પ્રાપ્તિ પાપકર્મના વિગમનથી થાય છે, ત્યાં શુદ્ધધર્મની પ્રાપ્તિનો અર્થ સ્પષ્ટ કરતાં કહે છે કે, પૂર્વમાં બતાવેલો શુદ્ધધર્મ જ્યારે જીવને ભાવથી પ્રાપ્ત થાય ત્યારે તે શુદ્ધધર્મની પ્રાપ્તિ છે.

આશય એ છે કે બાહ્ય આચરણારૂપ પંચાચારનું પાલન હોય, પરંતુ જીવમાં ક્ષયોપશમરૂપે શુદ્ધધર્મ પ્રગટ ન થયો હોય, તો શુદ્ધધર્મની પ્રાપ્તિ થઇ કહેવાય નહિ. ક્ષયોપશમરૂપે પ્રગટ થયેલો શુદ્ધધર્મ જ ક્રમસર વૃદ્ધિ પામીને ક્ષાયિક ધર્મ થાય છે, અને તેનાથી સંસારનો ઉચ્છેદ થાય છે; બાહ્ય આચરણારૂપ ધર્મ સંસારના ઉચ્છેદનું કારણ બનતો નથી.

આ શુદ્ધધર્મની પ્રાપ્તિ પાપકર્મના વિગમનથી થાય છે. અહીં પાપકર્મ એટલે મિથ્યાત્વમોહનીય આદિ ગ્રહણ કરવાનાં છે. અને આદિ શબ્દથી ચારિત્ર મોહનીય ગ્રહણ કરવાનું છે. અને તેનો વિશિષ્ટ નાશ તે પાપકર્મનું વિગમન છે.

વિશિષ્ટ નાશ શું છે તેનો અર્થ કરે છે કે અનુપર્બંધકપણા વડે કરીને જીવથી કર્મનો પૃથગ્ભાવ.

આશય એ છે કે મિથ્યાત્વદૃષ્ટિ જીવને પણ જ્યારે મિથ્યાત્વમોહનીયનો ઉદય વર્તે છે, ત્યારે તે ઉદયમાં વર્તતું મિથ્યાત્વમોહનીયકર્મ પોતાનો વિપાક દેખાડીને નાશ પામે છે, ત્યારે તે કર્મનો આત્માથી પૃથગ્ભાવ થાય છે, પરંતુ વિપાકમાં આવેલું મિથ્યાત્વમોહનીયકર્મ નવું મિથ્યાત્વમોહનીય બંધાવીને નાશ પામે છે, તેથી પુનર્બંધકપણા વડે કરીને તે કર્મનો નાશ કહેવાય. તેથી તે નાશ વિશિષ્ટ નાશ નથી, પણ સામાન્ય નાશ છે. અહીં આવો સામાન્ય નાશ ગ્રહણ કરવો નથી પરંતુ વિશિષ્ટ નાશ ગ્રહણ કરવો છે.

આ વિશિષ્ટ નાશ ક્યારે થાય ? જ્યારે જીવ મિથ્યાત્વમોહનીયનાં ઉદય સમયે તેનાથી વિરુદ્ધ સ્વવીર્યને પ્રવર્તાવે ત્યારે, તે મિથ્યાત્વમોહનીયનો ક્ષયોપશમભાવ પ્રગટે છે, અને તે વખતે મિથ્યાત્વના દળિયાં પ્રદેશોદયથી નાશ પામે છે. આવો મિથ્યાત્વમોહનીયનો નાશ ફરી મિથ્યાત્વમોહનીયનો બંધ કર્યા વગર થાય છે. તેથી તે નાશને અપુનર્બંધકપણા વડે કરીને પૃથકભાવરૂપ ગ્રહણ કરવાનો છે, અને આ નાશ વિશિષ્ટ નાશ કહેવાય, અને આવા નાશથી જ જીવમાં શુદ્ધધર્મનો પ્રાદુર્ભાવ થાય છે.

**ટીકા :**

**अयं पुनः कुत इत्याह-पावकम्मविगमो तहाभव्वत्तादिभावतो ( भावओ ) । पापकर्मविगमः यथोदितः, तथाभव्यत्वादिभावात् । भव्यत्वं नाम सिद्धिगमनयोग्यत्वमनादिपारिणामिको भावः । तथाभव्यत्वमिति विशिष्टमेतत्, कालादिभेदेनात्मनां बीजसिद्धिभावात् । आदिशब्दात् काल-नियति-कर्म-पुरुषकारपरिग्रहः ।**

"कालो सहाव नियई पुव्वक्यं पुरिसकारणेगंता ।
मिच्छत्तं ते चेव उ समासओ होति सम्मत्तं ॥१६४॥" इति उपदेशपदे

★ 'तहाभव्वत्तादिभावतो' ના સ્થાને 'तहाभव्वत्तादिभावओ' મૂળસૂત્ર પ્રમાણે જોઈએ.

**ટીકાર્થ :**

**વળી, આ પાપકર્મનો નાશ શેનાથી થાય ? એથી કરીને કહે છે–**

**પાપકર્મનું વિગમન 'તથાભવ્યત્વાદિ' ના પરિપાકથી થાય છે, એ મૂળસૂત્રનાં કથનને ગ્રહણ કરીને કહે છે, પાપકર્મનું વિગમન પૂર્વમાં બતાવેલ છે, તે જાણવું અને તે પાપકર્મનું વિગમન તથાભવ્યત્વાદિભાવથી થાય છે.**

**તેથી હવે 'ભવ્યત્વ' શું છે તે બતાવે છે–**

**'ભવ્યત્વ' એટલે સિદ્ધિગમનયોગ્યત્વરૂપ જીવનો અનાદિ પારિણામિક ભાવ, અને તથાભવ્યત્વ એટલે વિશિષ્ટ એવું આ=ભવ્યત્વ.**

તેમાં હેતુ બતાવે છે–

**કાલાદિભેદથી આત્માને બીજસિદ્ધિ હોવાથી દરેક જીવનું ભવ્યત્વ જુદું છે, તેથી તે તે જીવનું વિશિષ્ટભવ્યત્વ તે તે તેનું તથાભવ્યત્વ છે.**

★ અહીં '**कालादि**' માં '**आदि**' પદથી ક્ષેત્રાદિનું ગ્રહણ કરવાનું છે.

★ અહીં '**तथाभव्वत्तादिभावओ**' માં '**आदि**' પદથી કાલ, નિયતિ, કર્મ અને પુરુષકારનું=પ્રયત્નનું ગ્રહણ કરવું.

**પૂર્વમાં કહ્યું કે, તથાભવ્યત્વાદિ પદમાં 'આદિ' પદથી કાલ, કારણ, નિયતિ, કર્મ અને પુરુષકારનું વર્ણન કર્યું તે વાતમાં સાક્ષી આપતાં કહે છે–**

'ઉપદેશપદ'માં કહે છે– "કાલ, સ્વભાવ, નિયતિ, પૂર્વકૃત=કર્મ અને પુરુષ= પુરુષકાર આ પાંચ કારણરૂપ છે, અને તે એકાંતે ગ્રહણ મિથ્યાત્વરૂપ છે અને તેઓનું સમુદિત ગ્રહણ સમ્યક્ત્વ છે."

**ભાવાર્થ :**

પૂર્વમાં કહ્યું કે, પાપકર્મનું વિગમન શુદ્ધધર્મની પ્રાપ્તિથી થાય છે. ત્યાં પ્રશ્ન થાય કે પાપકર્મનો નાશ શેનાથી થાય છે ? તે બતાવતાં કહે છે– જીવના તથાભવ્યત્વ, કાળ, નિયતિ, કર્મ અને પુરુષકારથી પાપકર્મનો નાશ થાય છે.

આશય એ છે સ્વભાવ આદિ પાંચ કારણના યોગથી દરેક કાર્ય થાય છે, અને પાપકર્મનો નાશ તે પણ કાર્ય છે, તેથી સ્વભાવ આદિ પાંચ કારણથી પાપકર્મનો નાશ થાય છે. ભવ્યત્વ શબ્દથી સ્વભાવ ગ્રહણ કરવાનો છે, અને તથાભવ્યત્વ એટલે તેવા પ્રકારનું ભવ્યત્વ. તેવા પ્રકારનું ભવ્યત્વ એટલે જેવા પ્રકારનું કાર્ય થાય તેવા પ્રકારનું ભવ્યત્વ.

અહીં ભવ્યત્વનો અર્થ કરે છે– ભવ્યત્વ એટલે મોક્ષગમનની યોગ્યતારૂપ જીવનો અનાદિ પારિણામિક ભાવ. તે ભાવ જ ક્રમસર મિથ્યાત્વમોહનીય અને ચારિત્રમોહનીયનો નાશ કરીને મોક્ષરૂપ ફળમાં વિશ્રાંત થાય છે. અને આવું ભવ્યત્વ દરેક જીવનું જુદું જુદું છે, તેથી જ દરેક ભવ્યજીવ એક કાળમાં જ મોક્ષમાર્ગને પામીને સાધના કરીને સાથે જ મોક્ષમાં જતા નથી. જો દરેકનું ભવ્યત્વ સરખું જ હોય તો એક કાળમાં, એક ક્ષેત્રમાં અને એક જ સ્વરૂપે બધાને મોક્ષના બીજની સિદ્ધિ થાય, પરંતુ તેમ થતું નથી. તેથી દરેક જીવનું ભવ્યત્વ જુદું છે અને તે વ્યક્તિમાં રહેલું તે જીવનું ભવ્યત્વ તે તેનું 'તથાભવ્યત્વ' છે. અને તેવું ભવ્યત્વ જયારે કાળ, નિયતિ, કર્મ અને પુરુષકારરૂપ કારણને પ્રાપ્ત કરે છે ત્યારે પાંચ કારણોના સમુદાયથી પાપકર્મનું વિગમન થાય છે.

અહીં કર્મના વિશિષ્ટ નાશ માટે પાંચ કારણો આ રીતે હેતુ છે–

જીવમાં અનાદિકાળથી 'તથાભવ્યત્વ' છે, જે મોક્ષમાં જવાને યોગ્ય એવા જીવના સ્વભાવરૂપ છે, અને જયારે તે સ્વભાવ કાર્યરૂપે પરિણામ પામે તેવો કાળ પાકે, ત્યારે તેને અનુકુળ 'કાળ'ની પ્રાપ્તિ થઈ કહેવાય. અને જે નિયતકાળે અને નિયત સંયોગોથી જીવના પાપકર્મનો નાશ થવાનો છે, તે નિયતકાળે અને નિયત સામગ્રીથી કર્મનો નાશ 'નિયતિથી' થાય છે, અને તે વખતે તે કર્મ પણ નાશ પામે એવા સોપક્રમ પરિણામવાળા હોય છે ત્યારે તે 'કર્મ' નો નાશ થઈ શકે છે. તેથી તે કર્મનાશની પ્રાપ્તિમાં સોપક્રમ કર્મ પણ હેતુ છે. સોપક્રમ કર્મ પણ પોતાની મેળે નાશ પામતું નથી પણ જીવના પ્રયત્નથી ક્ષયોપશમ આદિ ભાવોને પામીને નાશ પામે છે, તેથી જીવનો 'પ્રયત્ન' પણ પાપકર્મનાશમાં કારણ છે.

આ રીતે પાપકર્મનાશમાં જીવનો તથાભવ્યત્વરૂપ સ્વભાવ, કાળનો પરિપાક, જીવના પરિણામરૂપ નિયતિ અને જીવનો પુરુષકાર=પ્રયત્ન જયારે પ્રગટ થાય છે, ત્યારે પાપકર્મનો નાશ થાય છે.

પાંચ કારણના સ્વીકાર માટે 'ઉપદેશપદ' ની સાક્ષીનો પાઠ આપ્યો છે, તેનો ભાવ એ છે કે કાલ સ્વભાવઆદિ પાંચે કારણો કોઈ એકાંતે સ્વીકારે તો તેનો તે સ્વીકાર મિથ્યાત્વરૂપ છે. કેમ કે કાર્ય તે પાંચમાં કોઈ એક કારણથી થતું નથી પરંતુ સમુદિત એવાં પાંચે કારણોથી થાય છે. અને તેથી જ કહ્યું કે, કોઈ વ્યક્તિ કાર્ય પ્રત્યે સમુદિત રીતે પાંચે કારણને સ્વીકારે તો તેનો તે સ્વીકાર સમ્યક્ સ્વીકાર છે, અને આ કથનથી એ પ્રાપ્ત થયું કે, કાર્ય પ્રત્યે સર્વત્ર પાંચ કારણો છે, તેમ પ્રસ્તુતમાં પાપકર્મના નાશ પ્રત્યે પણ પાંચ કારણો છે. અને આથી જ તથાભવ્યત્વઆદિમાં '**आदि**' પદથી કાલ આદિ ચાર કારણોનું ગ્રહણ છે.

**અવતરણિકા :**

**साध्यव्याधिकल्पत्वात् तथाभव्यत्वस्य विपाकसाधनान्याह –**

**અવતરણિકાર્થ :**

**તથાભવ્યત્વ સાધ્ય વ્યાધિ જેવું હોવાથી તેના વિપાકના સાધનો કહે છે–**

**ભાવાર્થ :**

પૂર્વમાં સ્થાપન કર્યું કે, તથાભવ્યત્વાદિના ભાવથી પાપકર્મનો નાશ થાય છે અને તથાભવ્યત્વાદિમાં '**आदि**' પદથી બાકીનાં ચાર કારણો ગ્રહણ કરવાના છે. તે-ચાર કારણ અંતર્ગત જીવનો પ્રયત્ન પણ કારણ છે, અને તથાભવ્યત્વ એ સાધ્યવ્યાધિ જેવું હોવાથી તથાભવ્યત્વને ખીલવવા માટે કેવો પ્રયત્ન આવશ્યક છે, તે બતાવવા માટે તથાભવ્યત્વના વિપાકના સાધનોને કહે છે.

આશય એ છે કે ઔષધાદિમાં યત્ન કરીને સાધ્યવ્યાધિ મટાડી શકાય છે, તેમ તથાભવ્યત્વાદિને પણ પ્રયત્નથી ફળરૂપે પરિણમન પમાડી શકાય છે, અને તથાભવ્યત્વાદિ જો ફળરૂપે પરિણમન પામે તો પાપકર્મનો નાશ થાય. તેથી પાપકર્મના નાશનો અર્થી જીવ પોતાનામાં રહેલા તથાભવ્યત્વને ફળરૂપે પરિણમન પમાડવાના ઉપાયો શું છે તે જાણવાની જિજ્ઞાસા રાખે. તેથી પોતાનામાં રહેલા તથાભવ્યત્વાદિને, ફળને અભિમુખ બનાવવાના ઉપાયો ગ્રંથકાર બતાવે છે.

**સૂત્ર :**

तस्स पुण विवागसाहणाणि-चउसरणगमणं, दुक्कडगरिहा, सुकडासेवणं। अओ कायव्वमिणं होउकामेणं सया सुप्पणिहाणं, भुज्जो भुज्जो संकिलिसे, तिकालमसंकिलिसे।

**સૂત્રાર્થ :**

**તેનાં વળી,=તથાભવ્યત્વનાં વળી, વિપાકનાં સાધનો ચતુઃશરણગમન, દુષ્કૃતગર્હા અને સુકૃતનું આસેવન છે. આથી કરીને આ=ચતુઃશરણગમન આદિ સુપ્રણિધાનપૂર્વક સદા કરવાં જોઇએ. તે ક્યારે કરવા જોઇએ તે બતાવે છે. સંક્લેશમાં વારંવાર કરવાં જોઇએ અને અસંક્લેશમાં ત્રિકાલ કરવાં જોઇએ.**

**ટીકા :**

**तस्स पुण विवागसाधणाणि**, तस्य पुनः तथाभव्यत्वस्य विपाकसाधनानि अनुभावकारणानि। कानि तानि? इत्याह-**चतुसरणगमणं**, चतुर्णामर्हत्-सिद्ध-साधु-केवलिप्रज्ञप्तधर्माणां शरणगमनं प्रधानशरणोपगम इत्यर्थः। महानयं प्रत्यपाये परिरक्षणोपायः।

**ટીકાર્થ :**

વળી, તેનાં=તથાભવ્યત્વનાં, વિપાકનાં સાધનો ચતુઃશરણગમનઆદિ છે એમ અન્વય છે અને તે જ અર્થ સ્પષ્ટ કરે છે–

તેનાં=તથાભવ્યત્વનાં, વિપાક સાધનો=અનુભાવ કારણો=તથાભવ્યત્વાદિને કાર્યને અભિમુખ કરવાના કારણો કયા છે ? એથી કરીને કહે છે–

ચારનું શરણગમન=અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવલી ભગવંતથી કહેવાયેલા ધર્મનું શરણગમન=પ્રધાનશરણ સ્વીકાર=દ્રવ્યથી શરણ નહિ કે શબ્દોથી શરણ નહિ પણ ભાવથી શરણ તે જ પ્રધાનશરણ સ્વીકાર છે અને આ =પ્રધાનશરણ સ્વીકાર આપત્તિમાં=સંસાર પરિભ્રમણરૂપ આપત્તિમાં, પરિરક્ષણનો મહાન ઉપાય છે.

**ઉત્થાન :**

વળી, તથાભવ્યત્વનાં વિપાકનું સાધન દુષ્કૃતગર્હા છે, તેને સ્પષ્ટ કરે છે–

**ટીકા :**

**तथा दुक्कडगरहा**, दुष्कृतेष्विहपरभवकृतेषु गर्हा अकर्त्तव्यबुद्धिसारा परसाक्षिकी तथानिवेदनाप्रतिपत्तिर्दुष्कृतगर्हा । अप्रतिहतेयं कर्मानुबन्धापनयने इति कर्त्तव्या ।

**ટીકાર્થ :**

આ ભવ અને પરભવમાં કરાયેલા દુષ્કૃતના વિષયમાં ગર્હા=દુષ્કૃત પ્રત્યે અકર્તવ્યબુદ્ધિપ્રધાન પરસાક્ષિકી તેવા પ્રકારની નિવેદનાથી પ્રતિપ્રત્તિ=પાપનો સ્વીકાર, એ દુષ્કૃતગર્હા છે.

દુષ્કૃતગર્હા શા માટે કરવી જોઈએ, તેથી કહે છે–

કર્મના અનુબંધના અપનયનમાં આ=દુષ્કૃતગર્હા, અપ્રતિહત છે. એથી કરીને દુષ્કૃતગર્હા કરવી જોઈએ.

**ઉત્થાન :**

હવે તથાભવ્યત્વના વિપાકના સાધનરૂપ સુકૃતના આસેવનને બતાવે છે–

**ટીકા :**

**तथा सुकडासेवणं**,सुकृतस्य=सति विवेके नियमभाविनोऽखण्डभावसिद्धेः परकृतानुमोदनरूपस्य आसेवनं सुकृतासेवनम् । महदेतत् कुशलाशयनिबन्धनमिति परिभावनीयम् ।

**ટીકાર્થ :**

સુકૃતઆસેવનનો અર્થ કરે છે–

વિવેક હોતે છતે નિયમભાવિ એવા અખંડભાવની સિદ્ધિ હોવાથી પરકૃત એવા સુકૃતના અનુમોદનરૂપ સુકૃતનું આસેવન તે સુકૃતઆસેવન છે.

સુકૃતઆસેવન શા માટે કરવું જોઈએ તે કહે છે–

આ=સુકૃતનું આસેવન, મહાન કુશલ આશયનું કારણ છે, એ પ્રમાણે પરિભાવન કરવું જોઈએ.

**ઉત્થાન :**

અહીં પ્રશ્ન થાય કે સ્વયં સુકૃતઆસેવનને અહીં ગ્રહણ ન કરતાં, બીજા વડે કરાયેલા એવા સુકૃતના અનુમોદનરૂપ સુકૃતઆસેવનને અહીં ગ્રહણ કેમ કરેલ છે ? તેથી કહે છે–

**ટીકા :**

**कृत-कारिता-ऽनुमतिभेदभिन्ने हि पुण्य-पापे ।**

**ટીકાર્થ :**

**કૃતિ-કારિત અને અનુમતિના ભેદવાળાં પુણ્ય અને પાપ છે.**

**ઉત્થાન :**

આ રીતે ચતુઃશરણગમન, દુષ્કૃતગર્હા અને સુકૃતનું સેવન બતાવ્યા પછી આ ત્રણ દ્વારા તથાભવ્યત્વનો પરિપાક કઇ રીતે થાય છે, તે બતાવે છે–

**ટીકા :**

**एभिस्तत्तथास्वाभाव्यात् साध्यव्याधिवत् तथाभव्यत्वं परिपाच्यते इति ।**

**ટીકાર્થ :**

**આના વડે=ચતુઃશરણગમન, દુષ્કૃતગર્હા અને સુકૃતઅનુમોદના વડે તથાભવ્યત્વનો પરિપાક થાય છે; કેમ કે સાધ્યવ્યાધિની જેમ તેનો = તથાભવ્યત્વનો તેવો સ્વભાવ છે.**

'**इति**' શબ્દ તથાભવ્યત્વના વિપાકનાં સાધનોના કથનની સમાપ્તિ માટે છે.

**ભાવાર્થ :**

સંસાર દુઃખરૂપ છે, તેથી તેનો ઉચ્છેદ કરવો આવશ્યક છે, અને તેના ઉચ્છેદના ઉપાયરૂપે શુદ્ધધર્મની પ્રાપ્તિ આવશ્યક છે. શુદ્ધધર્મની પ્રાપ્તિ માટે પાપકર્મનો નાશ આવશ્યક છે, પાપકર્મનો નાશ તથાભવ્યત્વાદિ પાંચ કારણોથી થાય છે, અને જીવના પ્રયત્નથી તથાભવ્યત્વનો પરિપાક કરવામાં આવે ત્યારે પાંચ કારણોનો યોગ થાય છે, માટે તથાભવ્યત્વના પરિપાક અર્થે જીવે પ્રયત્ન કરવો આવશ્યક છે અને તે પ્રયત્ન ક્યાં કરવો જોઇએ તે અહીં બતાવે છે–

તથાભવ્યત્વના પરિપાક અર્થે ત્રણ વસ્તુઓમાં પ્રયત્ન કરવો જોઈએ.

૧. ચતુઃશરણગમન,

૨. દુષ્કૃતગર્હા અને

૩. સુકૃતનું આસેવન.

અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવલી ભગવંતથી કહેવાયેલ ધર્મ, આ ચાર શરણ કરવા યોગ્ય છે. જેમ સંસારમાં નાના રાજાને બળવાન રાજાથી ભય હોય ત્યારે તે બલવાન રાજા કરતાં અન્ય વધુ બલવાન રાજાનું શરણ મળે તો તે નિર્ભય બને છે, અને તેના શત્રુ રાજાથી તેને ઉપદ્રવ થતો નથી. કેમ કે શત્રુ રાજા જાણે છે કે મારા કરતાં બળવાન રાજાનું આને શરણ મળ્યું છે. તે રીતે જીવ સંસારમાં પોતાના કરતાં બળવાન એવા કર્મથી ઉપદ્રવ પામે છે, આમ છતાં બળવાન એવા અરિહંતાદિ ચારનું ભાવથી શરણ જીવને પ્રાપ્ત થાય, તો કર્મ તેને કદર્થના કરી શકતું નથી. પરંતુ જ્યાં સુધી જીવ સાધના કરીને સર્વકર્મનો નાશ ન કરી શકે ત્યાં સુધી તે કર્મ પણ જીવને હંમેશાં અનુકૂળ રીતે જ વર્તે છે.

જે જીવ ઉપયોગપૂર્વક ચારનું શરણું ગ્રહણ કરે અને તેને ભાવથી શરણનો પરિણામ પ્રગટ થાય તો કર્મોથી તેને ઉપદ્રવ થતો નથી, અને આરામથી કર્મનાશ માટે તે યત્ન કરી શકે છે, અને તે યત્નમાં સહાયક થાય તેવાં જ કર્મ તે બાંધે છે, જેથી કર્મોની સહાયતાના બળથી જ પોતાનું કાર્ય સાધી શકે છે. તેથી પોતાના તથાભવ્યત્વને ખીલવવા માટે પ્રથમ ઉપાયરૂપે અરિહંત આદિ ચારનું ભાવથી શરણ સ્વીકારવાનું છે.

તે ચારનું ભાવથી શરણ આ રીતે પ્રાપ્ત થાય–

જગતમાં લોકોત્તમ એવા પૂર્ણ પુરુષ અરિહંત છે, તેમનું સ્વરૂપ બુદ્ધિ સામે ઉપસ્થિત કરીને, સર્વકર્મથી રહિત એવા શુદ્ધ આત્મસ્વરૂપ સિદ્ધ ભગવંતો છે, તેમનું સ્વરૂપ ઉપસ્થિત કરીને, સિદ્ધ અવસ્થાને પ્રગટ કરવા માટે સર્વશક્તિથી પ્રયત્ન કરનારા સાધુભગવંતો છે, તેમનું સ્વરૂપ ઉપસ્થિત કરીને અને સિદ્ધ અવસ્થાની પ્રાપ્તિમાં અનન્યકારણરૂપ એવો કેવલીથી કહેવાયેલો ધર્મ છે, તેનું સ્વરૂપ ઉપસ્થિત કરીને જે જીવ તેઓના પ્રત્યે અત્યંત બહુમાન ધારણ કરે છે અને તેઓના સ્વરૂપથી પોતાના આત્માને અત્યંત વાસિત કરવા યત્ન કરે છે, ત્યારે તેનો આત્મા ઉપયોગરૂપે તે ચારના સ્વરૂપમાં તન્મયભાવને પામે છે, અને તે જ તેઓનું ભાવથી શરણ છે.

વળી 'લલિતવિસ્તરા' ગ્રંથમાં 'સરણદયાણં' નો અર્થ કરતાં બતાવ્યું કે શરણું એટલે 'વિવિદિષા'. તેનાથી એ પ્રાપ્ત થાય કે અરિહંત આદિ ચારના સ્વરૂપને સમ્યક્ જાણવા માટે જીવનો કરાતો ઊહાપોહ તે વિવિદિષા છે, અને તે જ ભાવથી શરણ છે. અને આ રીતે અરિહંતાદિ ચારનું પ્રધાન શરણ સ્વીકારવાથી જીવનું તથાભવ્યત્વ સંસારના ઉચ્છેદ માટે કાંઈક પ્રવૃત્ત થાય છે. તેથી આ ચારના શરણને તથાભવ્યત્વના પરિપાકના ઉપાયરૂપે કહેલ છે.

આ રીતે ચારનું શરણ બતાવ્યા પછી, જીવમાં અનાદિકાલથી પાપ કરવાની જે મનોવૃત્તિ પડી છે, અને જેના કારણે જ આ સંસાર જીવે છે, તે પાપની મનોવૃત્તિના નાશ અર્થે દુષ્કૃતગર્હા કરવાની છે, તે બતાવે છે.

દુષ્કૃતગર્હા આભવમાં અને પરભવમાં કરાયેલા બધાં જ દુષ્કૃતોની કરવાની છે. આભવમાં કરાયેલા દુષ્કૃતો યાદ કરીને જેની ઉપસ્થિતિ થાય તેની અરિહંત સિદ્ધની સાક્ષીએ ગર્હા કરવાની છે, અને જેની ઉપસ્થિતિ ન થાય તેવાં દુષ્કૃતોની પણ સામાન્યથી ગર્હા કરવાની છે. પ્રાયઃ કરીને જીવને પરભવના કોઈ દુષ્કૃત ઉપસ્થિત હોતાં નથી, તો પણ જે જે પ્રકારનાં દુષ્કૃતો છે તે સર્વને યાદ કરીને તેમાંથી જે કોઈ દુષ્કૃત મારા વડે કરાયાં હોય તેની ગર્હા કરવાની છે. આ પ્રકારની ગર્હા કરવાથી દુષ્કૃત પરત્વેનું જીવનું વલણ શિથિલ થાય છે, ભૂતકાળમાં દુષ્કૃતના સેવનકાળમાં આત્મા ઉપર પડેલા સંસ્કારો દુષ્કૃતગર્હાથી શિથિલ થાય છે અથવા નાશ પામે છે, અને તે દુષ્કૃતથી બંધાયેલું પાપ શિથિલ થાય છે અથવા નાશ પામે છે, જેથી જીવનું તથાભવ્યત્વ પરિપાક પામે છે; કેમ કે દુષ્કૃતથી વિમુખ થયેલો જીવ જ સંસારના ઉચ્છેદ માટે સમર્થ બને છે.

વળી, આ દુષ્કૃતગર્હાનું સ્વરૂપ શું છે, તે બતાવે છે–

દુષ્કૃતમાં અકર્તવ્યબુદ્ધિપ્રધાન એવી અરિહંત, સિદ્ધ આદિની સાક્ષીપૂર્વક તે પ્રકારના નિવેદનથી દુષ્કૃતનો સ્વીકાર તે દુષ્કૃતગર્હા છે.

આશય એ છે કે જે પ્રકારે, જે ક્રમથી, જે જે દુષ્કૃત કર્યા છે તે તે સર્વ દુષ્કૃતોને યાદ કરીને, અરિહંત-સિદ્ધને બુદ્ધિથી ઉપસ્થિત કરીને, સાક્ષાત નિવેદન કરતો હોય કે "મેં આ દુષ્કૃત કર્યું છે" અને તે સ્વીકારતી વખતે "આ દુષ્કૃત અકર્તવ્ય છે" એવી પોતાને અત્યંત બુદ્ધિ પેદા થાય તે પ્રકારના ઉપયોગપૂર્વક

અરિહંત-સિદ્ધની સમક્ષ દુષ્કૃતની ગર્હા કરવાની છે. તેમ જ જે દુષ્કૃત પોતાને યાદ આવતાં નથી અને પૂર્વના ભવોમાં જે દુષ્કૃત પોતાના વડે કરાયાં હોય તે સર્વને સામાન્યથી યાદ કરી અરિહંત-સિદ્ધની સાક્ષીએ તેની ગર્હા કરવાની છે.

જો કે આ ચતુઃશરણગમન અને દુષ્કૃતગર્હા જીવને ત્રિકાળ કરવાની છે, પરંતુ દર વખતે અરિહંત-સિદ્ધ આદિ પાસે જઈને જ કરવાનું શક્ય હોતું નથી, તેથી અરિહંત, સિદ્ધ અને ગુરુ આદિની સાક્ષીએ હું દુષ્કૃત ગર્હા કરું છું, તે પ્રકારનો સંકલ્પ કરીને દુષ્કૃતગર્હા કરવાની છે.

આ દુષ્કૃતગર્હા કરવાનું પ્રયોજન શું છે ? તેથી કહે છે–

કર્મના અનુબંધને દૂર કરવા માટે અપ્રતિહત સામર્થ્યવાળી આ દુષ્કૃતગર્હા છે, એથી દુષ્કૃતગર્હા કરવી જોઈએ.

આશય એ છે કે દુષ્કૃતમાં અકર્તવ્ય બુદ્ધિપૂર્વક કોઈ દુષ્કૃતગર્હા કરતું હોય તો પાપકર્મનો પ્રવાહ અવશ્ય અટકી જાય છે. એથી કરીને સંસારનો ઉચ્છેદ થાય છે. માટે તથાભવ્યત્વના પરિપાક માટે દુષ્કૃતગર્હા કરવી જોઈએ.

હવે તથાભવ્યત્વના પરિપાકના ઉપાયરૂપે સુકૃતઆસેવનનું સ્વરૂપ બતાવે છે–

અહીં સુકૃતઆસેવનથી સામાયિક, પૂજા આદિ પોતે કરેલા સુકૃતઆસેવનને ગ્રહણ કરવાનું નથી, પરંતુ બીજા વડે કરાયેલા સુકૃતોના આસેવનની અનુમોદના-રૂપ 'સુકૃતનું આસેવન' ગ્રહણ કરવાનું છે.

અહીં પ્રશ્ન થાય કે સુકૃતના આસેવનથી જેમ બીજાનાં કરાયેલાં સુકૃતોના અનુમોદનરૂપ સુકૃત ગ્રહણ થાય, તેમ પોતે સામાયિક, પૂજા આદિ કરે તે સુકૃત કેમ ગ્રહણ કરવાં નથી ? તેથી કહે છે–

વિવેક હોતે છતે નિયમભાવિ એવા અખંડભાવની સિદ્ધિ હોવાથી, પર વડે સેવાયેલાં એવાં સુકૃતના અનુમોદનરૂપ સુકૃતના આસેવનને અહીં ગ્રહણ કરવું છે.

આશય એ છે કે જે જીવને અરિહંતથી માંડીને અપુનર્બંધક સુધીના તમામ જીવોનાં સુકૃત પ્રત્યે અત્યંત પક્ષપાત થાય, અને તેના કારણે તેમના સુકૃતના અનુમોદનનો અધ્યવસાય ઊઠે તો નિયમભાવિ અખંડ સુકૃત ભાવની પ્રાપ્તિ થાય; કેમ કે પોતાને તમામ સુકૃત પ્રત્યે પક્ષપાત છે. અને તે પક્ષપાત, શક્તિના પ્રકર્ષથી

સુકૃતમાં પક્ષપાત કરાવીને નિયમા પોતાનામાં તે સુકૃતો પ્રગટ કરશે, તેથી પરિપૂર્ણ સુકૃતભાવ પોતાનામાં અવશ્ય પ્રગટ થશે. આથી સુકૃત પ્રત્યેનો તીવ્ર પક્ષપાત, કરવાથી જીવને અખંડ સુકૃતભાવની પ્રાપ્તિ થશે.

જો કોઇ જીવ પોતે સામાયિક, પૂજા આદિ સુકૃત કરતો હોય છતાં તમામ સુકૃતો પ્રત્યે તીવ્ર પક્ષપાત ન હોય, તો તેનામાં પૂર્ણ ભૂમિકાનું સુકૃત આવિર્ભાવ પામે નહિ. જ્યારે અહીં તો પરાકોટિનાં સુકૃતથી માંડીને પ્રારંભિક ભૂમિકાના સુકૃતો જે જે જીવોમાં છે તે સર્વ સુકૃતોની અનુમોદના કરીને વિવેકપૂર્વક તે સુકૃતોને અભિમુખ આત્માને પ્રગટ કરવો છે અને તે પ્રગટ થયેલો આત્મા શક્તિનાં પ્રકર્ષથી સુકૃતને સેવીને અવશ્ય પૂર્ણ ભાવને પ્રાપ્ત કરશે. તેથી સુકૃતના અનુમોદનરૂપ સુકૃતના આસેવનને તથાભવ્યત્વના પરિપાકના ઉપાયરૂપે અહીં કહેલ છે.

આ સુકૃત અનુમોદના મોટા કુશલ આશયનું કારણ છે એ પ્રકારે પરિભાવન કરવું જોઇએ.

આશય એ છે કે કોઇ જીવ સામાયિક, પૂજા આદિ સુકૃત સેવતો હોય તો તે સામાયિક આદિનો પરિણામ કુશલ આશયરૂપ છે, પણ અરિહંતથી માંડીને અપુનર્બંધક સુધીના તમામ સુકૃતવાળા જીવોના સુકૃતની અનુમોદના એ મહાન કુશલ આશયનું કારણ છે; કેમ કે આ રીતે કરાયેલું સુકૃતનું અનુમોદન તમામ સુકૃત પ્રત્યે પક્ષપાતનો પરિણામ પેદા કરે છે, અને તે પક્ષપાત જ પ્રકર્ષને પામીને પૂર્ણભાવનું કારણ છે. માટે મહાન કુશલ આશયનું આ સુકૃત આસેવન કારણ છે, એ પ્રકારે સૂક્ષ્મબુદ્ધિથી વિચારવું જોઇએ.

પુણ્ય અને પાપનો બંધ જેમ પુણ્ય અને પાપને અનુરૂપ કૃત્યો કરવાથી થાય છે, તેમ તેવાં જ કૃત્યો બીજા પાસે કરાવવાથી કે કોઇ તેવાં કૃત્યો કરતા હોય તેની અનુમોદના કરવાથી પણ થાય છે. તેથી અહીં સુકૃતનું આસેવન તે સુકૃતના સેવનરૂપ ગ્રહણ ન કરતાં બીજાનાં કરાયેલાં સુકૃતના અનુમોદનરૂપ ગ્રહણ કરેલ છે અને જે જીવ વિવેકપૂર્વક બીજાનાં કરાયેલાં સુકૃતની અનુમોદના કરે તેને તેનાથી પોતાનામાં બીજાના સુકૃતની અનુમોદનાનો અધ્યવસાય અવશ્ય પ્રગટ થાય છે તેથી જેમ સુકૃતનાં સેવનથી વિશિષ્ટ પુણ્યબંધ થાય છે, તેમ બીજાના

કરાયેલાં સુકૃતના અનુમોદનથી પણ વિશિષ્ટ પુણ્ય બંધાય છે, તે બતાવવા માટે જ અહીં કહે છે કે કરણ, કરાવણ અને અનુમતિના ભેદવાળાં પુણ્ય-પાપ છે.

આ રીતે ચતુઃશરણગમન, દુષ્કૃતગર્હા અને સુકૃતનું આસેવન બતાવ્યા પછી આ ત્રણેથી તથાભવ્યત્વનો પરિપાક કઇ રીતે થાય છે તે બતાવે છે–

જેમ સાધ્યવ્યાધિ ઉચિત ઔષધિના સેવનથી ક્રમસર નાશ પામે છે અને જીવમાં આરોગ્ય પ્રગટે છે, તેમ જીવમાં રહેલું તથાભવ્યત્વ ચતુઃશરણગમન આદિ ત્રણ દ્વારા ખીલે છે, અને તેથી ક્રમસર ભાવરોગ ઘટતો જાય છે. અને ભાવરોગ ઘટવાને કારણે જીવમાં અંશે અંશે ભાવઆરોગ્ય પ્રગટે છે, અને અંતે સંપૂર્ણ ભાવરોગનો નાશ થાય ત્યારે જીવને તથાભવ્યત્વ આદિના ફળરૂપે મોક્ષની પ્રાપ્તિ થાય છે, અને આનું કારણ જીવમાં રહેલી મોક્ષમાં જવાની યોગ્યતાનો તેવો જ સ્વભાવ છે કે વિધિપૂર્વક ચતુઃશરણગમન આદિમાં યત્ન કરવામાં આવે તો અવશ્ય તે પરિપાકને પામે=તથાભવ્યત્વ મોક્ષરૂપ ફલને નજીક પરિણમન પામે અને આ પરિપાક જ ઉત્તરોત્તર વૃદ્ધિને પામીને અંતે મોક્ષરૂપફળમાં વિશ્રાંત થાય છે તેથી ચતુઃશરણગમનઆદિ ત્રણથી તથાભવ્યત્વનો પરિપાક થાય છે.

અહીં ચતુઃશરણગમન શત્રુભૂત એવાં કર્મોનો નાશ કરવા માટે જીવને બળ આપે છે. આથી કહ્યું કે ચતુઃશરણગમન આપત્તિમાં મહાન પરિરક્ષણનો ઉપાય છે. તે આ રીતે–

જીવ-અત્યારે કર્મોનાં સકંજામાં છે, અને તેથી તે વર્તમાનમાં કર્મોથી કદર્થના પામી રહ્યો છે ત્યારે ચતુઃશરણગમનથી તે રક્ષણને પામે છે.

હવે રક્ષણને પામ્યા પછી દુષ્કૃતગર્હાથી કર્મોની અનુબંધશક્તિનો નાશ કરે છે. તેથી અત્યાર સુધી કર્મો પોતાનો પ્રવાહ ચલાવી શકતાં હતાં તે હવે અસમર્થ બને છે. તેથી સુપ્રણિધાનપૂર્વક દુષ્કૃતગર્હા કરવામાં આવે તો અવશ્ય કર્મોની પ્રવાહ ચલાવવાની શક્તિ દૂર થાય છે, અને ત્યારપછી સુકૃતના અનુમોદન દ્વારા જીવ આત્માના ગુણો પ્રત્યે પક્ષપાતવાળો થાય છે, જેનાથી જીવમાં રહેલી મોક્ષમાં જવાની યોગ્યતા ખીલવા માંડે છે અને તે જ તથાભવ્યત્વનો પરિપાક છે.

અહીં પ્રશ્ન થાય કે જીવ અનાદિકાળમાં અનંતી વખત જેમ સાધુપણું પાળીને નવમા ગ્રૈવેયકમાં ગયો તેમ શાસ્ત્રોના શ્રવણથી ચતુઃશરણગમન આદિ પણ પ્રાયે

કરીને અનંત વખત કરેલ છે, તો પણ તેનાથી તેના તથાભવ્યત્વનો પરિપાક અત્યાર સુધી કેમ ન થયો ? અને શું કરીએ તો તથાભવ્યત્વનો પરિપાક થાય ? તેનું સમાધાન આ પ્રમાણે છે–

જીવમાં રહેલી તથાભવ્યતા ચરમાવર્તથી દૂરના કાળમાં પરિપાક પામે તેવી હતી નહિ; કેમ કે ચરમાવર્ત બહારના જીવોને સંસારના ભોગોથી રહિત એવો મોક્ષ સારરૂપ છે તેવી બુદ્ધિ કરાવવી જ અશક્ય છે. કેમ કે તે વખતે તેઓ ઉપર ગાઢ ભાવમલ રહેલો છે, અને તેથી સુપ્રણિધાનપૂર્વક ચતુઃશરણગમન આદિ તેઓ કરી શકતા નથી. પરંતુ જ્યારે કાંઈક ભાવમલ ઓછો થાય છે ત્યારે, શાસ્ત્રવચન સાંભળીને આ સંસાર દુઃખરૂપ, દુઃખફલવાળો અને દુઃખાનુબંધવાળો છે તેવું તેઓને જણાય છે, અને તેના ઉચ્છેદ માટે જ શુદ્ધધર્મની ઇચ્છા થાય છે, અને તેની પ્રાપ્તિના ઉપાયરૂપે પાપકર્મનું વિગમન કારણ છે તેમ શાસ્ત્રવચનથી સાંભળીને, પાપકર્મના વિગમન અર્થે મારે તથાભવ્યત્વનો પરિપાક કરવો જોઇએ તેવી બુદ્ધિ થાય છે ત્યારે તેવી બુદ્ધિપૂર્વક ચતુઃશરણગમન આદિમાં યત્ન કરવામાં આવે તો, તેના ઉપયોગની તીવ્રતા મંદતા પ્રમાણે અવશ્ય પાપકર્મનું વિગમન થાય છે. જો તીવ્ર ઉપયોગ હોય તો ઘણા પાપકર્મનું વિગમન થાય, અને જો મંદ ઉપયોગ હોય તો અલ્પ પાપકર્મનું વિગમન થાય છે, અને આ ઉપયોગને માર્ગાનુસારી બનાવવા માટે ચતુઃશરણગમન આદિનું યથાર્થ જ્ઞાન ઉપયોગી છે.

**ટીકા :**

यत एवम् । **अओ कायव्वमिणं होउकामेणं** । यस्मादुक्तवदधिकृततत्त्वसिद्धिः अतः अस्मात् कारणात् कर्त्तव्यम् इदं वक्ष्यमाणं भवितुकामेन मोक्षार्थिना भव्यसत्त्वेन । कथं कर्त्तव्यम्? इत्याह-**सया सुप्पणिहाणं** । सदा=सर्वकालं, सुप्रणिधानम्=शोभनेन प्रणिधानेन, नात्र कालो नियम्यते किन्तु सुप्रणिधानमिति यदा यदा क्रियते तदा तदा सुप्रणिधानं कर्त्तव्यमित्यर्थः, सुप्रणिधानस्य फलसिद्धौ प्रधानाङ्गत्वात् । उक्तं च-

प्रणिधानकृतं कर्म मतं तीव्रविपाकवत् ।
सानुबन्धननियमाच्छुभांशाच्चैतदेव तत् ॥ [ ]

★ પૂર્વમાં સ્થાપન કર્યું કે ચતુઃશરણગમન આદિ ત્રણ દ્વારા તથાભવ્યત્વનો પરિપાક થાય છે. તેનું જોડાણ કરવા માટે '**यत एवम्**' ટીકાકારે લખેલ છે અને ત્યારપછી મૂળગ્રંથનું લખાણ '**अओ कायव्वमिणं होउकामेणं**' પ્રતિકરૂપે ગ્રહણ કરેલ છે. હવે તેનો અર્થ કરતાં પ્રથમ '**यत एवम्**' નો અર્થ સ્પષ્ટ કરે છે.

**ટીકાર્થ :**

**જે કારણથી ઉપરમાં કહ્યું એ રીતે અધિકૃત તત્ત્વની સિદ્ધિ છે=તથાભવ્યત્વના પરિપાકરૂપ જે અધિકૃત તત્ત્વ છે તેની સિદ્ધિ છે, આથી કરીને આ=આગળમાં કહેવાશે એ="जावज्जीवं ... अरहंतासरणं" થી માંડીને પ્રથમ સૂત્ર પુરું થાય ત્યાં સુધી કહેવાશે એ, મોક્ષાર્થી એવા ભવ્ય જીવે કરવું જોઈએ.**

કેવી રીતે કરવું જોઈએ ? તેથી કહે છે–

**'સદા' સુપ્રણિધાન કરવું જોઈએ.**

તે જ અર્થને સ્પષ્ટ કરે છે–

**સુંદર પ્રણિધાનથી હંમેશા કરવું જોઈએ.**

અહીં કોઈને ભ્રમ થાય કે સદા કરવું જોઈએ એટલે હંમેશાં કરવું જોઈએ. તેના નિવારણ માટે કહે છે–

**અહીં=પ્રસ્તુત કથનમાં 'सदा' શબ્દથી કાળનું નિયમન કરાતું નથી, પરંતુ સુપ્રણિધાનનું નિયમન કરાય છે. એથી કરીને જ્યારે જ્યારે કરાય છે ત્યારે ત્યારે સુપ્રણિધાનથી કરવું જોઈએ એ પ્રકારનો અર્થ છે. કેમ કે સુપ્રણિધાનનું ફલસિદ્ધિમાં પ્રધાન અંગપણું છે.**

★ '**सुप्रणिधानम्**' એટલે લક્ષ્યને અનુરૂપ દૃઢ માનસ યત્ન.

સુપ્રણિધાનનું ફલપ્રાપ્તિમાં પ્રધાન કારણપણું છે તેમાં '**उक्तं च**' થી સાક્ષી આપે છે–

પ્રણિધાનથી કરાયેલું કર્મ તીવ્રવિપાકવાળું કહેવાયું છે. (પ્રણિધાનથી કરાયેલા કર્મમાં) સાનુબંધનો નિયમ હોવાથી અને શુભાંશ હોવાથી આ જ=પ્રણિધાન જ, તે છે=કર્મ છે=ક્રિયા છે.

**ભાવાર્થ :**

પૂર્વમાં સ્થાપન કર્યું કે ચતુઃશરણગમન, દુષ્કૃતગર્હા અને સુકૃતની અનુમોદનાથી તથાભવ્યત્વનો પરિપાક થાય છે. તેનું જ જોડાણ કરતાં કહે છે–

જે કારણથી પૂર્વમાં કહ્યું એ રીતે ચતુઃશરણગમન આદિથી તથાભવ્યત્વના પરિપાકરૂપ અધિકૃત તત્ત્વની સિદ્ધિ છે અને તથાભવ્યત્વના પરિપાકથી જ ક્રમે કરીને આ સંસારનો ઉચ્છેદ થાય છે. આથી કરીને મોક્ષાર્થી જીવે આગળમાં કહેવાશે એ રીતે ચતુઃશરણગમનઆદિ ત્રણેય ક્રિયાઓ કરવી જોઈએ.

અહીં પ્રશ્ન થાય કે આ ત્રણ ક્રિયા કરવામાત્રથી તથાભવ્યત્વનો પરિપાક થાય છે કે અન્ય કોઈ ઉપાયની જરૂરત છે ? તેથી કહે છે–

માત્ર ચતુઃશરણગમનક્રિયાથી તથાભવ્યત્વનો પરિપાક થાય નહિ, પણ સદા સુપ્રણિધાનપૂર્વક ચતુઃશરણગમન આદિ ક્રિયા કરવામાં આવે તો જ મોક્ષફલ ક્રમે કરીને પ્રાપ્ત થાય.

અહીં કોઈને પ્રશ્ન થાય કે સદા આ ક્રિયા કરવી જોઈએ એટલે સતત કરવી જોઈએ ? તેના નિરાકરણરૂપે કહે છે–

અહીં સતત કરવી જોઈએ એ અર્થમાં 'સદા' શબ્દ નથી, પરંતુ જ્યારે જ્યારે ચતુઃશરણગમન આદિ ક્રિયા કરો ત્યારે ત્યારે સુપ્રણિધાનપૂર્વક જ ક્રિયા કરવી જોઈએ એ અર્થમાં 'સદા' શબ્દનો પ્રયોગ છે; કેમ કે તથાભવ્યત્વના પરિપાકરૂપ-ફલપ્રાપ્તિમાં સુપ્રણિધાન એ પ્રધાન કારણ છે, અને ચતુઃશરણગમન આદિ બોલવાની ક્રિયા ગૌણ કારણ છે. તેથી સુપ્રણિધાનપૂર્વક જ બોલવાની ક્રિયા કરવામાં આવે તો જ તથાભવ્યત્વનો પરિપાક થાય.

સુપ્રણિધાન જ ફલસિદ્ધિમાં પ્રધાનકારણ છે તેમાં આપેલ સાક્ષીપાઠનો અર્થ આ પ્રમાણે છે–

પ્રણિધાનપૂર્વક કરાયેલી ક્રિયા, અપેક્ષિત ફળને વિશેષ પ્રકારે આપે છે, અને પ્રણિધાન વગરની ક્રિયા સામાન્ય ફળને આપે છે. જેમ પ્રણિધાનપૂર્વકની દુષ્કૃતગર્હા કરવામાં આવે તો દુષ્કૃતનાશ રૂપ જે ઉત્કટ ફળ છે તે પ્રાપ્ત થાય છે, અને પ્રણિધાન વગર "મારે દુષ્કૃતગર્હા કરવી છે" એટલા જ આશયથી માત્ર દુષ્કૃત

ગર્હા કરવામાં આવે, તો આત્મામાં રહેલી દુષ્કૃતની મનોવૃત્તિ અને દુષ્કૃતના સેવનથી થયેલાં પાપોનો નાશ થતો નથી. પરંતુ "દુષ્કૃતગર્હા મારે કરવી છે" એટલા જ શુભભાવોનું માત્ર સામાન્ય ફળ મળે છે.

વળી પ્રણિધાનપૂર્વક કરાયેલી ક્રિયા નિયમથી સાનુબંધ હોય છે = તે ક્રિયાથી બંધાયેલું પુણ્ય ફરી તે ક્રિયા કરવાની મનોવૃત્તિ પેદા કરીને પૂર્વ પૂર્વ ક્રિયા કરતાં ઉત્તર ઉત્તરમાં વિશિષ્ટ પ્રણિધાનપૂર્વકની ક્રિયા કરીને, સર્વ કર્મના નાશરૂપ ફળમાં પર્યવસાન પામે છે. અને તે ક્રિયામાં જે પ્રણિધાનનો આશય છે તે શુભાંશ છે, ક્રિયા અંશ તો માત્ર કાયિક ચેષ્ટારૂપ જ છે, તેથી પ્રણિધાનપૂર્વકની ક્રિયા નિયમા સાનુબંધ અને શુભાંશવાળી છે. તેથી ક્રિયામાં રહેલું પ્રણિધાન જ ફલપ્રાપ્તિના કારણભૂત એવું કર્મ છે = ક્રિયા છે, જ્યારે પ્રણિધાન વગરની ક્રિયા તો ફલપ્રાપ્તિનું કારણ નથી, માટે તત્ત્વથી ક્રિયા જ નથી.

**ઉત્થાન :**

પૂર્વમાં સ્થાપન કર્યું કે 'સદા' પ્રણિધાન કરવું જોઇએ, એ કથનમાં 'સદા' શબ્દ કાલનું નિયમન કરતું નથી, પરંતુ જ્યારે જ્યારે ચતુઃશરણગમન આદિ ક્રિયા કરો ત્યારે ત્યારે સુપ્રણિધાનપૂર્વક જ કરવી જોઇએ તે સૂચવે છે. એથી કોઇને શંકા થાય કે ચતુઃશરણગમન આદિ જ્યારે ઉત્સાહ થાય ત્યારે કરી શકાય, પરંતુ પ્રતિદિન જ કરવાં જોઇએ તેવો નિયમ નથી. તેના નિરાકરણ અર્થે કહે છે–

**ટીકા :**

**इत्थं चैतदङ्गीकर्त्तव्यम् इत्याह–भुज्जो भुज्जो संकिलेसे, कर्त्तव्यमिदं भूयो भूयः पुनः पुनः संक्लेशे सति तीव्ररागादिसंवेदनरूपे, अरतावुत्पन्नायामिति यावत् । तथा तिकालमसंकिलिसे । त्रिकालं त्रिसन्ध्यं कर्त्तव्यमिदम् असंक्लेशे प्रकृत्या कालगमने सति ।**

**ટીકાર્થ :**

**અને આ રીતે=આગળમાં કહેવાશે કે સંક્લેશમાં વારંવાર કરવું જોઇએ, અને સંક્લેશ ન હોય તો ત્રિકાળ કરવું જોઇએ એ રીતે, આ=આગળમાં કહેવાશે કે ચતુઃશરણગમન આદિ કરવું જોઇએ એ, સ્વીકારવું જોઇએ એ પ્રમાણે મૂળસૂત્રમાં કહે છે–**

**भुज्जो भुज्जो संकिलेसे=સંક્લેશમાં વારંવાર આ=ચતુઃશરણગમનઆદિ પ્રણિધાનપૂર્વક કરવું જોઈએ.**

હવે તે જ અર્થ સ્પષ્ટ કરે છે–

**તીવ્ર રાગાદિ સંવેદનરૂપે સંક્લેશ હોતે છતે=ગ્રહણ કરાયેલા વ્રતમાં અરતિ ઉત્પન્ન થયે છતે, ફરી ફરી (વારંવાર) પ્રણિધાનપૂર્વક ચતુઃશરણગમન આદિ કરવું જોઈએ, અને અસંક્લેશમાં=સ્વાભાવિક રીતે કાલ પસાર થતો હોય તો, ત્રિકાળ ચતુઃશરણગમન આદિ કરવું જોઈએ.**

★ સૂત્ર અને ટીકાના પરસ્પર સંબંધ નીચે પ્રમાણે છે–

ટીકામાં પ્રથમ કહ્યું કે આ પ્રમાણે આ સ્વીકારવું જોઈએ. એ જ વાત મૂળસૂત્રમાં '**भुज्जो भुज्जो संकिलेसे**' થી બતાવી. સંક્લેશમાં ફરી ફરી શું તે અધ્યાહાર છે. તેથી ટીકામાં ખોલ્યું કે "આ કરવું જોઈએ". ત્યારપછી "વારંવાર સંક્લેશમાં" એ શું પદાર્થ છે તે સ્પષ્ટ કરતાં કહ્યું કે તીવ્ર રાગાદિ સંવેદનરૂપ સંક્લેશ હોતે છતે વારંવાર કરવું જોઈએ, અને તીવ્ર રાગાદિ સંક્લેશ શું છે તે બતાવતાં કહે છે કે ગ્રહણ કરાયેલા વ્રતમાં અરતિ ઉત્પન્ન થવારૂપ સંક્લેશ છે, અને તે થયે છતે વારંવાર (પ્રણિધાનપૂર્વક ચતુઃશરણગમન આદિ) કરવું જોઈએ.

**ભાવાર્થ :**

અપુનર્બંધકથી માંડીને પ્રમત્ત ગુણસ્થાનક સુધીના સાધુએ ચતુઃશરણગમન આદિ ત્રણ, સુપ્રણિધાનપૂર્વક ત્રિકાળ કરવાનાં છે, જેથી સતત અરિહંતઆદિ ચારના શરણનો અધ્યવસાય, દુષ્કૃતગર્હા અને સુકૃતઅનુમોદનાનો પક્ષપાત જીવંત રહે અને તેથી ચતુઃશરણગમનની ક્રિયાના અકરણકાળમાં પણ જીવ તે ભાવથી વાસિત રહે, જેથી આખો દિવસ જીવનો અધ્યવસાય તત્ત્વને અભિમુખ રહે અને તેથી જીવનું તથાભવ્યત્વ ઉત્તરોત્તર પરિપાક પામે.

ત્રિકાલ ચતુઃશરણગમન આદિ કરનાર જીવ પણ પોતાની શક્તિ પ્રમાણે ગુણવૃદ્ધિ અર્થે કોઈક ગુણસ્થાનકની ક્રિયા સ્વીકારે, પરંતુ તેના પાલનમાં અરતિનો પરિણામ થાય અથવા તો અન્ય કોઈક એવા પ્રકારના નિમિત્તને પામીને તીવ્રરાગાદિ ભાવો ઊઠે, ત્યારે તેના નિવર્તન અર્થે વારંવાર ચતુઃશરણગમન આદિમાં તેણે યત્ન કરવો જોઈએ.

આશય એ છે કે આરાધક જીવ જ્યારે પોતાની ભૂમિકા પ્રમાણે આરાધનામાં યત્ન કરતો હોય, અને પ્રકૃત્તિથી તેનો કાળ આરાધના અનુસાર પસાર થતો હોય ત્યારે પણ, ચતુઃશરણગમન આદિ ત્રિકાળ કરવાથી, દુષ્કૃત પ્રત્યે વિમુખ ભાવ થવાથી, અને ગુણો પ્રત્યે અભિમુખ ભાવ થવાથી ઉત્તરોત્તર ગુણની વૃદ્ધિ થાય છે.

આરાધકજીવ પોતે જે ગુણસ્થાનક સ્વીકારે તે ગુણસ્થાનકની ક્રિયામાં પોતાનું સત્ત્વ ન હોય તો અરતિ થઈ શકે. ઉદાહરણ તરીકે જેમ સંયમ સ્વીકાર્યા પછી સ્નાનાદિરહિત સદા રહેવાનું છે, અને સતત અપ્રમાદભાવથી સ્વાધ્યાય આદિ ક્રિયા કરવાની છે, અને તેવો યત્ન પોતે કરતો હોય ત્યારે જો તેને એવો પરિણામ થાય કે સંયમજીવન અતિદુષ્કર છે માટે મારે તો શ્રાવકધર્મમાં જ યત્ન કરવો ઉચિત છે તો આવા સમયે અરતિના પરિણામના નિવારણ માટે વારંવાર ચતુઃશરણગમન કરવાથી અરિહંત આદિ ચારનું બળ મળે છે, અને તેના બળથી તે ગ્રહણ કરાયેલા ગુણસ્થાનકની આરાધના કરી શકે છે. વળી વારંવાર દુષ્કૃતની ગર્હા કરવાથી પ્રમાદ પ્રત્યે જુગુપ્સાભાવ થાય છે, તેથી પણ ગ્રહણ કરાયેલા ગુણસ્થાનકમાં યત્ન કરવાનું બળ આવે છે. વળી, સુકૃતની અનુમોદનાથી સુકૃત પ્રત્યેનો પક્ષપાત વધવાને કારણે સંયમમાં દૃઢ યત્ન કરવાનું બળ વધે છે. તેથી જ્યાં સુધી સંક્લેશ નિવર્તન ન પામે ત્યાં સુધી સુપ્રણિધાનપૂર્વક વારંવાર ચતુઃશરણગમન આદિમાં યત્ન કરવો જોઈએ. આ સિવાય પણ કોઈ પ્રતિકૂળ સંજોગો આદિમાં તીવ્ર રાગાદિના પરિણામ ઊઠે અને તે સદ્પ્રવૃત્તિમાં સતત બાધા કરતા હોય, જેમ કે કામસેવન આદિની મનોવૃત્તિ વારંવાર સતાવતી હોય, અને જેથી ધર્મમાં યત્ન શિથિલ થતો હોય ત્યારે, તીવ્ર રાગાદિના શમન માટે પણ વારંવાર ચતુઃશરણગમન કરવું જોઈએ.

આ ચતુઃશરણગમન આદિની ક્રિયા અપ્રમતમુનિને કરવાની હોતી નથી, તે સિવાયના પ્રમત્ત ગુણસ્થાનક સુધી સર્વ જીવોને અપ્રમાદભાવથી ગુણસ્થાનકની વૃદ્ધિ માટે અવશ્ય ચતુઃશરણગમન આદિ ત્રણ કરવા જોઈએ. તેથી અપુનર્બંધકથી માંડીને સંયત સુધીના સર્વા જીવોએ અવશ્ય પ્રણિધાનપૂર્વક આ ત્રણમાં ત્રિકાળ યત્ન કરવો જોઈએ.

**અવતરણિકા :**

यत् कर्त्तव्यं तदाह —

**અવતરણિકાર્થ :**

પૂર્વમાં સ્થાપન કર્યું કે સંસારના ઉચ્છેદ માટે ચતુઃશરણગમન આદિ ત્રણ અવશ્ય કરવાં જોઈએ. હવે તે ત્રણ કઈ રીતે કરવાના છે તે બતાવવા અર્થે કહે છે–

જે કર્તવ્ય છે અર્થાત્ ચતુઃશરણગમન આદિ જે કર્તવ્ય છે તેને કહે છે.

★ આ અવતરણિકા '**अरहंता सरणं**' માં વિશ્રાંત પામતી નથી, પણ પ્રથમસૂત્રની સમાપ્તિ સુધી આ અવતરણિકાનું જોડાણ છે.

**સૂત્ર :**

जावज्जीवं मे भगवंतो परमतिलोगणाहा अणुत्तरपुण्णसंभारा खीणरागदोसमोहा अचिंतचिंतामणी भवजलहिपोया एगंतसरण्णा अरहंता सरणं ।

**સૂત્રાર્થ :**

**પરમ ત્રણ લોકના નાથ, અનુત્તર પુણ્ય સંભારવાળા, ક્ષીણ રાગદ્વેષ-મોહવાળા, અચિંત્ય ચિંતામણી, ભવસમુદ્રમાં નાવ જેવા, એકાંતશરણ કરવા યોગ્ય એવા અરિહંત ભગવંત જાવજ્જીવ (જીવનપર્યંત સુધી) મને શરણ છે.**

**સૂત્ર :**

तहा पहीणजरामरणा अवेयकम्मकलंका पणट्ठवाबाहा केवलनाण-दंसणा सिद्धिपुरवासी णिरुवमसुहसंगया सव्वहा कयकिच्चा सिद्धा सरणं।

**સૂત્રાર્થ :**

**તથા પ્રક્ષીણ = નાશ થયેલા જરામરણવાળા, કર્મકલંકથી રહિત, વ્યાબાધા જેની નાશ પામી છે એવા, કેવળજ્ઞાનદર્શનને ધારણ કરનારા, સિદ્ધિપુરના વાસી, નિરુપમ સુખથી સંગત, સર્વથા કૃતકૃત્ય એવા સિદ્ધો (જાવજ્જીવ) મને શરણ છે.**

**સૂત્ર :**

तहा पसंतगंभीरासया सावज्जजोगविरया पंचविहायारजाणगा

परोवयारनिरया पउमाइणिदंसणा झाणज्झयणसंगया विसुज्झमाणभावा साहू सरणं ।

सूत्रार्थ :

તથા પ્રશાંત ગંભીર આશયવાળા, સાવદ્ય યોગથી વિરામ પરિણામવાળા, પાંચ પ્રકારના આચારને જાણનારા, પરોપકારમાં નિરત, પદ્માદિ દૃષ્ટાંતની ઉપમાવાળા, ધ્યાન અને અધ્યયનથી યુક્ત, વિશુદ્ધમાન અધ્યવસાયવાળા એવા સાધુ (જાવજ્જીવ) મને શરણ છે.

सूत्र :

तहा सुरासुरमणुयपूइओ, मोहतिमिरंसुमाली, रागदोसविसपरममंतो, हेऊ सयलकल्लाणाणं, कम्मवणविहावसू, साहगो सिद्धभावस्स, केवलिपण्णत्तो धम्मो जावज्जीवं मे भगवं सरणं ॥

सूत्रार्थ :

તથા સુરઅસુર અને મનુષ્યથી પૂજિત, મોહરૂપી અંધકારને માટે સૂર્ય જેવો, રાગદ્વેષરૂપી વિષ માટે પરમમંત્ર, સકલકલ્યાણનો હેતુ, કર્મરૂપી વનને બાળવા માટે અગ્નિ જેવો, સિદ્ધ અવસ્થાને સાધક એવો કેવલી ભગવાન પ્રજ્ઞપ્ત ધર્મ મને જાવજ્જીવ શરણ છે.

ટીકા :

जावज्जीवं मे भगवंतो अरहंता सरणं इति योगः । यावज्जीवं यावज्जीवितं मे मम भगवन्तः समग्रैश्वर्यादियुक्ता अर्हन्तः शरणम् इति योगः । अत्र 'यावज्जीवम्' इति कालपरिमाणं परतो भङ्गभयात्, न पुनरवधित्वेन, परतोऽप्यधिकृत-शरणस्येष्टत्वात् ।

ટીકાર્થ :

જાવજ્જીવ મને અરિહંત ભગવંત શરણ છે એ પ્રમાણે સૂત્રમાં સંબંધ છે.

તે જ અર્થ સ્પષ્ટ કરે છે–

**જાવજ્જીવ એટલે યાવત્ જીવિત, મને ભગવંત એટલે સમગ્ર ઐશ્વર્ય આદિથી યુક્ત એવા અરિહંત શરણ છે એ પ્રકારે સંબંધ છે. અહીં=સૂત્રમાં 'यावज्जीवम्' એ પ્રકારની કાળની મર્યાદા જીવન પછી ભંગના ભયના કારણે છે, પરંતુ અવધિરૂપે નથી. કેમ કે શરણ લેનાર જીવને પરભવમાં પણ અધિકૃત એવા અરિહંતનું શરણ, ઈષ્ટ છે.**

★ અહીં '**समग्रैश्वर्यादियुक्त**' માં '**आदि**' પદથી રૂપ, યશ, શ્રી, ધર્મ, પ્રયત્ન વગેરેનું ગ્રહણ કરવાનું છે.

**ભાવાર્થ :**

અહીં જાવજ્જીવ કાળમર્યાદા કહી, તેનું કારણ આ સૂત્રોચ્ચારણ એ એક પ્રકારના શ્રુતના સંકલ્પરૂપ પ્રતિજ્ઞા છે, અને જાવજ્જીવ ન કહેવામાં આવે અને યાવત્ સંસાર એમ કહેવામાં આવે તો મૃત્યુ પછી બીજા ભવમાં ભગવાનના શાસનનું શરણું ન રહે તો, ગ્રહણ કરેલી પ્રતિજ્ઞાનો ભંગ થાય. તેથી '**जावज्जीवं**' એ પ્રકારનો પ્રયોગ કરવામાં આવે છે.

અહીં પ્રશ્ન થાય કે ચાર શરણની પ્રતિજ્ઞા આજીવન જ સ્વીકારીએ તો શું વાંધો ? તેથી કહે છે–

પરભવમાં પણ અરિહંતઆદિનું શરણ ઈષ્ટ છે, પણ પરભવ સુધી પોતાની પ્રતિજ્ઞાનું તે રીતે પાલન કરવાનું શક્ય નથી. જ્યારે આ ભવમાં તો જીવ ધારે તો પોતે ગ્રહણ કરેલી પ્રતિજ્ઞાનું સ્મરણ કરીને અરિહંત આદિના શરણાગતપણાનો અધ્યવસાય જીવંત રાખી શકે છે. જેવી રીતે સાધુને જાવજ્જીવનું સામાયિક ઉચ્ચરાવે છે અને સામાયિકનો અધ્યવસાય જીવંત રાખવા માટે સાધુ દિવસમાં વારંવાર 'કરેમિ ભંતે' સૂત્ર બોલે છે, તેવી રીતે શરણાગતપણાનો અધ્યવસાય જીવંત રાખવા માટે ત્રિકાલ અરિહંત આદિનું શરણ સ્વીકારવાની ક્રિયા કરવી જોઈએ.

અહીં વિશેષ એ છે કે, શ્રાવક સામાયિક કરે છે ત્યારે '**जावनियमं**' બોલે છે, તેનું કારણ એ છે કે બે ઘડી પછી સામાયિકને અનુરૂપ પ્રવૃત્તિ કરવાનું પોતાનું સત્ત્વ નથી, તેથી કાલ અવધિ કરે છે. જ્યારે સાધુ સર્વવિરતિ ગ્રહણ કરે છે ત્યારે મૃત્યુ પછી મારે સર્વવિરતિ સિવાયના ભાવોમાં રહેવું છે તેવો સંકલ્પ હોતો નથી તેમ ચતુઃશરણગમનમાં પણ આ ભવ પછી મારે ભગવાનનું શરણ

સ્વીકારવાની તૈયારી નથી તેવો પરિણામ નથી, તો પણ પ્રતિજ્ઞાના રક્ષણ માટે જ '**जावज्जीवं**' બોલે છે. જ્યારે શ્રાવક તો સામાયિકની અવધિ પછી સામાયિકની મર્યાદામાં રહેવા માટે પોતે સંપન્ન નથી, તેથી જ અવધિ કરે છે.

**ટીકા :**

**एत एव विशेष्यन्ते-परमतिलोगनाहा, परमाश्च ते दुर्गतिभयसंरक्षणेन त्रिलोकनाथाश्च, अत्र त्रिलोकग्रहणेन त्रिलोकवासिनो देवादयः परिगृह्यन्ते ।**

**ટીકાર્થ :**

**પૂર્વમાં સૂત્રનું યોજન બતાવીને હવે જે અરિહંત ભગવંતનું શરણ 'जावज्जीवं' સ્વીકારેલ છે તેને જ વિશેષરૂપે બતાવતાં કહે છે–**

**પરમ ત્રણલોકના નાથ એવા અરિહંત ભગવંતનું હું શરણ સ્વીકારું છું, એમ યોજન છે.**

પરમ ત્રણલોકના નાથનો અર્થ કરે છે–

**દુર્ગતિના ભયમાં રક્ષણ કરનારા હોવાના કારણે ભગવાન પરમ નાથ છે, અહીં='त्रिलोकग्रहणेन' શબ્દમાં ત્રણ લોકનું ગ્રહણ હોવાને કારણે ત્રણ લોકમાં વસનારા દેવતા આદિનું ગ્રહણ થાય છે.**

★ અહીં '**देवादयः**' માં '**आदि**' પદથી મનુષ્યાદિનું ગ્રહણ કરવાનું છે.

**ભાવાર્થ :**

ભગવાન ત્રણ લોકમાં વર્તતા દેવતા, મનુષ્ય, તિર્યંચ અને નારકીના નાથ છે, અને તેઓના સામાન્ય નાથ નથી પરંતુ પરમનાથ છે.

આશય એ છે કે, સંસારમાં રાજા નગરજનોનું રક્ષણ કરે છે તે અપેક્ષાએ રાજા નગરજનોનો નાથ છે, તો પણ પરમનાથ નથી. કારણ કે રાજાને શરણાગત થયેલો પણ આલોકમાં શત્રુથી રક્ષિત થઇ શકે, પણ દુર્ગતિના ભયથી રક્ષિત થઇ શકતો નથી. જ્યારે ભાવથી જેણે પરમાત્માનું શરણ કર્યું હોય તેને દુર્ગતિનો ભય રહેતો નથી. કેમ કે ભાવથી ભગવાનની શરણાગતિ જેમણે સ્વીકારી છે એવા સર્વજીવોને કર્મ પણ દુર્ગતિમાં લઇ જઇ શકતું નથી, પણ સુગતિમાં સ્થાપન

કરે છે, અને ત્યાં સુગતિમાં જઇને જીવો ભગવાનના શરણના આલંબનથી જ પોતાના શત્રુ એવા કર્મોનો નાશ કરી શકે છે. તેથી ભગવાન ત્રણ લોકના પરમ =શ્રેષ્ઠ નાથ છે.

**ટીકા :**

**एत एव विशेष्यन्ते-अणुत्तरपुण्णसंभारा । अनुत्तरः सर्वोत्तमहेतूत्कर्षात् पुण्यसंभारः तीर्थकरनामकर्मलक्षणो येषां ते तथा ।**

**ટીકાર્થ :**

**વળી, ભગવાનની જ અન્ય વિશેષતા બતાવે છે–**

**ભગવાન અનુત્તર પુણ્યસંભારવાળા છે.**

તેનો અર્થ સ્પષ્ટ કરે છે–

**સર્વોત્તમ એવો પુણ્યરૂપ હેતુનો ઉત્કર્ષ હોવાના કારણે અનુત્તર એવું તીર્થંકરનામકર્મ લક્ષણ પુણ્યસંભાર=પુણ્યસંચય છે જેને, તેઓ અનુત્તર પુણ્યસંભારવાળા છે.**

**ભાવાર્થ :**

અહીં સર્વોત્તમ હેતુનો ઉત્કર્ષ સમજવા માટે તેનું જ્ઞાન આવશ્યક છે, અને તે આ પ્રમાણે છે. (૧) આરંભ સમારંભની પ્રવૃત્તિનાં અધ્યવસાયથી જીવને પાપ બંધાય છે તે કર્મબંધ પ્રત્યે અધમ હેતુ છે અને તેનાથી જીવને દુર્ગતિની પરંપરા પ્રાપ્ત થાય છે. (૨) ધર્મ કરવાની મનોવૃત્તિથી વિવેક વગરની અવસ્થામાં જે પુણ્ય બંધાય તે કર્મબંધ પ્રત્યે ઉત્તમ હેતુ છે અને તેનાથી જીવને તુચ્છકોટિની બાહ્યસામગ્રી મળે છે. (૩) વિવેકપૂર્વક માર્ગાનુસારી ઉચિત પ્રવૃત્તિ કરવાથી જે પુન્યાનુબંધીપુન્ય બંધાય તે કર્મબંધ પ્રત્યે સર્વોત્તમ હેતુ છે અને તેનાથી જીવને સદ્ગતિની પરંપરા દ્વારા મોક્ષની પ્રાપ્તિ થાય છે. (૪) જે અધ્યવસાયથી ઉત્કર્ષવાળું તીર્થંકરનામકર્મરૂપ પુન્યાનુબંધીપુન્ય બંધાય તે કર્મબંધ પ્રત્યેનો સર્વોત્તમ હેતુનો ઉત્કર્ષ છે અને આ ઉત્કર્ષવાળું પુન્યાનુબંધીપુન્ય સ્વ-પરના કલ્યાણનું એકાંત કારણ બને છે.

અહીં "**अणुत्तर**"નો અર્થ જેના ઉત્તરમાં અધિક પુણ્ય નથી તેવું તીર્થંકરનામ-કર્મરૂપ પુણ્ય છે તેમ બતાવવું છે, અને તેથી ભગવાનનું પુણ્ય અનુત્તર છે એમ કહેલ છે.

**ટીકા :**

**त एव विशेष्यन्ते-खीणरागदोसमोहा । क्षीणा राग-द्वेष-मोहा अभिष्व-ङ्गाऽप्रीत्यज्ञानलक्षणा येषां ते तथा ।**

**त एव विशेष्यन्ते-अचिंतचिंतामणी । अचिन्त्यचिन्तामणयः, चिन्तातिक्रान्ताप-वर्गविधायकत्वेन ।**

**ટીકાર્થ :**

**ભગવાનની જ વિશેષતા બતાવે છે–**

**ભગવાનમાં અભિષ્વંગરૂપ રાગ, અપ્રીતિરૂપ દ્વેષ અને અજ્ઞાનરૂપ મોહ નાશ પામેલ છે, તેથી ભગવાન ક્ષીણરાગદ્વેષમોહવાળા છે.**

**ભગવાનની જ વિશેષતા બતાવે છે–**

**ભગવાન અચિંત્ય ચિંતામણી છે; કેમ કે ચિન્તાથી અતિક્રાન્ત એવા મોક્ષના વિધાયક છે.**

**ભાવાર્થ-:**

ભગવાનમાં રાગ-દ્વેષ અને મોહ ક્ષીણ થયેલા છે. વળી, ભગવાનને 'અચિંત્ય ચિંતામણી' કહ્યા તેનાથી એ કહેવું છે કે, ચિંતામણી રત્ન ચિંતિત (વાંછિત) પદાર્થને આપે છે, પરંતુ બધા ચિંતિત પદાર્થને આપી શકતું નથી. જેમ ચિંતામણી રત્ન પાસે મોક્ષની અભિલાષા રાખે તો ચિંતામણી રત્ન આપી શકે નહિ, જ્યારે ભગવાન સર્વચિંતાઓથી રહિત એવા પરમસુખરૂપ મોક્ષને આપનારા છે. તેથી ભગવાનને સામાન્ય ચિંતામણી રત્નની ઉપમા આપી નથી પરંતુ અચિન્ત્ય ચિંતામણીની ઉપમા આપી છે. અર્થાત્ ભગવાન સામાન્ય ચિંતામણી કરતાં વિશેષ પ્રકારના ચિંતામણી છે.

**ટીકા :**

**त एव विशेष्यन्ते-भवजलहिपोया । भवजलधिपोताः, तद्वदुत्तारकत्वेन ।**

**त एव विशेष्यन्ते-एगंतसरण्णा । एकान्तशरण्याः, सर्वाश्रितहितत्वेन ।**

**ટીકાર્થ :**

**ભગવાનની જ વિશેષતા બતાવે છે–**

**ભવરૂપી સમુદ્રમાં પોત=નાવ, સમાન ભગવાન છે. કેમ કે નાવની જેમ સંસારરૂપી સમુદ્રમાંથી ઉદ્ધાર કરનારા છે.**

**ભગવાનની જ વિશેષતા બતાવે છે–**

**ભગવાન એકાંતે શરણ કરવા યોગ્ય છે. કેમ કે આશ્રિતનું સર્વહિત કરનારા છે.**

**ભાવાર્થ :**

સમુદ્રમાં નાવ જેમ સમુદ્રથી પાર ઉતારવાનું પ્રબળ સાધન છે, તેમ ભગવાન સંસારરૂપી સમુદ્રમાંથી જીવનો ઉદ્ધાર કરે છે. તેથી જે જીવ ભાવથી ભગવાનનું આલંબન લે તે અવશ્ય સંસારરૂપી સમુદ્રમાંથી તરી જાય છે. માટે ભગવાનને ભવરૂપી સમુદ્રમાં નાવ જેવા કહ્યા છે.

ભગવાનનું જે શરણ સ્વીકારે તે ભગવાનનો આશ્રિત થયો કહેવાય, અને આશ્રિતનું સર્વહિત કરનારા ભગવાન છે. તેથી ભગવાન એકાંતે શરણ કરવા યોગ્ય છે.

સંસારમાં બળવાન રાજા તરફથી ઉપદ્રવ હોય ત્યારે નાનો રાજા તેનાથી બળવાન રાજાનું શરણ સ્વીકારે છે અને તેના શરણથી તેને થતો ઉપદ્રવ દૂર થાય તો પણ તે બળવાન રાજા એકાંતે શરણ કરવા યોગ્ય નથી; કેમ કે આશ્રિતનું બધા પ્રકારનું હિત તે કરવા ઇચ્છે તો પણ તે કરી શકે નહિ. કેમ કે તેનું શરણું સ્વીકાર્યા પછી પણ આશ્રિત દુર્ગતિમાં જઇ શકે છે, તેથી આશ્રિતનું સર્વહિત કરવા માટે તે સમર્થ નથી, માટે તે એકાંતે શરણ કરવા યોગ્ય નથી. આ રીતે સંસારમાં કોઇપણ જીવ એકાંતે શરણ કરવા યોગ્ય નથી, જ્યારે ભગવાન એકાંતે

શરણ કરવા યોગ્ય છે; કારણ ભગવાનનો આશ્રય કર્યા પછી જ્યાં સુધી મોક્ષપ્રાપ્તિ ન થાય ત્યાં સુધી ભગવાનનું શરણ જ જીવને દુર્ગતિમાં પડતો અટકાવે છે, અને અંતે સર્વકર્મનો નાશ કરીને પૂર્ણસુખમય મોક્ષની પ્રાપ્તિ કરાવનાર છે. તેથી આશ્રિતનું સંપૂર્ણ હિત કરનાર ભગવાનનું શરણું છે, માટે ભગવાનને એકાંતે શરણ કરવા યોગ્ય કહેલ છે.

**ઉત્થાન :**

ભગવાન એકાંતે શરણ કરવા યોગ્ય છે એ કથન કર્યા પછી તેઓ કેવા છે તે બતાવે છે–

**ટીકા :**

**क एवंभूताः? किं वा एते? इत्याह-अरहंता सरणं, अर्हन्तः शरणम्। तत्राशोकाद्यष्टमहाप्रातिहार्यलक्षणां पूजामर्हन्तीत्यर्हन्तः, ते मम शरणमाश्रय इति।**

**ટીકાર્થ :**

**આવા પ્રકારના કોણ છે ?=પૂર્વમાં બતાવેલા વિશેષણવાળા કોણ છે ? અને આ અરિહંતો શું છે ? એ બન્નેના જવાબરૂપે કહે છે, આવા પ્રકારના વિશેષણવાળા અરિહંત છે અને તેઓ શરણ છે.**

**તે અરિહંત કોણ છે? તે સ્પષ્ટ કરે છે. અશોકવૃક્ષ આદિ આઠ મહાપ્રાતિહાર્ય લક્ષણરૂપ પૂજાને યોગ્ય છે તે અરિહંત છે, અને તેઓ મને શરણ છે=આશ્રય છે.**

'**इति**' શબ્દ વાક્યની સમાપ્તિ સૂચક છે.

**ભાવાર્થ :**

ભગવાન પૂજાને યોગ્ય છે તેથી ભગવાનને '**अरहंत**' કહ્યા છે. અહીં ભગવાનને '**अरिहंत**' શબ્દથી કહેલ નથી, કેમ કે 'અરિહંત' શબ્દથી શત્રુને નાશ કરનારની ઉપસ્થિતિ થાય, અને તેની ઉપસ્થિતિ તો '**रवीणरागदोसमोहा**' વિશેષણથી પૂર્વમાં થઇ ચૂકી છે. માટે અહીં '**अरहंत**' શબ્દથી ભગવાનને બતાવેલ છે. તેનું કારણ જે પૂજા માટે યોગ્ય હોય તે '**अरहंत**' કહેવાય, તેમ બતાવ્યા પછી તેઓ કેવી વિશિષ્ટ પૂજાને યોગ્ય છે તે બતાવે છે.

ભગવાનની પૂજા આઠ પ્રાતિહાર્ય દ્વારા દેવતાઓ કરે છે, અને આથી આવી ઉત્તમ કોટિની પૂજા માટે ભગવાન યોગ્ય છે, અને આવા જ ભગવાનનું હું શરણ કરું છું; અર્થાત્ ભાવથી હું આશ્રય કરું છું=ભાવથી એમનું અવલંબન લઇને સંસારસાગરથી તરવા માટે યત્ન કરું છું.

**ટીકા :**

तहा **पहीणजरामरणा सिद्धा सरणं** इति योगः । तथा न केवलमर्हन्तः, किन्तु सिद्धाः शरणमिति क्रिया ।

**ટીકાર્થ :**

તથા પ્રક્ષીણ થયેલા જરામરણવાળા એવા સિદ્ધભગવંત શરણ છે એ પ્રકારે સૂત્રમાં સંબંધ છે. સૂત્રમાં કહેલ 'तहा' શબ્દનું યોજન બતાવે છે. કેવલ અરિહંત નહિ પરંતુ સિદ્ધ શરણ છે, એ પ્રકારની ક્રિયાનો 'तहा' થી સંબંધ છે.

અહીં 'તથા' શબ્દ સમુચ્ચય અર્થમાં છે અને તેનાથી એ સમુચ્ચય કરવો છે કે અરિહંત જ માત્ર શરણ નથી પણ જેમ અરિહંત શરણ છે તેમ સિદ્ધ પણ શરણ છે.

**ટીકા :**

किंविशिष्टास्ते ? इत्याह-प्रक्षीणजरा-मरणाः । प्रक्षीणे सदाऽपुनर्भावित्वेन जरा-मरणे येषां ते तथा, जन्मादिबीजाभावात् ।

एत एव विशेष्यन्ते-**अवेयकम्मकलंका** । अपेतकर्मकलङ्काः, अपेतः कर्मकलङ्को येषां ते तथाविधाः, सर्वथा कर्मरहिता इत्यर्थः ।

एत एव विशेष्यन्ते-**पणट्ठवाबाहा** । प्रनष्टव्याबाधाः, प्रकर्षेण नष्टा क्षीणा व्याबाधा येषां ते तथा, सर्वव्याबाधावर्जिता इति भावः ।

एत एव विशेष्यन्ते-**केवलनाणदंसणा** । केवलज्ञानदर्शनाः, केवले संपूर्णे ज्ञानदर्शने येषां ते तथाविधाः, सर्वज्ञाः सर्वदर्शिन इत्यर्थः ।

एत एव विशेष्यन्ते-**सिद्धिपुरवासी**, सिद्धिपुरवासिनः, सिद्धिपुरे लोकान्ते वस्तुं शीलं येषां ते तथा, मुक्तिवासिन इति गर्भः ।

एत एव विशेष्यन्ते-णिरुवमसुहसंगया । निरुपमसुखसङ्गताः, निरुपमसुखेनाविद्यमानोत्प्रेक्षेण संगता इति समासः। असांयोगिकानन्दयुक्ता इत्यर्थः।

**ટીકાર્થ :**

હવે તે સિદ્ધો કયા વિશેષણથી વિશિષ્ટ છે, તે બતાવે છે.

પ્રક્ષીણ જરામરણવાળા છે. તેનો જ અર્થ સ્પષ્ટ કરે છે. ફરી નહિ થવા રૂપે હંમેશ માટે ક્ષીણ થયાં છે જરા-મરણ જેમના તે પ્રક્ષીણ જરામરણવાળા છે.

સિદ્ધો પ્રક્ષીણ જરામરણવાળા કેમ છે ? તેથી તેમાં યુક્તિ બતાવે છે–

જન્માદિનાં બીજરૂપકર્મનો અભાવ છે

સિદ્ધ ભગવંતને જ વિશેષરૂપે બતાવે છે– 'અપેત કર્મકલંકવાળા' છે. તેનો જ અર્થ સ્પષ્ટ કરે છે– ચાલ્યું ગયું છે કર્મકલંક જેઓને, તે તેવા પ્રકારના છે= અપેત કર્મકલંકવાળા છે અર્થાત્ સર્વથા કર્મરહિત છે, એ પ્રકારનો અર્થ છે.

સિદ્ધ ભગવંતને જ વિશેષરૂપે બતાવે છે– પ્રનષ્ટ વ્યાબાધાવાળા છે.

તેનો જ અર્થ સ્પષ્ટ કરે છે–

પ્રકર્ષથી નષ્ટ પામી છે વ્યાબાધા જેઓને, તે તેવા છે=પ્રનષ્ટ વ્યાબાધાવાળા છે. અર્થાત્ સર્વવ્યાબાધાથી રહિત છે, એ પ્રકારનો ભાવ છે.

સિદ્ધ ભગવંતને જ વિશેષરૂપે બતાવે છે– કેવળજ્ઞાનદર્શનને ધારણ કરનારા છે.

તેનો જ અર્થ સ્પષ્ટ કરે છે–

કેવળ એટલે સંપૂર્ણ એવું જ્ઞાન અને દર્શન જેઓને છે, તે તેવા પ્રકારના છે =સર્વજ્ઞ છે, સર્વદર્શી છે. એ પ્રકારનો અર્થ છે.

સિદ્ધ ભગવંતને જ વિશેષરૂપે બતાવે છે–

સિદ્ધપુરમાં વસનારા છે.

તેનો જ અર્થ સ્પષ્ટ કરે છે–

**સિદ્ધપુરમાં એટલે લોકાન્તમાં ત્યાં વસવાનો સ્વભાવ છે જેઓને તે તેવા છે=સિદ્ધપુરવાસી છે અર્થાત્ મુક્તિવાસી છે એ પ્રકારે ગર્ભ છે=ગર્ભિતાર્થ છે.**

**સિદ્ધ ભગવંતને જ વિશેષરૂપે બતાવે છે– નિરુપમ સુખથી સંગત છે.**

તેનો જ અર્થ સ્પષ્ટ કરે છે–

**નિરુપમ સુખથી સંગત છે=અવિદ્યમાન ઉત્પ્રેક્ષારૂપ નિરુપમ સુખથી સંગત છે, એ પ્રકારનો સમાસ છે. અર્થાત્ અસાંયોગિક આનંદથી યુક્ત છે. એ પ્રકારનો અર્થ છે.**

અહીં 'નિરુપમ સુખથી સંગત' એમ કહેવાથી એ પ્રાપ્ત થાય કે સિદ્ધના સુખની ઉપમા આપી શકાય તેમ નથી તે બતાડવા માટે નિરુપમસુખ કહેલ છે.

અહીં પ્રશ્ન થાય કે શાસ્ત્રમાં જ સિદ્ધના સુખની ઉપમા આપી છે તેથી સિદ્ધના સુખને નિરુપમ સુખથી સંગત કેમ કહી શકાય ? તેના સમાધાન માટે અહીં નિરુપમ સુખનો અર્થ કર્યો કે અવિદ્યમાન ઉત્પ્રેક્ષારૂપ નિરુપમ સુખથી સંગત છે, અને તેનો ભાવ આ પ્રમાણે છે–

ઉત્પ્રેક્ષારૂપ ઉપમા જેને નથી તેવું સિદ્ધનું સુખ છે. આશય એ છે કે જેમ કોઇ નગરીનું વર્ણન કરતાં ઉત્પ્રેક્ષા કરવામાં આવે કે "જાણે સ્વર્ગપુરી જેવી નગરી છે" ત્યાં તે નગરીની તેના કરતાં અધિક એવી સ્વર્ગપુરી નગરીની ઉત્પ્રેક્ષા કરવામાં આવે છે. તેથી ઉત્પ્રેક્ષારૂપ ઉપમાથી નગરીનું વર્ણન થઇ શકે છે, પરંતુ સિદ્ધસુખ કરતાં અધિક સુખ જગતમાં ક્યાંય નથી, તેથી ઉત્પ્રેક્ષારૂપ ઉપમાથી સિદ્ધનું સુખ બતાવી શકાતું નથી. આમ છતાં, સંસારમાં જે શ્રેષ્ઠ સુખો છે તેની ઉપમાથી કાંઇક સમજાવવા માટે યત્ન કરાય છે, જે ઉપમા હીનકક્ષાની છે, જ્યારે સિદ્ધનું સુખ તો ઉત્પ્રેક્ષારૂપ ઉપમા દ્વારા કહી શકાય તેવું નથી, તેમ બતાડવા માટે કહે છે કે નિરુપમ=ઉપમા ન આપી શકાય તેવા, સુખથી સંગત છે.

**ટીકા :**

**एत एव विशेष्यन्ते-सव्वहा कयकिच्चा । सर्वथा कृतकृत्याः, सर्वथा सर्वप्रकारैः कृतं कृत्यं यैस्ते तथा, निष्ठितार्था इति भावः ।**

**क एवंभूताः? किं वा एते? इत्याह-सिद्धा सरणं, सिद्धाः शरणम्, सिद्धयन्ति स्म सिद्धाः परमतत्त्वरूपाः, ते मम शरणमाश्रय इति ।**

**ટીકાર્થ :**

સિદ્ધભગવંતને જ વિશેષરૂપે બતાવે છે– **સર્વથા કૃતકૃત્ય છે.**

તે જ અર્થને સ્પષ્ટ કરે છે–

**સર્વ પ્રકારે કૃત્યો કરાયાં છે જેઓના વડે, તે તેવા છે=સર્વથા કૃતકૃત્ય છે. અર્થાત્ નિષ્ઠિત અર્થવાળા છે=બધાં પ્રયોજનો સિદ્ધ થયેલાં છે.**

**આવા પ્રકારના કોણ છે અને આ સિદ્ધો શું છે તે બતાવે છે– આવા પ્રકારના સિદ્ધ ભગવંતો છે અને તેઓ શરણ છે.**

**સિદ્ધ શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે– સિદ્ધ થયેલા છે તે સિદ્ધ=પરમતત્ત્વ સ્વરૂપ છે=જીવનું પોતાનું જે પ્રકૃષ્ટ સ્વરૂપ છે, તદ્સ્વરૂપ છે અને તેઓ મને શરણ છે.=આશ્રય છે.**

'**इति**' શબ્દ સિદ્ધના શરણના કથનની સમાપ્તિ માટે છે.

**ભાવાર્થ :**

સિદ્ધ ભગવંતનું શરણ સ્વીકારવાથી તેઓના પ્રત્યે અત્યંત અહોભાવ થાય છે અને તે અહોભાવ કરવા માટે જ તેમના વાસ્તવિક સ્વરૂપનો બોધ થાય એ રીતે તેમના વિશેષણ બતાવેલ છે.

પ્રથમ વિશેષણ કહ્યું કે જેમનાં જરા-મરણ સદા માટે ચાલ્યાં ગયાં છે તેવા સિદ્ધ ભગવંત છે, તેથી જેમને આ જરા-મરણ ત્રાસરૂપ જણાતાં હોય તેમને અત્યંત આદર થાય કે ખરેખર જે મેળવવા જેવું છે તે સિદ્ધભગવંતે મેળવ્યું છે; કારણ કે જરા-મરણ એ જ સંસારનો મહાઉપદ્રવ છે.

વળી, સિદ્ધભગવંત કર્મકલંકથી રહિત છે તેમ જાણવાથી જેને કર્મ કલંકરૂપે દેખાય અને તેનાથી સર્વથા રહિત સિદ્ધ ભગવંત છે, તેમ જાણે, તો સ્વાભાવિક તેમના પ્રત્યે અત્યંત આદર થાય. સિદ્ધ ભગવંતને જરા-મરણ રહિત કહેવાથી એ પ્રાપ્ત થાય કે સંસારી જીવને જે જરા-મરણની કદર્થના છે, તેવી કદર્થના

સિદ્ધભગવંતોને નથી, અને કર્મરહિત છે એમ કહેવાથી જીવને મલિન કરનાર એવા કર્મથી સિદ્ધ ભગવંત રહિત છે. માટે સિદ્ધભગવંતનો આત્મા સંપૂર્ણ શુદ્ધ આત્મા છે, એમ પ્રતીત થાય છે.

વળી, સંસારી જીવોને અનેક જાતની બાધાઓ સંસારમાં દેખાય છે, અને સિદ્ધ ભગવંતને સર્વ બાધાઓ પ્રકર્ષથી નાશ પામી ગઇ છે, તેથી સર્વથા ઉપદ્રવ વગરના છે તેમ પ્રતીત થાય. અને તેથી જેમને આ સંસારમાં ઉપદ્રવ દેખાતા હોય તેવા જીવો સિદ્ધ ભગવંતોના સ્વરૂપને જાણે તો તેમના પ્રત્યે અત્યંત આદર પેદા થાય.

વળી, સિદ્ધભગવંત કેવળજ્ઞાન અને કેવળદર્શનવાળા છે એમ કહેવાથી એ પ્રાપ્ત થાય કે સંસારી જીવો જેવું એમને અધુરું જ્ઞાન અને દર્શન નથી પણ જગતના તમામ પદાર્થો યથાર્થ જાણે છે અને જુએ છે.

વળી, સંસારી જીવો જેમ ચાર ગતિમાં ભટકે છે તેમ તેઓ સંસારમાં ભટકતા નથી, પણ સિદ્ધિપુરમાં સદા માટે વસે છે. આમ કહેવાથી જેને સંસારના પરિભ્રમણ પ્રત્યે ઉદ્વેગ થયો હોય તેને સિદ્ધ ભગવંત પ્રત્યે અત્યંત અહોભાવ થાય.

વળી, સિદ્ધ ભગવંત ઉપમા ન આપી શકાય તેવા સુખથી યુક્ત છે, તેમ કહેવાથી એ પ્રાપ્ત થાય કે જેનાથી અધિક સુખ જગતમાં ક્યાંય નથી એવા પૂર્ણસુખને તેઓ પામેલા છે. તેથી જે જીવો સુખના અર્થી હોય તેવા જીવોને તે અવસ્થા પ્રાપ્ત કરવા જેવી છે તેવો ઉત્સાહ થાય છે.

વળી, સિદ્ધભગવંતો સર્વથા કૃતકૃત્ય છે એમ કહેવાથી એ પ્રાપ્ત થાય કે, જેઓની પાસે કાંઇક અધૂરાપણું છે તેમને જ તેની પ્રાપ્તિ માટે કૃત્ય કરવાનું હોય છે, જ્યારે સિદ્ધ ભગવંતને કોઇ કૃત્ય કરવાનું બાકી નથી, જે કંઇ જીવને પ્રાપ્ત કરવા જેવું છે તે સર્વ તેઓએ પ્રાપ્ત કરી લીધું છે, આથી આવા સિદ્ધ ભગવંત આશ્રય કરવા જેવા છે, અર્થાત્ અવલંબન લેવા જેવા છે કે જેના અવલંબનથી જીવ સ્વયં સિદ્ધ થઇ શકે છે. અને આવો નિર્ણય જેને થાય તે સદા તેઓના શરણને જીવંત રાખવા માટે અવશ્ય પ્રયત્ન કરે છે.

**ઉત્થાન :**

અરિહંત અને સિદ્ધ ભગવંતનું શરણું બતાવ્યા પછી સાધુ ભગવંતનું શરણ બતાંવે છે–

**ટીકા :**

**तहा पसंतगंभीरासया 'साहू सरणं' इति योगः । तथा न केवलं सिद्धाः शरणम्, किन्तु साधवः शरणमिति क्रिया । किंविशिष्टास्ते ? इत्याह– प्रशान्तः क्षान्तियोगात् गम्भीरोऽगाधतया आशयश्चित्तपरिणामो येषां ते प्रशान्तगम्भीराशयाः।**

**ટીકાર્થ :**

**તથા પ્રશાંત ગંભીર આશયવાળા સાધુ શરણ છે, એ પ્રકારે યોગ છે=સૂત્રમાં સંબંધ છે. 'तहा' શબ્દનું જોડાણ બતાવે છે. કેવળ સિદ્ધ શરણ નથી પરંતુ સાધુ શરણ છે, એ પ્રકારે ક્રિયા છે=એ પ્રકારે ક્રિયા સાથે સંબંધ છે.**

**કેવા વિશેષણથી વિશિષ્ટ સાધુઓ છે ? એથી કહે છે–**

**ક્ષાન્તિના યોગના કારણે પ્રશાંત છે, અગાધતા હોવાના કારણે ગંભીર છે આશય=ચિત્તનો પરિણામ, જેઓને તે પ્રશાંત, ગંભીર આશયવાળા છે.**

મુનિભગવંત ક્ષમાના પરિણામવાળા છે, તેથી ગુસ્સો, અરુચિ, દ્વેષ આદિ ભાવો તેમના શાંત થયેલા હોય છે. અને ચિત્ત ગંભીર આશયવાળું હોય છે, તેથી નિરર્થક બોલવું, વિચારવું કે નિરર્થક પ્રવૃત્તિ કરવી તેવો તેમનો આશય હોતો નથી. દ્વેષનાં નિમિત્તોમાં પણ તેમનું ચિત્ત પ્રશાંત હોય છે, અને ગંભીરતાપૂર્વક તત્ત્વને સ્પર્શે તેવા જ પરિણામવાળું તેમનું ચિત્ત હોય છે.

**ટીકા :**

**एत एव विशेष्यन्ते-सावज्जजोगविरया । सहावद्येन सावद्यः सपापो योगो व्यापारः कृतादिरूपः, तस्माद्विरताः सावद्ययोगविरताः ।**

**एत एव विशेष्यन्ते-पंचविहायारजाणगा । पञ्चविधमाचारं ज्ञानाचारादि-भेदभिन्नं जानते इति पञ्चविधाचारज्ञाः ।**

**एत एव विशेष्यन्ते-परोवयारनिरया । परोपकारे ए ( ऐ )कान्तिकात्यन्ति-करूपे निरताः परोपकारनिरताः ।**

**ટીકાર્થ :**

**સાધુભગવંતને જ વિશેષરૂપે બતાવે છે–**

**સાવદ્ય યોગથી સાધુ વિરત હોય છે. તે સાવદ્યયોગ વિરતની વ્યુત્પત્તિ બતાવે છે–**

**અવદ્યથી સહિત તે સાવદ્ય=સપાપ એવો યોગ=કૃતાદિરૂપ વ્યાપાર. તેનાથી વિરત તે સાવદ્યયોગવિરત.**

★ અહીં '**कृतादिरूपः**' વ્યાપારમાં '**आदि**' શબ્દથી કારિત અને અનુમતિરૂપ વ્યાપાર ગ્રહણ કરવાનો છે. તેથી એ પ્રાપ્તિ થાય કે કૃત-કારિત અને અનુમોદનારૂપ સપાપ વ્યાપારથી સાધુ વિરત છે.

**સાધુભગવંતને જ વિશેષરૂપે બતાવે છે–**

**પાંચ પ્રકારના આચારને જાણનારા છે. પંચવિધ આચારજ્ઞ શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે–**

**જ્ઞાનાચાર આદિ ભેદથી ભિન્ન એવા પાંચ પ્રકારનાં આચારોને જાણે છે, એ પાંચ પ્રકારના આચારજ્ઞ છે.**

**સાધુભગવંતને જ વિશેષરૂપે બતાવે છે–**

**પરોપકારમાં નિરત છે.**

**તે જ અર્થને સ્પષ્ટ કરે છે– એકાંતિક અને આત્યંતિકરૂપ જે પરોપકાર છે તે કરવામાં નિરત છે, તેઓ પરોપકાર નિરત છે.**

**પરોપકાર બે પ્રકારના હોય છે. (૧) એકાંતિક અને આત્યંતિક પરોપકાર. (૨) અનેકાંતિક અને અનાત્યંતિક પરોપકાર.**

(૧) એકાંતિક પરોપકાર એટલે જેમાં એકાંતે જીવનું હિત થાય છે અને જેના ફળ સ્વરૂપે ક્રમે કરીને જીવને મોક્ષની પ્રાપ્તિ થાય છે. જ્યારે આત્યંતિક પરોપકાર એટલે પૂર્ણ પરોપકાર, જેમાં જીવનાં સર્વદુઃખોનો અંત આવે છે અને જીવને સર્વસુખોની પ્રાપ્તિ થાય છે. સંસારમાં દુઃખી જીવોને આહારાદિ કે ધનાદિ આપવાથી તે વ્યક્તિને સન્માર્ગની પ્રાપ્તિ થાય એવો એકાંતે નિયમ નથી. ધનપ્રાપ્તિ કરીને તેઓ બાહ્યસુખની પ્રાપ્તિ કરીને રાગાદિ કલેશ કરે અને કર્મ

બાંધે તો તેમનું અહિત પણ થાય, તેથી ધનાદિ આપવાથી એકાંતે પરોપકાર થતો નથી. વળી, ધનાદિથી કરાયેલો પરોપકાર આત્યંતિક પરોપકાર પણ નથી કેમ કે ધનાદિ આપવાથી સર્વદુઃખના અંતરૂપ અને પૂર્ણસુખરૂપ મોક્ષની પ્રાપ્તિ થતી નથી. એકાંતિક અને આત્યંતિક પરોપકાર માત્ર સાધુઓ જ યોગ્યજીવોને મોક્ષમાર્ગ બતાવીને કરી શકે છે. અને સાધુઓ તેવા એકાંતિક અને આત્યંતિક પરોપકાર કરવામાં નિરત હોય છે.

(૨) અનેકાંતિક પરોપકાર એટલે જેમાં એકાંતે જીવનું હિત થતું નથી પણ કંઈક તેમનું હિત થાય છે અને અનાત્યંતિક પરોપકાર એટલે જેમાં જીવને પૂર્ણસુખની પ્રાપ્તિ થતી નથી પણ કંઈક સુખની પ્રાપ્તિ થાય છે. સંસારમાં દુઃખીજીવોને આહારાદિ કે ધનાદિ આપવામાં આવે તો તેનાથી એકાંતે પરોપકાર થતો નથી, પરંતુ કંઈક તેમના ઉપર પરોપકાર થાય છે, કેમ કે ધનાદિની પ્રાપ્તિ કરીને રાગાદિ કલેશ કરે અને કર્મ બાંધે છે, તેમ છતાં ધનાદિની પ્રાપ્તિ થવાથી તેમના ઉપર કંઈક પરોપકાર થાય છે. વળી, ધનાદિથી કરાયેલો પરોપકાર અનાત્યંતિક પરોપકાર છે; કેમ કે ધનાદિની પ્રાપ્તિથી સર્વદુઃખનો અંત થતો નથી અને પૂર્ણસુખરૂપ મોક્ષની પણ પ્રાપ્તિ થતી નથી પરંતુ ધનાદિની પ્રાપ્તિથી કંઈક સુખ તો જીવને થાય છે. તેથી બાહ્ય પરોપકાર અનેકાંતિક અને અનાત્યંતિક પરોપકાર છે.

**ટીકા :**

**[1]एत एव विशेष्यन्ते-पउमाइनिदंसणा। पद्मादीनि पङ्कोत्पत्ति-जलस्थिति-भावेऽपि तदस्पर्शनेन कामभोगा( कर्मभोगा )पेक्षयैवमेव भाव इति निदर्शनानि येषां ते पद्मादिनिदर्शनाः, आदिशब्दाच्छरत्सलिलादिग्रहः ।**

---

१. तुला - "पुरुषवरपुण्डरीकेभ्यः इति । पुरुषाः पूर्ववत्, ते वरपुण्डरीकाणीव संसारजलासङ्गादिना धर्मकलापेन पुरुषवरपुण्डरीकाणि । यथा पुण्डरीकाणि पङ्के जातानि जले वर्धितानि तदुभयं विहाय वर्तन्ते प्रकृतिसुन्दराणि च भवन्ति, निवासो भुवनलक्ष्म्याः, आयतनं चक्षुराद्यानन्दस्य, प्रवरगुणयोगतो विशिष्टतिर्यग्नरामरैः सेव्यन्ते सुखहेतूनि भवन्ति च, तथैतेऽपि भगवन्तः कर्मपङ्के जाताः दिव्यभोगजलेन वर्धिताः उभयं विहाय वर्तन्ते, सुन्दराश्चातिशययोगेन, निवासो गुणसम्पदः, हेतवो दर्शनाद्यानन्दस्य केवलादिगुणभावेन भव्यसत्त्वैः सेव्यन्ते, निर्वाणनिबन्धनं च जायन्ते" इति ललितविस्तरायाम् ॥

**एत एव विशेष्यन्ते-झाणज्झयणसंगया ध्याना-ऽध्ययनाभ्यां एकाग्रचिन्ता-निरोध-स्वाध्यायलक्षणाभ्यां संगताः ध्याना-ऽध्ययनसंगताः।**

**एत एव विशेष्यन्ते-विसुज्झमाणभावा । विशुध्यमानो विहितानुष्ठानेन भावो येषां ते विशुध्यमानभावाः ।**

**क एवंभूताः? किं वा एते? इत्याह साहू सरणं । तत्र सम्यग्दर्शनादिभिः सिद्धिं साध्यन्तीति साधवः, मुनय इत्यर्थः । ते मम शरणमाश्रय इति ।**

★ 'લલિતવિસ્તરા' ગ્રંથના પાઠ પ્રમાણે "**कामभोगा**" ની જગ્યાએ "**कर्मभोगा**" શબ્દ હોવાની સંભાવના છે.

**ટીકાર્થ :**

**સાધુ ભગવંતને જ વિશેષરૂપે બતાવે છે— પદ્માદિ દૃષ્ટાન્તથી સાધુ ઓળખાય એવા છે.**

તે જ અર્થને સ્પષ્ટ કરે છે–

**પદ્માદિ કાદવમાં ઉત્પન્ન થાય છે અને જલમાં રહે છે તો પણ તેના=કાદવના અને જલના, અસ્પર્શથી વર્તે છે. તેમ સાધુ પણ કર્મ અને ભોગની અપેક્ષાએ અસ્પર્શથી જ વર્તે છે, તેથી સાધુઓ પદ્માદિ દૃષ્ટાન્તથી ઓળખાય તેવા છે.**

★ '**पद्मादि**' માં '**आदि**' શબ્દથી વહેતા પાણીના દૃષ્ટાન્તથી ઓળખાય તેવા છે. જેમ વહેતું પાણી કોઈ સ્થાનમાં સ્થિર રહેતું નથી તેમ સાધુઓ અપ્રતિબદ્ધ ભાવથી સદા નવકલ્પી વિહાર કરનારા હોય છે.

(પદ્માદિનું દૃષ્ટાન્ત આ રીતે છે— પદ્માદિની કાદવમાં ઉત્પત્તિ અને જલમાં સ્થિતિ હોવા છતાં પણ કાદવ અને જલના અસ્પર્શથી પદ્માદિ રહેલ છે, તેમ કર્મ અને ભોગથી સાધુની ઉત્પત્તિ અને સ્થિતિ હોવા છતાં કર્મના અને ભોગનાં સ્પર્શવગરનાં સાધુઓ હોય છે, તેથી પદ્માદિ દૃષ્ટાન્તથી ઓળખાય તેવા છે.

અહીં લલિતવિસ્તરા ગ્રંથનો પાઠ વધુ સંગત લાગે છે, અને તે પ્રમાણે વિચારીએ તો, મુનિઓ કર્મરૂપી કાદવમાંથી ઉત્પન્ન થયા છે; કારણ કે કર્મથી જ મનુષ્ય ભવની પ્રાપ્તિ છે, અને મનુષ્યભવમાં સંયમ લીધા પછી પણ પાંચેય ઈન્દ્રિયોના વિષય સાથે મુનિને પણ સંસર્ગ થાય છે, તો પણ જેમ કમલ કાદવમાં

ઉત્પન્ન થાય અને જલમાં જ તેની અવસ્થિતિ હોવા છતાં તે કાદવ અને જલને સ્પર્શ કરતું નથી; તેમ મુનિઓ પણ કર્મ બાંધતા નથી, તેથી તેમને કર્મરૂપી કાદવનો સ્પર્શ નથી, અને પાંચે ઇન્દ્રિયોના વિષયોનો સંપર્ક હોવા છતાં તે વિષયો તેમની બુદ્ધિને સ્પર્શતા નથી; કેમ કે તત્ત્વથી ભાવિત મતિવાળા હોવાના કારણે અત્યંત ગુપ્ત માનસપૂર્વક તેઓ સંસારમાં વર્તે છે. માટે સાધુઓ પદ્માદિ દૃષ્ટાન્તથી ઓળખાય તેવા છે.

**મુનિને જ વિશેષરૂપે બતાવે છે–**

**મુનિ ધ્યાન-અધ્યયનથી સંગત છે=યુક્ત છે–**

તે જ પદાર્થને સ્પષ્ટ કરે છે–

**એકાગ્ર ચિન્તા અને યોગનિરોધરૂપ ધ્યાન તથા સ્વાધ્યાયરૂપ અધ્યયન એ બે થી યુક્ત મુનિ છે.**

મુનિ સંયમ લીધા પછી ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા કરે છે ત્યારે સ્વાધ્યાયમાં લીન રહીને આત્માને નિર્લેપ કરે છે. જ્યારે શાસ્ત્રથી સંપન્ન થઈ જાય છે ત્યારે સૂત્ર-અર્થનું પરાવર્તન કરીને આત્માને એકાગ્ર ચિંતવનરૂપ ધ્યાનમાં પ્રવર્તાવે છે, જેનાથી સમતાની વૃદ્ધિ થાય છે અને જેના પ્રકર્ષથી મોહનો નાશ અને કેવળજ્ઞાન થાય છે. ત્યારપછી તે મુનિ ઉચિત કાળે યોગનિરોધ કરે છે, તે બતાવવા માટે અહીં કહ્યું કે મુનિ ધ્યાન અને અધ્યયનથી યુક્ત છે.

**મુનિને જ વિશેષરૂપે બતાવે છે–**

**મુનિ વિશુદ્ધ્યમાનભાવવાળા છે.**

તે જ અર્થને સ્પષ્ટ કરે છે–

**ભગવાન દ્વારા વિહિત એવા અનુષ્ઠાનવડે, જેનો અધ્યવસાય વિશુદ્ધ વિશુદ્ધતર થઈ રહ્યો છે એવા વિશુદ્ધ્યમાન ભાવવાળા છે. (સાધુઓ મોક્ષમાં જવાના અત્યંત અભિલાષવાળા હોય છે, અને તેથી ભગવાનના વચનથી કહેવાયેલા અનુષ્ઠાન કરવા વડે પ્રતિક્ષણ અધિક અધિક નિર્લેપભાવને સ્પર્શનારા હોય છે.)**

ઉપરમાં વર્ણન કર્યું તેનું જ યોજન કરતાં કહે છે–

**આવા પ્રકારના કોણ છે અને સાધુઓ આ શું છે ? તેના જવાબરૂપે કહે છે—**

**આવા પ્રકારના સાધુ છે અને તેઓ મને શરણ છે.**

**ત્યાં સમ્યગ્ દર્શનાદિ વડે સિદ્ધિને જે સાધે તે સાધુ=મુનિઓ=પાંચેય ઇન્દ્રિયના મૌનભાવને ધારણ કરનારા, તેઓ મને શરણ=આશ્રય છે.**

'**इति**' શબ્દ સમાપ્તિ માટે છે.

**ભાવાર્થ :**

સિદ્ધ ભગવંતનું શરણું સ્વીકાર્યા પછી સાધુ ભગવંતનું શરણું બતાવે છે—

સાધુ ક્ષમાના પરિણામવાળા હોય છે. તેથી ક્રોધ, દ્વેષ, અરુચિ આદિ ભાવો તેઓને થતા નથી. વળી, ગંભીર આશયવાળા હોય છે. કેમ કે શાસ્ત્રતત્ત્વથી ભાવિત મતિવાળા હોવાના કારણે આત્મહિત સાધે તેવું ગંભીર ચિત્ત હોય છે.

વળી, સાધુઓ કરણ-કરાવણ અને અનુમતિરૂપ એવા સાવદ્ય પાપ આરંભથી વિરામ પામેલ હોય છે. તેથી તેઓની સર્વપ્રવૃત્તિ લેશ પણ કર્મબંધનું કારણ બનતી નથી.

વળી, સાધુ જ્ઞાનાદિ પાંચ આચાર જાણનારા હોય છે અને ઉપલક્ષણથી તે પાંચ આચારના પાલનમાં જ સુદૃઢ યત્નવાળા હોય છે, પંચાચારના પાલનથી સાધુઓ શક્તિના પ્રકર્ષ દ્વારા સર્વ આત્મવીર્ય આત્મગુણો પ્રગટાવવામાં પ્રવર્તાવે છે.

વળી, આ સાધુઓ પોતાની શક્તિને અનુરૂપ ઉપદેશાદિ પ્રવૃતિ કરીને એકાંતિક અને આત્યંતિક પરોપકાર કરવામાં નિરત હોય છે. તેનાથી એ જણાય છે કે લોકનો સંપર્ક પણ તેઓ પરોપકારના આશયથી કરે છે. સંસારી જીવોની જેમ આનંદ-પ્રમોદથી સમય પસાર કરવા માટે લોકોનો સંપર્ક કરતા નથી.

વળી, સાધુઓ અત્યંત નિર્લેપ હોય છે. તેથી પાંચે ઇન્દ્રિયોના વિષયો, ઇન્દ્રિય સાથે સંપર્કમાં આવે ત્યારે પણ તેઓને સ્પર્શતા નથી. કેમ કે તેઓ તત્ત્વથી ભાવિત મતિવાળા હોય છે. આથી સંસારના પ્રવાહને ચલાવે તેવા કર્મને તેઓ બાંધતા

નથી. તે બતાવવા માટે જ પદ્માદિ દૃષ્ટાન્તની ઉપમાથી મુનિનું સ્વરૂપ બતાવેલ છે.

વળી, સાધુ દીક્ષા ગ્રહણ કર્યા પછી સતત સ્વાધ્યાય કરીને આત્માને શાસ્ત્રતત્ત્વથી ભાવિત કરે છે, અને શાસ્ત્ર ભણીને ગીતાર્થ થાય છે અને સૂત્રાર્થના પરાવર્તન દ્વારા આત્માને નિષ્પન્ન કરવા પ્રયત્ન કરે છે. તેનાથી તેમની નિર્લેપદશા ઉત્તરોત્તર વધતી હોય છે, જેના ફળરૂપે કેવળજ્ઞાનને પામે તો યોગનિરોધ કરીને સંસારના પારને પામે છે; તે બતાવવા માટે મુનિ ધ્યાન-અધ્યયનથી યુક્ત છે તેમ કહેલ છે.

વળી, મુનિ, ભગવાને કહેલા અનુષ્ઠાનના સેવન દ્વારા વિશુદ્ધ્યમાન એવા અધ્યવસાયમાં રત છે, અર્થાત્ ક્રમે કરીને આત્માને ક્ષપકશ્રેણી સન્મુખ નિષ્પન્ન કરવા માટે યત્નવાળા છે. આવા મુનિઓ મને આશ્રય છે, અર્થાત્ આવા મુનિઓનું સ્મરણ કરીને તેમની ભક્તિના પરિણામવાળો થાઉં, એ પ્રકારનો ભાવ છે.

**ટીકા :**

**तहा सुरासुरमणुयपूजिओ 'केवलिपण्णत्तो धम्मो जावज्जीवं मे भगवं सरणं' इति योगः ।**

**तथा न केवलं साधवः शरणम्, किन्तु केवलिप्रज्ञप्तो धर्म इति संबन्धः । किंविशिष्टः? इत्याह–सुरासुरमनुजैः पूजितः सुरासुरमनुजपूजितः । सुरा ज्योतिष्क-वैमानिकाः । असुरा व्यन्तर-भवनपतयः। मनुजाः पुरुष-विद्याधराः ।**

**ટીકાર્થ :**

તથા સુર, અસુર અને મનુષ્યથી પૂજિત કેવલીપ્રજ્ઞપ્ત ધર્મ મને જાવજ્જીવ શરણ છે, એ પ્રમાણે સૂત્રમાં યોગ છે=સંબંધ છે, '**तहा**' શબ્દનું તાત્પર્ય બતાવે છે–

કેવલ સાધુ શરણ નથી, પરંતુ કેવલીપ્રજ્ઞપ્ત ધર્મ શરણ છે એ પ્રકારે '**तथा**' શબ્દનો સંબંધ છે.

આ ધર્મ કેવા વિશેષણથી વિશિષ્ટ છે એથી કરીને કહે છે–

**સુર, અસુર અને મનુષ્યથી પૂજાયેલો (કેવલીપ્રજ્ઞપ્ત ધર્મ) છે. અહીં 'સુર' શબ્દથી જ્યોતિષ અને વૈમાનિક દેવોને ગ્રહણ કરવાના છે, 'અસુર' શબ્દથી વ્યંતર અને ભવનપતિનાં દેવોને ગ્રહણ કરવાના છે અને 'મનુષ્ય' શબ્દથી પુરુષ વિદ્યાધરને ગ્રહણ કરવાના છે.**

**ભાવાર્થ :**

કેવલી ભગવંતે બતાવેલો ધર્મ અતિ લોકોત્તમ છે. આથી જ બુદ્ધિમાન એવા સુર, અસુર દેવતાઓ દ્વારા તે પૂજાયેલો છે, અને મનુષ્યમાં પણ વિદ્યાધર વગેરેથી પૂજાયેલો છે, એમ બતાવીને વાસ્તવિક ધર્મનું મહત્ત્વ બુદ્ધિમાં ઉપસ્થિત કરાવવું છે. કેમ કે જો આ ધર્મ લોકોત્તમ ન હોય તો દેવતાઓ વગેરે તેને પૂજે નહિ. કદાચ કોઈક બે-ચાર દેવતા કે એકાદ મનુષ્ય કે એકાદ વિદ્યાધર ભ્રમિત થઈને પૂજે તે સંભવે પરંતુ ત્રણ નિકાયના દેવતાઓ અને ઘણા વિદ્યાધર આદિથી પૂજાયેલો આ ધર્મ છે, એથી અવશ્ય લોકોત્તમ ધર્મ છે એ અર્થ ઘોતિત થાય છે.

**ટીકા :**

**अयमेव विशेष्यते-मोहतिमिरंसुमाली । मोहस्तिमिरमिव मोहतिमिरं सद्दर्शनावारकत्वेन, तस्यांशुमालीवांशुमाली, तदपनयनादादित्यकल्पः ।**

**ટીકાર્થ :**

**આ જ ધર્મને વિશેષરૂપે બતાવે છે–**

**મોહરૂપી અંધકાર માટે સૂર્ય સમાન છે.**

તેનો જ અર્થ સ્પષ્ટ કરે છે–

**મોહ એ તિમિરના જેવો જ=અંધકારના જેવો જ છે. એથી મોહ એ તિમિરરૂપ છે, કેમ કે મોહ એ સમ્યક્ દર્શનનું આવારક છે, અને તે મોહરૂપી તિમિરને માટે અંશુમાલી જેવો=સૂર્ય જેવો, ધર્મ છે; કેમ કે મોહનું અપનયન =દૂર કરનાર હોવાથી, સૂર્ય જેવો છે.**

**ભાવાર્થ :**

જેમ અંધકાર બાહ્ય પદાર્થનું દર્શન કરવામાં આવરણ બને છે, તેથી અંધકારથી

આવૃત થયેલો પદાર્થ દેખાતો નથી, પરંતુ વસ્તુના આવરણરૂપ અંધકાર જ દેખાય છે; તેમ મોહ એ તત્ત્વને જોવામાં આવરણ કરનાર છે, તેથી મોહને અંધકાર જેવો કહેલ છે. જેમ અંધકારનો નાશ સૂર્યથી થાય છે તેમ કેવલી ભગવંતે બતાવેલો ધર્મ આત્મામાં રહેલા મોહરૂપી અંધકારનો નાશ કરે છે, તેથી ધર્મને સૂર્ય જેવો કહેલ છે.

આશય એ છે કે કોઇ વ્યક્તિ, કેવલીએ બતાવેલ શ્રુતધર્મ સમ્યક્ રીતે ગ્રહણ કરે, તો શ્રુતધર્મથી મોહનું આવરણ દૂર થાય છે અને જગતના પદાર્થો જે રીતે છે તે રીતે જ શ્રુતચક્ષુથી દેખાય છે, અને તેથી આત્મા માટે હિત શું છે અને અહિત શું છે તેનો યથાર્થ બોધ થાય છે, તેથી સર્વજ્ઞે કહેલો ધર્મ મોહરૂપી અંધકાર માટે સૂર્ય જેવો છે.

**ટીકા :**

**अयमेव विशेष्यते- रागदोसविसपरममंतो। राग-द्वेषौ विषमिव रागद्वेषविषम्, तस्य परममन्त्रः, तद्घातित्वेनेति भावः।**

**ટીકાર્થ :**

**આ જ ધર્મને વિશેષ રીતે બતાવે છે–**

**રાગદ્વેષ રૂપી જે વિષ તેના માટે પરમમંત્ર જેવો ધર્મ છે.**

તેનો જ અર્થ સ્પષ્ટ કરે છે–

**રાગ અને દ્વેષ એ વિષના જેવા છે, એથી કરીને રાગદ્વેષને વિષરૂપ કહ્યા છે; અને તેને માટે=રાગદ્વેષને માટે, પરમ મંત્રરૂપ ધર્મ છે, કેમ કે કેવલીપ્રજ્ઞપ્ત ધર્મ રાગદ્વેષરૂપ વિષનો ઘાતી છે.**

**ભાવાર્થ :**

સર્વજ્ઞે કહેલો ધર્મ યથાર્થ જાણવાની જિજ્ઞાસાથી કોઇ તેનો અભ્યાસ કરે તો શ્રુતધર્મની પ્રાપ્તિ થાય અને તેનાથી અવશ્ય અનંતાનુબંધી રાગદ્વેષનો નાશ થાય. અને ભગવાને કહેલા ધર્મને જીવનમાં સમ્યક્ રૂપે સેવવામાં આવે તો જીવમાં ચારિત્રરૂપી ધર્મ પ્રગટ થાય છે, જે આત્મામાં રહેલા રાગદ્વેષરૂપી વિષનો નાશ

કરે છે. તેથી શ્રુત અને ચારિત્રરૂપી ધર્મ રાગદ્વેષરૂપી વિષ માટે પરમમંત્ર છે, અને રાગદ્વેષને વિષ એટલા માટે કહેલ છે કે જેમ વિષ દેહના નાશનું કારણ છે, તેમ રાગદ્વેષના પરિણામો શુદ્ધ આત્મભાવના વિનાશનું કારણ છે.

**ટીકા :**

**अयमेव विशेष्यते-हेऊ सयलकल्लाणाणं । हेतुः=कारणं प्रवर्त्तकत्वादिना सकलकल्याणानां सुदेवत्वादीनाम् ।**

**ટીકાર્થ :**

**આ જ ધર્મને વિશેષ રીતે બતાવે છે–**

**કેવલી ભગવંતે કહેલો ધર્મ સર્વ કલ્યાણનો હેતુ છે.**

તે જ અર્થને સ્પષ્ટ કરે છે–

**સુદેવત્વાદિ સર્વકલ્યાણોના પ્રવર્ત્તકત્વાદિરૂપે કેવલી ભગવંતે કહેલો ધર્મ હેતુ છે=કારણ છે.**

★ અહીં '**प्रवर्त्तकत्वादि**' માં '**आदि**' શબ્દથી નિવર્તકત્વનું ગ્રહણ કરવાનું છે, અને '**सुदेवत्वादि**' માં '**आदि**' શબ્દથી સુમાનુષત્વ અને મોક્ષ ગ્રહણ કરવાના છે.

**ભાવાર્થ :**

સર્વજ્ઞ વડે કહેવાયેલો ધર્મ જીવને સન્માર્ગમાં પ્રવૃત્તિ કરાવે છે અને આરંભ સમારંભથી નિવૃત્તિ કરાવે છે અને તે કરાવવા દ્વારા જો પૂર્ણભાવના ધર્મનું આ ભવમાં જ સેવન થાય તો તે જ ભવમાં મોક્ષની પ્રાપ્તિ થાય છે. કદાચ પૂર્ણધર્મનું સેવન ન થઇ શક્યું હોય તો પણ, સુદેવત્વ અને સુમાનુષત્વની પ્રાપ્તિ કરાવવા દ્વારા મોક્ષરૂપ ફળમાં જ વિશ્રાંત થાય છે. તેથી આ ધર્મ બધા કલ્યાણનું કારણ છે.

અહીં સુદેવત્વ કહેવાથી એ કહેવું છે કે એવો દેવભવ મળે કે જ્યાં વિશેષ પ્રકારના ધર્મની નિષ્પત્તિ માટેની શક્તિનો સંચય જીવ કરી શકે, અને સુમનુષ્યત્વ એટલે એવો મનુષ્યભવ મળે કે વિશેષ પ્રકારના ધર્મનું સેવન કરીને પૂર્ણધર્મ પેદા કરી શકે, અથવા તો પૂર્ણધર્મની નિષ્પત્તિ માટે વિશેષ શક્તિ સંચય કરી શકે.

**ટીકા :**

**अयमेव विशेष्यते-कम्मवणविहावसू । कर्मवनस्य ज्ञानावरणीयादि-समुदयरूपस्य विभावसुरिव=अग्निरिव, तद्दाहकत्वेन ।**

**ટીકાર્થ :**

આ જ કેવલી ભગવંતે કહેલો ધર્મ વિશેષ રીતે બતાવે છે–

**કર્મરૂપી વનને બાળવા માટે અગ્નિ જેવો છે.**

તે જ અર્થને સ્પષ્ટ કરે છે–

**જ્ઞાનાવરણીય આદિ સમુદાયરૂપ કર્મરૂપી વનને બાળવા માટે અગ્નિ જેવો છે, કેમ કે શ્રુત અને ચારિત્રરૂપ ધર્મ કર્મને બાળનાર છે.**

★ અહીં '**ज्ञानावरणीयादि**' માં '**आदि**' પદથી બાકીના સાત કર્મોનું ગ્રહણ કરવાનું છે.

**ટીકા :**

**अयमेव विशेष्यते-साहगो सिद्धभावस्स । साधकः=निर्वर्त्तकः, सिद्धभावस्य=सिद्धत्वस्य, तथा तत्संपादकत्वेन ।**

**ટીકાર્થ :**

અને આ જ કેવલી ભગવંતે કહેલો ધર્મ વિશેષ રીતે બતાવે છે–

સિદ્ધભાવનો સાધક છે=સિદ્ધભાવનો નિષ્પાદક છે; કેમ કે તે પ્રકારે તેનો સંપાદક છે=સિદ્ધભાવનો સંપાદક છે.

**ભાવાર્થ :**

શ્રુત અને ચારિત્રરૂપ ધર્મના સેવનથી જીવમાં પોતાનું શુદ્ધસ્વરૂપ પ્રગટ થાય છે, અને તે શુદ્ધ સ્વરૂપ ક્રમસર વૃદ્ધિ પામે છે, અને જ્યારે તે વૃદ્ધિ પ્રકર્ષને પામે છે ત્યારે સિદ્ધભાવ પ્રગટે છે. તે બતાવવા માટે કહ્યું કે તે પ્રકારે=ક્રમસર ભાવોની વૃદ્ધિ થાય તે પ્રકારે, સિદ્ધ ભાવનો સંપાદક છે.

**ટીકા :**

**कोऽयमेवं किं वेत्याह-केवलिपण्णत्तो धम्मो । केवलिप्रज्ञप्तः केवलिप्ररूपितः धर्मः श्रुतादिरूपः जावज्जीवं मे भगवं, 'यावज्जीवम्' इति पूर्ववत् मे मम भगवान् समग्रैश्वर्यादिगुणयुक्तः शरणम् आश्रयः ।**

**ટીકાર્થ :**

एवम् આવા પ્રકારનો=પૂર્વમાં વર્ણન કર્યું એવા પ્રકારનો, આ=બુદ્ધિમાં ઉપસ્થિત કોણ છે અને શું છે ? એથી કરીને કહે છે–

પૂર્વમાં વર્ણન કર્યું એવા ગુણવાળો કેવલી પ્રરૂપિત જે શ્રુતાદિરૂપ ધર્મ છે, તે સમગ્ર ઐશ્વર્યઆદિગુણથી યુક્ત ધર્મ જાવજ્જીવ મને શરણ છે=મને આશ્રય છે.

**અહીં જાવજ્જીવનો અર્થ પૂર્વની જેમ છે=અરિહંતશરણમાં બતાવ્યું તે રીતે છે.**

★ અહીં '**श्रुतादिरूपः**' માં '**आदि**' પદથી ચારિત્રનું ગ્રહણ કરવાનું છે.

**ભાવાર્થ :**

આ શ્રુતાદિ ધર્મને સમગ્ર ઐશ્વર્યથી યુક્ત કહ્યો. તેનાથી એ કહેવું છે કે આ શ્રુતધર્મ સર્વલબ્ધિઓ, સર્વમંત્રો આદિથી સમૃદ્ધ છે, અને તે શ્રુતધર્મ અનુસાર ચારિત્રધર્મના સેવનથી જીવનમાં અનેક લબ્ધિઓ પ્રગટે છે અને અંતે કેવલજ્ઞાનરૂપી ઐશ્વર્ય પ્રગટે છે. તેથી આ શ્રુતચારિત્રરૂપી ધર્મ સમગ્ર ઐશ્વર્યથી યુક્ત છે.

**ઉત્થાન :**

અહીં અરિહંત આદિમાંથી કોઈ એકનું શરણું ન સ્વીકારતાં ચારનું શરણું કેમ સ્વીકાર્યું ? તેથી કહે છે–

**ટીકા :**

**एतच्चतुःशरणगमनम् एकार्थसाधकत्वेन प्रभूतानामप्यविरुद्धमेव । अत एव परमार्थ( र्ष )म्-**

**ટીકાર્થ :**

**આ ચતુઃશરણગમન એક અર્થનું સાધક હોવાના કારણે અનેકનું પણ શરણ સ્વીકારવું અવિરુદ્ધ જ છે. આથી કરીને જ=એક અર્થસાધક હોવાને કારણે ચારેનું શરણ સ્વીકારવું અવિરૂદ્ધ છે આથી કરીને જ, પરમ આર્ષ છે= ચતુઃશરણગમનના સ્વીકાર માટે આપ્તપુરુષનું વચન છે.**

**ભાવાર્થ :**

સામાન્ય રીતે એકનું શરણ સ્વીકારવાથી પણ કાર્ય સિદ્ધ થઇ શકે છે, કેમ કે અરિહંત આદિ ચારના શરણમાંથી કોઇપણ એકનું શરણું સ્વીકારવામાં આવે તો પણ આપત્તિમાં પરિરક્ષણ થઇ શકે છે. આમ છતાં આપત્તિમાં પરિરક્ષણરૂપ એક અર્થનું સાધકપણું અરિહંતઆદિ ચારેયમાં છે, છતાં ભાવના પ્રકર્ષ અર્થે ચારેયનું શરણું સ્વીકારવું પણ અવિરુદ્ધ જ છે=ચારેયનું શરણું સ્વીકારવું પણ ઉચિત જ છે. આથી કરીને જ '**परमार्षम्**'=આર્ષવચન છે. એટલે કે શાસ્ત્રમાં જ આપ્તપુરુષોએ ચતુઃશરણગમનના સ્વીકાર માટે કહેલ છે.

અહીં વિશેષ એ છે કે અરિહંત આદિ ચારેયનું શરણું આપત્તિમાં પરિરક્ષણનો ઉપાય છે, આમ છતાં તે ચારેયમાંથી કોઇ એકનું પણ ભાવથી શરણું થાય તો આપત્તિમાં પરિરક્ષણ થઇ જાય છે, તેથી નિશ્ચયનયની દૃષ્ટિથી ચારેયમાંથી કોઇ એકનું શરણું સ્વીકારીએ તો કાર્ય સિદ્ધ થઇ શકે છે. આમ છતાં ભાવના પ્રકર્ષમાં ચારેયનું શરણું ઉપયોગી છે તેમ વ્યવહારનય માને છે. તે આ રીતે–

જે જીવ સંસારની વિષમ સ્થિતિ જાણતો હોય કે આપણે કર્મને કારણે વિષમ સ્થિતિને પામ્યા છીએ અને તેને દૂર કરવા માટે આ ચારમાંથી કોઇપણનું શરણ આવશ્યક છે, તો પણ વ્યવહારનયથી કોઇ એકનું શરણ સ્વીકારવાથી ભાવનો પ્રકર્ષ ન થાય તો દુષ્કૃતગર્હા આદિ સમ્યક્ ન થઇ શકે તેથી શરણના અનન્ય ઉપાય એવા ચારનું શરણ સ્વીકારેલ છે; જેથી ભાવનો પ્રકર્ષ થાય છે, અને જેનાથી શત્રુભૂત એવા કર્મના નાશ માટે વિશેષ સામર્થ્ય પ્રગટે છે. આથી વ્યવહારનય ચારેયના શરણના સ્વીકારનો ઉપદેશ આપે છે.

તે આર્ષવચન 'આવશ્યનિર્યુક્તિ' ગ્રંથમાં આ પ્રમાણે છે–

**चत्तारि सरणं पवज्जामि-अरहंते सरणं पवज्जामि,**
**सिद्धे सरणं पवज्जामि, साहू सरणं पवज्जामि,**
**केवलिपण्णत्तं धम्मं सरणं पवज्जामि [ आव. ४ ] इति ।**[1]

**ટીકાર્થ :**

'આવશ્ય નિર્યુક્તિ' ગ્રંથમાં કહ્યું છે કે
હું ચારનું શરણ સ્વીકારું છું,
અરિહંતનું શરણ સ્વીકારું છું,
સિદ્ધનું શરણ સ્વીકારું છું,
સાધુનું શરણ સ્વીકારું છું,
કેવલી પ્રજ્ઞપ્ત ધર્મનું શરણ સ્વીકારું છું.
**'इति'** શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.

**ભાવાર્થ :**

આર્ષવચનના ઉદ્ધરણમાં ફક્ત અરિહંતનું શરણું ન કહેતાં અરિહંત આદિ ચારેયના શરણનો ઉલ્લેખ છે. તેથી જ એ નક્કી થાય કે કોઇ એકનું શરણ ન સ્વીકારતાં ચારેયનું શરણ સ્વીકારવું જોઇએ. વળી, આ ઉદ્ધરણમાં અરિહંત આદિ ચારેયના શરણનો જ ઉલ્લેખ કર્યો છે. પરંતુ અરિહંતઆદિ ચારેયના કોઇ વિશેષણનો ઉલ્લેખ કર્યો નથી. આથી જે પુરુષ પ્રજ્ઞાધન અને વ્યુત્પન્ન હોય તે તેટલા માત્રથી જ, ભાવથી ચારેયના શરણને પ્રાપ્ત કરી શકે. વળી જે અતિવ્યુત્પન્ન ન હોય, પણ મધ્યમબુદ્ધિવાળો હોય, તેવા જીવને અરિહંતઆદિનું સ્વરૂપ કાંઇક સ્પષ્ટ થાય તે અર્થે પ્રસ્તુત ગ્રંથમાં તેના સ્વરૂપને બતાવનારા વિશેષણપૂર્વક ચારના શરણને સ્વીકારેલ છે, જેથી તે વિશેષણો દ્વારા અરિહંતઆદિ ચારનું શરણું ઉપસ્થિત કરીને ભાવથી શરણું પ્રાપ્ત કરી શકે, અને મધ્યમબુદ્ધિથી પણ જે મંદબુદ્ધિવાળા હોય તે વિશેષણના પરમાર્થને વિશેષણમાત્રના કથનથી સમજવા શક્તિમાન ન હોય, તેને માટે ટીકાકારે વિશેષણોના તાત્પર્યને સ્પષ્ટ

---

**१. चत्वा( तु )रः संसारमयपरित्राणाय 'शरणं प्रपद्ये' आश्रयं गच्छामि भेदेन तानुपदर्शयन्नाह – 'अरिहंते' त्यादि, 'अर्हतः शरणं प्रपद्ये' संसारिकदुःखशरणायार्हत आश्रयं गच्छामि, भक्तिं करोमीत्यर्थः, एवं सिद्धान् शरणं प्रपद्ये, साधून् शरणं प्रपद्ये, केवलिप्रज्ञप्तं धर्मं शरणं प्रपद्ये ।।'' इति आवश्यकसूत्रस्य हरिभद्रसूरिविरचितायां वृत्तौ ।।**

કરેલ છે, જેથી મંદબુદ્ધિવાળો પણ ટીકાના બળથી વિશેષણના પરમાર્થને સમજીને અરિહંત આદિ ચારના શરણને સ્વીકારવા યત્ન કરે તો ભાવથી શરણું પ્રાપ્ત કરી શકે. અને જેઓ પ્રસ્તુત ટીકા દ્વારા પણ તેનો ભાવ સ્પષ્ટ ન સમજી શકે તેવા હોય ને સમ્યક્ શરણ સ્વીકારવાના અર્થી હોય તેને ઉપદેશકો તેની પ્રજ્ઞાઅનુસાર બોધ કરાવીને પણ ભાવથી શરણ પ્રાપ્ત કરાવી શકે.

**અવતરણિકા :**

चतुःशरणगमनानन्तरं दुष्कृतगर्होक्ता । तामाह सरणमुवगओ य एएसिमित्यादिना—

**અવતરણિકાર્થ :**

તથાભવ્યત્વના પરિપાકના સાધનરૂપે ચતુઃશરણગમન, અનન્તર દુષ્કૃતગર્હા કહેવાયી. હવે 'सरणमुवगओ' ઇત્યાદિ દ્વારા તેને=દુષ્કૃતગર્હાને કહે છે–

**સૂત્ર :**

**सरणमुवगओ य एएसिं गरिहामि दुक्कडं-जण्णं अरहंतेसु वा, सिद्धेसु वा, आयरिएसु वा, उवज्झाएसु वा, साहूसु वा, साहुणीसु वा, अन्नेसु वा धम्मट्ठाणेसु माणणिज्जेसु पूयणिज्जेसु, तहा माईसु वा, पिईसु वा, बंधूसु वा, मित्तेसु वा, उवयारीसु वा, ओहेण वा जीवेसु, मग्गट्ठिएसु, अमग्गट्ठिएसु, मग्गसाहणेसु, अमग्गसाहणेसु, जं किंचि वितहमायरियं अणायरियव्वं अणिच्छियव्वं पावं पावाणुबंधि सुहमं वा बायरं वा मणेण वा वायाए वा काएण वा कयं वा कारियं वा अणुमोइयं वा रागेण वा दोसेण वा मोहेण वा, एत्थ वा जम्मे जम्मंतरेसु वा, गरहियमेयं दुक्कडमेयं उज्झियव्वमेयं, विआणियं मए कल्लाणमित्तगुरुभयवंतवयणाओ, एवमेयं ति रोइयं सद्धाए, अरहंत-सिद्धसमक्खं गरहामि अहमिणं 'दुक्कडमेयं उज्झियव्वमेयं'। एत्थ मिच्छामि दुक्कडं, मिच्छामि दुक्कडं, मिच्छामि दुक्कडं।**

**સૂત્રાર્થ :**

**આ ચારના શરણને પામેલો હું દુષ્કૃતની ગર્હા કરું છું, અને તે દુષ્કૃતની ગર્હા બતાવે છે–**

**અરિહંતમાં, સિદ્ધમાં, આચાર્યમાં, ઉપાધ્યાયમાં, સાધુમાં, સાધ્વીમાં, માનનીય અને પૂજનીય એવા ધર્મના સ્થાનભૂત એવા અન્ય જીવોમાં તથા માતાઓમાં, પિતાઓમાં, બંધુઓમાં, મિત્રોમાં, ઉપકારીઓમાં, માર્ગમાં રહેલા અને અમાર્ગમાં રહેલા એવા સર્વ જીવોના વિષયમાં માર્ગસાધનમાં અને અમાર્ગસાધનમાં જે કાંઇ વિપરીત આચરણ કરાયું હોય તે રૂપ જે=દુષ્કૃત, તે અનાચરણીય છે, અનિચ્છનીય છે, પાપ છે, પાપાનુબંધી છે. વળી તે વિપરીત આચરણ સૂક્ષ્મ હોય કે બાદર હોય, મનથી-વચનથી કે કાયાથી કર્યું હોય, કરાવ્યું હોય કે અનુમોદન કર્યું હોય અને તે રાગથી, દ્વેષથી કે મોહથી કરાયું હોય અને આ જન્મમાં કર્યું હોય કે જન્માંતરમાં કરાયું હોય એ ગર્હિત છે, એ દુષ્કૃત છે, એ ત્યાગ કરવા યોગ્ય છે (એ પ્રકારે) કલ્યાણમિત્ર, ગુરુ અને ભગવાનના વચનથી મારા વડે જણાયું છે. આ આમ છે એ પ્રમાણે શ્રદ્ધાથી મારા વડે રુચિ કરાય છે. અરિહંત, સિદ્ધ સમક્ષ હું આની ગર્હા કરું છું. આ દુષ્કૃત છે, આ ત્યાગ કરવા યોગ્ય છે. અહીંયાં=પૂર્વમાં દુષ્કૃતગર્હા બતાવી એ કથનમાં, મિચ્છામિ દુક્કડં, મિચ્છામિ દુક્કડં, મિચ્છામિ દુક્કડં=મારૂં દુષ્કૃત મિથ્યા છે, મારૂં દુષ્કૃત મિથ્યા છે, મારૂં દુષ્કૃત મિથ્યા છે.**

★ દુષ્કૃતગર્હાનાં પ્રારંભમાં '**जण्णं**' છે ત્યાં '**णं**' અક્ષર વાક્યાલંકારમાં છે, '**यद्**' શબ્દ દુષ્કૃતના નિર્દેશ માટે છે અને '**तद**' શબ્દ અધ્યાહાર છે, અને તેનો સંબંધ '**जं किंचि वितहमायरियं**' પછી છે. તે આ રીતે– **जं किंचि वितहमायरियं** '**तद**' **अणायरिव्वं...**

★ અરિહંત આદિમાં જે દુષ્કૃત મારા વડે કરાયું અને માર્ગસાધન અને અમાર્ગસાધનમાં જે કાંઇ વિપરીત આચરણ કરાયું હોય તે બતાડવા માટે '**तद्**' શબ્દ અધ્યાહાર છે, અને તે સર્વ અનાચરણીય છે, એ પ્રકારે '**तद्**' શબ્દનો સંબંધ છે.

**ટીકા :**

[१]शरणमुपगतश्च सन्नेतेषामर्हदादीनां गर्हे दुष्कृतम् । किंविशिष्टम् ? इत्याह-

१. "पापप्रतिघातगुणबीजाधानसूत्रे हरिभद्रसूरिभिरप्येतद्भवसम्बन्धि भवान्तरसम्बन्धि वा पापं यत्-तत्पदाभ्यां परामृश्य मिथ्यादुष्कृतप्रायश्चित्तेन विशोधनीयमित्युक्तम् । तथाहि- "सरणमुवगओ अ एएसिं गरिहामि दुक्कडं । जण्णं अरहंतेसु वा सिद्धेसु वा आयरिएसु वा ऊवज्झाएसु वा साहूसु वा साहुणीसु बा अन्नेसु वा धम्मट्ठाणेसु मागणिज्जेसु पूअणिज्जेसु

**जं णं अरहंतेसु वा इत्यादि ।** यत् इति दुष्कृतनिर्देशः, **णं** इति वाक्यालङ्कारे । **अर्हत्सु वा** अर्हद्विषयं वा । एवं **सिद्धेषु वा, आचार्येषु वा, उपाध्यायेषु वा, साधुषु वा, साध्वीषु वा, अन्येषु वा धर्मस्थानेषु** सामान्येन गुणाधिकेषु, **माननीयेषु पूजनीयेषु । तथा मातृषु वा, पितृषु वा,** अनेकजन्मापेक्षं बहुवचनम् । **बन्धुषु वा, मित्रेषु वा, उपकारिषु वा, ओघेन वा जीवेषु, मार्गस्थितेषु** सम्यग्दर्शनादियुक्तेषु, **अमार्गस्थितेषु** एतद्विपरीतेषु, **मार्गसाधनेषु** पुस्तकादिषु, **अमार्गसाधनेषु** खड्गादिषु, **यत्किञ्चिद् वितथमाचरितं** अविधिपरिभोगादि ।

**ટીકાર્થ-ભાવાર્થ :**

**'शरणमुपगतश्च सन्नेतेषामर्हदादीनां'** એ સૂત્રનું પ્રતિક છે.

દુષ્કૃતગર્હા કરતી વખતે સૌ પ્રથમ અરિહંતને ગ્રહણ કર્યા, તેનું કારણ અરિહંત પ્રત્યે જે કાંઈ વિપરીત આચરણા થઈ હોય તે અત્યંત કર્મબંધનું કારણ છે. કારણ કે જગતના જીવોના પરમ ઉપકારી અરિહંત છે, અને અરિહંત પ્રત્યેનું વિપરીત આચરણ એ છે કે, શાસ્ત્રમાં વર્ણન કરાયેલા એવા અરિહંત છે કે નહિ એવી

---

तहा माईसु वा पिईसु वा बन्धूसु वा मित्तेसु वा उवयारिसु वा ओहेण वा जीवेसु मग्गट्ठिएसु वा अमग्गट्ठिएसु वा मग्गसाहणेसु वा अमग्गसाहणेसु वा जं किंचि वितहमायरिअं अणायरिअव्वं अणिच्छिअव्वं पावं पावाणुबंधि सुहुमं वा बायरं वा मणेणं वा वायाए वा काएणं वा कयं वा काराविअं वा अणुमोइअं वा रागेण वा दोसेण वा मोहेण वा इत्थं वा जम्मे जम्मन्तरेसु वा गरहियमेयं दुक्कडमेयं उज्झियव्वमेअं वियाणिअं मए कल्लाणमित्तगुरुभगवंत-वयणाओ एवमेअं ति रोइअं सद्धाए अरहंतसिद्धसमक्खं गरहामि अहमिणं दुक्कडमेअं उज्झियव्वमेअं इत्थ मिच्छामि दुक्कडं ३ ।" एतद्व्याख्या यथा-चतुःशरणगमनान्तरं दुष्कृतगर्होक्ता, तामाह-शरणमुपगतश्च सन्नेतेषामर्हदादीनां गर्हे दुष्कृतम् । किंविशिष्टम्? इत्याह-जण्णं अरहंतेसु वा इत्यादि, अर्हदादिविषयमोघेन वा जीवेषु मार्गस्थितेषु सम्यग्दर्शनादियुक्तेषु, अमार्गस्थितेषु एतद्विपरीतेषु, मार्गसाधनेषु पुस्तकादिषु, अमार्गसाधनेषु खड्गादिषु, यत्किंचिद्वितथमाचरितम् अविधिपरिभोगादि, अनाचरितव्यं क्रियया, अनेष्टव्यं मनसा, पापम् पापकारणत्वेन, पापानुबन्धि तथा विपाकभावेन, गर्हितमेतद् कुत्साऽऽस्पदम्, दुष्कृतमेतद धर्मबाह्यत्वेन, उज्झितव्यमेतद् हेयतया, विज्ञातं मया कल्याणमित्रगुरुभगवद्वचनाद्, एवमेतद इति रोचितं श्रद्धया तथाविधक्षयोपशमजया, अर्हत्सिद्धसमक्षं गर्हे, कथम् ? इत्याह-दुष्कृतमेतद्, उज्झितव्यमेतद् । अत्र व्यतिकरे 'मिच्छामिदुक्कडं' वारत्रयं पाठः । इति यशोविजयवाचकविर-चितायां धर्मपरीक्षास्वोपज्ञवृत्तौ । पृ.२३-२४॥

શંકા કરવી, અથવા તો તેમનું સ્વરૂપ જેવું છે તેનાથી અન્યથારૂપે કલ્પના કરવી, અથવા તો તેમનું પરમ ઉપકારી સ્વરૂપ સાંભળીને તેના પ્રત્યે ઉપકારી બુદ્ધિ ન થાય, તે સર્વ અરિહંતની આશાતના છે.આ સિવાય દેરાસરમાં થતી ૩૩ આશાતનાઓ અરિહંતની આશાતના'છે. અરિહંતની આશાતનાથી જીવ વિશેષ પ્રકારના પાપો બાંધે છે અને તેના નિવારણ માટે ઉપયોગપૂર્વક દુષ્કૃતગર્હા કરવાની છે.

અરિહંત પછી સિદ્ધના વિષયમાં થયેલા દુષ્કૃતની ગર્હા કરવામાં આવે છે. અરિહંત અત્યંત ઉપકારક છે તેથી દુષ્કૃતગર્હા કરતી વખતે સૌ પ્રથમ તેમને ગ્રહણ કર્યા. ત્યારબાદ દુષ્કૃતગર્હા કરતી વખતે સિદ્ધભગવંતોને ગ્રહણ કર્યા છે. સિદ્ધ ભગવંતો પરિપૂર્ણ ગુણસ્વરૂપ છે, અને તેમના પ્રત્યે જે કોઇ વિપરીત આચરણા થઇ હોય તેની ગર્હા કરવાની છે. સિદ્ધભગવંતો પ્રત્યેની વિપરીત આચરણા આ પ્રમાણે છે–

જગતમાં સિદ્ધો છે કે નહિ તેવી શંકા કરવી અથવા તો સિદ્ધ ભગવંતને કોઇ ભોગવિલાસની સામગ્રી નથી, તેથી તેઓની એ અવસ્થા નિઃસાર છે, ખાલી એકલા આત્માને જ સિદ્ધ સ્થાનમાં પડી રહેવાથી શું ? સિદ્ધ ભગવંત જગતના જીવોને કોઇ ઉપકાર કરતા નથી, જે જીવો અન્ય જીવોને ભૌતિક રીતે ઉપકાર કરે છે તેઓનું જીવન સિદ્ધ ભગવંત કરતાં શ્રેષ્ઠ છે આદિ વિપરીત કલ્પનાઓ કરવી તે સિદ્ધોની આશાતના છે. વળી, સિદ્ધ ભગવંતનું સ્વરૂપ સાંભળતાં પણ તેમના પ્રત્યે જેને આદર થતો નથી, તે પણ તેમના પ્રત્યે થયેલા અનાદરભાવ રૂપ આશાતના છે. તે સર્વ આશાતનાને ઉપસ્થિત કરીને ગર્હા કરવાથી, તેવા પ્રકારનાં આશાતનાનાં પરિણામોથી આત્મામાં પડેલા સંસ્કારો નાશ પામે છે અથવા શિથિલ થાય છે.

અરિહંત અને સિદ્ધ ભગવંત પછી આચાર્યના વિષયમાં થયેલા દુષ્કૃતની ગર્હા કરવામાં આવે છે. આચાર્ય એટલે તીર્થંકર તુલ્ય, મોક્ષમાર્ગને સાધક એવા પંચાચારનું સમ્યક્પાલન કરનારા, અને તેઓની આશાતના આ પ્રમાણે છે–

તેમના વિષયમાં સ્વમતિ પ્રમાણે વિપરીત બોલવું, તેમના વચનનો અનાદર કરવો, આચાર્યભાવને શોભે નહિ તેવી પ્રકૃતિ હોવા છતાં આચાર્યપદવી ધારણ કરવી તે પણ આચાર્યપદની આશાતના છે; કેમ કે તેનાથી લોકમાં આચાર્યપદની

હીનતા થાય છે. આવા અનેક પ્રકારની આશાતનારૂપ આચાર્યના વિષયમાં દુષ્કૃત સેવનની ગર્હા કરવાની છે.

ત્યારપછી શાસ્ત્રમાં સદા રત રહેનાર ઉપાધ્યાયના વિષયમાં થયેલાં દુષ્કૃતોની ગર્હા કરવામાં આવે છે. ઉપાધ્યાયમાં રહેલા જ્ઞાનાદિ ગુણોની અવજ્ઞા કરવાથી, તેમના ઉત્તમ સ્વરૂપને બીજા પાસે હીનરૂપ બતાડવાથી કે તેમની પાસે અનાદરપૂર્વક ભણવાથી તેમની આશાતના થાય છે અને તે સર્વ આશાતનાની ગર્હા કરવાની છે.

ત્યારપછી સાધુ-સાધ્વીના વિષયમાં તેમનાં મલિન વસ્ત્રો આદિ કે તેમની કોઈ નાની ક્ષતિ માત્ર જોઈને તેમના ગુણોની અવગણના કરવામાં આવે, તે સાધુ-સાધ્વીની આશાતના છે.

સાધુ-સાધ્વી પછી ધર્મના સ્થાનભૂત અને સામાન્ય રીતે પોતાનાથી ગુણમાં અધિક, અને પોતાને માટે માનનીય અને પૂજનીય એવા અન્ય = સાધુ-સાધ્વીથી અન્ય, એવા કોઈપણ શ્રાવક આદિની, પોતે આશાતના કરી હોય તેની ગર્હા કરવાની છે. અહીં સામાન્ય શબ્દથી એ કહેવું છે કે કોઈ એકાદ તપાદિ વિશેષ ગુણને આશ્રયીને પોતે અધિક હોય, તો પણ સર્વસામાન્યગુણને આશ્રયીને જે પોતાનાથી અધિક છે, તેને ગ્રહણ કરવા માટે સામાન્યથી ગુણાધિકનું ગ્રહણ કરેલ છે. તેઓની આશાતના એ છે કે તેઓ પોતાનાથી ગુણમાં અધિક છે અને પોતાને માટે માનનીય છે અને પોતાને માટે પૂજનીય છે, તેમ છતાં, તેઓ પ્રત્યે આદર-સત્કારના વ્યવહાર ન કરે અને કાંઈ વિપરીત અનાદરવાળો વ્યવહાર કરે તે તેમની આશાતના છે, અને તેની દુષ્કૃતગર્હા કરવાની છે.

વળી, સંસારમાં આ ભવનાં કે જન્માંતરનાં માતા-પિતાઓ પ્રત્યે અનુચિત વ્યવહાર કર્યો હોય તો તે પણ દુષ્કૃત છે, તે બતાવવા માટે માતાપિતાને બહુવચનમાં ગ્રહણ કરેલ છે. વળી, બંધુઓ પ્રત્યે, મિત્રો પ્રત્યે કે ઉપકારી પ્રત્યે જે કાંઈ અનુચિત વ્યવહાર કર્યો હોય તે સર્વ દુષ્કૃત છે, તેની અહીં ગર્હા કરવાની છે.

વળી, સમ્યક્ દર્શન આદિથી યુક્ત માર્ગમાં રહેલા અને અમાર્ગમાં રહેલા

એવા સર્વ જીવો પ્રત્યે, જે કાંઇ વિપરીત આચરણા કરી હોય તે પણ દુષ્કૃત છે. આમાં સર્વ જીવોનો સંગ્રહ થાય છે, તેથી કોઇપણ જીવ પ્રત્યે રાગ-દ્વેષને વશ થઇને જે કંઇ અનુચિત વ્યવહાર થયો હોય તે દુષ્કૃત છે, તે આ રીતે–

એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના સર્વ જીવોમાં, જે જીવો મોક્ષમાર્ગમાં રહેલા નથી તેઓ પ્રત્યે રાગ-દ્વેષને વશ થઇને હિંસા કરી હોય, પીડા ઉપજાવી હોય કે કષાય ઉત્પન્ન કરવામાં નિમિત્ત કારણ બન્યા હોય, અને તે પણ કરણ, કરાવણ કે અનુમોદનથી કર્યું હોય તો તે સર્વ દુષ્કૃત છે. વળી, માર્ગમાં રહેલા જીવો પ્રત્યે પણ કષાયને વશ થઇને જે કાંઇ અનુચિત વર્તન કર્યું હોય, તેઓને દુઃખ ઉપજાવ્યું હોય, પ્રાણનાશ કર્યો હોય કે સન્માર્ગની પ્રવૃત્તિ કરવામાં અંતરાય કર્યો હોય, તે સર્વ કરણના, કરાવણના અને અનુમોદનના ભેદથી કરાયેલું દુષ્કૃત છે, અને તે સર્વ દુષ્કૃતની ઉપસ્થિતિ કરીને ગર્હા કરવાની છે.

આ રીતે અરિહંતથી માંડીને સામાન્ય જીવમાત્રના વિષયમાં થયેલા દુષ્કૃતની ગર્હા બતાવીને, હવે માર્ગના સાધનરૂપ એવા પુસ્તકાદિ અને અમાર્ગના સાધનરૂપ એવા ખડ્ગાદિ વિષયક જે કાંઇ અવિધિથી પરિભોગાદિરૂપ વિપરીત આચરણ કરાયું હોય તે પણ દુષ્કૃત આચરણા છે, તેની અહીં ગર્હા કરવાની છે.

આશય એ છે કે મોક્ષમાર્ગનાં સાધનરૂપ પુસ્તક, ધર્મનાં ઉપકરણો આદિ સામગ્રીનો યથા તથા વિપરીત ઉપયોગ કર્યો હોય તે દુષ્કૃત આચરણા છે, અને સંસારની ભોગાદિની સામગ્રીનો પણ યથા તથા ઉપયોગ કર્યો હોય કે જેનાથી ઘણા આરંભ-સમારંભ થયા હોય તે સર્વ અવિધિ પરિભોગાદિ છે, અને તેનાથી જીવને વિશેષ પ્રકારના કર્મો બંધાય છે. તેથી તેવા થયેલા દુષ્કૃતોની અહીં ગર્હા કરવામાં આવે છે.

**ઉત્થાન :**

હવે અરિહંત આદિથી માંડીને સર્વજીવોમાં માર્ગસાધન કે અમાર્ગસાધનમાં જે દુષ્કૃત થાય છે તે દુષ્કૃત કેવું છે તે બતાવે છે–

**ટીકા :**

**अनाचरितव्यं क्रियया । अनेष्टव्यं मनसा । पापं पापकारणत्वेन, पापानुबन्धि,**

तथाविपाकभावेन । **सूक्ष्मं वा बादरं वा** स्वरूपतः। कथमेतदाचरितम् ? इत्याह- **मनसा वा वाचा वा कायेन वा । कृतं वात्मना १ । कारितं वान्यैः २ । अनुमोदितं वा** परकृतम् ३। एतदपि **रागेण वा द्वेषेण वा मोहेन वा । अत्र वा जन्मनि, जन्मान्तरेषु वा** अतीतेषु । **गर्हितमेतत्** कुत्सास्पदम् । **दुष्कृतमेतत्** सद्धर्मबाह्यत्वेन । **उज्झितव्यमेतत्** हेयतया । **विज्ञातं मया कल्याणमित्रगुरु-भगवद्वचनात्** । भगवद्वचनप्राप्तौ प्राय इयमानुपूर्वीत्येवमुपन्यासः। **एवमेतदिति रोचितं श्रद्धया** तथाविध-कर्मक्षयोपशमजया। ततः किम् ? इत्याह- **अर्हत्सिद्धसमक्षं** तानधिकृत्य **गर्हेऽहमिदं** कुत्सामीत्यर्थः। कथम्? इत्याह- **दुष्कृतमेतत् उज्झितव्यमेतत् । अत्र व्यतिकरे मिच्छामि दुक्कडं ३**, वारात्रयं पाठः ।

**ટીકાર્થ :**

**આ દુષ્કૃત મન, વચન અને કાયાની ક્રિયાથી અનાચરણીય છે અને મનથી અનિચ્છનીય છે.**

આશય એ છે કે જ્યારે જીવ તે પ્રકારના દુષ્કૃતની વિચારણા કરતો હોય ત્યારે તે માનસિક ક્રિયા છે, જ્યારે જીવ તે પ્રકારના દુષ્કૃતને વાણી દ્વારા દર્શાવતો હોય ત્યારે તે વાચિક ક્રિયા છે અને જ્યારે જીવ કાયાથી દુષ્કૃતરૂપ વર્તન કરતો હોય ત્યારે તે કાયિક ક્રિયા છે, અને તે ત્રણે દુષ્કૃતો ક્રિયાથી કરવા યોગ્ય નથી. એટલું જ નહિ. કેટલાંક કાર્યો મનથી કરતો ન હોય તો પણ મનથી ઇચ્છનીય હોય છે. જેમ કોઈ માણસને ઘણાં કાર્ય ગમે એવાં હોય પણ કરી શકે તેવા સંયોગો ન હોય તો તે કાર્ય કરવાનો મનથી વિચાર પણ ન કરતો હોય, તો પણ તે કાર્ય મનથી ઇચ્છનીય હોય છે. જેમ કે દરિદ્ર માણસને ફેક્ટરી કરવાનો વિચાર પણ ન આવતો હોય, તો પણ ફેક્ટરી કરવી તેને ઇચ્છનીય લાગે છે. પૂર્વમાં બતાવાયેલાં દુષ્કૃતો ત્રણે યોગોથી અનાચરણીય છે તેમ મનથી ઇચ્છનીય પણ નથી. આ દુષ્કૃતો મનથી પણ કેમ ઇચ્છનીય નથી તે બતાવવા માટે કહે છે–

**વળી, આ દુષ્કૃત પાપબંધનું કારણ હોવાના કારણે પાપરૂપ છે અને તેવા પ્રકારના વિપાકને કારણે પાપાનુંબંધી છે.**

આશય એ છે કે દુષ્કૃતનું સેવન કરવાથી આત્મા ઉપર દુષ્કૃતના સંસ્કાર પડે છે અને દુષ્કૃતથી પાપનો બંધ થાય છે અને તે પાપનો ઉદય થાય ત્યારે ફરીથી તે સંસ્કારો જાગૃત થાય છે, તેથી તે દુષ્કૃત પાપની પરંપરાને ચલાવે છે; માટે પાપાનુબંધી કહેલ છે.

**વળી, આ દુષ્કૃત સ્વરૂપથી સૂક્ષ્મ પણ હોઈ શકે કે સ્થુલ પણ હોઈ શકે.**

**વળી, તે દુષ્કૃત કેવી રીતે આચરણ કરાયું છે તે કહે છે– મનથી અથવા વચનથી અથવા કાયાથી, પોતાના વડે કરાયું હોય, બીજા પાસે કરાવ્યું હોય અને પરવડે કરાયેલા દુષ્કૃતની અનુમોદના કરી હોય, તે સર્વેની ગર્હા કરવાની છે.**

**અને આ પણ=સેવાયેલું પણ, દુષ્કૃત રાગથી, દ્વેષથી કે મોહથી કરાયું હોય, તેની ગર્હા કરવાની છે, વળી, આ જન્મમાં કરાયું હોય કે અતીત એવા જન્મમાં કરાયું હોય તેની ગર્હા કરવાની છે.**

★ અહીં '**एतदपि**' માં '**अपि**' પદથી નહિ સેવાયેલા દુષ્કૃતનો સમુચ્ચય છે.

હવે, આ દુષ્કૃત કેવું છે તે બતાવે છે–

**વળી, આ દુષ્કૃત ગર્હિત છે=જુગુપ્સાનું સ્થાન છે, વળી આ સદ્ધર્મબાહ્ય હોવાના કારણે દુષ્કૃત છે, વળી આ હેય હોવાના કારણે ત્યાગ કરવું જોઈએ. એ પ્રમાણે કલ્યાણમિત્રના વચનથી, ગુરુના વચનથી અને ભગવાનના વચનથી મારા વડે જણાયું છે.**

અહીં પ્રશ્ન થાય કે સૂત્રમાં પ્રથમ કલ્યાણમિત્રનું વચન, પછી ગુરુનું વચન અને પછી ભગવાનનું વચન કેમ ગ્રહણ કર્યું ? તેથી કહે છે–

**ભગવદ્ વચનની પ્રાપ્તિમાં પ્રાયઃ આ આનુપૂર્વી છે એથી કરીને આ પ્રકારે ઉપન્યાસ કર્યો છે.**

**આશય એ છે કે જગતમાં ક્યા કૃત્યો દુષ્કૃત છે અને ક્યા કૃત્યો સુકૃત છે એ પ્રકારનો જીવને સૌપ્રથમ બોધ પ્રાયઃ કલ્યાણમિત્રના વચનથી થાય છે, અને કલ્યાણમિત્રના સંપર્કના કારણે પ્રાયઃ સદ્ગુરુનો યોગ થાય છે, ત્યારે ગુરુ પાસેથી વિશેષ પ્રકારે તત્ત્વ પ્રાપ્ત થાય છે. અને ગુરુ જ્યારે અરિહંતને ઓળખાવે ત્યારે અરિહંતના યોગના કારણે અથવા તો અરિહંતોએ કહેલાં સદ્શાસ્ત્રોના અભ્યાસને**

**કારણે દુષ્કૃતોનો યથાર્થ બોધ થાય છે. આમ, દુષ્કૃતની દુષ્કૃતરૂપે ઓળખ પ્રથમ કલ્યાણમિત્રથી સામાન્ય રીતે થાય છે, તે જ દુષ્કૃતની વિશેષરૂપે ઓળખ સદ્ગુરુના યોગથી થાય છે અને ત્યારપછી તે દુષ્કૃતની દુષ્કૃતરૂપે વિશેષ ઓળખ તીર્થંકરના યોગથી કે સત્શાસ્ત્રના અભ્યાસથી થાય છે, તે બતાવવા માટે, પ્રથમ કલ્યાણમિત્ર, પછી ગુરુ અને ત્યારબાદ ભગવાન અહીં ગ્રહણ કરેલ છે. આમ છતાં, કોઈક જીવને સાક્ષાત્ ભગવાનથી પણ પ્રથમ બોધ થઈ શકે, તો પણ મોટે ભાગે આ જ ક્રમથી દુષ્કૃતનો દુષ્કૃતરૂપે બોધ થાય છે તે બતાવવા માટે આ ક્રમથી વર્ણન કર્યું છે.**

**આ રીતે દુષ્કૃતની ગર્હા કર્યા પછી તેને જ દૃઢ કરવા માટે કહે છે–**

**આ=દુષ્કૃત, આવું છે=જુગુપ્સિત છે (જુગુપ્સાનું સ્થાન છે), અને ત્યાગ કરવા યોગ્ય છે, તે પ્રમાણે શ્રદ્ધાથી મારા વડે રુચિ કરાય છે, અને તે શ્રદ્ધા તેવા પ્રકારના કર્મના ક્ષયોપશમથી પેદા થાય છે.**

આનાથી એ કહેવું છે કે, જ્યારે કલ્યાણમિત્ર આદિ પાસેથી દુષ્કૃતને દુષ્કૃતરૂપે જાણ્યું, ત્યારે જીવને પોતાને આ દુષ્કૃત ગર્હિત છે, જુગુપ્સનીય છે, ત્યાગ કરવા યોગ્ય છે, એ પ્રકારે સ્વાભાવિક રુચિ થાય છે, તેનું કારણ દર્શન મોહનીયનો ક્ષયોપશમ છે.

**ત્યારપછી શું, એથી કરીને કહે છે=દુષ્કૃત પ્રત્યે ત્યાગની રૂચિ થાય છે ત્યારપછી શું. એથી કરીને કહે છે–**

**તે દુષ્કૃતની અરિહંત અને સિદ્ધની સાક્ષીએ હું ગર્હા કરું છું.** અર્થાત્ એ દુષ્કૃત પ્રત્યે હું જુગુપ્સા કરું છું અને એ રીતે આત્મામાં જુગુપ્સાનો ભાવ પેદા કરવામાં આવે છે.

કેવી રીતે ગર્હા કરે છે એથી કરીને કહે છે–

**આ દુષ્કૃત છે, આ ત્યાગ કરવા યોગ્ય છે એ પ્રકારના વચનથી અરિહંત સિદ્ધની સાક્ષીએ ગર્હા કરું છું. અને આ રીતે દુષ્કૃત ગર્હા કર્યા પછી ત્રણ વખત 'મિચ્છા મિ દુક્કડં' નો પાઠ કરવાનો છે.**

**ભાવાર્થ :**

અરિહંતથી માંડીને સામાન્ય સર્વ જીવો પ્રત્યે પોતે જે વિપરીત આચરણા

કરી હોય તે સર્વ દુષ્કૃત છે, અને માર્ગસાધન અને અમાર્ગસાધનમાં જે કાંઈ વિપરીત આચરણા કરી હોય તો તે પણ દુષ્કૃત છે, અને તે દુષ્કૃત પ્રત્યે અત્યંત જુગુપ્સા કરવા માટે જ કહે છે–

આ અનાચરણીય છે, અનિચ્છનીય છે, પાપ છે અને પાપના અનુબંધવાળું છે. અને પછી તે દુષ્કૃત કેવું છે તે બતાવવા માટે કહ્યું કે, કેટલાંક દુષ્કૃત સૂક્ષ્મ છે અને કેટલાંક બાદર છે તે સર્વ દુષ્કૃત પ્રત્યે પોતાને જુગુપ્સા કરવાની છે.

આ દુષ્કૃતનું સેવન જીવ બાહ્ય રીતે મન-વચન અને કાયાથી કરે છે, અને તે મન-વચન-કાયાથી સ્વયં કરે છે, કરાવે છે અને અનુમોદના કરે છે, અને અંતરંગ પરિણામથી રાગથી, દ્વેષથી કે મોહથી=મિથ્યાત્વના ઉદયથી કરે છે.

આમ કહેવાથી એ કહેવું છે કે, દુષ્કૃત સેવનની અંતરંગ નિષ્પત્તિનું કારણ રાગાદિ પરિણામ છે, અને બહિરંગ કારણ મન-વચન અને કાયાના યોગો છે, અને તે યોગો પણ સામાન્ય દુષ્કૃત કરવામાં, કરાવવામાં અને અનુમોદન કરવામાં પ્રવર્તે છે, તે સર્વ પ્રત્યે પોતે જુગુપ્સા કરે છે. આવા પ્રકારની જુગુપ્સા કરવાથી દુષ્કૃતને અનુકૂળ મન-વચન-કાયાની પ્રવૃત્તિ કરવાનો જીવનો પરિણામ નિવર્તન પામે છે, અને દુષ્કૃતની નિષ્પત્તિમાં બીજભૂત એવો અંતરંગ રાગ-દ્વેષ અને મોહનો પરિણામ મંદ થાય છે. જો સુપ્રણિધાનપૂર્વક ઉપયોગ હોય તો જેમ જેમ શબ્દ બોલાય છે તેમ તેમ તે શબ્દને અનુરૂપ અંતરંગ રાગાદિના પરિણામ મંદ મંદતર થાય છે, અને દુષ્કૃત પ્રત્યે જુગુપ્સાની પરિણતિ ઉત્પન્ન થાય છે. આ રીતની દુષ્કૃતગર્હા કરવાથી બંધાયેલાં કર્મોનો અવશ્ય નાશ થાય છે, અને આત્મા ઉપર પડેલા દુષ્કૃતના સંસ્કારો મંદ મંદતર થઈને અંતે નાશ પામે છે અથવા શિથિલ થાય છે.

વળી, આ દુષ્કૃતોમાંથી કેટલાંક દુષ્કૃતો આ જન્મમાં સેવાયેલાં હોય છે. જેમાંથી જેની પોતાને ઉપસ્થિતિ થતી હોય તેને સ્મૃતિમાં લાવીને વિશેષરૂપે ગર્હા કરવાની હોય છે. જે દુષ્કૃત સ્મૃતિમાં ન આવતાં હોય તેવાં દુષ્કૃતોની પણ સામાન્ય રીતે ગર્હા કરવાની છે. એટલું જ નહિ, જન્માંતરમાં પણ ઉપરમાં વર્ણન કરાયેલાં એવા જે કાંઈ દુષ્કૃત સેવાયાં હોય તેની સામાન્યથી ઉપસ્થિતિ કરીને, તે દુષ્કૃતો

પ્રત્યે જુગુપ્સાનો પરિણામ પેદા કરવાનો છે. આ રીતે સામાન્ય દુષ્કૃતો પ્રત્યેના જુગુપ્સાના પરિણામથી જન્માંતરમાં સેવાયેલાં દુષ્કૃતોના સંસ્કાર પણ શિથિલ થાય છે કે નાશ પામે છે, અને આ ભવમાં પણ કરાયેલા દુષ્કૃતોના સંસ્કાર નાશ પામે છે કે શિથિલ થાય છે.

અને આ દુષ્કૃતને જ અતિશયિત કરવા માટે કહે છે—

આ=પૂર્વમાં પોતે જે વિપરીત સેવન કર્યું છે એ, ગર્હિત છે, એ દુષ્કૃત છે અને એ ત્યાગ કરવા યોગ્ય છે એ પ્રમાણે, કલ્યાણમિત્રના વચનથી, ગુરુના વચનથી અને ભગવાનના વચનથી મેં જાણ્યું છે. આમ કહેવાથી એ પ્રકારનો અધ્યવસાય થાય કે કલ્યાણમિત્ર, ગુરુ અને ભગવાન મારા ઉપકારી છે કે જેમણે મને દુષ્કૃતનું દુષ્કૃતરૂપે જ્ઞાન કરાવ્યું છે. અને ત્યારપછી દુષ્કૃત દુષ્કૃતરૂપે છે તેમ મને શ્રદ્ધાથી રુચિ થઇ છે તે બતાડવા માટે કહે છે, 'આ આમ જ છે' એ મને શ્રદ્ધાથી રુચે છે એમ કહીને પોતાની દુષ્કૃત પ્રત્યેની બુદ્ધિ અતિદૃઢ કરવા માટે યત્ન કરવામાં આવે છે, જેથી દુષ્કૃત પ્રત્યેની જુગુપ્સા વિશેષ પ્રકારે જાગૃત થાય છે. ત્યારપછી અરિહંત અને સિદ્ધની સાક્ષી કરીને દુષ્કૃતની ગર્હા કરવામાં આવે છે, જેથી અરિહંત અને સિદ્ધના અવલંબનથી દુષ્કૃતગર્હાનો પરિણામ અતિશય થાય તો દુષ્કૃતનો અવશ્ય નાશ થાય છે.

કેવી રીતે ગર્હા કરવામાં આવે છે, તે કહે છે—

આ દુષ્કૃત છે=પૂર્વમાં બતાવ્યું કે જે કાંઇ મેં અનુચિત કર્યું હોય તે સર્વ દુષ્કૃત છે, અને આ ત્યાગ કરવા યોગ્ય છે. આ પ્રકારે અરિહંત અને સિદ્ધની સાક્ષી કરીને ઉપયોગપૂર્વક બોલવાથી દુષ્કૃત પ્રત્યેની જુગુપ્સાવૃત્તિ અતિશય થાય છે, અને તેને ત્યાગ કરવાનો અધ્યવસાય દૃઢ થાય છે. અને આ વ્યતિકરમાં= દુષ્કૃતગર્હા કરી એ પ્રસંગમાં, ત્રણ વખત 'મિચ્છા મિ દુક્કડમ્' નો પાઠ બોલવો. આ રીતે ત્રણ વખત 'મિચ્છા મિ દુક્કડમ્' આપવાથી દુષ્કૃતના નાશ પ્રત્યેનો પરિણામ અત્યંત ઉલ્લસિત થાય છે.

**ટીકા :**

व्याख्या चास्य अर्थविशेषत्वात् प्राकृताक्षरैरेव न्याय्या, निर्युक्तिकारवचनप्रामाण्यात् । आह च निर्युक्तिकारः-

मि त्ति मिउमद्दवत्ते च्छ त्ति य दोसाण छायणे होइ ।
मि त्ति य मेराए ट्ठिओ दु त्ति दुगंच्छामि अप्पाणं ॥

क त्ति कडं मे पावं ड त्ति य डेवेमि तं उवसमेणं ।
एसो मिच्छादुक्कडपयक्खरत्थो समासेणं ॥ [ आव[१]. नि. ६८६-६८७ ]

**ટીકાર્થ-ભાવાર્થ :**

અને આ 'મિચ્છા મિ દુક્કડમ્'ની વ્યાખ્યા પ્રાકૃત અક્ષરો વડે જ ન્યાય્ય છે, કેમ કે પ્રાકૃત અક્ષરોનો અર્થ વિશેષ છે.

---

१. कः पुनरस्य मिथ्यादुष्कृतपदस्यार्थ इत्याशङ्क्याह–

मि त्ति मिउमद्दवत्ते छ त्ति य दोसाण छायणे होइ ।
मि त्ति य मेराए ट्ठिओ उ दु त्ति दुगुंच्छामि अप्पाणं ॥ १८६॥

व्याख्या– 'मी' त्येवं वर्णः मृदुमार्दवत्वे वर्त्तते, तत्र मृदुत्वं-कायनम्रता मार्द्दवत्वं-माननम्रतेति 'छे'ति च दोषस्य असंयमयोगलक्षणस्य छादने स्थगने भवति, 'मी'ति चायं वर्णः मर्यादायां चारित्ररूपायां स्थितोऽहमित्यस्यार्थस्याभिधायकः 'दु' इत्ययं वर्णः जुगुप्सामि निन्दाभि दुष्कृतकर्मकारिणमात्मानमित्यस्मिन्नर्थे वर्त्तत इति गाथार्थः ॥

कत्ति कडं मे पावं डत्ति य डेवेमि तं उवसमेणं ।
एसो मिच्छादुक्कडपयक्खरत्थो समासेणं ॥६८७॥ द्वारं ॥

व्याख्या– 'क' इत्ययं वर्ण्णः कृतं मया पापमित्येवमभ्युपगमार्थे वर्त्तते, 'ड' इति च 'डेवेमि तं' ति लङ्घयामि-अतिक्रमामि तत्, केनेत्याह-उपशमेन हेतुभूतेन, 'एषः' अनन्तरोक्तः प्राकृतशैल्या मिथ्यादुष्कृतपदस्याक्षरार्थ इति 'समासेन' संक्षेपेणेति गाथार्थः॥ आह-कथमक्षराणां प्रत्येकमुक्तार्थतेति, पदवाक्योरेवार्थदर्शनादिति, अत्रोच्यते, इह यथा वाक्यैकदेशत्वात्पदस्यार्थोऽस्ति तथा पदैकदेशत्वाद्वर्णार्थोऽप्यवसेय इति, अन्यथा पदस्याप्यर्थशून्यत्वप्रसङ्गः, प्रत्येकमक्षरेषु तदभावादिति, प्रयोगश्च-इह यद् यत्र प्रत्येकं नास्ति तत् समुदायेऽपि न भवति, प्रत्येकमभावात्, सिकतातैलवदिति, इष्यते च वर्ण्णसमुदायात्मकस्य पदस्यार्थः, तस्मात्तदन्यथाऽनुपपत्तेर्वर्ण्णार्थोऽपि प्रतिपत्तव्य इत्यलं प्रसङ्गेनेति द्वारम् २।'' इति आवश्यकनिर्युक्तेर्हरिभद्रसूरिविरचितायां वृत्तौ ॥

પ્રાકૃત અક્ષરોનો અર્થ વિશેષ કેમ છે, તેમાં યુક્તિ બતાવે છે–

**નિર્યુક્તિકારના વચનના પ્રામાણ્યથી પ્રાકૃતભાષામાં બોલાતા 'મિચ્છા મિ દુક્કડમ્' નો અર્થ વિશેષ છે.**

આશય એ છે કે આવશ્યક નિર્યુક્તિને કરનારા શ્રી ભદ્રબાહુસ્વામીના વચનથી જણાય છે કે, પ્રાકૃતભાષામાં બોલાતા 'મિચ્છા મિ દુક્કડમ્' નો અર્થ વિશેષ છે, અને તે અર્થનો બોધ કરીને 'મિચ્છા મિ દુક્કડમ્' પ્રયોગ કરવામાં આવે, તો થયેલા દુષ્કૃતના નાશ માટેનો વિશેષ પ્રકારનો અધ્યવસાય અંતમાં બોલાતા 'મિચ્છા મિ દુક્કડમ્' શબ્દથી થાય છે. અને તે પણ જો અત્યંત ઉપયોગપૂર્વક ત્રણ વખત બોલવામાં આવે તો તે ઉપયોગના કારણે, જીવ ઘણા કર્મોનો અવશ્ય નાશ કરે છે.

**હવે 'मिच्छा मि दुक्कडं' શબ્દના વિશેષ અર્થને કહેનારા નિર્યુક્તિકાર કહે છે–**

**(તેનો અર્થ આ પ્રમાણે છે)–**

'મિચ્છા મિ દુક્કડમ્'માં રહેલ–

| | | |
|---|---|---|
| 'મિ' | શબ્દ | મૃદુ - માર્દવપણાના અર્થમાં છે, |
| 'ચ્છા' | શબ્દ | દોષના છાદનના અર્થમાં છે, |
| 'મિ' | શબ્દ | મર્યાદામાં રહેલો હું એ અર્થમાં છે, |
| 'દુ' | શબ્દ | દુષ્કૃતવાળા આત્માની દુર્ગંછા કરું છું એ અર્થમાં છે. |
| 'ક્' | શબ્દ | મારા વડે પાપ કરાયું એના સ્વીકારના અર્થમાં છે. અને |
| 'ડ' | શબ્દ | ઉપશમ દ્વારા તે પાપનું ઉલ્લંઘન કરું છું એ અર્થમાં છે. |

**આ સંક્ષેપથી 'मिच्छादुक्कड' પદના અક્ષરોનો અર્થ છે.**

**આ નિર્યુક્તિકારના પ્રાકૃતભાષામાં બોલાતા 'મિચ્છા મિ દુક્કડમ્' પદથી ચાર પ્રકારના અર્થનો બોધ થાય છે.**

**પ્રથમ શાબ્દબોધ 'મિચ્છામિદુ' એ ચાર અક્ષરથી થાય છે, અને તે આ રીતે મૃદુ=માર્દવના પરિણામવાળો, દોષોના છાદનના ભાવવાળો, ચારિત્રની મર્યાદામાં રહેલો એવો હું, દુષ્કૃતને કરનાર એવા મારા આત્માની નિંદા કરું છું.**

બીજો શાબ્દબોધ પાંચમા અક્ષર 'क' શબ્દથી થાય છે. મારા વડે પાપ કરાયેલું છે એ પ્રકારનો પાપના સ્વીકારનો સ્વતંત્ર શાબ્દબોધ થાય છે.

ત્રીજો શાબ્દબોધ છટ્ઠા અક્ષર 'ड' શબ્દથી થાય છે. ઉપશમના પરિણામ દ્વારા હું તે પાપનું ઉલ્લંઘન કરું છું=નાશ કરું છું.

આ રીતે '**मिच्छा मि दुक्कडम्**' પદના પ્રત્યેક અક્ષર દ્વારા ત્રણ શાબ્દબોધ થાય છે.

'મિચ્છા મિ દુક્કડં' શબ્દથી સ્વતંત્ર ચોથો શાબ્દબોધ થાય છે, અને તેનો અર્થ એ થાય કે "મારું પાપ મિથ્યા છે" આ રીતે ચાર શાબ્દબોધને જાણીને ઉપયોગપૂર્વક 'મિચ્છા મિ દુક્કડમ્' પ્રયોગ કરવામાં આવે તો ચારેય વાક્યોથી અપેક્ષિત પરિણામો જીવને અવશ્ય થાય છે, જેથી થયેલું પાપ અવશ્ય નાશ પામે છે.

**અવતરણિકા :**

**अत्रैतत् सुन्दरत्वान्नासम्यगभिमन्यमान ( सुन्दरत्वात् सम्यगिति मन्यमान ) आह–**

**અવતરણિકાર્થ :**

પૂર્વમાં દુષ્કૃતગર્હા બતાવી તેને જ અતિશયિત કરવા માટે ઉપયોગી પદાર્થને બતાડવા અર્થે આગળનું સૂત્ર છે. તેને જોડવા માટે ટીકાકાર કહે છે–

**અહીંયાં=દુષ્કૃતગર્હામાં સુંદરપણું હોવાના કારણે આ=આગળમાં કહેવાશે એ, સમ્યક્ છે=ઉચિત છે, એ પ્રમાણે માનનાર પંચસૂત્રકાર કહે છે–**

**દુષ્કૃતગર્હા કર્યા પછી તેને અતિશયિત કરવા માટે જે આગળમાં કહેવાશે તે કરવું ઉચિત છે. કેમ કે ભાવ અતિશય કરવામાં કારણ હોવાથી સુંદર છે, એ પ્રમાણે માનનાર પંચસૂત્રકાર કહે છે–**

★ અવતરણિકામાં **सुन्दरत्वान्नासम्यगभिमन्यमान** ને બદલે ( **सुन्दरत्वात् सम्यगिति मन्यमान** ) કૌંસમાં મૂકેલો પાઠ પાઠાન્તરરૂપે છે, અને તે ઉચિત જણાય છે તેથી તે પ્રમાણે અર્થ કરેલો છે.

**સૂત્ર :**

**होउ मे एसा सम्मं गरहा । होउ मे अकरणनियमो । बहुमयं ममेयं ति इच्छामि अणुसट्ठिं अरहंताणं भगवंताणं गुरूणं कल्लाणमित्ताणं ति ।**

**સૂત્રાર્થ :**

**આ=પૂર્વમાં કહેવાયેલી દુષ્કૃતગર્હા મને સમ્યગ્ થાઓ=ભાવરૂપ થાઓ. મને અકરણનો નિયમ થાઓ=દુષ્કૃત નહિ કરવાનો પરિણામ થાઓ. આ બન્ને =પૂર્વમાં કહ્યું કે મારી દુષ્કૃતગર્હા સમ્યગ્ થાઓ અને અકરણનો નિયમ થાઓ એ બન્ને, મને બહુમત છે, એથી કરીને હું અરિહંત ભગવંતની, ગુરુની અને કલ્યાણમિત્રની અનુશાસ્તિને ઇચ્છું છું.**

**ટીકા :**

**होउ मे एसा सम्मं गरहेत्यादि । भवतु मम एषा अनन्तरोदिता सम्यग्गर्हा भावरूपा ।**

**ટીકાર્થ-ભાવાર્થ :**

'**होउ मे एसा सम्मं गरहेत्यादि**' એ સૂત્રનું પ્રતિક છે.

પૂર્વમાં વર્ણન કરાયેલ દુષ્કૃતગર્હા કર્યા પછી, તે જ દુષ્કૃતગર્હાને અતિશયિત કરવા માટે કહે છે–

**આ દુષ્કૃતગર્હા મને સમ્યગ્ થાઓ=ભાવરૂપ થાઓ.** સમ્યગ્ દુષ્કૃતગર્હા એ કહેવાય કે જે દુષ્કૃતની પોતે ગર્હા કરે છે તેના પ્રત્યે તેને તીવ્ર જુગુપ્સાનો પરિણામ ઉત્પન્ન થાય. “આ દુષ્કૃતગર્હા મને સમ્યક્ થાઓ.” એ પ્રકારનો વચનપ્રયોગ જો ઉપયોગપૂર્વક કરવામાં આવે તો દુષ્કૃત પ્રત્યે જુગુપ્સાનો પરિણામ પેદા કરે તેવો દર્શનમોહનીયનો ક્ષયોપશમ અવશ્ય પ્રગટ થાય. દર્શનમોહનીયના ક્ષયોપશમથી જ દુષ્કૃત પ્રત્યે જુગુપ્સા થાય છે; કેમ કે દુષ્કૃતોનું જુગુપ્સનીયરૂપે દર્શન, દર્શનમોહનીયના ક્ષયોપશમથી જ થાય છે.

**ટીકા :**

**भवतु मे अकरणनियमः** ग्रन्थिभेदवत्तदबन्धरूपः गर्हाविषय इति सामर्थ्यम् ।

**ટીકાર્થ :**

ત્યારપછી બીજી માંગણી કરે છે કે મને આ દુષ્કૃતના અકરણનો પરિણામ પ્રાપ્ત થાઓ. અને તેનો અર્થ એ કર્યો કે ગ્રંથિભેદની જેમ તેના અબંધરૂપ= પાપના અબંધરૂપ, ગર્હાવિષયક અકરણ નિયમ મને પ્રાપ્ત થાઓ. એ પ્રકારનું સામર્થ્ય છે=એ પ્રકારે કથનનું તાત્પર્ય છે.

**ભાવાર્થ :**

આશય એ છે કે જીવ જ્યારે ગ્રંથિભેદ કરે છે ત્યારે જે પ્રકારની અંતઃકોટાકોટિની સ્થિતિ બાંધે છે તેના કરતાં કાંઈક અધિક અંતઃકોટાકોટીની સ્થિતિ સત્તામાં હોય છે, અને સમ્યક્ત્વના વિશુદ્ધ પરિણામથી તે વખતે સત્તાની સ્થિતિ કરતાં ન્યૂન અંતઃકોટાકોટિની કર્મની સ્થિતિ બંધાય છે અને જો જીવનો સમ્યક્ત્વથી પાત થાય અને ક્લિષ્ટ પરિણામ થાય તો પણ ગ્રંથિભેદ કાળમાં સત્તામાં રહેલી કર્મની સ્થિતિ કરતા અધિક સ્થિતિ તે પ્રકારના ક્લિષ્ટ અધ્યવસાયથી પણ બાંધતો નથી. તેથી એ પ્રાપ્ત થાય કે ગ્રંથિભેદના કાળમાં ફરી ઉત્કૃષ્ટસ્થિતિ ન બાંધે તેવો અબંધરૂપ અધ્યવસાય થાય છે, તેની જેમ, જે પાપોની પોતે ગર્હા કરે છે, તે પાપોને ફરી ક્યારેય કરવાનો પરિણામ ન થાય તેવો અભિલાષ "મને અકરણ નિયમ પ્રાપ્ત થાઓ." એ કથનથી કરવાનો છે.

**ટીકા :**

**बहुमतं ममैतद् द्वयम् इत्यस्मादिच्छामि अनुशास्तिम्** उदितप्रपञ्चबीजभूताम्। केषाम्? इत्याह-**अर्हतां भगवताम्, तथा गुरूणां, कल्याणमित्राणामिति,** प्रतिपन्नतत्त्वानां गुणाधिकविषयैव प्रवृत्तिर्न्याय्या इत्येवमुपन्यासः।

**ટીકાર્થ :**

ત્યારપછી કહે છે કે, આ બન્ને અભિલાષાઓ મને બહુમત છે=અત્યંત માન્ય છે.

**એથી કરીને કહેવાયેલા પ્રપંચના=દુષ્કૃતગર્હા અને પાપના અકરણનિયમના, બીજભૂત અનુશાસ્તિને ઇચ્છું છું.**

**કોની અનુશાસ્તિને ઇચ્છે છે ? તેથી કહે છે–**

**મને અરિહંત ભગવંતનું, ગુરુનું અને કલ્યાણમિત્રનું અનુશાસન પ્રાપ્ત થાઓ. પ્રતિપન્નતત્ત્વવાળાની ગુણાધિક વિષય જ પ્રવૃત્તિ ન્યાય છે એથી કરીને આ પ્રમાણે =અરિહંતભગવંતનું ત્યારપછી ગુરુનું અને ત્યારપછી કલ્યાણમિત્રનું અનુશાસન મને પ્રાપ્ત થાઓ એ પ્રમાણે, ઉપન્યાસ છે.**

**ભાવાર્થ :**

અરિહંતાદિ ત્રણનું અનુશાસન જો જીવને પ્રાપ્ત થાય તો સમ્યગ્ ગર્હાની પ્રાપ્તિ અને પાપના અકરણનિયમની પ્રાપ્તિ જીવને અવશ્ય થાય છે. તે આ રીતે–

જે જીવ અરિહંત, સદ્ગુરુ અને કલ્યાણમિત્રના વચનને અવલંબીને ઉચિત પ્રવૃત્તિ કરવામાં દઢ યત્ન કરતો હોય તે જીવને પાપ પ્રત્યે તીવ્ર જુગુપ્સાભાવ અને ફરી ક્યારેય પાપ નહિ કરવાનો અધ્યવસાય થઇ શકે છે, અને દુષ્કૃતગર્હા કરનારને એ બે ભાવ જ અત્યંત ઇષ્ટ છે, તેથી તેના ઉપાયરૂપે અરિહંતઆદિ ત્રણના અનુશાસનને ઇચ્છે છે.

પૂર્વમાં કહ્યું કે આ દુષ્કૃતગર્હા મને સમ્યગ્ થાઓ અને મને અકરણનિયમનો પરિણામ થાઓ, તેના બીજભૂત=કારણરૂપ જ આ ત્રણનું અનુશાસન છે. આ ત્રણનું અનુશાસન બીજભૂત હોવાથી જ તેમના અનુશાસનની પ્રાર્થના કરે છે. આ પ્રાર્થનામાં પ્રથમ અરિહંતનું પછી ગુરુનું અને પછી કલ્યાણમિત્રનું અનુશાસન ગ્રહણ કરેલ છે. તેનું કારણ જ્યારે જીવ તત્ત્વને સ્વીકારે છે ત્યારે ગુણાધિકના જ વિષયમાં પ્રવૃત્તિ કરવી ઉચિત છે, એથી કરીને આ ક્રમથી ઉપન્યાસ કર્યો છે.

આશય એ છે કે, સૌથી અધિક ગુણવાળા ભગવાન છે, તેનાથી કાંઇક ન્યૂન ગુણવાળા ગુરુ છે અને તેનાથી કાંઇક ન્યૂન ગુણવાળા કલ્યાણમિત્ર છે, અને જ્યારે સન્માર્ગની પ્રવૃત્તિમાં અનુશાસન ગ્રહણ કરવાનું હોય ત્યારે, પહેલું અનુશાસન

અધિક ગુણવાળાનું જ ગ્રહણ કરવું જોઈએ; અને જે જીવ પૂર્વમાં આ સર્વ દુષ્કૃત દુષ્કૃતરૂપ છે, પાપ છે, પાપાનુબંધી છે એમ કહે છે, તે દુષ્કૃતને દુષ્કૃતરૂપે સ્વીકાર્યો છે. તેથી તે પ્રતિપન્ન તત્ત્વવાળો છે, અને તેવા જીવે અરિહંત આદિના ક્રમથી જ અનુશાસન સ્વીકારવું જોઈએ એમ બતાવવું છે.

**ઉત્થાન :**

પૂર્વમાં દુષ્કૃતગર્હા બતાવી, ત્યારપછી મારી આ દુષ્કૃતગર્હા સમ્યગ્ થાઓ ઈત્યાદિ જે કહ્યું તે દુષ્કૃત પ્રત્યે વિશેષ ભાવ પેદા કરવા માટે પ્રણિધાનરૂપ છે. અને તે પ્રણિધાન બતાવ્યા પછી હવે અન્ય પ્રણિધાનને કહે છે.

**અવતરણિકા :**

**प्रणिध्यन्तरमाह –**

**અવતરણિકાર્થ :**

પૂર્વમાં કહ્યું કે મને અરિહંત આદિના અનુશાસનની પ્રાપ્તિ થાઓ. તે અરિહંત આદિના અનુશાસનની પ્રાપ્તિ તેઓના સંયોગથી થાય છે, તેથી પ્રથમ પ્રણિધાનથીઅન્ય પ્રણિધાનને કહે છે–

**સૂત્ર :**

होउ मे एएहिं संजोगो। होउ मे एसा सुपत्थणा। होउ मे एत्थ बहुमाणो। होउ मे इओ मोक्खबीयं।

**સૂત્રાર્થ :**

**આ બધાની સાથે=અરિહંત ભગવંત, ગુરુ અને કલ્યાણમિત્રની સાથે, મને સંયોગ થાઓ. આ=અરિહંત આદિ સંયોગવિષયક, મારી પ્રાર્થના સુપ્રાર્થના થાઓ, મને અહીં બહુમાન થાઓ=અરિહંત આદિની સંયોગવિષયક પ્રાર્થનામાં, બહુમાન થાઓ. આનાથી=પૂર્વમાં પોતે જે પ્રાર્થના કરી તેનાથી, મને મોક્ષબીજની પ્રાપ્તિ થાઓ.**

**ટીકા :**

**होउ मे एएहिं संयोगो ।** भवतु मम एभिः अर्हदादिभिः संयोगः, उचितो योग इत्यर्थः । **भवतु ममैषा सुप्रार्थना** अर्हदादिसंयोगविषया । **भवतु ममात्र बहुमानः** प्रार्थनायाम् । **भवतु मम इतः** प्रार्थनातो **मोक्षबीजं** सुवर्णघटसंस्थानीयं[१] प्रवाहतः कुशलानुबन्धि कर्मेत्यर्थः ।

**ટીકાર્થ :**

અરિહંત આદિ સાથે મને સંયોગ થાઓ=ઉચિત સંબંધ થાઓ. એ પ્રકારનો અર્થ છે. મારી આ અરિહંતાદિસંયોગવિષયક પ્રાર્થના સુપ્રાર્થના થાઓ, મને આમાં =પ્રાર્થનામાં બહુમાન થાઓ. આ પ્રાર્થનાથી મને સુવર્ણ ઘટસ્થાનીય એવું મોક્ષબીજ પ્રાપ્ત થાઓ=પ્રવાહથી કુશલઅનુબંધ કર્મ પ્રાપ્ત થાઓ.

★ 'अर्हदादि' માં 'आदि' પદથી ગુરૂ અને કલ્યાણમિત્રનું ગ્રહણ કરવાનું છે.

---

१. "एईए उ विसिट्ठं सुवन्नघडतुल्लमिह फलं नवरं ।
अणुबंधजुयं संपुन्नहेउओ सम्ममवसेयं ॥२४०॥"

एतस्याः पुनः-सुक्रियायाः सकाशाद् विशिष्टम्-अपरक्रियाजन्यपुण्यविलक्षणम् । अत एवाह सुवर्णघटतुल्यं-शातकुम्भकुम्भसन्निभमिह-जगति फलं-पुण्यलक्षणं नवरं-केवलं जायते अनुबन्धयुतम्-उत्तरोत्तरानुगमरूपवत् । कुत इत्याह-'सम्पूर्णहेतुतः' सम्पूर्णेभ्यो हेतुभ्यो भावाद्, हेतवश्चास्य प्राणिकरुणादयः । यथोक्तम्- "दया भूतेषु संवेगो विधिवद् गुरुपूजनम् । विशुद्धा शीलवृद्धि श्च पुण्यं पुण्यानुबन्ध्यदः ॥१॥" सम्यग्-यथावद् अवसेयमिदम् । न हि पूर्णकारणारब्धा भावाः कदाचिद् निरनुबन्धा भवितुमर्हन्ति, अन्यथा तत्तथाऽनुपपत्तेः ॥२४०॥

ननु क्रियामात्रमप्याज्ञाबहुमानशून्यानां कथं ज्ञा( जा )यते? इत्याशंक्याह—

"किरियामेत्तं तु इहं जायति लद्धादवेक्खयाए वि ।
गुरुलाधवादिसन्नाणवज्जियं पायमियरेसिं ॥२४१॥

क्रियामात्रं पुनरुक्तरूपमिह-दूरभव्येष्वभव्येषु च जायते लब्ध्याद्यपेक्षयापि, इह लब्धिर्वस्त्रपात्रकीर्त्यादिलाभलक्षणा गृह्यते, आदिशब्दात् स्वजनाद्यविरोधकुललज्जादिग्रहः, तान्यप्यपेक्ष्य स्यात् । गुरुलाधवादिसंज्ञानवर्जितं, गुणदोषयोः प्रवृत्तौ गुरुलाधवमादिशब्दात् सत्त्वादिषु मैत्र्यादिभावग्रहस्तेषु यत्संज्ञानं शुद्धसंवेदनरूपं तेन विनिमुक्तं प्रायो बाहुल्येनेतरेषां शुद्धाज्ञाबहुमानविहीनानामिति ॥२४१॥

**ભાવાર્થ :**

અરિહંતઆદિના સંબંધ માત્રથી કલ્યાણ થતું નથી પરંતુ તેઓનો સંબંધ થયા પછી તેઓ મારા કલ્યાણના અનન્યકારણ છે તેવા પ્રકારની બુદ્ધિપૂર્વક તેઓનો સંબંધ થાય તો જ કલ્યાણ થઇ શકે, તેથી અહીં પ્રાર્થના કરેલ છે કે અરિહંતઆદિ સાથે મારો ઉચિત સંયોગ થાઓ, જેથી તેઓ મને કલ્યાણના કારણરૂપ ભાસે અને તેના કારણે હું તેઓની આજ્ઞાને પરતંત્ર રહીને આત્મહિત સાધી શકું.

આ રીતે અરિહંત આદિના સંયોગની પ્રાર્થના કર્યા પછી અભિલાષ થાય છે કે જો મારી પ્રાર્થના સમ્યગ્ થાય તો જ તીર્થંકર આદિનો ઉચિત સંયોગ મને પ્રાપ્ત થાય. જો સુપ્રાર્થના ન થાય અને માત્ર બોલવારૂપ પ્રાર્થના થાય તો અરિહંત આદિનો સંયોગ પ્રાપ્ત થાય નહિ, માટે પ્રણિધાન કરે છે કે, મેં અરિહંત આદિના સંયોગની જે પ્રાર્થના કરી છે તે સુપ્રાર્થના થાઓ, જેના બળથી પુણ્યાનુબંધીપુણ્ય થાય, અને

---

एत्तो उ निरणुबंधं मिम्मयघडसरिसमो फलं णेयं ।
कुलडादियदाणाइसु जहा तहा हंत एयंपि ॥२४२॥

इतस्तु-क्रियामात्रात् पुनर्निरनुबन्धम्-उत्तरोत्तरानुबन्धशून्यम्, अत एव 'मिम्मयघडसरिसमो' इति मृत्तिकामयघटसदृक्षं फलं पुण्यबन्धलक्षणं ज्ञेयम् । पुनरपि दृष्टान्तान्तरेण भावयति-कुलटाया दुश्चारिण्याः स्त्रिया द्विजदानादयो ब्राह्मणविभववितरण-पर्वदिवसोपवास-तीर्थस्नानप्रभृतयो धर्मक्रियाविशेषास्तेषु यदा निरनुबन्धं फलं, तथा, हन्तेति कोमलामंत्रणे एतदपि क्रियामात्रजन्यं पुण्यमिति ॥२४२॥

तम्हा भावो सुद्धो सव्वपयत्तेण हंदि परलोए ।
कायव्वो बुद्धिमया आणोवगजोगतो णिच्चं ॥२४३॥

यस्मादेवं क्रियामात्रं निरनुबन्धफलं तस्माद्-भावो-मनःपरिणामः शुद्धो-रागद्वेषमोहमल-विकलः सर्वप्रयत्नेन-सर्वस्वसामर्थ्यागोपनरूपेण, हंदीत्युपप्रदर्शने, परलोके-स्वर्गापवर्गा-दिलक्षणे साध्ये कर्त्तव्यो-घटयितव्यो बुद्धिमता-प्रशस्तमतिना पुरुषेण । कथमित्याह-'आज्ञोपगयोगतो' आज्ञामुपगच्छन्ति-अनुवर्त्तन्ते ये ते आज्ञोपगास्ते च ते योगाश्च-अनुष्ठानभेदाः तेभ्यो, जिनाज्ञानुसारिणो धर्मारम्भान् प्रतीत्येत्यर्थः, नित्यम्-अहर्निशमिति ॥२४३॥

सम्प्रत्याज्ञामेव पुरस्कुर्वन् दृष्टान्तमाह–

जो आणं बहु मन्नति सो तित्थयरं गुरूं च धम्मं च ।
साहेति य हियमत्थं एत्थं भीमेण दिट्ठंतो ॥२४४॥

જેના વિપાકકાળમાં તેમનો સંયોગ અને તેમની આજ્ઞાની રુચિ પ્રાપ્ત થાય, એ પ્રકારના આશયથી સુપ્રાર્થનાની અભિલાષા કરે છે. જો કોઇ જીવ ઉપયોગપૂર્વક પ્રાર્થના કરે તો અવશ્ય તે અધ્યવસાયથી પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે, અને તેના ફળ સ્વરૂપે અરિહંત આદિનો સંયોગ પણ અવશ્ય પ્રાપ્ત થાય છે.

અહીં પ્રશ્ન થાય કે સુપ્રાર્થના કઇ રીતે થઇ શકે ? તેથી કહે છે કે મને આ પ્રાર્થનામાં બહુમાન થાઓ, અર્થાત્ બહુમાનપૂર્વક પ્રાર્થના કરવામાં આવે તો અવશ્ય પ્રાર્થના સુપ્રાર્થના બને છે. બહુમાનના પ્રકર્ષપૂર્વક ઉપયોગનો જેટલો પ્રકર્ષ તેટલી સુપ્રાર્થના પ્રકર્ષવાળી થાય છે. અને તેના કારણે આ જન્મમાં કે જન્માંતરમાં અરિહંત આદિનો એવો વિશિષ્ટ યોગ પ્રાપ્ત થાય છે, કે જેથી સંસારનો ઉચ્છેદ પણ સુલભ બને છે.

અહીં પ્રશ્ન થાય કે બહુમાનપૂર્વકની આ પ્રકારની પ્રાર્થનાથી પોતાને શું પ્રાપ્ત કરવું છે ? એથી કહે છે– આ પ્રાર્થનાથી મને સુવર્ણઘટસ્થાનીય એવું મોક્ષનું બીજ પ્રાપ્ત થાઓ.

અહીં પ્રશ્ન થાય કે સુવર્ણઘટસ્થાનીય મોક્ષબીજ શું છે કે જેની પ્રાપ્તિની

---

यो जन्तुरासन्नभव्य आज्ञाम्-उक्तरूपां बहु मन्यते-पुरस्करोति, स-आज्ञाबहुमन्ता तीर्थकरम्-अर्हन्तं गुरुं च धर्म्माचार्यं धर्मं च श्रुतचारित्ररूपं बहु मन्यते, आज्ञाबहुमानस्य तीर्थकरादिबहुमानाविनाभूतत्वाद् । साधयति-घटयति, चः समुच्चये, हितं-कल्याणरूपमर्थं पुरुषार्थलक्षणम् । अत्र-अस्मिन्नाज्ञाबहुमाने भीमेन राजसूनुना दृष्टान्तः-उदाहरणं वाच्यम् ॥२४४॥" इति आचार्यश्री **हरिभद्र**सूरिविरचिते **मुनिचन्द्र**सूरिविरचितवृत्तिसहिते उपदेशपदे॥

**"एवं पुण्णं पि दुहा मिम्मयकणयकलसावमं भणियं । अण्णेहि वि इह मग्गे नामविवज्जासभेएणं ॥८७॥ एवं पुण्यमपि** द्विधा द्विप्रकारम् । कथम् ? इत्याह- **मृण्मय-कनककलशोपमं भणितम्** । एकं मृण्मयकलशोपमं क्रियामात्रजन्यमफलं सत् तत्फलदान स्वभावं वा । अन्यत् कनककलशोपमं विशिष्टभावनाजन्यं तथा तथा फलान्तरसाधनत्वेन प्रकृष्ट फलजनकस्वभावमिति । एतद् भणितम् अन्यैरपि सौगतैः-"द्विविधं हि भिक्षवः पुण्यम्-मिथ्यादृष्टिजं सम्यग्दृष्टिजं च। अपरिशुद्धमाद्यं फलं प्रति मृद्धटसंस्थानीयम्। परिशुद्धमुत्तरं फलं प्रति **सुवर्णघटसंस्थानीयम्**" [ ] **इह मार्गे** योगधर्ममार्गे **नामविपर्यासभेदेन** अभिधानभेदेन । एतदपि 'इतरस्य बन्धकः तथा सुखेनैव मोक्षगामीति" [गा.८५] एतदनुपाति तत्त्वतः । इति द्वितीयगाथार्थं ॥" इति **स्वोपज्ञवृत्तिसहिते योगशतके**॥

અપેક્ષા પ્રાર્થનાથી રાખવામાં આવે છે ? તેથી કહે છે—

પ્રવાહથી કુશળ અનુબંધવાળું કર્મ એ મોક્ષનું બીજ છે.

આશય એ છે કે, જો જીવ ઉપયોગપૂર્વક અને હૈયાના બહુમાનપૂર્વક દૃઢ યત્નથી અરિહંત આદિના સંયોગની પ્રાર્થના કરે, અને તે પ્રાર્થના કર્યા પછી તેને અતિશયિત કરવા અર્થે પોતાની પ્રાર્થના સુપ્રાર્થના થાય એવો અભિલાષ કરે, અને સુપ્રાર્થના કરવાના હેતુથી મને બહુમાન થાઓ એવો અભિલાષ કરે, તો પ્રાર્થનાકાળમાં વર્તતો બહુમાનનો અભિલાષ પ્રકર્ષવાળો બને છે. વળી, આ પ્રકારનો પ્રશસ્ત એવો કલ્યાણનો આશય પ્રશસ્ત રાગરૂપ છે, જેનાથી કુશળની પરંપરા ચલાવે તેવું પુણ્ય કર્મ બંધાય છે, અને કુશળની પરંપરા દ્વારા તે પુણ્યપ્રકૃતિ મોક્ષરૂપ ફળમાં વિશ્રાંત થાય છે.

આ પુણ્યપ્રકૃતિને સુવર્ણઘટ જેવી કહીને એ કહેવું છે કે—

(૧) સોનાનો ઘડો ફૂટી જાય તો પણ સુવર્ણરૂપે વિદ્યમાન રહે છે,

(૨) સોનાનો ઘડો ફૂટી જાય તો ફરી તેમાંથી ઘડો બની શકે છે અને

(૩) સોનાનો ઘડો ફૂટી ગયા પછી પણ પૂર્વના ઘડા કરતાં પણ વિશિષ્ટ ઘડો બની શકે છે.

જ્યારે માટીનો ઘડો ફૂટી ગયા પછી નવો ઘડો બની શકે નહિ કે વિશિષ્ટ ઘડો પણ બની શકે નહિ. તેમ કેટલીક ક્રિયાઓથી બંધાયેલું કર્મ પુણ્યરૂપ હોય છે, પરંતુ તે માટીના ઘડા જેવું પુણ્યકર્મ હોય છે, અને તેવું પુણ્ય ભૌતિક સામગ્રી આપીને માટીના ઘડાની જેમ વિનાશ પામે છે તેથી ફરી પુન્યનો પ્રવાહ ચાલતો નથી. જ્યારે કેટલીક ક્રિયાઓથી બંધાયેલું કર્મ મોક્ષના બીજભૂત એવું કુશળ અનુબંધવાળું સુવર્ણના ઘટ જેવું હોય છે. તે આ રીતે—

(૧) જેમ સોનાનો ઘડો ફૂટી જાય તો પણ સુવર્ણરૂપે વિદ્યમાન રહે છે તેમ પ્રણિધાનકાળમાં થયેલ શુભ અધ્યવસાય ઉત્તરમાં સંસારની ક્રિયાના કાળમાં ઉપયોગરૂપે નહિ હોવા છતાં સંસ્કારરૂપે વિદ્યમાન રહે છે, જે સોનાનો ઘડો ફૂટ્યા પછી વિદ્યમાન સુવર્ણ જેવું છે.

(૨) જેમ સોનાનો ઘડો ફૂટી જાય તો પણ સુવર્ણરૂપે વિદ્યમાન હોવાથી તેમાંથી ફરીથી ઘટ બનાવી શકાય છે, તેમ પ્રણિધાનપૂર્વકની ક્રિયાથી થયેલો અધ્યવસાય દેવાદિભવમાં ભોગાદિક્રિયા કાળમાં નહિ હોવા છતાં પણ સંસ્કારરૂપે પડેલો હોય છે. તેથી સામગ્રી મળતા ફરીથી તે સંસ્કારમાંથી તેવા પ્રકારનો ઉપયોગ જાગૃત થાય છે તેથી જેમ સોનામાંથી ફરી ઘટ બને છે તેમ તે સંસ્કારોમાંથી ફરી તેવો ઉપયોગ ઉઠે છે.

(૩) સુવર્ણનો ઘડો ફૂટી ગયા પછી પણ તેમાંથી વિશિષ્ટ ઘટ બની શકે છે, તેમ સમ્યગ્દૃષ્ટિ દેવો દેવભવમાં અરિહંત આદિની ભક્તિ કરીને સંસ્કારોને અતિશયિત કરે છે, અને જ્યારે ફરી મનુષ્યભવમાં આવે છે ત્યારે, સંયમને અનુકૂળ એવા મનુષ્યભવને પામીને તે સંસ્કાર ફરી જાગૃત થાય છે, તેથી અરિહંત આદિ ત્રણના અનુશાસનને પ્રાપ્ત કરીને, તેઓની આજ્ઞાનું સમ્યગ્ પાલન કરીને, ક્રમે કરીને સંસાર સાગરને તરે છે. આ રીતે કુશળ પ્રવાહની પરંપરા દ્વારા સાધનાના પ્રકર્ષને પેદા કરાવીને આ પુણ્યાનુબંધી પુણ્ય અંતે મોક્ષરૂપ ફળમાં વિશ્રાંત થાય છે. જેમ સુવર્ણનો ઘટ ફૂટ્યા પછી કોઈને વિચાર આવે કે પહેલા કરતા પણ વધુ આકર્ષક ઘડો બનાવવો છે તો તે સુવર્ણમાંથી વિશિષ્ટ ઘટ બની શકે છે તેમ જે જીવોએ વર્તમાનમાં અરિહંત આદિના સંયોગની પ્રાર્થના કરી તે, પ્રાર્થનાનો ઉપયોગ નાશ થવા છતાં સંસ્કારરૂપે તે ભાવો જન્માંતરમાં આવે છે, જે સુવર્ણનો ઘડો ફૂટ્યાપછી રહેલા સુવર્ણ જેવા છે અને તે સંસ્કારો મનુષ્યભવ પામીને તીર્થંકરઆદિના યોગથી જાગૃત થાય છે ત્યારે તે સંસ્કારના બળથી તીર્થંકરઆદિના સાનિધ્યને પ્રાપ્ત કરીને તેઓની આજ્ઞાનું પાલન કરે છે ત્યારે પૂર્વમાં જે ઉત્તમ ઉપયોગ હતો તેના કરતાં વિશિષ્ટ કોટિનો ઉત્તમ ઉપયોગ અન્ય મનુષ્યભવમાં થાય છે જે પૂર્વના ફૂટેલા સુવર્ણમાંથી વિશિષ્ટ સુવર્ણઘટના નિર્માણ સદૃશ છે.

**અવતરણિકા :**

**'तथा'–**

**અવતરણિકાર્થ :**

પૂર્વમાં કહ્યું કે આ મારી પ્રાર્થનાથી મોક્ષબીજ મને પ્રાપ્ત થાઓ. તેથી એ પ્રાપ્ત થાય કે સુપ્રાર્થના થાય તો પુણ્યાનુબંધી પુણ્યકર્મ બંધાય, અને તેનાથી અરિહંત ભગવંત, ગુરુ અને કલ્યાણમિત્રનો સંયોગ પ્રાપ્ત થાય.

હવે અરિહંત આદિ ત્રણનો સંયોગ જ્યારે પણ મને પ્રાપ્ત થાય ત્યારે પોતાને શું વિશેષ જોઈએ છે, તેની માંગણી કરવા માટે 'तथा' થી સમુચ્ચય કરતાં કહે છે–

**સૂત્ર :**

**पत्तेसु एएसु अहं सेवारिहे सिया, आणारिहे सिया, पडिवत्तिजुत्ते सिया, निरइआरपारगे सिया ।**

**સૂત્રાર્થ :**

**પ્રાર્થનાથી થયેલા મોક્ષબીજની પ્રાપ્તિથી જ્યારે મને અરિહંત ભગવાન, ગુરુ અને કલ્યાણમિત્ર પ્રાપ્ત થાય, ત્યારે હું તેઓની સેવાને યોગ્ય થાઉં, તેઓની આજ્ઞાના પાલનને યોગ્ય થાઉં, આજ્ઞાના સ્વીકારને યોગ્ય થાઉં અને આજ્ઞાના નિરતિચાર પારને પામનાર થાઉં.**

**ટીકા :**

**पत्तेसु एएसु अहं सेवारिहे सिया, प्राप्तेषु एतेषु अर्हदादिषु अहं सेवार्हः स्याम् अर्हदादीनामेव, आज्ञार्हः स्याम् एतेषामेव, प्रतिपत्तियुक्तः स्याम् एतेषामेव, निरतिचारपारगः स्यामेतदाज्ञायाः।**

**ટીકાર્થ/ભાવાર્થ :**

પૂર્વમાં દુષ્કૃતગર્હા બતાવી. તે પ્રમાણે દુષ્કૃતગર્હા કર્યા પછી બે પ્રકારની માંગણી કરી કે મારી દુષ્કૃતગર્હા સમ્યગ્ થાઓ અને પાપના અકરણનો નિયમ પ્રાપ્ત થાઓ. આ બે ભાવ પેદા કરવા માટે ત્રણના અનુશાસન આદિની પ્રાર્થના કરી, જેના બળથી આ ત્રણનો સંયોગ પ્રાપ્ત થાય ત્યારે આ ત્રણની સેવાની

**યોગ્યતા મારામાં પ્રગટ થાય;** કેમ કે આ ત્રણની સેવા જ સર્વ કલ્યાણનું કારણ છે.

વળી, આ ત્રણની સેવાની યોગ્યતામાત્રથી પોતાને ઈષ્ટ ફળની પ્રાપ્તિ થાય નહિ, તેથી અભિલાષ કરે છે કે, જ્યારે મને તે ત્રણનો સંયોગ પ્રાપ્ત થાય ત્યારે **હું તેઓની આજ્ઞાના પાલનને યોગ્ય થાઉં;** કેમ કે જો આજ્ઞાના પાલનની યોગ્યતા પ્રાપ્ત થાય તો જ તે ત્રણનો સંયોગ મારા હિતનું કારણ બને.

વળી, આ ત્રણની આજ્ઞાના પાલનને યોગ્ય થાઉં એટલામાત્રથી કાર્ય સિદ્ધ થતું નથી. તેથી ફરી અભિલાષ કરે છે કે હું તેમની આજ્ઞાની પ્રતિપત્તિયુક્ત થાઉં =તેમની આજ્ઞા સ્વીકારનારો થાઉં, જેથી તેમની આજ્ઞાના પાલનથી જ ઈષ્ટ એવા મોક્ષને સાધી શકું.

વળી, વિચારકને પ્રશ્ન થાય કે હું તેમની આજ્ઞાનો સ્વીકાર કરું તેટલામાત્રથી ફળ નિષ્પન્ન થતું નથી. તેથી ફરી અભિલાષ કરે છે કે **અરિહંત આદિ ત્રણેયની આજ્ઞાના નિરતિચારપારને પામનાર થાઉં.**

આ રીતે દુષ્કૃતગર્હા કર્યા પછી ઉપર પ્રમાણેના પરિણામ કરવાથી આત્મા ઉપર તે બન્ને પ્રણિધાનથી ઉત્તમ સંસ્કાર પડે છે, જેના બળથી પુણ્યાનુબંધી પુણ્યરૂપ મોક્ષનું બીજ પ્રાપ્ત થાય છે, અને જન્માંતરમાં જ્યારે તે પુણ્ય વિપાકવાળું થાય છે ત્યારે અવશ્ય અરિહંત આદિ ત્રણનો યોગ થાય છે. એટલું જ નહિ પણ ત્યારપછી પ્રાર્થના કરી કે અરિહંત આદિ ત્રણનો યોગ પ્રાપ્ત થયા પછી હું તેમની સેવાને યોગ્ય થાઉં, તેમની આજ્ઞાના પાલનને યોગ્ય થાઉં, તેમની આજ્ઞાનો સ્વીકાર કરનાર થાઉં અને તેમની આજ્ઞાના નિરતિચાર પારને પામનારો થાઉં. તેનાથી પડેલા ઉત્તમ સંસ્કારને કારણે જન્માંતરમાં અરિહંત આદિની સેવાની યોગ્યતાથી માંડીને તેમની આજ્ઞાના નિરતિચાર પારને પામે તેવી શક્તિ પેદા થાય છે; જેથી પૂર્વમાં કરેલ અભિલાષ કે "મારી દુષ્કૃતગર્હા સમ્યગ્ થાઓ." અને "મને અકરણનિયમની પ્રાપ્તિ થાઓ" તેની અવશ્ય પ્રાપ્તિ થાય છે; કેમ કે જ્યારે જીવ નિરતિચારપણે અરિહંત આદિની આજ્ઞાને પાળે છે ત્યારે દુષ્કૃત

પ્રત્યે જુગુપ્સાનો પરિણામ અને પાપના અકરણનિયમનો પરિણામ જીવંત હોય છે, અને પાપની જુગુપ્સાથી ભૂતકાળના પાપથી બંધાયેલાં કર્મો નાશ પામે છે, અને પાપના અકરણના પરિણામથી નવું પાપ થતું અટકે છે, તેથી ક્રમે કરીને આ જીવ સંસારના પારને પામે છે.

**અવતરણિકા :**

**एवं सानुषङ्गां दुष्कृतगर्हामभिधाय सुकृतासेवनमाह संविग्गो जहासत्तीए सेवेमि सुकडं** तीत्यादिना ।

**અવતરણિકાર્થ :**

**આ રીતે અનુસંગ સહિત દુષ્કૃતગર્હાને કહીને સંવિગ્ન એવો હું, યથાશક્તિ સુકૃતને સેવું છું, ઈત્યાદિ દ્વારા સુકૃતઆસેવનને કહે છે–**

**ભાવાર્થ :**

પ્રારંભમાં કહેલ કે તથાભવ્યત્વના પરિપાક માટે ચતુઃશરણગમન, દુષ્કૃતગર્હા અને સુકૃતઆસેવન કરવાં જોઈએ. તેમાં સૌપ્રથમ ચતુઃશરણગમન બતાવ્યું, ત્યારપછી દુષ્કૃતગર્હા બતાવી. તે દુષ્કૃતગર્હા બતાવ્યા પછી આનુષંગિક દુષ્કૃતગર્હાને અતિશયિત કરવા માટે બે પ્રકારનાં પ્રણિધાન બતાવ્યાં. "**होउ मे एसा सम्मं गरहा ........ कल्लाणमित्ताणं ति**" થી પ્રથમ પ્રણિધાન કર્યું કે "મારી આ દુષ્કૃતગર્હા સમ્યગ્ થાઓ" અને "મને પાપના અકરણનિયમની પ્રાપ્તિ થાઓ." અને તે પછી દુષ્કૃતગર્હાની સમ્યગ્ પ્રાપ્તિ અર્થે અરિહંત આદિ ત્રણના અનુશાસનનો પોતે અભિલાષ કરેલ. ત્યારબાદ "**होउ मे एएहिं ......... मोक्खबीयं**" અને **पत्तेसु एएसु .......... सिया**" થી બીજું પ્રણિધાન અરિહંત ભગવંત, ગુરુ અને કલ્યાણમિત્ર એ ત્રણના સંયોગ આદિની પ્રાર્થનારૂપ કર્યું. આ બન્ને પ્રણિધાન દુષ્કૃતગર્હાને બલવાન કરવા માટે અતિઉપયોગી છે. તેથી તે બન્ને પ્રણિધાનરૂપ આનુષંગિક કથન સહિત દુષ્કૃતગર્હાને કહીને, હવે તથાભવ્યત્વના પરિપાકના ઉપાયરૂપ સુકૃતઆસેવનને બતાવે છે–

**सूत्र :**

संविग्गो जहासत्तीए सेवेमि सुकडं [ ति? ]अणुमोएमि[१] सव्वेसिं अरहंताणं अणुट्ठाणं, सव्वेसिं सिद्धाणं सिद्धभावं, सव्वेसिं आयरियाणं आयारं, सव्वेसिं उवज्झायाणं सुत्तप्पयाणं, सव्वेसिं साहूणं साहुकिरियं, सव्वेसिं सावगाणं मोक्खसाहणजोगे, एवं सव्वेसिं देवाणं सव्वेसिं जीवाणं होउकामाणं कल्लाणासयाणं मग्गसाहणजोगे ।

**सूत्रार्थ :**

**સંવિગ્ન એવો હું યથાશક્તિ સુકૃતનું સેવન કરું છું. (સુકૃતના સેવનને બતાવે છે–) સર્વ અરિહંતોના અનુષ્ઠાનની, સર્વ સિદ્ધોના સિદ્ધભાવની, સર્વ આચાર્યોનાં આચારની, સર્વ ઉપાધ્યાયના સૂત્રપ્રદાનની, સર્વ સાધુઓની સાધુક્રિયાની, સર્વ શ્રાવકોના મોક્ષસાધનયોગોની હું અનુમોદના કરું છું. એ રીતે મોક્ષમાં જવાની કામનાવાળા, કલ્યાણ આશયવાળા એવા સર્વ દેવોના (અને) સર્વજીવોના માર્ગસાધન યોગોની હું અનુમોદના કરું છું.**

**ટીકા :**

संविग्नः सन् यथाशक्ति, किम्? इत्याह-सेवे सुकृतम् । एतदेवाह-

---

१. ''पञ्चसूत्र्यामप्युक्तम्- 'अणुमोएमि सव्वेसिं अरहंताणमणुट्ठाणं, सव्वेसिं सिद्धाणं सिद्धभावं, सव्वेसिं आयरियाणं आयारं, सव्वेसिं उवज्झायाणं सुत्तप्पयाणं सव्वेसिं साहूणं साहुकिरियं, सव्वेसिं सावगाणं मुक्खसाहणजोए, सव्वेसिं देवयाणं सव्वेसिं जीवाणं होउकामाणं कल्लाणासयाणं मग्गसाहणजोए । होउ मे एसा अणुमोअणा ॥' एतद्वृत्तिर्यथा-अनुमोदेऽहमिति प्रक्रमः । सर्वेषामर्हतामनुष्ठानं धर्मकथादि, सर्वेषां सिद्धानां सिद्धभावमव्याबाधादिरूपम्, एवं सर्वेषामाचार्याणामाचारं ज्ञानाचारादिलक्षणम्, एवं सर्वेषामुपाध्यायानां सूत्रप्रदानं सद्विधिवद्, एवं सर्वेषां साधूनां साधूक्रियां सत्स्वाध्यायादिरूपाम्, एवं सर्वेषां श्रावकाणां मोक्षसाधनयोगान् वैयावृत्त्यादीन्, एवं सर्वेषां देवानामिन्द्रादीनां सर्वेषां जीवानां सामान्येनैव भवितुकामानामासन्न-भव्यानां कल्याणाशयानाम्, एतेषां किम् ? इत्याह— मार्गसाधनयोगान् सामान्येनैव कुशलव्यापारान्, अनुमोदे इति क्रियानुवृत्तिः । भवन्ति चैतेषामपि मार्गसाधनयोगाः, मिथ्यादृष्टीनामपि गुणस्थानकत्वाभ्युपगमाद् । अनभिग्रहे सति प्रणिधिशुद्धिमाह-भवतु ममैषाऽनुमोदनेत्यादि ॥'' इति यशोविजयवाचकचिरचितायां धर्मपरीक्षास्योपज्ञवृत्तौ पृ. १२६॥

अनुमोदेऽहमिति प्रक्रमः । **सर्वेषामर्हताम् अनुष्ठानं** धर्मकथादि । **एवं सर्वेषां सिद्धानां सिद्धभावम्** अव्याबाधादिरूपम् । **एवं सर्वेषामाचार्याणाम् आचारं** ज्ञानाचारादिलक्षणम् । **एवं सर्वेषामुपाध्यायानां सूत्रप्रदानं** सद्विधिवत् । **एवं सर्वेषां साधूनां साधुक्रियां** सत्स्वाध्यायादिरूपाम् । **एवं सर्वेषां श्रावकाणां मोक्षसाधनयोगान्** वैयावृत्यादीन् । **एवं सर्वेषां देवानाम्** इन्द्रादीनाम्, **सर्वेषां जीवानां** सामान्येनैव **भवितुकामानामासन्नभव्यानां कल्याणाशयानां** शुद्धाशयानाम्, एतेषां किम्? इत्याह-**मार्गसाधनयोगान्** सामान्येन कुशलव्यापारान्, 'अनुमोदे' इति क्रियानुवृत्तिः। भवन्ति चैतेषामपि मार्गसाधनयोगाः, मिथ्यादृष्टीनामपि गुणस्थानकत्वाभ्युपग[१]मात् अनभिग्रहे सति ।

★ **'धर्मकथादि'** मां **'आदि'** પદથી તીર્થસ્થાપનાનું ગ્રહણ કરવાનું છે.

**ટીકાર્થ/ભાવાર્થ :**

અહીં સુકૃતનું આસેવન સંવેગપૂર્વક કરવાનું છે, તેથી સુકૃતની અનુમોદના કરનાર જીવ પોતાના આત્માને સંવેગને અભિમુખ કરે છે. અને તે કરવા અર્થે જ કહે છે.

**સંવિગ્ન છતો એવો હું યથાશક્તિ સુકૃતને સેવું છું.** અને આ વચનપ્રયોગ દ્વારા પ્રથમ સંવેગનો યત્ન આ રીતે કરવાનો છે કે, આત્માનો મૂળભાવ રાગાદિ રહિત પરિણામ છે, અને તે જ ભાવ મારે પ્રગટ કરવો છે એવા પ્રકારના તીવ્ર અભિલાષપૂર્વક સુકૃતનું સેવન કરવામાં આવે, તો તે સુકૃતસેવનની ક્રિયાથી આત્મામાં મોક્ષને અનુકૂળ એવા સુકૃતસેવનના સંસ્કારો પડે છે, જે પ્રકર્ષને પામીને વીતરાગતાનું કારણ બને છે. જો સુકૃતનું સેવન મંદવીર્યથી કરવામાં આવે તો

१. "मिथ्यादृष्टिर्भवेन्मिथ्यादर्शनस्योदये सति । गुणस्थानत्वमेतस्य भद्रकत्वाद्यपेक्षया ॥३०॥ [ १।१६, पृ.१०९ ] इति योगशास्त्रवृत्तौ "रुचिर्जिनोक्ततत्त्वेषु ( यथावस्थिततत्त्वानाम् )" [ योगशास्त्रे १।१६ ] इतिश्लोकवृत्तौ । एतच्छ्लोकोक्तं यद् भद्रकत्वादिगुणस्यान्तीर्थिकमार्गपराङ्मुखत्वे सति जैनमार्गाभिमुखतादिलक्षगमार्गानुसारित्वादिरूपस्य अपेक्षया गुणस्थानत्वं मिथ्यादृशः । तदेव तादग्गुणस्थानत्वमत्रापि श्री हरिभद्रसूरिभिरभिहितमिति मन्तव्यम् । तदभिव्यञ्जकं तु 'अनभिग्रहे सति प्रणिधिशुद्धिमाह' इत्यग्रेतनपदेन कदाग्रहाभावाभिधानमेवेति"– टि.॥

વિશેષ અધ્યવસાય થાય નહિ, અને સુકૃતસેવનના સંસ્કાર પણ મંદ પડે, તેથી શક્તિના પ્રકર્ષથી સુકૃત સેવનમાં યત્ન થાય તે અર્થે કહે છે કે, યથાશક્તિ હું સુકૃતનું સેવન કરું છું.

અહીં 'યથાશક્તિ'નું તાત્પર્ય એ છે કે, જે અન્યના સુકૃતની પોતે અનુમોદના કરે છે તે સુકૃતને પોતાના જીવનમાં પણ આચારરૂપે વણવા માટે શક્તિના પ્રકર્ષથી બદ્ધ અભિલાષવાળો થઈને પોતે યત્ન કરે છે, અને જ્યાં સુકૃત સેવનની શક્તિ નથી, ત્યાં અનુમોદનાનો ભાવ છે અને જ્યાં સુકૃત સેવનની શક્તિ છે ત્યાં સમ્યગ્ યત્ન પણ છે. આ રીતે અનુમોદન કરનાર ને જેમ જેમ વિશેષ શક્તિ પ્રગટ થાય છે તેમ તેમ ઉપરના સુકૃતને જીવનમાં આચારરૂપે સેવવા માટેનો યત્ન પણ અવશ્ય થાય છે.

અહીં સુકૃતના સેવનથી અનુમોદનારૂપ સુકૃતનું સેવન ગ્રહણ કરવું છે, અને તે જ બતાવે છે—

પ્રથમ **સર્વ અરિહંતોનાં ધર્મકથાદિરૂપ અનુષ્ઠાનોની હું અનુમોદના કરું છું** એ પ્રકારે સંવેગપૂર્વક ઉપયોગથી બોલે, ત્યારે અરિહંતના ધર્મકથાદિ ઉચિત અનુષ્ઠાન પ્રત્યે અત્યંત આદર થાય છે, અને તે જ અનુષ્ઠાન કર્તવ્ય છે તેવી બુદ્ધિ થાય છે. અને તે જ અનુમોદનામાં ભાવનો પ્રકર્ષ થાય તો તીર્થંકરનામકર્મનો પણ બંધ થઈ શકે છે; કેમ કે અરિહંતો તેમના ઉચિત અનુષ્ઠાન દ્વારા જ ઉપાસનીય છે, અને તે રૂપે તન્મયભાવથી અનુમોદનાનો અધ્યવસાય થાય તો અરિહંત સાથે સમાપત્તિ પ્રાપ્ત થાય છે અર્થાત્ ઉપયોગરૂપે અરિહંત સાથે એકત્વભાવ પ્રાપ્ત થાય છે, અને આવા 'સમાપત્તિ'ના અધ્યવસાયથી તીર્થંકરનામકર્મના બંધરૂપ 'આપત્તિ' થાય છે, અને તીર્થંકરનામકર્મનો વિપાક આવે ત્યારે તીર્થંકરપણાની 'પ્રાપ્તિ' થાય છે.

અહીં એક અરિહંત ન લેતાં સર્વ અરિહંતોના અનુષ્ઠાનની અનુમોદના કરવાથી ભાવનો પ્રકર્ષ થાય છે, માટે સર્વ અરિહંતોના અનુષ્ઠાનને ગ્રહણ કરેલ છે.

ત્યારપછી સર્વસિદ્ધોના અવ્યાબાધાદિરૂપ સિદ્ધભાવની હું અનુમોદના કરું છું, એ પ્રકારે સંવેગપૂર્વક અનુમોદના કરવાથી આત્મા શુદ્ધ અવસ્થા પ્રત્યે

બદ્ધચિત્તવાળો થાય છે, જે પ્રકર્ષને પામીને આત્માના શુદ્ધ ભાવોને પ્રગટ કરવાનું કારણ બને છે.

અહીં '**अव्याबाधादि**' ભાવોથી સિદ્ધોનું બાધા વગરનું સુખ અને '**आदि**' પદથી વીતરાગતા, સર્વજ્ઞતા ભાવોને ગ્રહણ કરવાના છે.

ત્યારપછી સર્વ આચાર્યોના જ્ઞાનાચારાદિ આચારોની હું અનુમોદના કરું છું. અહીં '**ज्ञानाचारादि**' માં '**आदि**' પદથી દર્શનાચારાદિ બાકીના ચાર આચારો ગ્રહણ કરવાના છે. આચાર્યો જે જ્ઞાનાચારાદિ આચારો સેવે છે તે જ માત્ર ગ્રહણ કરવાના નથી પણ આચાર્યો પોતે જે પંચાચાર સેવે છે અને બીજાની પાસે પંચાચારનું સેવન કરાવે છે તેને પણ ગ્રહણ કરવાના છે. અને આ રીતે અનુમોદના કરવાથી આચાર્યના ગુણો સાથે તન્મયભાવ આવે તો પોતાનામાં પણ તેવા ગુણો પ્રગટ થાય છે.

**ત્યારપછી સર્વ ઉપાધ્યાયોમાં સદ્‌વિધિપૂર્વક સૂત્રપ્રદાનની હું અનુમોદના કરું છું.** આ પ્રકારની અનુમોદનાથી સમ્યગ્ વિધિપૂર્વક સૂત્રપ્રદાનની ક્રિયારૂપે ઉપાધ્યાયની ઉપસ્થિતિ થાય છે, અને તે સ્વરૂપે ઉપાધ્યાયની સાથે તન્મય થવાથી આત્મામાં પણ વિધિપૂર્વક સૂત્રપ્રદાનની શક્તિ આવિર્ભાવ પામી શકે છે.

**ત્યારપછી સર્વ સાધુઓની સત્સ્વાધ્યાયાદિરૂપ સાધુક્રિયાની હું અનુમોદના કરું છું.** આ રીતે અનુમોદના કરવાથી, સમ્યક્ સ્વાધ્યાય આદિ ક્રિયાઓ પ્રધાન છે જેમને તેવા સાધુની ઉપસ્થિતિ થાય છે, અને સાધુનું આ સ્વરૂપ મોક્ષસાધન યોગસ્વરૂપ છે, તેથી આ પ્રકારની અનુમોદનાથી આત્મામાં પણ ક્રમે કરીને સાધુભાવોનું પ્રગટીકરણ થાય છે.

**ત્યારબાદ સર્વ શ્રાવકોના વૈયાવચ્ચાદિરૂપ મોક્ષસાધન યોગોની હું અનુમોદના કરું છું.** આ પ્રકારની અનુમોદનાથી શ્રાવકમાં રહેલા મોક્ષસાધનયોગને અનુકૂળ એવા ઉત્તમભાવો પ્રત્યે પણ જીવને વિશેષ પક્ષપાત થાય છે.

અરિહંતથી માંડીને શ્રાવક સુધીના જીવોની જે અનુમોદના કરી, તે સર્વ, મોક્ષને અનુકૂળ એવી મોક્ષમાર્ગની પરિણતિરૂપ જીવની અવસ્થા છે, અને આ સર્વમાં સિદ્ધભગવંતો પૂર્ણ નિર્લેપ છે, અને અરિહંત ભગવંતો પણ પૂર્ણ નિર્લેપ હોવા છતાં જગતના જીવો ઉપર ઉપકાર કરે છે તે પ્રમાણે ઉપસ્થિતિ થાય છે.

જ્યારે આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ નિર્લેપની નિષ્ઠા નહિ પામેલા હોવા છતાં, નિર્લેપ થવા, શક્તિના પ્રકર્ષથી સંયમયોગમાં ઉદ્યમવાળા છે, તેથી આચાર્યઆદિ ત્રણેય પણ રત્નત્રયીની પરિણતિવાળા છે. શ્રાવકો સાધુની જેમ સર્વથા નિર્લેપ નથી તો પણ સર્વથા નિર્લેપ થવાની ઇચ્છાવાળા હોવાથી, શક્તિના અતિશયથી મોક્ષસાધનયોગોમાં યત્ન કરનારા છે, જેના બળથી ક્રમે કરીને સાધુભાવને પામશે. આથી અરિહંતથી માંડીને શ્રાવક સુધીના સર્વ જીવોનાં સુકૃતોની અનુમોદના કરી છે.

આ રીતે અરિહંતથી માંડીને શ્રાવક સુધીના સર્વજીવોનાં સુકૃતોની અનુમોદના કરીને, હવે જેઓ રત્નત્રયીરૂપ મોક્ષમાર્ગમાં નથી તો પણ તેને સન્મુખભાવવાળા છે, તેવા ઇન્દ્રાદિ અને યોગની ભૂમિકાવાળા મંદ મિથ્યાદષ્ટિ જીવોના માર્ગસાધનયોગોની અનુમોદના કરતાં કહે છે–

**આ રીતે મોક્ષની ઇચ્છાવાળા અને કલ્યાણ આશયવાળા એવા સર્વદેવોના અને સર્વજીવોના માર્ગસાધનયોગોની હું અનુમોદના કરું છું.**

આ પ્રમાણે કહેવાથી સમ્યગ્ દૃષ્ટિવાળા એવા ઇન્દ્રાદિના કુશળ વ્યાપારની અનુમોદના થાય છે, અને યોગની પ્રથમ ચાર દૃષ્ટિવાળા એવા મંદ મિથ્યાદષ્ટિ જીવોના કુશળ વ્યાપારની અનુમોદના થાય છે.

અહીં પ્રશ્ન થાય કે મિથ્યાદષ્ટિને શુદ્ધ આશય કઇ રીતે હોઇ શકે ? તેથી કહે છે–

**અનભિગ્રહ=કદાગ્રહ નહિ હોતે છતે મિથ્યાદષ્ટિઓને પણ શાસ્ત્રકારોએ ગુણસ્થાનક સ્વીકાર્યું છે. તેથી મિથ્યાદષ્ટિઓને પણ મોક્ષમાર્ગના કારણભૂત એવા કુશળ વ્યાપાર હોય છે, અને તેની અનુમોદના કરી છે.**

આમ, અરિહંતથી માંડીને શ્રાવક સુધીના જીવોને મોક્ષસાધનયોગો હોય છે, અને સમ્યગ્દષ્ટિ જીવો અને મંદ મિથ્યાદષ્ટિ જીવોને મોક્ષસાધનયોગો ન હોવા છતાં માર્ગસાધનયોગો હોય છે.

આશય એ છે કે મોક્ષસાધનયોગો એટલે રત્નત્રયીની પરિણતિ, અને માર્ગસાધનયોગો એટલે રત્નત્રયીની કારણભૂત એવી પરિણતિ. જે જીવોનું મિથ્યાત્વ મંદ થયું છે તેવા જીવોને અસદ્ગ્રહ હોતો નથી, તેથી તેવા જીવોમાં ગુણી ગુણસ્થાનકરૂપ પ્રથમ ગુણસ્થાનક શાસ્ત્રકારોએ સ્વીકાર્યું છે. તેથી આવા

જીવોની પણ ઉચિત ધર્મની પ્રવૃત્તિ સાક્ષાત્ મોક્ષનું કારણ નહિ હોવા છતાં પરંપરાએ મોક્ષનું કારણ છે. આથી જ અન્યદર્શનમાં રહેલા આગ્રહ વગરના મિથ્યાદૃષ્ટિ જીવોને પણ મોક્ષને અનુકૂળ એવા ગુણો હોય છે. તેની પણ અહીં અનુમોદના કરવાની છે.

**અવતરણિકા :**

**प्रणिधिशुद्धिमाह—**

**અવતરણિકાર્થ :**

પ્રણિધાન શુદ્ધિને કહે છે—

**ભાવાર્થ :**

પૂર્વમાં સુકૃતની અનુમોદના કરી જે પ્રણિધાનપૂર્વક કરવાની છે. તેથી કોઈ જીવ પ્રણિધાનપૂર્વક સુકૃતની અનુમોદના કરે, ત્યારપછી અરિહંતાદિની પોતે કરેલી સુકૃતની અનુમોદનામાં પ્રણિધાનની શુદ્ધિ કરવા માટે કહે છે– અર્થાત્ પૂર્વનાં પ્રણિધાનમાં કોઈ અશુદ્ધિ રહી ગઈ હોય તો તે દૂર થાય અને પ્રણિધાન શુદ્ધ બને તેને માટે કહે છે.

**સૂત્ર :**

**होउ मे एसा अणुमोयणा सम्मं विहिपुव्विगा, सम्मं सुद्धासया, सम्मं पडिवत्तिरूवा, सम्मं निरइयारा, परमगुणजुत्तअरहंता-दिसामत्थओ। अचिंतसत्तिजुत्ता हि ते भगवंतो वीयरागा सव्वण्णू परमकल्लाणा परमकल्लाणहेऊ सत्ताणं। मूढे अम्हि पावे अणाइमोहवासिए अणभिण्णे भावओ हियाहियाणं अभिण्णे सिया, अहियनिवित्ते सिया, हियपवित्ते सिया, आराहगे सिया, उचियपडिवत्तीए सव्वसत्ताणं, सहियं ति इच्छामि सुक्कडं, इच्छामि सुक्कडं, इच्छामि सुक्कडं।**

★ અહીં '**हि**' શબ્દ '**यस्मात्**' ના અર્થમાં છે.

સૂત્રાર્થ :

આ=પૂર્વમાં બતાવેલી મારી અનુમોદના, પરમગુણયુક્ત એવા અરિહંત આદિના સામર્થ્યથી,

સમ્યગ્ વિધિપૂર્વક થાઓ,
સમ્યગ્ શુદ્ધ આશયવાળી થાઓ,
સમ્યગ્ પ્રતિપત્તિરૂપ થાઓ અને
સમ્યગ્ નિરતિચારપૂર્વક થાઓ.

અહીં પ્રશ્ન થાય કે પરમગુણયુક્ત એવા અરિહંતઆદિના સામર્થ્યથી મારી અનુમોદના સમ્યક્ કેમ થઇ શકે ? તેથી કહે છે–

જે કારણથી અચિંત્યશક્તિયુક્ત એવા તેઓ=અરિહંત આદિ ભગવંતો, વીતરાગ, સર્વજ્ઞ, પરમકલ્યાણવાળા અને જીવોના પરમ કલ્યાણના હેતુ છે.

અનાદિથી મોહવાસિત એવો હું (અરિહંત આદિની વિશિષ્ટ પ્રતિપત્તિ પ્રત્યે) મૂઢ છું, પાપી છું, ભાવથી હિતાહિતનો અનભિજ્ઞ છું. (અરિહંત આદિના સામર્થ્યથી) હિતાહિતનો અભિજ્ઞ થાઉં, અહિતમાં નિવૃત્ત થાઉં હિતમાં પ્રવૃત્ત થાઉં, આરાધક થાઉં અને સર્વ જીવો સાથે ઉચિત પ્રવૃત્તિવાળો થાઉં.

પૂર્વમાં સુકૃતની અનુમોદના કરી અને ત્યારપછી પ્રણિધાનની શુદ્ધિને બતાવી, તે સર્વ સ્વહિત છે, તે બતાડવા માટે કહે છે–

સ્વહિત છે એથી કરીને હું સુકૃતને ઇચ્છું છું, હું સુકૃતને ઇચ્છું છું, હું સુકૃતને ઇચ્છું છું.

ટીકા :

भवतु ममैषाऽनुमोदना अनन्तरोक्ता, सम्यग्विधिपूर्विका सूत्रानुसारेण । सम्यक्शुद्धाशया कर्मविगमेन । सम्यक्प्रतिपत्तिरूपा क्रियारूपेण । सम्यग्निरतिचारा सन्निर्वहणेन । कुतो भवतु? इत्याह- परमगुणयुक्तार्हदादिसामर्थ्यतः । आदिशब्दात् सिद्धादिपरिग्रहः ।

**ટીકાર્થ/ભાવાર્થ :**

પૂર્વમાં સુકૃતનું આસેવન બતાવ્યું જે અરિહંતો આદિ સર્વેનાં સુકૃતોની અનુમોદનારૂપ છે, અને તે અનુમોદનાને શુદ્ધ કરવા માટે પ્રણિધાન કરતાં કહે છે કે, **મારી આ અનુમોદના સમ્યગ્ વિધિપૂર્વક થાઓ**=સૂત્રના અનુસારે થાઓ. આમ કહેવાથી એ પ્રાપ્ત થાય કે, સૂત્ર અનુસાર અનુમોદના કરવા માટે સૂત્રમાં જે ઉચિત વિધિ હોય તેનો બોધ કરીને તે વિધિપૂર્વક જ અનુમોદના કરવામાં આવે તો તે સમ્યગ્ બને, અને આ પ્રકારનું પ્રણિધાન કરવાનો આશય એ છે કે, પૂર્વમાં પોતે અરિહંત આદિનાં સુકૃતોની અનુમોદના કરી છે તે પરિપૂર્ણ વિધિશુદ્ધ થઈ ન હોય, તો પણ આ પ્રકારના પ્રણિધાનથી ધીરે ધીરે સૂત્ર અનુસાર અનુમોદના કરવાની શક્તિ પોતાનામાં પ્રગટે છે અને પરિપૂર્ણ વિધિશુદ્ધ અનુમોદના પણ બને છે.

આ રીતે, પ્રાર્થના કર્યા પછી ક્રમે કરીને ફરી અભિલાષ કરે છે કે, **મારી અનુમોદના સમ્યગ્ શુદ્ધ આશયવાળી થાઓ;** અને તે શુદ્ધ આશય કર્મના વિગમનથી થાય છે. આનાથી એ પ્રાપ્ત થાય કે, વિધિપૂર્વક સૂત્રાનુસારે અનુમોદના કરવા માટે શુદ્ધ આશયની આવશ્યક્તા છે, અને શુદ્ધ આશયના પ્રતિબંધક એવા મોહનીય કર્મના વિગમનથી શુદ્ધ આશય પ્રગટે છે. અને શુદ્ધ આશયપૂર્વક અનુમોદના થાય તો તે અવશ્ય વિધિપૂર્વક અનુમોદનાની નિષ્પત્તિનું કારણ બને. અને તે શુદ્ધ આશય પ્રગટ કરવા અર્થે જ અભિલાષ કરે છે કે મારી અનુમોદના શુદ્ધ આશયવાળી થાઓ.

ત્યારપછી કહે છે કે **મારી આ અનુમોદના, ક્રિયારૂપે, સમ્યગ્ સ્વીકારરૂપ થાઓ.** તેનાથી એ કહેવું છે કે જે સુકૃતોની પોતે અનુમોદના કરે છે તે સુકૃતોની માત્ર શબ્દ કે વિચારથી જ અનુમોદના કરવાની નથી, પણ જે સુકૃતોમાં પોતે યત્ન કરી શકે તેમ હોય, તે સુકૃતોને ક્રિયાથી સ્વીકારવાનાં છે. જેમ કોઈ વ્યક્તિમાં દેશવિરતિ ગુણસ્થાનક સ્વીકારવાની શક્તિ હોય તો તે શક્તિને ગોપવ્યા વિના દેશવિરતિની ક્રિયાને સ્વીકારે તો જ તેની અનુમોદના સમ્યગ્ પ્રતિપત્તિરૂપ બને.

પણ જો દેશવિરતિના બદલે સર્વવિરતિ સ્વીકારવાની શક્તિ હોય, તેમ છતાં માત્ર દેશવિરતિને સ્વીકારીને જ સંતોષ માને તો તેની અનુમોદના સમ્યગ્ પ્રતિપત્તિરૂપ બને નહિ. વળી, જો દેશવિરતિ જ સ્વીકારવાની શક્તિ હોય, તેમ છતાં વિચાર્યા વગર સર્વવિરતિનો સ્વીકાર કરે અને સર્વવિરતિની ક્રિયાથી તેને અનુરૂપ ભાવો કરી ન શકે, તો પણ તેની અનુમોદના સમ્યગ્ પ્રતિપત્તિરૂપ બને નહિ. તેથી અનુમોદના કરનાર જીવે, પોતાની શક્તિની સમ્યગ્ તુલના કરીને, શક્તિને ગોપવ્યા વિના ઉચિત અનુષ્ઠાનોનો સ્વીકાર કરે, તો આ રીતે કરાયેલી અનુમોદના ધીરે ધીરે શક્તિના પ્રકર્ષ દ્વારા પૂર્ણભાવનું કારણ બને.

ત્યારપછી વળી અભિલાષ કરે છે કે, જે ગુણસ્થાનકની ક્રિયા મેં સ્વીકારી છે તેને **હું સમ્યગ્ નિર્વાહ દ્વારા નિરતિચાર પાલન કરનાર થાઉં.** જેમ કોઈ જીવ પોતાની શક્તિને અનુરૂપ દેશવિરતિ કે સર્વવિરતિ સ્વીકારે અને ત્યારપછી અત્યંત અપ્રમાદભાવપૂર્વક તે ગુણસ્થાનકમાં યત્ન કરીને, તે ક્રિયાનું નિરતિચાર રીતે પાલન કરે, તો અપ્રમાદભાવ કરવાનું વીર્ય સંચિત થાય છે, અને તે સંચિત વીર્ય જ પ્રકર્ષને પામીને સંસારના ઉચ્છેદનું કારણ બને છે.

અહીં પ્રશ્ન થાય કે સમ્યગ્ વિધિપૂર્વક, સમ્યગ્ શુદ્ધ આશયવાળી, સમ્યગ્ પ્રતિપત્તિરૂપ અને સમ્યગ્ નિરતિચાર ક્રિયાના પાલનરૂપ સુકૃતની અનુમોદના કોના બળથી થાય ? તેથી કહે છે–

**પરમગુણયુક્ત અરિહંત આદિના સામર્થ્યથી મારી આ અનુમોદના સમ્યગ્ વિધિપૂર્વક થાઓ અને મૂળસૂત્રમાં 'परमगुणजुत्त अरहंतादि' કહ્યું ત્યાં 'आदि' પદથી સિદ્ધાદિને ગ્રહણ કરવાના છે**

★ **'सिद्धादि'** માં **'आदि'** પદથી આચાર્યાદિને ગ્રહણ કરવાના છે. આનાથી એ પ્રાપ્ત થાય કે પરમગુણયુક્ત એવા અરિહંત આદિનું માનસ અવલંબન લઈને જ્યારે જીવ અરિહંત આદિના ગુણોનો પક્ષપાત કરે છે અને તેઓના પ્રત્યે પોતાના હૈયામાં વર્તતો બહુમાન ભાવ અત્યંત ઉલ્લસિત કરે છે, ત્યારે તેઓના પ્રભાવથી "મારી આ અનુમોદના સમ્યગ્ વિધિપૂર્વક થાઓ" ઇત્યાદિ વચનપ્રયોગ કરે તો

જીવનું વીર્ય તે ભાવો પ્રત્યે અત્યંત અભિમુખ બને, જેના કારણે સમ્યગ્ વિધિપૂર્વક અનુમોદના આદિ ભાવો અવશ્ય પ્રગટ થાય.

અહીં 'અરિહંત આદિમાં' 'આદિ' પદથી સિદ્ધોને ગ્રહણ કરવાના છે અને સિદ્ધભગવંતો પણ પરમગુણયુક્ત જ છે, અને આચાર્યાદિ પણ પરમગુણયુક્ત નહિ હોવા છતાં પરમગુણની પ્રાપ્તિ કરવામાં જ અત્યંત યત્નવાળા છે, તેથી તેઓ પરમગુણયુક્ત જ છે તેમ ગ્રહણ કરેલ છે. માટે તેઓના સામર્થ્યથી અવશ્ય અનુમોદના સમ્યગ્ વિધિપૂર્વક થઇ શકે છે.

**ટીકા :**

**प्रार्थनायाः सविषयतामाह—**

**ટીકાર્થ/ભાવાર્થ :**

"અરિહંત, સિદ્ધ આદિ આપણા ભાવોને પ્રગટ કરવામાં કોઇ પ્રયત્ન કરતા નથી છતાં તેઓના સામર્થ્યથી આપણી અનુમોદના સમ્યગ્ વિધિપૂર્વક કઇ રીતે થઇ શકે ? અર્થાત્ થઇ શકે નહિ. તેથી અરિહંત આદિના સામર્થ્યથી મારી અનુમોદના સમ્યગ્ વિધિપૂર્વક થાઓ. એ પ્રકારની પ્રાર્થના નિર્વિષય છે" આ પ્રકારની શંકાના નિવારણ માટે પ્રાર્થનાની સવિષયતાને કહે છે—

**ટીકા :**

**अचिन्त्यशक्तियुक्ता हि ते भगवन्तोऽर्हदादयः वीतरागाः सर्वज्ञाः, प्राय आचार्यादीनामप्येतद्वीतरागादित्वमस्तीत्येवमभिधानम्, तद्विशेषापेक्षं त्वाह परमकल्याणा आचार्यादयोऽपि, परमकल्याणाहेतवः सत्त्वानां तैस्तैरुपायैः सर्व एवैते ।**

**ટીકાર્થ/ભાવાર્થ :**

મૂળસૂત્રમાં કહ્યું કે '**ते भगवन्तो**' અચિંત્યશક્તિયુક્ત છે. ત્યાં '**ते भगवन्तो**' શબ્દથી અરિહંત આદિનું ગ્રહણ કરવાનું છે, અને ટીકામાં '**अर्हदादि**'માં '**आदि**' શબ્દથી સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુનું ગ્રહણ કરવાનું છે. અને તે અરિહંત આદિ જેમ અચિંત્ય શક્તિવાળા છે તેમ વીતરાગ અને સર્વજ્ઞ પણ છે.

અહીં પ્રશ્ન થાય કે અરિહંત અને સિદ્ધ ભગવંત વીતરાગ અને સર્વજ્ઞ છે તેમ કહી શકાય, પરંતુ આચાર્યાદિ તો વીતરાગ નથી અને હજુ છદ્મસ્થ છે, તેથી સર્વજ્ઞ પણ નથી. તો પછી ગ્રંથકારે અરિહંત આદિ બધાને જ વીતરાગ, સર્વજ્ઞ કેમ કહ્યા છે ? તેથી ટીકાકાર કહે છે– પ્રાયઃ કરીને આચાર્ય આદિનું પણ આ વીતરાગ આદિપણું છે એથી કરીને આ પ્રમાણેનું કથન છે=ભગવંત શબ્દથી અરિહંત આદિ સર્વનું ગ્રહણ કરીને તેઓ વીતરાગ, સર્વજ્ઞ છે એ પ્રમાણેનું કથન છે''.

આશય એ છે કે અરિહંત અને સિદ્ધ તો વીતરાગ અને સર્વજ્ઞ છે, જ્યારે આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ, વીતરાગ અને સર્વજ્ઞ થવાની તૈયારીમાં છે, તેથી તેઓને પણ વીતરાગ અને સર્વજ્ઞ જ કહેલા છે; કેમ કે આચાર્યાદિ સર્વ, વીતરાગ અને સર્વજ્ઞના વચનથી ભાવિત થઈને વીતરાગપણાના અને સર્વજ્ઞપણાના ઉપાયરૂપ એવી ઉચિત, સુદૃઢ પ્રવૃત્તિ કરીને વીતરાગ થવાની તૈયારીમાં જ છે. તેથી મૂળસૂત્રકારે કહ્યું કે 'અચિંત્યશક્તિયુક્ત તે ભગવંતો વીતરાગ, સર્વજ્ઞ છે.'આનાથી એ પ્રાપ્ત થાય કે અરિહંત આદિ પાંચેય વીતરાગ છે, સર્વજ્ઞ છે અને અચિંત્યશક્તિયુક્ત છે.

આ રીતે અરિહંત આદિ પાંચેયને અચિંત્યશક્તિયુક્ત, વીતરાગ, સર્વજ્ઞ છે તેમ બતાવ્યું, વળી, આચાર્યઆદિની વિશેષ અપેક્ષાને કહે છે=આચાર્યઆદિની શું વિશેષતા છે તેને કહે છે–

આચાર્યઆદિ પણ પરમકલ્યાણ છે.

આશય એ છે કે કલ્યાણ એટલે હિતની પ્રાપ્તિ અને પરમકલ્યાણ એટલે પ્રકૃષ્ટ હિતની પ્રાપ્તિ. પ્રકૃષ્ટ હિતની પ્રાપ્તિ સિદ્ધ ભગવંતોને થયેલ છે, તે સિવાયના અરિહંત, આચાર્ય વગેરે સંસારમાં છે, આમ છતાં, અરિહંતોને કેવળજ્ઞાન થઈ ગયું છે તેથી તેઓ નજીકમાં જ મોક્ષમાં જવાના છે, તેથી તેઓ પરમકલ્યાણરૂપ છે તેમ કહી શકાય; પણ આચાર્ય આદિ તો વીતરાગ થયા નથી તેથી તેઓને પરમકલ્યાણ કઈ રીતે કહી શકાય ? તેના સમાધાન માટે ટીકાકાર કહે છે કે આચાર્યાદિ પણ પરમ કલ્યાણરૂપ છે. આશય એ છે કે આચાર્યાદિને પણ પરમકલ્યાણરૂપ મોક્ષ પ્રાપ્ત થવાની તૈયારી છે, તેથી તેઓને પણ પરમકલ્યાણ

કહેલ છે.

અહીં '**आचार्यादि**' માં '**आदि**' શબ્દથી ઉપાધ્યાય, સાધુને ગ્રહણ કરેલ છે, અને '**अपि**' શબ્દથી અરિહંત, સિદ્ધને ગ્રહણ કરેલ છે. એથી એ પ્રાપ્ત થાય કે આચાર્ય આદિ પરમકલ્યાણને પ્રાપ્ત કરવાની તૈયારીમાં છે, અને અરિહંત, સિદ્ધને પરમકલ્યાણની પ્રાપ્તિ થયેલ છે.

આ રીતે એ સ્થાપન કર્યું કે અરિહંતથી માંડીને સાધુ સુધીના સર્વ અચિંત્ય શક્તિયુક્ત છે, વીતરાગ છે, સર્વજ્ઞ છે અને પરમકલ્યાણરૂપ છે.

વળી, તેઓ કેવા છે, તે બતાવે છે–

જીવોના પરમકલ્યાણના હેતુ છે.

અહીં પ્રશ્ન થાય કે જીવોના પરમકલ્યાણના હેતુ કઇ રીતે છે ? તેથી કહે છે–

તે તે ઉપાય વડે કરીને જ આ=અરિહંત આદિ સર્વ જ આ જીવોના પરમકલ્યાણના હેતુ છે.

આશય એ છે કે અરિહંત પરમકલ્યાણરૂપ મોક્ષમાર્ગ બતાવીને જીવોના પરમકલ્યાણના હેતુરૂપ બને છે. સિદ્ધ ભગવંતો આ જ મોક્ષમાર્ગને સેવીને સિદ્ધ અવસ્થાને પામ્યા છે, તેથી અરિહંત દ્વારા જ્યારે આપણને જ્ઞાન થાય છે કે સિદ્ધ ભગવંતો આ રત્નત્રયરૂપી માર્ગને સેવીને સિદ્ધ થયા છે, ત્યારે તેઓ જે માર્ગે સિદ્ધપણાને પામ્યા તે જ માર્ગ સિદ્ધિનો ઉપાય છે, તેવી સ્થિર આસ્થા પેદા કરવામાં સિદ્ધ ભગવંતો પ્રબળ કારણ છે. અને અરિહંત પાસેથી સિદ્ધ ભગવંતોનું સ્વરૂપ જાણીને તેમના સ્વરૂપ સાથે તન્મયભાવ થવાથી રત્નત્રયીનો પ્રકર્ષ થાય છે, અને તેના દ્વારા જ જીવ સિદ્ધભાવને પામે છે. તેથી સિદ્ધભાવની પ્રાપ્તિમાં આલંબનરૂપે પણ સિદ્ધ ભગવંતો પરમકલ્યાણના હેતુ છે.

પૂર્વમાં અરિહંત અને સિદ્ધ તે તે ઉપાય વડે જીવના કલ્યાણના હેતુ છે તે બતાવ્યું. હવે આચાર્ય જીવોના પરમકલ્યાણના હેતુ કઇ રીતે છે તે બતાવે છે–

પરમ કલ્યાણનું કારણ મોક્ષમાર્ગ છે અને તે તીર્થંકરોએ બતાવેલો છે. પરંતુ તીર્થંકરની ગેરહાજરીમાં તે મોક્ષમાર્ગ, જગતને ભગવાનના વચનના બળથી આચાર્ય બતાવે છે, અને યોગ્યજીવને ભગવાનના વચન અનુસાર પંચાચારનું પાલન કરાવે છે, તેથી આચાર્યો જીવોના પરમ કલ્યાણના હેતુ છે.

ઉપાધ્યાય ભગવંત પણ ભગવાને બતાવેલાં સૂત્રોનું દાન કરીને યોગ્ય જીવોના પરમકલ્યાણના હેતુ બને છે.

સાધુભગવંતો પણ અપ્રમાદભાવથી સંયમયોગની સાધના કરતા હોય છે ત્યારે, તેઓના દર્શનથી કે તેઓના અવલંબનથી ઘણા યોગ્ય જીવો સન્માર્ગને પ્રાપ્ત કરે છે, અને ભાવચારિત્રને પણ પ્રાપ્ત કરે છે, તેમાં સાધુ ભગવંત પ્રબળ નિમિત્ત બને છે. તેથી સાધુઓ પણ પરમ કલ્યાણના હેતુ છે.

આ રીતે અરિહંતાદિ પાંચ યોગ્ય જીવોના તે તે ઉપાય દ્વારા પરમ કલ્યાણના હેતુ છે, તેથી તેમના સામર્થ્યથી મારી અનુમોદના સમ્યગ્ વિધિપૂર્વક થાઓ ઇત્યાદિ પ્રાર્થના સવિષયક છે; કેમ કે અચિંત્યશક્તિયુક્ત એવા અરિહંતઆદિ જીવોના પરમકલ્યાણના હેતુ છે. તેથી તેઓના સામર્થ્યથી મારી આ અનુમોદના સમ્યગ્ વિધિવાળી થાઓ તે પ્રકારના ભાવથી બોલનારને, અરિહંત આદિનું અવલંબન પ્રાપ્ત થાય છે, જે તેમની પ્રાર્થનાને સફળ કરવાનું કારણ બને છે.

**ઉત્થાન :**

પૂર્વમાં કહ્યું કે તે તે ઉપાય દ્વારા અરિહંત આદિ, જીવોના પરમકલ્યાણના હેતુ છે. ત્યાં પ્રશ્ન થાય કે તો પછી મારો આત્મા પરમ કલ્યાણને કેમ પામ્યો નથી ? તેથી કહે છે—

**ટીકા :**

**मूढश्चास्मि पाप एतेषां विशिष्टां प्रतिपत्तिं प्रति, अनादिमोहवासितः** संसारानादित्वेन, **अनभिज्ञो भावतः** परमार्थतः, **हिताहितयोरभिज्ञः स्यामहमेतत्सामर्थ्येन । तथाऽहितनिवृत्तः स्याम्, तथा हितप्रवृत्तः स्याम्।**

**एवमाराधकः स्यामुचितप्रतिपत्त्या सर्वसत्त्वानां संबन्धिन्या । किम्? इत्याह- स्वहितमिति इच्छामि[१] सुकृतं ३ एवं वारात्रयं पाठः। उत्तममेतत् सुकृतासेवनं विशेषतः पृथग्जनानां वनच्छेत्तृबलदेव-मृगोदाहरणात्[२] परिभावनीयम् ।**

**ટીકાર્થ/ભાવાર્થ :**

**સંસારનું અનાદિપણું હોવાના કારણે અનાદિ મોહવાસિત એવો હું આમની =અરિહંત આદિની, વિશિષ્ટ પ્રતિપત્તિ પ્રત્યે મૂઢ અને પાપી છું,** તેથી પરમકલ્યાણના હેતુ એવા અરિહંતઆદિથી હું વિશેષ કલ્યાણને પામી શક્યો નહિ.

આશય એ છે કે સંસાર અનાદિ છે તેથી જીવ સંસારમાં અનાદિથી મોહવાસિત છે, અને મોહને કારણે જ જીવમાં મૂઢતા પ્રગટે છે, આથી જ્યારે કલ્યાણમિત્ર આદિ દ્વારા જાણ્યું કે અરિહંતઆદિ જ પરમ કલ્યાણના હેતુ છે,

---

१. "पृथग्जनानामपि सिद्धमेतत्, योगिबुद्धिगम्योऽयं व्यवहारः" इति **ललितविस्तरायाम्** । पृथग्जनानामपि पृथक्- तथाविधालौकिकसामयिकाचारविचारादेर्बहिः स्थिता बहुविधा बालादिप्रकारा जनाः- प्राकृतलोकाः पृथग्जनास्तेषामपि शास्त्राधीनधियां सुधियामित्यपि- शब्दार्थः।" इति **ललितविस्तराया मुनिचन्द्रसूरिविरचितायां पञ्जिकायाम्** ॥

२. "तत्पार्श्वे प्राव्रजद्रामस्तपस्तीव्रं चचार च। तुङ्गिकाशिखरे गत्वा सिद्धार्थोऽस्थाच्च रक्षकः ॥३७॥
मासपारणकेऽन्येद्युर्बलः क्वापि पुरे विशन् । कयापि सार्भया पौर्या कूपकंठस्थयैक्ष्यत ॥३८॥
रामस्य रूपातिशयालोकनव्यग्रचित्तया । कुम्भस्थाने पुत्रकण्ठे तया रज्जुरबध्यत ॥३९॥
कूपे तं क्षेप्सुमारेभे सा यावत्तावदैक्ष्यत । बलेन चिन्तितं चेदं धिङ्मे रूपमनर्थकृत् ॥४०॥
नातः परं पुरग्रामादिषु वेक्ष्यामि किं त्वहम् । वने काष्ठादिहारिभ्यः पारयिष्यामि भिक्षया ॥४१॥
तां नारीं बोधयित्वाथ तदेव हि वनं बलः। जगाम तेपे च तपो दुस्तपं मासिकादिकम् ॥४२॥
आनीतं भक्तपानादि तृणकाष्ठादिहारिभिः । दत्तं च तैः प्रासुकं च गृहीत्वा पारयन्मुनिः ॥४३॥
काष्ठादिहारकास्ते च गत्वा चख्युः स्वभुभुजाम् । देवरूपः पुमान् कोऽपि चरन्नस्ति वने तपः ॥४४॥
इत्याशशंकिरे ते च किमस्मद्राज्यकांक्षया। करोति तप ईदृक्षं मन्त्रं वा साधयत्यसौ ॥४५॥
इमं हन्मस्ततो गत्वेत्यालोच्य युगपच्च ते । ईयुः सर्वाभिसारेण मुने रामस्य सन्निधौ ॥४६॥
ततश्च देवः सिद्धार्थस्तस्य सन्निहितः सदा । विचक्रेऽनेकशः सिंहाञ्जगतोऽपि भयंकरान् ॥४७॥
राजानश्चकितास्ते च नमस्कृत्य बलं ययुः। नरसिंह इति ख्यातो बलभद्रस्तदाद्यभूत् ॥४८॥
वने तपस्यतस्तस्य धर्मदेशनयाग्रया । वासिता व्याघ्रसिंहाद्या बहवः प्रशमं ययुः ॥४९॥
केऽपि श्रावकतां भेजुः केऽपि भद्रकतां पुनः। कायोत्सर्गं व्यधुः केऽपि केऽपि चानशनं तदा ॥५०॥

અને તે કલ્યાણમિત્ર આદિનાં વચનો પોતાને ભાવથી રુચ્યાં, તેથી અરિહંત આદિથી બતાવેલો માર્ગ પોતે સ્વીકાર્યો, તો પણ વિશેષરૂપે તેનો સ્વીકાર કર્યો નથી. તેથી અરિહંત આદિને પોતે વિશેષરૂપે નહિ સ્વીકારેલ હોવાથી પોતે વિશેષ કલ્યાણને પામી શક્યો નથી. અને તેનું કારણ પોતાનામાં રહેલી મૂઢતા અને પાપની મનોવૃત્તિ છે. અને તેથી જ કહે છે કે મૂઢપાપી એવો હું અરિહંતઆદિની વિશિષ્ટ પ્રતિપત્તિને કરી શક્યો નથી.

અહીં પ્રશ્ન થાય કે સુકૃતની અનુમોદના કરનાર જીવ જ્યારે કહે છે કે પરમગુણયુક્ત એવા અરિહંતના સામર્થ્યથી મારી અનુમોદના સમ્યગ્ વિધિપૂર્વક થાઓ, તે જ બતાવે છે કે તે જીવે અરિહંતઆદિને આશ્રયરૂપે સ્વીકારેલ છે. આમ છતાં વિશેષરૂપે કેમ સ્વીકારેલ નથી તેનું કારણ બતાવે છે—

---

मांसाहारान्निवृत्तास्ते बभूवुः पारिपार्श्विकाः। तिर्यग्रूपधराः शिष्या इव राममहामुनेः ॥५१॥
रामप्राग्भवसंबन्धः कोऽपि जातिस्मरो मृगः । अतिसंवेगमापन्नः सदा सहचरोऽभवत् ॥५२॥
उपास्योपास्य रामर्षिं स मृगो वनमभ्रमत् । अणवेषयदायातान् सान्नान् काष्ठादिहारिणः ॥५३॥
यदापश्यत्तदैवेत्य रामर्षिं ध्यानसंस्थितम् । पर्यस्यन् शिरसा पादे भिक्षादातॄन् द्व्यजिज्ञपत् ॥५४॥
रामस्तदुपरोधेन ध्यानं मुक्त्वा क्षणादपि । भिक्षायै निरगात्तेन हरिणेनाग्रगामिना ॥५५॥
तत्रान्येद्युर्वने भव्यदारुभ्यो रथकारुकाः । आययुश्छिच्छिदुश्चापि वृक्षान् सारानृजून् बहून् ॥५६॥
तान् प्रेक्ष्य स भ्रमन्नेणः सद्यो राममजिज्ञपत् । ध्यानं चापारयत्तस्योपरोधात् स महामुनिः ॥५७॥
तेषु भोक्तुं निषण्णेषु भिक्षार्थे मासपारणे । रामर्षिराययौ तत्र हरिणेनाग्रगामिना ॥५८॥
रथकाराग्रणी रामं प्रेक्ष्य प्रीतो व्यचिन्तयत् । अहो अत्राप्यरण्येऽसौ कल्पद्रुरिव कोऽप्यृषिः ॥५९॥
अहो रूपमहो तेजः प्रशमः कोऽप्यहो महान् । कृतार्थः सर्वथाप्यस्मि मुनिनातिथिनामुना ॥६०॥
रथकारो विचिन्त्यैवं पञ्चांगस्पृष्टभूतलः । बलर्षये नमस्कृत्य भोज्यपानान्युपानयत् ॥६१॥
अथ दध्यौ बलमुनिः श्राद्धः कोऽप्येष शुद्धधीः । कर्मार्जितुं स्वर्गफलं भिक्षां मे दातुमुद्यतः ॥६२॥
न चेद् गृह्णाम्यमूं भिक्षां तदेतस्य हि सद्गतेः । कृतो मयान्तरायः स्याद् गृह्णाम्येतेन हेतुना ॥६३॥
एवं विचिन्त्य भगवान् कारुण्यक्षीरसागरः । स्वकायनिरपेक्षोऽपि भिक्षां तस्मादुपाददे ॥६४॥
ऊर्ध्वाननो मृगः सोऽपि बाष्पांभःप्लावितेक्षणः । मुनिं वनच्छिदं चापि पश्यन्निदमचिन्तयत् ॥६५॥
अहो कृपानिधिः स्वामी निरपेक्षो वपुष्यपि । अन्वग्रहीद्रथकारं तपसामेक आश्रयः ॥६६॥
अहो वनच्छिद्धन्योऽयं जन्म चास्य महाफलम् । येनायं भगवानेवं पानान्नैः प्रतिलंभितः ॥६७॥
अहं पुनर्मन्दभाग्यो न तपः कर्तुमीश्वरः । प्रतिलंभयितुं नापि धिङ्मां तिर्यकत्वदूषितम् ॥६८॥
एवं त्रयोऽपि ते यावद्धर्मध्यानपराः स्थिताः । महावाताहतस्तावदर्धच्छिन्नोऽपतत्तरुः ॥६९॥
ते त्रयस्तरुणा तेन पतितेन हता मृताः । पद्मोत्तरविमानान्तर्ब्रह्मलोकेऽभवन् सुराः ॥७०॥
इति त्रिषष्टिशलाकापुरुषचरिते ऽष्टमे पर्वणि द्वादशे सर्गे ॥"

**ભાવથી=પરમાર્થથી હું હિતાહિતનો અનભિજ્ઞ છું.**

આશય એ છે કે જે જીવ ભાવથી પોતાનું હિત શું છે અને અહિત શું છે તેને યથાર્થ જાણતો હોય, તે જીવ અવશ્ય હિતમાં જ પ્રવૃત્તિ કરે અને અહિતમાં નિવૃત્તિ કરે, અને તે જ ઉચિત પ્રવૃત્તિરૂપ છે અને તે જ અરિહંતની પરમઆજ્ઞા છે. અને જેણે અરિહંતની પરમ આજ્ઞાને સ્વીકારી છે. તેણે વિશેષરૂપે અરિહંતઆદિને સ્વીકાર્યા છે એ અર્થ પ્રાપ્ત થાય. તેથી જો ભાવથી હિતાહિતનો જાણનાર હોય, તો અવશ્ય ભાવથી અરિહંતઆદિને વિશેષરૂપે સ્વીકાર કરે, જેથી તેઓના અવલંબનથી અવશ્ય પરમ કલ્યાણની પ્રાપ્તિ થાય. પરંતુ અનાદિથી મોહ હોવાના કારણે હજુ હિતાહિતનો યથાર્થ બોધ થયો નથી તેથી જ અરિહંતઆદિ પરમ કલ્યાણના કારણ બનતા નથી.

**ભાવથી પોતે હિતાહિતનો અનભિજ્ઞ છે** આથી જ અરિહંત આદિ પરમકલ્યાણના કારણરૂપ હોવા છતાં પોતાના પરમકલ્યાણનું કારણ બન્યા નહિ.

આથી જ ફરી પ્રાર્થના કરે છે–

**તેમના સામર્થ્યથી=અરિહંતઆદિના સામર્થ્યથી હું હિતાહિતનો અભિજ્ઞ થાઉં=જાણકાર થાઉં, અને અહિતમાંથી નિવૃત્ત થાઉં અને હિતમાં પ્રવૃત્ત થાઉં.** આ રીતે=હિતાહિતને જાણીને અહિતમાંથી નિવૃત્તિ કરીને અને હિતમાં પ્રવૃત્તિ કરીને, આરાધક થાઉં.

અને તે આરાધક કઇ રીતે થાય છે તે સ્પષ્ટ કરવા કહે છે–

**સર્વ જીવો સંબંધી ઉચિત પ્રતિપત્તિથી=બધા જીવો સાથે ઉચિત વ્યવહાર કરવાથી, હું આરાધક થાઉં; કેમ કે સ્વહિત છે.**

આ પ્રકારે પ્રાર્થના કરીને પરિણામના અતિશય અર્થે કહે છે–

**હું સુકૃતને ઇચ્છું છું, હું સુકૃતને ઇચ્છું છું, હું સુકૃતને ઇચ્છું છું.**

પૂર્વમાં સુકૃતઆસેવન કર્યા પછી પ્રણિધાનશુદ્ધિ અર્થે પંચસૂત્રકારે કહેલ પદાર્થને ટીકામાં સ્પષ્ટ કર્યા પછી તે સુકૃતઆસેવન પ્રત્યે વિશેષ પક્ષપાત પેદા કરવા માટે ટીકાકાર કહે છે–

**પૃથકજનોને=સામાન્યજનોને, વનચ્છેત્તૃ, બળદેવ અને મૃગના ઉદાહરણથી વિશેષ પ્રકારે આ સુકૃતનું આસેવન ઉત્તમ છે, (એ પ્રકારે) પરિભાવન કરવું જોઈએ.**

જે લોકો ભગવાનની આજ્ઞા અનુસાર સંયમ આદિ અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરે છે તે જીવો તો સ્વયં સુકૃતને સેવી રહ્યા છે, પરંતુ જેઓમાં હજી તેવું સત્ત્વ પ્રગટ્યું નથી કે જેથી ભગવાનનાં વચન અનુસાર મોક્ષમાર્ગમાં સુદૃઢ પ્રયત્ન કરી શકે, આમ છતાં કલ્યાણનાં અર્થી છે તેવા સામાન્ય આરાધક જીવોને અહીં પૃથકજનથી ગ્રહણ કરવાના છે, અને તેવા જીવોને પૂર્વમાં વર્ણન કરાયેલું એવું સુકૃતના અનુમોદનરૂપ સુકૃતનું આસેવન વિશેષથી ઉત્તમ છે અર્થાત્ વિશેષથી કલ્યાણનું કારણ છે.

આશય એ છે કે પ્રમત્ત ગુણસ્થાનક સુધી સંયમયોગમાં યત્ન કરનાર મહાત્માઓ પણ સુકૃતની અનુમોદના કરે છે, અને તેનાથી જ તેઓનું પણ હિત થાય છે; પરંતુ જે જીવો હજુ અપ્રમાદથી સંયમઆદિમાં યત્ન કરી શકે તેવા સત્ત્વશાળી નથી, આમ છતાં કલ્યાણના અર્થી છે, તેવા જીવોએ વિશેષ પ્રકારે સુકૃતનું અનુમોદન કરવું જોઈએ, જેથી જન્મજન્માંતરમાં પણ સુકૃત પ્રત્યેનું વીર્ય ઉલ્લસિત થાય. અને તેને દૃઢ કરવા માટે કહે છે–

જેમ બળભદ્રમુનિ સંયમમાં સુદૃઢ યત્ન કરતા હતા, અને તેમના સંયમ પ્રત્યેના અત્યંત બહુમાનને કારણે દાનને આપનાર કઠિયારો દાન આપીને તેમના સંયમ જીવનની અનુમોદના કરે છે, અને મૃગલો કઠિયારાના દાનનાં સુકૃતની અનુમોદના કરે છે, અને બળભદ્રમુનિ સાક્ષાત્ સંયમયોગમાં સુદૃઢ યત્ન કરવારૂપ સુકૃતનું સેવન કરે છે; ત્યાં, બલભદ્રમુનિ તો ભગવાનના વચન અનુસાર સુકૃતનું સેવન કરતા હતા, પરંતુ કઠિયારામાં અને મૃગલામાં તેવું સત્ત્વ ન હતું કે જેથી અપ્રમાદભાવથી સંયમયોગમાં યત્ન કરી શકે, તો પણ બળભદ્રમુનિના સંયમ પ્રત્યેના બદ્ધરાગપૂર્વક કરાયેલી સુકૃત અનુમોદનાથી, કઠિયારો અને મૃગલો પણ પાંચમા દેવલોકને પ્રાપ્ત કરે છે; અને સુકૃત પ્રત્યેના તીવ્ર પક્ષપાતને કારણે બળભદ્રમુનિની જેમ જે કઠિયારાનો અને મૃગલાનો જીવ પણ જન્માંતરમાં મનુષ્યભવને પામીને ભગવાનના વચન અનુસાર સંયમને પાળીને મોક્ષને પ્રાપ્ત

કરશે. તેથી જે જીવોને સંયમયોગમાં દૃઢ યત્ન કરવાની શક્તિ હજી પ્રગટી નથી, તેવા જીવોએ તો વિશેષથી પરના સુકૃતની અનુમોદના કરવી જોઈએ, જેથી કઠિયારા અને મૃગલાની જેમ શીઘ્ર સંસારના પારને પામી શકાય, એ પ્રકારે પરિભાવન કરવું જોઈએ જેથી સંયમયોગમાં અલ્પસત્ત્વવાળા જીવોને પરસુકૃતની અનુમોદના દ્વારા પણ મહાફળની પ્રાપ્તિ થઈ શકે.

**અવતરણિકા :**

सूत्रपाठे फलमाह –

**અવતરણિકાર્થ/ભાવાર્થ :**

પૂર્વમાં ચતુઃશરણગમન, દુષ્કૃતગર્હા અને સુકૃત અનુમોદના, પ્રણિધાનવિશેષપૂર્વક કરવાનું બતાવ્યું. હવે તે સૂત્રપાઠ કરવામાં શું ફળ પ્રાપ્ત થાય છે તે બતાવે છે, જેથી પ્રણિધાનપૂર્વક જ સૂત્રપાઠ કરવાનો ઉત્સાહ પેદા થાય.

**સૂત્ર :**

**एवमेयं सम्मं पढमाणस्स सुणमाणस्स अणुप्पेहमाणस्स सिढिलीभवंति परिहायंति खिज्जंति असुहकम्माणुबंधा निरणुबंधे वाऽसुहकम्मे भग्गसामत्थे सुहपरिणामेणं कडगबद्धे विय विसे अप्पफले सिया, सुहावणिज्जे सिया, अपुणभावे सिया ।**

**સૂત્રાર્થ :**

**આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, આ=સૂત્ર, સમ્યગ્ બોલનારના, સાંભળનારના અને અનુપ્રેક્ષા કરનારના, અશુભકર્મના અનુબંધો શિથિલ થાય છે, નાશ પામે છે અને નિર્મૂળ થાય છે.**

**અથવા અશુભકર્મ નિરનુબંધ થાય છે, (નિરનુબંધ થયેલું અશુભ કર્મ) શુભ પરિણામથી ભગ્ન સામર્થ્યવાળું થાય છે, કટકથી બદ્ધ=મંત્ર સામર્થ્યથી બદ્ધ, એવા વિષની જેમ અલ્પફળવાળું થાય છે, અને (નિરનુબંધ થયેલું અશુભ કર્મ) સુખે કરીને દૂર થાય છે, અને (તે જ કર્મ) અપુનર્ભાવવાળું થાય છે.**

**ટીકા :**

एवमेयं सम्मं पढमाणस्स एवमेतत् सूत्रं सम्यक् पठतः संवेगसारम्, तथा सुणमाणस्स श्रृण्वतः आकर्णयतः अन्यसमीपात्, तथा अणुप्पेहमाणस्स अनुप्रेक्षमाणस्य अर्थानुस्मरणद्वारेण । किम्? इत्याह-सिढिलीभवंति श्लथीभवन्ति, मन्दविपाकतया । तथा परिहायंति परिहीयन्ते पुद्गलापसरणेन, तथा खिज्जंति क्षीयन्ते निर्मूलत एवाशयविशेषाभ्यासद्वारेण । के? इत्याह-असुहकम्माणुबंधा अशुभकर्मानुबन्धा भावरूपाः कर्मविशेषरूपा वा ।

**ટીકાર્થ :**

પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે આ સૂત્ર કોઈ જીવ સમ્યગ્ રીતે ભણતો હોય= સંવેગપૂર્વક ભણતો હોય, અન્ય પાસેથી સમ્યગ્ રીતે અર્થ સાંભળતો હોય અને અર્થના અનુસ્મરણપૂર્વક સમ્યગ્ રીતે અનુપ્રેક્ષા કરતો હોય, તો તે જીવના અશુભકર્મના અનુબંધો ભાવરૂપ અથવા કર્મવિશેષરૂપ અશુભકર્મના અનુબંધો મંદવિપાકપણારૂપે શિથિલ થાય છે, કર્મપુદ્ગલના અપગમ દ્વારા નાશ પામે છે અને આશયવિશેષપૂર્વક અભ્યાસ દ્વારા મૂળથી જ નાશ પામે છે.

**ભાવાર્થ :**

પૂર્વમાં બતાવ્યું એ રીતે કોઈ જીવ સંવેગપૂર્વક પંચસૂત્રનો પ્રથમ અભ્યાસ કરે, ત્યારપછી યોગ્ય ગુરુ પાસે અર્થશ્રવણ કરવાની વિધિપૂર્વક અર્થોનું શ્રવણ કરે અને શ્રવણ કર્યા પછી સૂત્ર અને અર્થ સ્થિર થાય ત્યારે અર્થના અનુસ્મરણપૂર્વક તે સૂત્રથી આત્માને ભાવિત કરવા માટે યત્ન કરતો હોય તો, તે ત્રણે પ્રકારની ક્રિયામાં અશુભકર્મના અનુબંધો શિથિલ થાય છે, કર્મપુદ્ગલના અપગમથી નાશ પામે છે અને આશયવિશેષપૂર્વક અભ્યાસ દ્વારા નિર્મૂળથી જ નાશ પામે છે.

આશય એ છે કે કોઈ જીવને પોતાના તથાભવ્યત્વના પરિપાક માટે આ પંચસૂત્રનો અભ્યાસ આવશ્યક જણાય, તેથી પ્રથમ વિધિપૂર્વક મૂળસૂત્ર અને સામાન્ય અર્થ ગ્રહણ કરે અને સંવેગપૂર્વક તે સૂત્રનો પાઠ કરે, તે વખતે સૂત્રનો વિશેષ અર્થબોધ ન હોય તો પણ, તે સૂત્રના સામાન્ય અર્થથી તેને જે અધ્યવસાય

થાય છે, તેનાથી જ અશુભકર્મના અનુબંધો તૂટે છે. કેમ કે સૂત્રપાઠ કરતી વખતે જ તેનો આશય હતો કે મારે દુષ્કૃત પ્રત્યે જુગુપ્સા કરવી છે અને સુકૃતનો પક્ષપાત કરવો છે, માટે હું આ સૂત્રનો પાઠ કરું. અને આ પ્રકારના સંવેગના પરિણામપૂર્વક સૂત્રનો પાઠ ઉપયોગપૂર્વક કરતો હોય ત્યારે પણ, તેનાથી થતા વિશુદ્ધ અધ્યવસાયથી અશુભકર્મના અનુબંધો તૂટે છે, અને જ્યારે તે ગુરુ પાસે, તે સૂત્રના અર્થો ભણવા માટે પ્રયત્ન કરતો હોય ત્યારે, વિધિપૂર્વક અને સંવેગપૂર્વક અર્થને સાંભળવાનો યત્ન કરતો હોય તો પ્રાયઃ કરીને પઠનકાળમાં થતા અધ્યવસાય કરતાં વિશુદ્ધતર અધ્યવસાય થાય છે, જેથી અશુભકર્મના અનુબંધ વિશેષ તૂટે છે. અને આ રીતે સૂત્રનું પઠન કર્યા પછી અને અર્થનું ગુરૂ પાસેથી અવધારણ કરીને જ્યારે અનુપ્રેક્ષા દ્વારા સૂત્ર અને અર્થના ઉપયોગથી આત્માને ભાવિત કરતો હોય ત્યારે, પ્રાયઃ કરીને પૂર્વ કરતાં વિશેષ પ્રકારની વિશુદ્ધિ થાય છે, અને તે વિશુદ્ધિ પ્રમાણે અશુભકર્મના અનુબંધો શિથિલ થાય છે; અને જો વિશુદ્ધિ વિશેષ થાય તો અશુભકર્મના અનુબંધો નાશ પામે છે, અને આશયવિશેષપૂર્વક અભ્યાસ દ્વારા જો પરિણામ વિશેષ થાય તો અશુભ કર્મના અનુબંધો મૂળથી નાશ પામે છે.

મૂળસૂત્રમાં '**सिढिलीभवंति**' શબ્દ થી એ કહેવું છે કે, અશુભકર્મના અનુબંધ શિથિલ થાય છે અર્થાત્ અશુભકર્મની અનુબંધશક્તિ જે તીવ્ર હતી તે મંદ થાય છે. અને જેમ જેમ અશુભકર્મની અનુબંધશક્તિ મંદ થાય છે તેમ તેમ જીવ સમ્યક્ત્વને સન્મુખ થાય છે અને મિથ્યાત્વથી વિમુખ થાય છે.

આ પ્રથમ ભૂમિકા મિથ્યાત્વની મંદ અવસ્થાવાળી છે. દુષ્કૃતગર્હાથી આ અવસ્થામાં જીવમાં, અતત્ત્વનો અભિમુખભાવ ઘટતો જાય છે અને સુકૃતની અનુમોદનાથી તત્ત્વનો પક્ષપાત વધતો જાય છે, અને તેથી જ અતત્ત્વમાં પ્રવૃત્તિ કરાવનાર કર્મમાં પ્રવાહ ચલાવવાની શક્તિ મંદ થાય છે.

મૂળસૂત્રમાં '**परिहायंति**' શબ્દથી એ કહેવું છે કે જો વારંવાર સંવેગપૂર્વક આ સૂત્રનો પાઠ કરવામાં આવે તો અશુભકર્મના અનુબંધો નાશ પામી જાય છે અર્થાત્ અશુભકર્મના અનુબંધને ચલાવનાર મિથ્યાત્વનાં દળિયાં મિથ્યાત્વરૂપે દૂર થઈ જાય છે, અને ક્ષયોપશમભાવને પામે છે.

આ બીજી ભૂમિકા ક્ષયોપશમભાવના સમ્યક્ત્વવાળી છે, અને આ અવસ્થામાં જીવ દુષ્કૃતગર્હા કરીને અતત્ત્વથી અત્યંત વિમુખભાવવાળો થાય છે અને સુકૃતની અનુમોદનાથી તત્ત્વને અત્યંત અભિમુખભાવવાળો થાય છે; કેમ કે અશુભ અનુબંધને કરનારો એવો મિથ્યાત્વનો પરિણામ તે વખતે સંપૂર્ણપણે દૂર થયો છે, અને તેથી જ અશુભકર્મનો અનુબંધ સંપૂર્ણપણે નાશ પામે છે.

મૂળસૂત્રમાં '**खिज्जंति**' શબ્દથી એ કહેવું છે કે, આશયવિશેષપૂર્વક અભ્યાસ દ્વારા અશુભ અનુબંધવાળું કર્મ મૂળથી નાશ પામે છે. અર્થાત્ હવે ક્યારેય પણ ફરી અશુભકર્મનો અનુબંધ થવાનો નથી, કેમ કે અશુભકર્મ કરાવનાર મિથ્યાત્વમોહનીયકર્મ મૂળથી નાશ પામે છે.

આ ત્રીજી ભૂમિકા ક્ષાયિકભાવના સમ્યક્ત્વવાળી છે. અને આ અવસ્થામાં જવા માટે જીવ, શક્તિના પ્રકર્ષથી દુષ્કૃતની જુગુપ્સા કરતો હોય અને સુકૃતની અનુમોદના કરતો હોય તો ક્ષપકશ્રેણી પ્રગટી શકે તેવા આશયવિશેષની પણ પ્રાપ્તિ થઇ શકે, અને આ આશયવિશેષ અભ્યાસનાં અતિશયથી જ આવે છે. તેથી ક્ષપકશ્રેણીને અભિમુખ જવાને અનુકૂળ એવો આશયવિશેષ પેદા કરવા માટે પુનઃ પુનઃ અભ્યાસ કરે તો અશુભ ભાવને પેદા કરાવનાર એવું મિથ્યાત્વમોહનીય કર્મ મૂળથી જ નાશ પામી જાય છે. જેથી ક્ષપકશ્રેણી પ્રગટે છે અને તેનાથી ક્ષાયિક સમ્યક્ત્વ પ્રગટે છે અને જો પૂર્વે આયુષ્ય બાંધ્યું હોય તો તે ક્ષાયિક સમ્યક્ત્વ પામીને અટકી જાય છે અને જો પૂર્વમાં આયુષ્ય બંધ થયો ન હોય તો કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. પણ જે જીવોને તેવો આશયવિશેષ અને તે રીતનો અભ્યાસ થયો નથી તેવા જીવો ક્ષયોપશમભાવના સમ્યક્ત્વને પામીને માત્ર અશુભ અનુબંધ કરાવનાર કર્મોનો નાશ કરે છે પણ મૂળથી નાશ કરી શકતા નથી. જો જીવનો સમ્યક્ત્વથી પાત થાય તો ફરીથી અશુભ અનુબંધ શરૂ થઇ શકે છે. પરંતુ જે જીવોએ મૂળથી અશુભકર્મના અનુબંધનો નાશ કર્યો છે, તેમને જ્યાં સુધી સંસારમાં છે ત્યાં સુધી ક્યારેય પણ અશુભકર્મના અનુબંધની પ્રાપ્તિ થશે નહિ.

અહીં આશયવિશેષ એ છે કે, સંવેગપૂર્વક સૂત્ર ભણ્યા પછી અર્થોને અન્ય પાસેથી સાંભળે અને સ્થિર કરે, ત્યારપછી તે અર્થોને મારે મારા આત્મામાં સ્થિર

કરવા છે તેવા આશયથી અનુપ્રેક્ષા કરતો હોય તો, અર્થ પ્રમાણે આત્મામાં ભાવ પેદા કરવાનો આશય વિશેષ પ્રગટે છે, અને આશયવિશેષનો પુનઃ પુનઃ અભ્યાસ થવાથી અશુભ કર્મના અનુબંધો મૂળથી નાશ પામે છે.

હવે તે અશુભકર્મનો અનુબંધ શું છે તે બતાવે છે–

અશુભ કર્મનો અનુબંધ "ભાવરૂપ છે" અથવા "કર્મવિશેષરૂપ છે."

આશય એ છે કે જીવમાં અનાદિકાળના મોહના સંસ્કારો પડેલા છે અને બાહ્ય નિમિત્તોને પામીને સંસારની પ્રવૃત્તિ કરવાના અધ્યવસાય થાય છે, જે અશુભભાવરૂપ છે; અને તે અશુભ ભાવ જ "ભાવરૂપ" અશુભકર્મ છે. અને જ્યારે કોઈક જીવને સંસારના ભોગોના અશુભભાવો થાય છે, ત્યારે મિથ્યાત્વના ઉદયના કારણે તે ભોગમાં તેને સારભૂતતાની બુદ્ધિ પણ વર્તે છે, અને તે સારભૂતતાની બુદ્ધિયુક્ત એવો અશુભભાવ, તે અશુભકર્મનો "ભાવરૂપ" અશુભ અનુબંધ છે અર્થાત્ મિથ્યાત્વથી યુક્ત એવી જીવની ભોગાદિની પરિણતિ એ "ભાવરૂપ" અશુભ અનુબંધ છે.

આ રીતે અશુભકર્મનો અનુબંધ જીવના પરિણામરૂપ બતાવીને, હવે પુદ્ગલના પરિણામરૂપ અશુભકર્મના અનુબંધને બતાવતાં કહે છે–

આ અશુભકર્મનો અનુબંધ "કર્મવિશેષરૂપ" છે.

જીવને અશુભભાવો પેદા કરાવે તેવું જે અશુભકર્મ એ ચારિત્રમોહનીય કર્મ છે, અને ચારિત્રમોહનીય કર્મ જ્યારે ઉદયમાં આવે છે ત્યારે સંસારની ભોગાદિની મનોવૃત્તિઓ થાય છે, અને તેની સાથે મિથ્યાત્વમોહનીય કર્મ અને કુદેવત્વ-કુમાનુષત્વ આદિ પેદા કરાવનારું કર્મ ઉદયમાં આવે છે ત્યારે, તે ભોગાદિની મનોવૃત્તિ જીવને સારભૂત ભાસે છે. અને તે સારભૂત બુદ્ધિ પેદા થવાનું કારણ જીવમાં રહેલા મિથ્યાત્વમોહનીય કર્મનો ઉદય અને કુદેવત્વ, કુમાનુષત્વ પ્રાપ્ત કરાવનાર કર્મનો ઉદય છે. અને આ કર્મ જ (અર્થાત્ મિથ્યાત્વમોહનીય કર્મ અને કુદેવત્વ, કુમાનુષત્વ કર્મ જ) "કર્મવિશેષરૂપ" અશુભકર્મના અનુબંધરૂપ છે.

મિથ્યાત્વના ઉદયકાળમાં કોઈ જીવ તીર્થંકર આદિની આશાતના કરે કે ઉત્સૂત્ર ભાષણ આદિ કરે ત્યારે કુદેવત્વ આદિની પ્રાપ્તિ થાય છે, અને તેના વિપાકકાળમાં

જીવની બુદ્ધિ અત્યંત વ્યામોહિત હોય છે, તેથી અશુભકર્મના પ્રવાહોને ચલાવવામાં જેમ મિથ્યાત્વ કારણ છે તેમ કુદેવત્વ આદિ પણ પ્રબળ કારણ છે.

અહીં વિશેષ એ છે કે, જમાલિ આદિ જેવા કોઈક જીવને ભોગાદિની મનોવૃત્તિ પણ ન હતી અને ભોગાદિ પ્રત્યે સારભૂતતાની બુદ્ધિ પણ ન હતી, આમ છતાં સર્વજ્ઞના વચનથી વિપરીત પોતાની માન્યતા પ્રત્યે તીવ્ર પક્ષપાત હતો, જે મિથ્યાત્વના ઉદયને કારણે જ થયેલ. અને તે મિથ્યાત્વનાં દળિયાં અશુભકર્મના અનુબંધરૂપ છે અને તે વખતે જમાલિમાં વર્તતો અસદ્ગ્રહનો પરિણામ એ "ભાવરૂપ" અશુભકર્મનો અનુબંધ છે, અને ઉદયમાં આવેલાં મિથ્યાત્વનાં દળિયાં "કર્મવિશેષરૂપ" અશુભકર્મનો અનુબંધ છે.

**ઉત્થાન :**

આ સૂત્રનો સમ્યગ્ અભ્યાસ કરનારના, સાંભળનારના અને અનુપ્રેક્ષા કરનારના અશુભકર્મના અનુબંધો શિથિલ આદિ થાય છે એમ જે પૂર્વમાં કહ્યું તેને જ સ્પષ્ટ કરવા માટે આ સૂત્રના પ્રણિધાનપૂર્વક પાઠ આદિ કરવાથી શું થાય છે તે '**वा**' કારથી અન્ય રીતે બતાવે છે.

**ટીકા :**

**ततः किम्? इत्याह-निरणुबंधे वाऽसुहकम्मे निरनुबन्धं वाऽशुभकर्म यच्छेषमास्ते भग्गसामत्थे सुहपरिणामेणं भग्नसामर्थ्यं विपाकप्रवाहमङ्गीकृत्य शुभपरिणामेनानन्तरोदितसूत्रप्रभवेन । किमिव इत्याह-कडगबद्धे विय विसे अप्पफले सिया, कटकबद्धमिव विषं मन्त्रसामर्थ्येनाल्पफलं स्यात्, अल्पविपाकमित्यर्थः । तथा सुहावणिज्जे सिया, सुखापनेयं स्यात् संपूर्णस्वरूपेणैव । तथा अपुणभावे सिया, अपुनर्भावं स्यात् कर्म, पुनस्तथाऽबन्धकत्वेन ।**

**ટીકાર્થ :**

આ રીતે અશુભ કર્મનો અનુબંધ બતાવ્યા પછી કહે છે–

**તેનાથી શું થાય છે=આ સૂત્રનાં સમ્યગ્ પાઠથી અશુભ કર્મ શિથિલ થાય છે તેનાથી શું થાય છે, એથી કરીને કહે છે–**

**અશુભકર્મ નિરનુબંધ થાય છે, અને જે અશુભકર્મનો અનુબંધ શેષ છે તે**

**શુભપરિણામથી ભગ્નસામર્થ્યવાળો થાય છે, અને તેનો અર્થ સ્પષ્ટ કરતાં કહે છે કે આગળમાં કહેલા સૂત્રના પ્રભાવ વડે કરીને થતા શુભ પરિણામ વડે, જે અશુભકર્મનો અનુબંધ શેષ છે, તે વિપાકપ્રવાહને આશ્રયીને ભગ્નસામર્થ્યવાળું થાય છે.**

**કોની જેમ=કયા દૃષ્ટાન્તની જેમ અશુભકર્મનો અનુબંધ ભગ્નસામર્થ્યવાળો થાય છે એથી કરીને કહે છે–**

**કટકથી બદ્ધ વિષની જેમ અલ્પફળવાળું થાય છે=મંત્રના સામર્થ્યથી વિષની જેમ, અશુભ અનુબંધને ચલાવનારું કર્મ પણ અલ્પફળવાળું થાય છે.**

**અને જે અશુભકર્મનો અનુબંધ શેષ છે તે સંપૂર્ણ સ્વરૂપે જ સુખે કરીને દૂર થાય છે અને તે જ કર્મ ફરી તે પ્રકારે અબન્ધકપણા વડે અપુનર્ભાવવાળું થાય છે.**

**ભાવાર્થ :**

પૂર્વમાં બતાવ્યું કે સમ્યગ્ રીતે સૂત્રપાઠ કરવાથી અશુભ કર્મના અનુબંધો શિથિલ થાય છે, કર્મપુદ્ગલના અપગમથી નાશ પામે છે અને આશયવિશેષપૂર્વક અભ્યાસ દ્વારા મૂળથી જ નાશ પામે છે. આ સૂત્ર પાઠથી અપુનર્બંધક જીવને અશુભકર્મના અનુબંધો શિથિલ થાય છે, અને તે સૂત્રપાઠથી જ કોઈ જીવ ક્ષયોપશમ સમ્યક્ત્વ પામે તો અશુભકર્મના અનુબંધો નાશ પામે છે, અને ક્ષાયિક સમ્યક્ત્વ પામે તો અશુભકર્મના અનુબંધો નિર્મૂળથી નાશ પામે છે, એ વાત પૂર્વનાં કથનથી બતાવી.

હવે કોઈ જીવ આ સૂત્રપાઠ કરતાં તેવા પ્રકારના વીર્યના પ્રકર્ષને ન પામે કે જેથી સમ્યક્ત્વની અવસ્થા કે ક્ષાયિક સમ્યક્ત્વની અવસ્થાને પામી શકે, આમ છતાં, આ સૂત્રનો પાઠ સંવેગપૂર્વક કરે તેને શું પ્રાપ્ત થાય છે તે જ બીજી રીતે બતાવે છે–

જે જીવ આ સૂત્રપાઠ સમ્યગ્ રીતે કરતો હોય તો તેના સંસારને ચલાવનાર એવાં અશુભકર્મ અનુબંધ વગરનાં થાય છે. આમ છતાં વીર્યનો પ્રકર્ષ નહિ થયેલો હોવાના કારણે અશુભ અનુબંધવાળાં કર્મ જે શેષ રહ્યાં છે, તે પણ સૂત્રના પાઠથી થતા શુભપરિણામથી ભગ્નસામર્થ્યવાળાં થાય છે. આ અવસ્થા અપુનર્બંધકની છે, અને આવો જીવ ઉપયોગપૂર્વક સૂત્રપાઠ કરતો હોય ત્યારે, સંસારને

ચલાવનાર અશુભકર્મનો અનુબંધ કંઈક નાશ થાય છે. છતાં કંઈક વિપર્યાસ છે તેથી અશુભકર્મમાં અનુબંધ ચલાવવાની શક્તિ પણ છે, તો પણ આ સૂત્રનાં પાઠથી થતા શુભ પરિણામથી તે અનુબંધશક્તિ ભગ્ન સામર્થ્યવાળી થાય છે, અને આથી જ પ્રવાહ ચલાવી શકે તેવી શક્તિવાળું તે અશુભકર્મ હોવા છતાં, દીર્ઘ સંસાર ચલાવી શકે તેવી શક્તિવાળું નથી. તે બતાવવા માટે જ મૂળસૂત્રમાં "**भग्ग सामत्थे सुहपरिणामेणं**" થી કહ્યું કે વિપાકપ્રવાહને આશ્રયીને ભગ્નસામર્થ્યવાળું તે અશુભકર્મ છે.

તેને જ દૃષ્ટાન્તથી સ્પષ્ટ કરતાં મૂળસૂત્રમાં "**कडगबद्धे विय विसे अप्पफले सिया**" થી કહે છે કે, જેમ વિષમાં જીવને મારવાની શક્તિ છે, તેમ છતાં કોઈ જીવ મંત્રથી વિષને બદ્ધ કરે તો તે વિષભક્ષણથી મૃત્યુ ન થાય; છતાં શરીરમાં તેનાથી કંઈક નુકસાન થાય છે, તેથી તે વિષ અલ્પસામર્થ્યવાળું છે તેમ કહેવાય છે. તે જ રીતે જીવમાં અસદ્ગ્રહરૂપ વિષ સંસારને ચલાવવા માટે સમર્થ હતું તે, સૂત્રના પાઠથી અલ્પસામર્થ્યવાળું બને છે, તેથી તે અશુભકર્મ સંસારના પ્રવાહને ચલાવવા માટે સમર્થ હોવા છતાં પૂર્વની જેમ દીર્ઘસંસાર ચલાવવા સમર્થ નથી.

આનાથી એ પ્રાપ્ત થાય કે અશુભકર્મમાં જેટલાં અંશમાં અશુભ અનુબંધ નાશ પામી ગયું તેટલા અંશમાં તે કર્મ નિરનુબંધ થયું અને જે શેષ અશુભકર્મનો અશુભ અનુબંધ નાશ પામ્યો નથી તે ભગ્નસામર્થ્યવાળો છે, અને તેથી જ તેમનું ખરાબ સ્વરૂપ કંઈક અંશથી દૂર થયું છે, પરંતુ ખરાબ સ્વરૂપ સંપૂર્ણ દૂર થયું નથી. આમ છતાં તે ખરાબ સ્વરૂપ અલ્પ હોવાના કારણે, જીવ પ્રયત્ન કરીને સુખેથી તેને દૂર કરી શકે તેવું છે, અને તે બતાવવા માટે જ અહીં મૂળસૂત્રમાં '**सुहावणिज्जे सिया**' થી કહ્યું કે, સંપૂર્ણ સ્વરૂપથી જ સુખે દૂર થાય તેવું તે અશુભકર્મ છે. આ અવસ્થા અપુનર્બંધકની જ છે. પણ જો અપુનર્બંધક જીવ પ્રયત્ન કરે તો અસદ્ગ્રહરૂપ અશુભ અનુબંધશક્તિનો સહેલાઈથી સંપૂર્ણ નાશ કરી શકે તેવું આ કર્મ છે; કેમ કે અસદ્ગ્રહ હોવા છતાં અપુનર્બંધક જીવ અત્યંત પ્રજ્ઞાપનીય હોય છે. તેથી સામગ્રીને પામીને સહેલાઈથી સંપૂર્ણ અસદ્ગ્રહને દૂર કરી શકે છે, અને જ્યારે સંપૂર્ણ અસદ્ગ્રહને દૂર કરે ત્યારે તે જીવ અવશ્ય ક્ષયોપશમભાવનું સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. અર્થાત્ અશુભ અનુબંધને કરનારો એવો મિથ્યાત્વનો પરિણામ તે વખતે સંપૂર્ણ દૂર થાય છે.

વળી, તે અપુનર્બંધક જીવનું જે ભગ્નસામર્થ્યવાળું અશુભકર્મ છે તે જેમ સંપૂર્ણપણે દૂર કરી શકાય છે તેમ પ્રયત્નવિશેષથી તે અશુભકર્મ અપુનર્ભાવવાળું પણ કરી શકાય છે, તે બતાવવા માટે જ મૂળસૂત્રમાં '**अपुणभावे सिया**' થી કહ્યું કે પુનઃ પુનઃ દુષ્કૃતગર્હા અને સુકૃતઅનુમોદના કરવાથી ભાવનો પ્રકર્ષ થાય તો તે અશુભકર્મનો અનુબંધ અપુનર્ભાવવાળો થાય છે. અને કોઈ અપુનર્બંધક જીવ પ્રયત્નવિશેષથી અસદ્ગ્રહને સંપૂર્ણપણે દૂર કરી લે તો તે સમ્યક્ત્વને પામે છે. તેથી સમ્યક્ત્વને પામેલા ક્ષયોપશમ સમ્યગ્દૃષ્ટિ જીવ અને સમ્યક્ત્વને નહિ પામેલા એવા અપુનર્બંધક જીવ એ બન્ને જીવ જો પ્રયત્નવિશેષ કરે તો તે અશુભકર્મમાં પ્રવાહ ચલાવવાની શક્તિનો સર્વથા નાશ કરી શકે છે. આ અવસ્થા અપુનર્બંધક જીવમાં વર્તતા અને ક્ષયોપશમ સમ્યગ્દૃષ્ટિ જીવમાં વર્તતા દર્શન મોહનીયકર્મની છે, અને જ્યારે પ્રયત્નવિશેષથી તે કર્મોને અપુનર્ભાવવાળા કરે ત્યારે તે અપુનર્બંધકજીવ અને ક્ષયોપશમ સમ્યગ્દૃષ્ટિજીવ ક્ષાયિક સમકિતને પામે છે.

**અવતરણિકા :**

**एवमपायपरिहारः फलत्वेनोक्तः, इदानीं सदुपायसिद्धिलक्षणमेतदभिधातुमाह—**

**અવતરણિકાર્થ :**

**આ રીતે=પૂર્વમાં બતાવ્યું કે આ સૂત્રનો પાઠ કરવા આદિથી અશુભ અનુબંધવાળાં કર્મો નાશ પામે છે એ રીતે, અપાયનો પરિહાર ફલરૂપે કહેવાયો. હવે સદ્ઉપાયના સિદ્ધિરૂપ આને=આગળમાં કહેવાશે એને, કહેવા માટે ગ્રંથકાર કહે છે—**

**ભાવાર્થ :**

પૂર્વના વર્ણનથી એ બતાવ્યું કે આ સૂત્રપાઠ કરવાથી અશુભકર્મનો અનુબંધ નાશ પામે છે, આ કથનથી આત્માને અનર્થ કરનારા અશુભ કર્મના અનુબંધનો પરિહાર બતાવ્યો. હવે આ દુષ્કૃતગર્હા અને સુકૃતઅનુમોદના કરવાથી સાચા ઉપાયની પ્રાપ્તિ થાય છે અર્થાત્ મોક્ષની પ્રાપ્તિના સમ્યગ્ ઉપાયની પ્રાપ્તિ થાય છે, તેને કહેવાની ઇચ્છાથી ગ્રંથકાર કહે છે—

**સૂત્ર :**

**तहा आसगलिज्जंति परिपोसिज्जंति निम्मविज्जंति सुहकम्माणुबंधा ।**

साणुबंधं च सुहकम्मं पगिट्ठं पगिट्ठभावज्जियं नियमफलयं सुप्पउत्ते विय महागए सुहफले सिया, सुहपवत्तगे सिया, परमसुहसाहगे सिया ।

**સૂત્રાર્થ :**

**અને શુભકર્મના અનુબંધો આક્ષેપ કરાય છે, પરિપોષણ કરાય છે નિર્માપણ કરાય છે=પરિસમાપ્તિ કરાય છે. અને સાનુબંધ શુભકર્મ પ્રકૃષ્ટ થાય છે, પ્રકૃષ્ટ ભાવથી અર્જિત થાય છે અને નિયમા ફલને આપનારાં હોય છે.**

**સુપ્રયુક્ત એવા મહાઔષધની જેમ શુભફલવાળું થાય, શુભપ્રવર્તક થાય પરમસુખનું સાધક થાય.**

**ટીકા :**

**तथा आसगलिज्जंति** इत्यादि आसकलीक्रियन्ते, आक्षिप्यन्ते इत्यर्थः । तथा **परिपोसिज्जंति** परिपोष्यन्ते भावोपचयेन । तथा **निम्मविज्जंति**, निर्माप्यन्ते, परिसमाप्तिं नीयन्ते । के ? इत्याह– **सुहकम्माणुबंधा**, शुभकर्मानुबंधाः, कुशलकर्मानुबंधा इति भावः ।

**ટીકાર્થ/ભાવાર્થ :**

પૂર્વમાં બતાવ્યું એ રીતે, આ સૂત્રનો કોઈ સમ્યક્ રીતે અભ્યાસ કરતો હોય, સાંભળતો હોય અને અનુપ્રેક્ષા કરતો હોય ત્યારે જેમ અશુભકર્મના અનુબંધો શિથિલ થાય છે, નાશ પામે છે અને નિર્મૂળ થાય છે, તેમ તે સૂત્રપાઠકાળમાં જ શુભકર્મના અનુબંધોનો આક્ષેપ થાય છે. અર્થાત્ શુભ કર્મોના અનુબંધનો પ્રારંભ થાય છે અને વારંવાર તે રીતે સૂત્રપાઠ કરવાથી તે ઉત્તમ ભાવનો ઉપચય થવાને કારણે તે શુભકર્મના અનુબંધો પરિપોષણને પામે છે. અને દુષ્કૃતગર્હા અને સુકૃતઅનુમોદનામાં વીર્ય પ્રકર્ષ થાય, તો તે શુભકર્મોના અનુબંધો પરિસમાપ્તિને પ્રાપ્ત કરે છે. અર્થાત્ હવે તેની સત્તામાં રહેલાં શુભકર્મો પ્રકૃષ્ટ પ્રવાહ ચલાવી શકે તેવાં શુભ અનુબંધવાળાં થઈ જાય છે. જેથી હવે પછીના જન્મમાં કેવળ શુભકર્મના અનુબંધથી જ સુદેવત્વ અને સુમાનુષત્વની પ્રાપ્તિ કરાવીને જીવ આ સંસારસાગરને અવશ્ય તરી જશે એવી શક્તિવાળા શુભકર્મના અનુબંધો થાય છે.

સુકૃતની અનુમોદનાથી જ્યારે શુભકર્મના અનુબંધનો આક્ષેપ થાય છે ત્યારે જીવ તે શુભકર્મના અનુબંધથી મોક્ષને પ્રાપ્ત કરાવે તેવી ઉત્તમ પુણ્યપ્રકૃતિને બાંધે છે. આમ છતાં જો તે પરિપોષણને પામેલ ન હોય અને વચમાં અશુભકર્મના અનુબંધો વિપાકને પામે અને જીવના પ્રમાદને કારણે તેનો પાત થાય તો શુભકર્મનો પ્રવાહ થોડા સમય માટે અટકી જાય છે, અને જીવ ફરી માર્ગ ઉપરથી ખસીને સંસારના પ્રવાહમાં ચાલ્યો જાય છે. પરંતુ વારંવાર દુષ્કૃતગર્હા આદિ કરીને, જો તે ભાવ પુષ્ટ થયેલો હોય તો પાતની સંભાવના ઓછી થતી જાય છે, અને શુભ પ્રવાહ ચલાવવાની સંભાવના વધારે રહે છે.

આમ છતાં બલવાન નિમિત્ત કે બલવાન કર્મને પામીને જીવ પ્રમાદમાં પડે તો પાત પણ થઇ શકે, અને કોઇ જીવ સુકૃતની અનુમોદના અને દુષ્કૃતની ગર્હા કરીને શુભકર્મના અનુબંધની પરિસમાપ્તિ પ્રાપ્ત કરી લે, તો હવે તેના પાતની સંભાવના જ રહેતી નથી. કેવલ તે શુભકર્મના અનુબંધને કારણે જ્યાં સુધી મોક્ષ પ્રાપ્ત ન કરે ત્યાં સુધી સુદેવત્વ અને સુમાનુષત્વની પ્રાપ્તિ કરીને અવશ્ય મોક્ષફળને પામે છે.

કોઇ જીવવિશેષને આશ્રયીને વિચારીએ તો, દુષ્કૃતગર્હા આદિ દ્વારા શુભકર્મોના અનુબંધનો આક્ષેપમાત્ર કર્યો હોય, પરંતુ હજુ ભાવ ઉપચય દ્વારા પરિપોષણ કર્યું ન હોય, આમ છતાં તે શુભકર્મના અનુબંધો નાશ ન પણ પામે અને ક્રમે કરીને સાધના કરીને મોક્ષમાં પહોંચી પણ જાય; આમ છતાં, તે જીવમાં તે વખતે વિપરીત સામગ્રી મળે તો પાત થવાની સંભાવના હતી.

કોઇ જીવે પુનઃ પુનઃ દુષ્કૃતગર્હા કરીને ભાવનો ઉપચય કર્યો હોય તો તેના શુભકર્મોના અનુબંધો પુષ્ટ થયેલ હોય છે તેથી પુનઃ પુનઃ દુષ્કૃતગર્હા કરનાર જીવની પાત થવાની સંભાવના ઓછી રહે છે. આમ છતાં, કોઇ બલવાન નિમિત્તથી અને કોઇ બલવાન ભૂતકાળના બંધાયેલા કર્મથી પાત પણ થઇ શકે, અને અપ્રમાદપૂર્વક, તે નિમિત્તમાં પણ પાત ન પામે તો મોક્ષ સુધી અવિરત પ્રયાણ પણ કરી શકે.

કોઇ જીવે દુષ્કૃતગર્હા આદિ કરીને શુભકર્મના અનુબંધોની પરિસમાપ્તિ કરી હોય, તો વિષમસંજોગોમાં પણ પાતનો સંભવ રહેતો નથી.

**ટીકા :**

ततः किम्? इत्याह-**साणुबंधं च सुहकम्मं** सानुबन्धं च शुभकर्म्म आत्यन्तिकानुबन्धापेक्षम्। किंविशिष्टं किम्? इत्याह-**पगिट्ठं** प्रकृष्टं प्रधानं **पगिट्ठभावज्जियं** प्रकृष्टभावार्जितं शुभभावार्जितमित्यर्थः, **नियमफलयं** नियमफलदम्, प्रकृष्टत्वेनैव। तदेवंभूतं किम् ?( तदेवभूतं किमिव किम् फलं? ) इत्याह-**सुप्पयुत्ते विय महागदे** सुप्रयुक्त इव महागदः एकान्तकल्याणः **सुहफले सिया** शुभफलं स्यादनन्तरोदितं कर्म। तथा **सुहपवत्तगे सिया**, शुभप्रवर्त्तकं स्यादनुबन्धेन। एवं **परमसुहसाहगे सिया**, परमसुखसाधकं स्यात्, पारम्पर्येण निर्वाणावहमित्यर्थः।

★ '**ततः किम्?**' નું જોડાણ આ પ્રમાણે છે. પૂર્વમાં કહ્યું કે આ સૂત્રપાઠાદિથી શુભકર્મના અનુબંધોની પ્રાપ્તિ થાય છે, તેનાથી શું પ્રાપ્ત થાય છે? તો કહે છે, તે સાનુબંધ કર્મ શુભપ્રવર્તક થાય છે, અને પરંપરાએ નિર્વાણનું સાધક થાય છે.

★ '**तदेवंभूतं किम्?**' નાં પાઠના બદલે **तदेवंभूतं किमिव किम् फलं?** આ પાઠ હોવો જોઈએ. પાઠ ઉપલબ્ધ નથી પરંતુ પાછળના અનુસંધાનથી તેવું જણાય છે.

**ટીકાર્થ/ભાવાર્થ :**

પૂર્વમાં કહ્યું કે આ પ્રકારે સમ્યક્ સૂત્રપાઠ આદિ કરનારના શુભકર્મના અનુબંધોનો આક્ષેપ થાય છે, પરિપોષણ થાય છે અને પરિસમાપ્તિ પ્રાપ્ત થાય છે. તેનાથી શું પ્રાપ્ત થાય તે કહે છે–

**જ્યારે જીવ, પૂર્વમાં બતાવ્યું એ રીતે, સૂત્રપાઠ આદિ કરતો હોય તો શુભકર્મ આત્યંતિક અનુબંધની અપેક્ષાએ સાનુબંધ થાય છે અર્થાત્ તે શુભકર્મ પ્રકર્ષને પામીને અવશ્ય મોક્ષફળમાં વિશ્રાંત થાય તેવું આત્યંતિક અનુબંધવાળું થાય છે.**

**તે કર્મ કેવું વિશિષ્ટ છે ? એથી કરીને કહે છે–**

**તે સાનુબંધ શુભકર્મ પ્રકૃષ્ટ છે=પ્રધાન છે.**

અહીં પ્રશ્ન થાય કે, સાનુબંધ કર્મ કોની અપેક્ષાએ પ્રકૃષ્ટ છે ? તેનું તાત્પર્ય

એ છે કે, ઉપયોગપૂર્વક પ્રસ્તુત સૂત્ર બોલે છે ત્યારે તેનું શુભ કર્મ પ્રકૃષ્ટ બંધાય છે, પરંતુ તે જીવ જ્યારે સંસારની અન્ય પ્રવૃત્તિ કરે છે ત્યારે જે કર્મ બંધાય છે, તે તેવાં પ્રકૃષ્ટ હોતાં નથી; કેમ કે ઉપયોગપૂર્વક દુષ્કૃતગર્હા અને સુકૃતઅનુમોદના કરનારને, દુષ્કૃત પ્રત્યે તીવ્ર જુગુપ્સા અને સુકૃત પ્રત્યે તીવ્ર પક્ષપાત થયેલો હોય છે. તેથી જેવો શ્રેષ્ઠભાવ આ સૂત્ર બોલતી વખતે થાય છે. તેવો પ્રકર્ષ ભાવ સંસારની ભોગાદિની ક્રિયા વખતે થતો નથી. તેથી સંસારની પ્રવૃત્તિથી બંધાતું કર્મ તેના જેવા પ્રકૃષ્ટભાવવાળું બંધાતું નથી.

કોઈ વ્યક્તિને વિવેક પ્રગટ્યો હોય તો તે જોઈ શકે કે સંસારમાં રોગાદિના પ્રતિકૂળભાવો ક્ષણભર દુઃખ આપે છે, અને ઉત્કૃષ્ટથી પણ આ ભવમાં જ દુઃખ આપી શકે છે, જ્યારે દુષ્કૃતના ભાવો તો દુરંત સંસારમાં પરિભ્રમણનું કારણ બને છે, અને સંસારમાં પ્રાપ્ત થયેલાં ભૌતિક સુખો તો આ ભવ પૂરતાં જ યત્કિંચિત સુખોને આપી શકે છે, જ્યારે સુકૃતની અનુમોદનાથી પ્રગટ થયેલાં ગુણો તો સદ્ગતિની પરંપરા દ્વારા મોક્ષનું કારણ થાય છે. આ પ્રકારના વિવેકપૂર્વક સૂત્ર બોલનાર જીવને સંસારની અન્ય પ્રવૃત્તિમાં પણ તેવો તીવ્ર રસ થઈ શકતો નથી, તેથી ત્યાં પ્રકૃષ્ટ શક્તિ ઉત્પન્ન થતી નથી, અને તેની અપેક્ષાએ જ્યારે સૂત્ર બોલે છે, ત્યારે જે શુભકર્મ બંધાય છે તે પ્રકૃષ્ટ શક્તિવાળાં બંધાય છે. તે બતાવવા માટે સૂત્રમાં કહ્યું કે, સાનુબંધ શુભકર્મ પ્રકૃષ્ટ થાય છે.

**વળી, આ સાનુબંધ શુભકર્મ પ્રકૃષ્ટભાવથી અર્જિત છે=પ્રકૃષ્ટ શુભ ભાવથી ઉપાર્જિત છે.**

આશય એ છે કે સંસારની અન્ય ક્રિયાઓમાં જેવો પ્રકૃષ્ટભાવ હોય છે, તેના કરતાં પ્રણિધાન આશયપૂર્વક સૂત્ર બોલનારને સૂત્રકાળમાં, પ્રકૃષ્ટ એવા શુભભાવો થાય છે, તેથી તેનું સાનુબંધ શુભકર્મ પ્રકૃષ્ટ શુભભાવથી અર્જિત છે, અને તે સાનુબંધકર્મ પ્રકૃષ્ટ હોવાને કારણે જ નિયમથી ફલને આપનારું છે અર્થાત્ તે સાનુબંધકર્મ નક્કી મોક્ષરૂપ ફલને આપનાર છે.

આશય એ છે કે એક વખત કોઈ જીવ શાસ્ત્રની વિધિ પ્રમાણે, પ્રણિધાન આશયપૂર્વક આ સૂત્રનો પાઠ કરે, તો તેના જીવનમાં તે પ્રકૃષ્ટ સાનુબંધ કર્મો એવાં બંધાય છે કે ત્યારપછી કોઈ વિષમસામગ્રી મળે, તો તે જીવ માર્ગથી દૂર થઈ જાય તો પણ, તે સાનુબંધ કર્મ, થોડા કાળ વિલંબનથી પણ તે જીવને અવશ્ય

તત્ત્વ પ્રત્યેની મનોવૃત્તિ પેદા કરાવે છે, જે પ્રકર્ષને પામીને અવશ્ય મોક્ષરૂપ ફલમાં વિશ્રાંત થાય છે. તેથી તે સાનુબંધ શુભકર્મ, સંસારની અન્ય પ્રવૃત્તિઓ વખતે થતા ભાવો કરતાં, પ્રકૃષ્ટ શુભભાવોથી થતું હોવાના કારણે, નિયમા મોક્ષરૂપ ફલને આપનાર છે તેમ કહેલ છે.

તે આવા પ્રકારનું સાનુબંધ કર્મ કોની જેમ, શું ફળવાળું છે, તે પ્રકારની જિજ્ઞાસા થવાથી કહે છે–

**સુપ્રયુક્ત અને એકાન્તે કલ્યાણને કરનારા એવા મહાઔષધની જેમ અનન્તરમાં કહેવાયેલું એવું કર્મ શુભ ફળવાળું થાય, તથા અનુબંધથી શુભપ્રવર્તક થાય, અને એ રીતે=અનુબંધથી શુભપ્રવર્તક થાય છે એ રીતે, પરંપરાથી નિર્વાણરૂપ પરમસુખનું સાધક થાય છે.**

જેમ કોઈ સુવૈદ્ય હોય અને સંપૂર્ણ આરોગ્યને કરનાર એવું મહાઔષધ રોગીને આપે અને એ રોગી પણ તે ઔષધને વિધિપૂર્વક સેવે, તો તે રોગીના સંપૂર્ણ રોગો મૂળથી નાશ થાય છે, અને શરીરના અપૂર્વ કોટિના સ્વાસ્થ્યની પ્રાપ્તિ થાય છે. તેમ પ્રસ્તુત સૂત્રના પાઠથી બંધાયેલું સાનુબંધ કર્મ શુભ ફળવાળું થાય છે અર્થાત્ જીવને એકાંતે કલ્યાણ કરનાર થાય છે અને તેના કારણે ફરી ફરી શુભપ્રવૃત્તિઓનો પ્રવાહ ચાલે છે. અને એ રીતે શુભપ્રવૃત્તિઓના પ્રવાહથી પરંપરાએ મોક્ષરૂપ ફલ પ્રાપ્ત થાય છે. તેથી જેમ સુવૈદ્યથી અપાયેલું ઔષધ સંપૂર્ણ આરોગ્ય આપીને રોગીનું હિત કરે છે, તેમ પ્રસ્તુત સૂત્રપાઠથી અર્જિત સાનુબંધ શુભકર્મ શુભપ્રવૃત્તિઓના પ્રવાહને પેદા કરીને અવશ્ય મોક્ષફળમાં વિશ્રાંત થાય છે.

**સૂત્ર :**

**अओ अप्पडिबंधमेयं असुहभावनिरोहेणं सुहभावबीयं ति सुप्पणिहाणं सम्मं पढियव्वं सोयव्वं अणुप्पेहियव्वं ति ।**

**સૂત્રાર્થ :**

**આથી કરીને=આ સૂત્રનાં પાઠઆદિથી થયેલા શુભકર્મના અનુબંધો પરંપરાએ મોક્ષના સાધક છે આથી કરીને, આ અપ્રતિબંધ છે=દુષ્કૃત પ્રત્યેના જુગુપ્સાભાવથી**

**અને સુકૃત પ્રત્યેના રાગ ભાવથી કરાયેલ આ સૂત્રનાં પાઠઆદિ અપ્રતિબંધ= અનિદાન છે.**

**અહીં પ્રશ્ન થાય કે જો આ નિદાન નથી, તો શું છે? તેથી કહે છે–**

**અશુભભાવના નિરોધથી શુભભાવનું બીજ છે. એથી કરીને સુપ્રણિધાનપૂર્વક (આ સૂત્ર) સમ્યગ્ ભણવું જોઇએ, સાંભળવું જોઇએ અને અનુપ્રેક્ષા કરવી જોઇએ.**

**'ति' શબ્દ કથનની સમાપ્તિ માટે છે.**

**ટીકા :**

यत एवम् **अतो अप्पडिबंधमेयं** अस्मात् कारणात् अप्रतिबन्धम् एतत् प्रतिबन्धरहितम्, अनिदानमित्यर्थः । **असुहभावनिरोहेण सुहभावबीजं ति** अशुभभावनिरोधेन अशुभानुबन्धनिरोधेनेत्यर्थः, शुभभावबीजमिति कृत्वैतत् सूत्रं **सुप्पणिहाणं** सुप्रणिधानं शोभनेन प्रणिधानेन **सम्मं पढियव्वं सोयव्वं अणुपेहियव्वं ति** । सम्यक् प्रशान्तात्मना पठितव्यम् अध्येतव्यम् । श्रोतव्यमन्वाख्यानविधिना । अनुप्रेक्षितव्यं परिभावनीयमिति ।

★ ટીકામાં 'જે કારણથી આમ છે' એમ કહ્યા પછી '**अतो अप्पडिबंधमेयं**' એ મૂળનું પ્રતિક છે અને ત્યારપછી ટીકામાં '**अतो**' નો અર્થ કર્યો '**अस्मात् कारणात्**' અને ત્યારપછી '**अप्रतिबन्धम्**' છે તેનો અર્થ સ્પષ્ટ કર્યો કે પ્રતિબન્ધરહિત છે= અનિદાન છે.

**ટીકાર્થ/ભાવાર્થ :**

**જે કારણથી આમ છે,**(=પૂર્વમાં વર્ણન કર્યું કે, સુપ્રણિધાનપૂર્વક આ સૂત્રપાઠ કરવામાં આવે, તો અશુભકર્મના અનુબંધો શિથિલ થાય છે અને શુભકર્મના અનુબંધો આક્ષિપ્ત થાય છે અને ક્રમે કરીને તે શુભકર્મ પરમસુખનું સાધક થાય છે=મોક્ષની પ્રાપ્તિનું કારણ બને છે, જે કારણથી આમ છે,) **આથી કરીને આ સૂત્રપાઠ અપ્રતિબન્ધ છે=પ્રતિબંધરહિત છે=અનિદાન છે.**

વળી, આ સૂત્રનો પાઠ નિદાન નથી, તો શું છે ? તે બતાવે છે–

**અશુભ ભાવના નિરોધથી શુભભાવનું બીજ છે. એથી કરીને આ સૂત્ર સુંદર પ્રણિધાનપૂર્વક સમ્યગ્ ભણવું જોઈએ=પ્રશાંત ભાવથી ભણવું જોઈએ, અન્વાખ્યાન વિધિથી=અર્થ સાંભળવાની વિધિથી, સાંભળવું જોઈએ અને અનુપ્રેક્ષા કરવી જોઈએ=આ સૂત્રના અર્થમાં ઉપયોગ રાખીને તે ભાવોથી આત્માને પરિભાવન કરવો જોઈએ.**

સામાન્ય રીતે ફળની આશંસાથી કોઈપણ ધર્મનું અનુષ્ઠાન કરવામાં આવે તો નિદાન કહેવાય છે, અને પ્રસ્તુત સૂત્રપાઠ પણ પરંપરાએ મોક્ષનું કારણ છે એ પ્રકારનો બોધ થવાથી, મોક્ષરૂપ ફળની આશંસાથી કરવામાં આવે છે. તેથી અહીં કોઈને શંકા થાય કે, ફળની આશંસાથી જે કરવામાં આવે તે નિદાન કહેવાય છે, અને નિશ્ચયનય તો મોક્ષના ફળની આશંસાથી કરાતા ધર્મને પણ નિદાનરૂપ જ માને છે, અને આથી મોક્ષના ફળની ઇચ્છાને પણ તે હેય જ કહે છે, તેથી આ બન્ને પ્રકારની આશંકાને સામે રાખીને ગ્રંથકાર વ્યવહારનયથી કહે છે કે, આ સૂત્રપાઠ પરંપરાએ મોક્ષનું સાધક છે તેથી નિદાન નથી. નિશ્ચયનયથી ફલની આશંસાથી કરાયેલું કોઈપણ ધર્મઅનુષ્ઠાન નિદાનરૂપ હોવા છતાં, વ્યવહારનયથી જે ધર્મઅનુષ્ઠાન મોક્ષમાં વિશ્રાંત થાય છે તે નિદાન નથી.

આથી જ કહે છે કે—

**આ સૂત્રપાઠ રાગાદિના પ્રતિબન્ધરૂપ નથી, પરંતુ અશુભભાવના નિરોધ દ્વારા શુભભાવનું બીજ છે; કેમ કે** દુષ્કૃતગર્હા કરવાથી દુષ્કૃત પ્રત્યે જીવનું જે વલણ હતું તેનો નિરોધ થાય છે, અને સુકૃત પ્રત્યેની અનુમોદનાથી સુકૃત કરવાના અભિલાષરૂપ શુભભાવો પ્રગટે છે. જે શુભભાવો સુકૃતના સેવનનું બીજ છે, અને તેથી તે શુભભાવો સુકૃતમાં યત્ન કરાવીને પ્રકૃષ્ટ એવા સુકૃતનું કારણ બનશે, જેના કારણે મોક્ષરૂપ ફલની પ્રાપ્તિ થશે. માટે વ્યવહારનયથી તે નિદાન કહી શકાય નહિ. તેથી કરીને મોક્ષરૂપ ફલના અર્થી જીવે સુપ્રણિધાનપૂર્વક આ સૂત્રપાઠ કરવો જોઈએ.

આશય એ છે કે માત્ર સૂત્રનાં પાઠ આદિ કરવાથી તે મોક્ષનું બીજ બનતું નથી, પરંતુ **આત્માને પ્રશાંત કરીને સમ્યગ્ રીતે સૂત્રપાઠ કરવામાં આવે તો પરંપરાએ મોક્ષનું કારણ થાય છે.** તેથી મોક્ષના અર્થી જીવે પહેલાં પ્રણિધાન કરવું

જોઈએ કે આ સંસાર અનાદિનો છે, અને જીવને માટે મહાકદર્થનારૂપ છે, અને તેનાથી છૂટવા માટે સદ્ધર્મની પ્રાપ્તિ આવશ્યક છે અને તે સદ્ધર્મની પ્રાપ્તિ, અત્યંત ઉપયોગપૂર્વક સૂત્રપાઠ કરવામાં આવે તો જ ક્રમે કરીને થઈ શકે છે, માટે તાત્ત્વિક વિચારણા દ્વારા આત્માને શાંતરસમાં લઈ જઈને સ્વસ્થ થયેલા એવા આત્માના પરિણામથી દૃઢ ઉપયોગપૂર્વક સૂત્રપાઠ કરવો જોઈએ. અને સૂત્રપાઠ કર્યા પછી જ્યારે તે સૂત્ર આત્મામાં સ્થિરભાવને પામે **ત્યારે અર્થ સાંભળવાની વિધિથી યોગ્ય ગુરુ પાસે તેનાં રહસ્યો સાંભળવાં જોઈએ**, જેથી સૂત્રોના ઐદમ્પર્યાર્થનો યથાર્થ બોધ થાય. આ રીતે સૂત્રપાઠનું શ્રવણ કર્યા પછી તે સૂત્રોના અર્થમાં સમ્યક્ ઉપયોગ રાખીને **તે સૂત્રોના ભાવોથી આત્માને ભાવિત કરવો જોઈએ**, જેથી જીવને દુષ્કૃત પ્રત્યેનો અત્યંત જુગુપ્સાભાવ અને સુકૃત પ્રત્યેનો અત્યંત પક્ષપાતભાવ સ્થિર થાય.

**'इति'** શબ્દ કથનની સમાપ્તિ માટે છે.

**ઉત્થાન :**

પૂર્વમાં સૂત્રપાઠ વખતે કહેલું કે "આ મારી અનુમોદના સમ્યગ્વિધિપૂર્વકની થાઓ" એ વચન જ બતાવે છે કે ફળની આશંસાથી આ પ્રકારનો વચનપ્રયોગ થાય છે, તેથી આ નિદાન જ છે. તો પણ આ નિદાન નથી તેમ કેમ કહી શકાય? તેના સમાધાનરૂપે ટીકાકાર કહે છે–

**ટીકા :**

**न च 'होउ मे एसा अणुमोयणा सम्मं विहिपुव्विगा' इत्यादिना निदानपदमेतदिति मन्तव्यम्, क्लिष्टबन्धहेतोर्भवानुबन्धिनः संवेगशून्यस्य महर्द्धिभोगगृद्धौ अध्यवसानस्य निदानत्वात्, अस्य च तल्लक्षणायोगात्, अनीदृशस्य चानिदानत्वात् । आरोग्य-प्रार्थनादेरपि निदानत्वप्रसङ्गात् । तथा चागमविरोधः–**

आरोग्गबोहिलाभं समाहिवरमुत्तमं दिंतु । [ लोगस्स. ६ ]

**इत्यादिवचनश्रवणादिति । अलं प्रसङ्गेन ।**

**ટીકાર્થ :**

"આ મારી અનુમોદના સમ્યગ્વિધિપૂર્વક થાઓ" ઇત્યાદિ સૂત્રના વચન

દ્વારા આ નિદાનપદ છે, એ પ્રમાણે માનવું નહિ; કેમ કે ક્લિષ્ટ કર્મબંધના હેતુ, ભવના અનુબંધવાળા, સંવેગશૂન્ય, મહાન ઋદ્ધિવાળા એવા ભોગોની ગૃદ્ધિમાં વર્તતા અધ્યવસાયનું નિદાનપણું છે.

અને આને="होउ मे एसा अणुमोयणा सम्मं विहिपुव्विगा" ઇત્યાદિરૂપ વચનપ્રયોગને, તે લક્ષણનો=પૂર્વમાં નિદાન નું લક્ષણ કર્યું તે લક્ષણનો, અયોગ છે.

અહીં શંકા થાય કે, તમે પૂર્વમાં લક્ષણ કર્યું તેવા નિદાનનું લક્ષણ "होउ मे एसा अणुमोयणा सम्मं विहिपुव्विगा" પ્રકારના વચનમાં ન હોય તો પણ ફળની ઇચ્છા છે, તેથી નિદાનનું લક્ષણ કહેવાશે. તેના નિવારણ માટે કહે છે–

**અને જે આવું નથી તે અનિદાનપણું છે=પૂર્વમાં નિદાનનું લક્ષણ કર્યું કે *"ક્લિષ્ટ કર્મબંધના હેતુ ઇત્યાદિ ભાવોવાળા અધ્યવસાયનું નિદાનપણું છે."* તેના જેવું જે નથી તે નિદાન નથી; કેમ કે જો તેના જેવું ન હોય તેને પણ નિદાનરૂપે સ્વીકારીએ તો આરોગ્યની પ્રાર્થનાઆદિને પણ નિદાનરૂપે સ્વીકારવાનો પ્રસંગ પ્રાપ્ત થશે.**

અહીં પૂર્વપક્ષી કહે કે, આરોગ્યની પ્રાર્થનાઆદિને પણ નિદાનરૂપે સ્વીકારીએ તો શું વાંધો ? તો કહે છે–

**અને તે રીતે સ્વીકારીએ તો=આરોગ્યની પ્રાર્થનાઆદિને નિદાનરૂપે સ્વીકારીએ તો આગમનો વિરોધ પ્રાપ્ત થાય.**

**અહીં પ્રશ્ન થાય કે કયા આગમનો વિરોધ પ્રાપ્ત થાય ? તેથી કહે છે–**

આરોગ્ય, બોધિલાભ અને ઉત્તમ એવી શ્રેષ્ઠ સમાધિ આપો.

**ઇત્યાદિ લોગસ્સસૂત્ર રૂપ વચનનું શ્રવણ હોવાથી તે આગમનો વિરોધ થાય, તેથી ફલની ઇચ્છાને નિદાન કહી શકાય નહિ.**

'**इति**' શબ્દ કથનની સમાપ્તિ માટે છે. પ્રાસંગિક કથનથી સર્યું. અર્થાત્ "આ મારી અનુમોદના સમ્યગ્ થાઓ" એ પ્રકારનું વચન નિદાન નથી તે વાત પ્રાસંગિક કથનરૂપે હતી, અને તેનું કથન સંક્ષેપમાં અહીં પૂર્ણ થાય છે તે બતાડવા માટે ટીકાકાર કહે છે કે પ્રસંગથી સર્યું.

★ '**आरोग्यप्रार्थनादेरपि**' માં '**आदि**' પદથી ઉત્તમ સમાધિની પ્રાર્થનાનું ગ્રહણ કરવાનું છે અને '**अपि**' થી એ કહેવું છે કે મારી આ અનુમોદના સમ્યગ્‌વિધિપૂર્વક થાઓ ઇત્યાદિને નિદાન માનશો તો આરોગ્યપ્રાર્થનાદિને પણ નિદાન માનવાનો પ્રસંગ આવશે.

**ભાવાર્થ :**

સૂત્રકારે સ્વયં સ્થાપન કર્યું કે આ સૂત્રપાઠ અપ્રતિબંધ છે=નિદાન નથી, પરંતુ અશુભભાવના નિરોધ દ્વારા શુભભાવનું બીજ છે. તેથી જ નક્કી થાય છે કે પ્રસ્તુત સૂત્ર નિદાન નથી અને ટીકાકારે પણ એ વાત પૂર્વમાં બતાવી. આમ છતાં કોઇકને શંકા થાય કે દુષ્કૃતગર્હા અને સુકૃતઅનુમોદના કર્યા પછી સૂત્રમાં જ કહ્યું છે કે "મારી આ અનુમોદના સમ્યગ્ વિધિપૂર્વક થાઓ" ઇત્યાદિ વચનો આશંસારૂપ છે, તેથી એ આશંસાને આશ્રયીને સૂત્રપાઠ નિદાનરૂપ થશે. આ પ્રકારની શંકાને બતાવીને ટીકાકાર કહે છે કે, આ આશંસા એ નિદાન નથી; કેમ કે જે આશંસાથી ક્લિષ્ટ કર્મનો બંધ થાય, અને જે આશંસા ભવના પ્રવાહને ચલાવે તેવી હોય, અને જે આશંસા સંવેગશૂન્ય હોય અને મહાન સમૃદ્ધિના ભોગમાં ગૃદ્ધિનો અધ્યવસાય હોય તેવી આશંસાને જ નિદાન કહેવાય. અને આ નિદાનનું લક્ષણ "આ મારી અનુમોદના સમ્યગ્‌વિધિપૂર્વક થાઓ" ઇત્યાદિ વચનમાં ઘટતું નથી, તેથી પ્રસ્તુત સૂત્રપાઠ નિદાનરૂપ નથી.

આશય એ છે કે, સંસારમાં કોઇ ભૌતિક પદાર્થનું આકર્ષણ થાય અને કોઇ અભિલાષ કરે કે મારી ધર્મની પ્રવૃત્તિના ફળરૂપે મને આવી ભૌતિક સમૃદ્ધિ પ્રાપ્ત થાઓ, તો તે નિદાનરૂપ બને છે. જેમ બ્રહ્મદત્ત ચક્રવર્તીએ પૂર્વભવમાં ચક્રવર્તીના સ્ત્રીરત્નને જોઇને તેવા સ્ત્રીરત્નની પ્રાપ્તિ થાય તેવી આશંસા કરેલી, અને તે આશંસા ક્લિષ્ટ કર્મબંધનો હેતુ હતી, અને આથી જ ચક્રવર્તીના ભવમાં સ્ત્રીરત્નની પ્રાપ્તિ થવા છતાં ધર્મ પ્રત્યેની મનોવૃત્તિ જ થતી નથી. વળી, આ આશંસા સંસારની વૃદ્ધિનું કારણ હતી, આથી જ પૂર્વભવમાં સંયમ પાળ્યા પછી સ્ત્રીરત્નની આશંસાના કારણે બ્રહ્મદત્ત ચક્રવર્તીજીવના ભવોની વૃદ્ધિ થઇ. વળી તે સ્ત્રીરત્નની આશંસાકાળમાં સંવેગનો પરિણામ ન હતો, તેથી તે નિદાનરૂપ બને છે. જ્યારે અવંતિસુકુમાલે નલિનીગુલ્મ વિમાનમાં જવાના આશયથી સંયમ ગ્રહણ કરેલ, તો પણ સંવેગશૂન્ય અધ્યવસાય ન હતો કેમ કે સ્વર્ગ કરતાં મોક્ષ પ્રત્યે તેમનું

ખેંચાણ વિશેષ હતું. આથી તે ભોગસુખની આશંસા તત્કાલ નિવર્તન ન પામવા છતાં પણ તે નિદાન બની નહિ. જ્યારે પ્રસ્તુત સૂત્રમાં તો "મારી આ અનુમોદના સમ્યગ્ વિધિપૂર્વક થાઓ" ઈત્યાદિ વચન દ્વારા સંવેગના પરિણામપૂર્વક સંસારનો સીધો ઉચ્છેદ થાય તેવી આશંસા છે, તેથી નિદાનનું લક્ષણ પ્રસ્તુત આશંસામાં ઘટતું નથી.

અહીં કોઈ શંકા કરે કે ફલની આશંસાને નિદાનરૂપે સ્વીકારીએ તો શું વાંધો? તેથી ખુલાસો કરે છે કે, ક્લિષ્ટ કર્મબંધના હેતુ, સંવેગશૂન્ય આદિ પરિણામવાળો અધ્યવસાય ન હોય તો તે નિદાન બને નહિ; કેમ કે ફલની આશંસામાત્રને નિદાન તરીકે સ્વીકારીએ તો આરોગ્યની પ્રાર્થનાઆદિને પણ નિદાન માનવું પડે. અને આરોગ્ય પ્રાર્થનાઆદિને નિદાનરૂપે સ્વીકારીએ તો આગમનો વિરોધ થાય; કેમ કે આગમમાં જ મને આરોગ્ય, બોધિલાભ અને ઉત્તમ એવી શ્રેષ્ઠ સમાધિ પ્રાપ્ત થાઓ એવું લોગ્ગસ્સસૂત્રમાં બતાવ્યું છે. તેથી જો પ્રાર્થનામાત્ર નિદાન હોય તો, આગમ તેનો વિરોધ જ કરે, પરંતુ આરોગ્યઆદિની પ્રાર્થના કરવાનું કહે નહિ. આથી એ ફલિત થયું કે આરોગ્યઆદિની પ્રાર્થના ભાવઆરોગ્યરૂપ હોવાથી સંવેગરૂપ છે અને પરંપરાએ મોક્ષનું કારણ છે તેથી નિદાન નથી, તેમ "મારી આ અનુમોદના સમ્યગ્વિધિપૂર્વક થાઓ" તેવી આશંસા સંવેગના પરિણામવાળી છે અને તેથી પરંપરાએ મોક્ષનું કારણ છે, માટે નિદાન નથી.

"આ મારી અનુમોદના સમ્યગ્વિધિપૂર્વક થાઓ" એ નિદાન નથી એ કથન ટીકાકારે પ્રાસંગિક કર્યું; કેમ કે ગ્રંથકારે કહેલું કે આ સૂત્રપાઠ અપ્રતિબન્ધ છે. તેનાથી જ ટીકાકારને સ્મરણ થયું કે આ સૂત્રપાઠમાં "આ મારી અનુમોદના સમ્યગ્ વિધિપૂર્વક થાઓ" એ વચનથી કોઈને ભ્રમ થઈ શકે કે આ નિદાન કરેલ છે, તેથી તેનું નિવારણ કરવું આવશ્યક છે, માટે પ્રાસંગિક તેનું નિવારણ કર્યું. આથી હવે કહે છે કે પ્રસંગથી સર્યું.

**અવતરણિકા :**

सूत्रपरिसमाप्ताववसानमङ्गलमाह –

**અવતરણિકાર્થ :**

સૂત્રની પરિસમાપ્તિમાં અંતિમ મંગલને કહે છે–

**सूत्र :**

नमो नमियनमियाणं परमगुरुवीयरागाणं। नमो सेसनमोक्कारारिहाणं। जयउ सव्वण्णुसासणं। परमसंबोहीए सुहिणो भवंतु जीवा, सुहिणो भवंतु जीवा, सुहिणो भवंतु जीवा इति।

**सूत्रार्थ :**

**લોકોથી નમસ્કાર કરાયેલા એવા દેવોથી અને ઋષિઓથી વંદિત, પરમગુરુ એવા વીતરાગને હું નમસ્કાર કરું છું. શેષ નમસ્કારયોગ્ય એવા આચાર્યાદિને નમસ્કાર કરું છું. સર્વજ્ઞનું શાસન જય પામો. પરમ સંબોધિની પ્રાપ્તિથી જીવો સુખી થાઓ, જીવો સુખી થાઓ. જીવો સુખી થાઓ.**

**'इति' શબ્દ સૂત્રની સમાપ્તિ માટે છે.**

**ટીકા :**

**नमो नमियनमियाणमित्यादि** । नमो नतनतेभ्यः, देवर्षिवन्दितेभ्य इत्यर्थः। केभ्यः? इत्याह-**परमगुरुवीयरागाणं** परमगुरुवीतरागेभ्यः, क्षीणक्लेशेभ्य इति यावत्।

**नमो सेसनमोक्कारारिहाणं** । नमः शेषनमस्कारार्हेभ्य आचार्यादिभ्यो गुणाधिकेभ्य इति भावः।

**जयउ सव्वण्णुसासणं** जयतु सर्वज्ञशासनं कुतीर्थापोहेन।

**परमसंबोहीए सुहिणो भवंतु जीवा इति** परमसंबोधिना वरबोधिलाभरूपेण **सुखिनो भवन्तु** मिथ्यात्वदोषनिवृत्त्या **जीवाः** प्राणिन इति अस्य वारात्रयं पाठः।

★ '**परमसंबोहीए**' નો અર્થ ટીકામાં '**वरबोधि**' કરેલ છે, જે શ્રેષ્ઠ એવા સમ્યક્ત્વની પ્રાપ્તિરૂપ છે, પરંતુ તીર્થંકરનામકર્મની પ્રાપ્તિના કારણભૂત એવા 'વરબોધિ'ના અર્થમાં નથી.

**ટીકાર્થ/ભાવાર્થ :**

**સર્વથી નમસ્કાર કરાયેલા એવા દેવો અને ઋષિઓ છે અને તેનાથી વંદિત એવા પરમગુરુ વીતરાગ છે=ક્ષીણ ક્લેશવાળા છે, તેઓને હું નમસ્કાર કરું છું.**

**આ રીતે ભગવાનને નમસ્કાર કર્યા પછી પોતાનાથી ગુણાધિક એવા શેષ નમસ્કાર યોગ્ય આચાર્યાદિને નમસ્કાર કરે છે.** આ રીતે અરિહંત, આચાર્ય અને '**आदि**' પદથી ઉપાધ્યાય, સાધુને નમસ્કાર કરીને મંગલઅર્થે જ ભાવના કરે છે કે, કુતીર્થના નિવારણ દ્વારા ભગવાનનું શાસન જય પામો, અર્થાત્ કુતીર્થીકોનો મત જગતમાં સ્થાપન ન થાય પરંતુ તેમનો મત અસંબદ્ધ ભાસે તો ભગવાનનું શાસન જગતમાં વિસ્તાર પામે. અને તેમ થાય તો જ લોકો ઉપર ઉપકાર થાય તેવી ભાવનાથી ગ્રંથકાર અભિલાષ કરે છે કે, **ભગવાનનું શાસન વિસ્તારને પામો.** જો કે અભિલાષમાત્રથી કાર્ય થતું નથી, પરંતુ આવો ઉત્તમ અભિલાષ મંગલરૂપ છે અને તેથી જ ગ્રંથની સમાપ્તિમાં ગ્રંથકારે આવો અભિલાષ કર્યો છે.

વળી, ગ્રંથકાર અભિલાષ કરે છે કે, **જગતના જીવો શ્રેષ્ઠ એવા સમ્યક્ત્વરૂપ બોધિલાભને મેળવીને સુખી થાઓ. અને આ બોધિની પ્રાપ્તિ મિથ્યાત્વના દોષની નિવૃત્તિથી થાય છે.** તેથી કહે છે કે, મિથ્યાત્વના દોષની નિવૃત્તિથી જગતના જીવો શ્રેષ્ઠ એવા સમ્યક્ત્વરૂપ બોધિલાભને પ્રાપ્ત કરો. અને આ ભાવને પ્રકર્ષ કરવા અર્થે **"જગતનાં જીવો સુખી થાઓ" એવો પાઠ ત્રણ વાર કરે છે.** જેથી જગતના જીવમાત્રની હિતકામનાના ઉત્તમ અધ્યવસાય પ્રાપ્ત થાય.

**'इति' શબ્દ સૂત્રની સમાપ્તિનું પ્રતિક છે.**

**સૂત્ર :**

**पावपडिघायगुणबीजाहाणसुत्तं समत्तं ॥१॥**

**સૂત્રાર્થ :**

**પાપપ્રતિઘાતગુણબીજાધાનસૂત્ર સમાપ્ત થયું.**

**ટીકા :**

**पावपडिघायगुणबीजाधाणसुत्तं समत्तं।** पापप्रतीघातेन अकुशलानुबन्धा-

श्रवव्यवच्छेदेन गुणबीजाधानं भावतः प्राणातिपातविरमणनिमित्तन्यासः, तथाऽनुबन्धतो विचित्रविपाकवत्कर्माधानमित्यर्थः । एतत्सूचकं सूत्रं पापप्रतीघात-धर्मगुणबीजाधानसूत्रं समाप्तमिति ।

पञ्चसूत्रकव्याख्यायां प्रथमसूत्रव्याख्या समाप्ता ॥१॥

**ટીકાર્થ/ભાવાર્થ :**

અંતે ખુલાસો કરે છે કે, **પાપના પ્રતિઘાત દ્વારા ગુણના બીજાધાનને કરનારું એવું આ સૂત્ર સમાપ્ત થયું.** આશય એ છે કે, **દુષ્કૃતગર્હાથી અકુશલ એવા કર્મના અનુબંધરૂપ આશ્રવનો વ્યવચ્છેદ થાય છે, જે પાપના પ્રતિઘાતરૂપ છે. અને (સુકૃતની અનુમોદનાના કારણે) ભાવથી પ્રાણાતિપાતના વિરમણના નિમિત્તનો આત્મામાં ન્યાસ થાય છે, જે ગુણ બીજાધાનરૂપ છે** અને તે શું છે તે સ્પષ્ટ કરે છે–

**તે પ્રકારના અનુબંધથી વિચિત્ર વિપાકવાળા એવા કર્મનું આત્મામાં આધાન થાય છે.**

આશય એ છે કે જ્યારે જીવ દુષ્કૃતની ગર્હા અને સુકૃતની અનુમોદના કરે છે, ત્યારે દુષ્કૃતના પ્રવાહને ચલાવનાર એવા મિથ્યાત્વમોહનીયકર્મ શિથિલ થાય છે. અને તે જ મિથ્યાત્વમોહનીયકર્મ અકુશલ અનુબંધને ચલાવનાર આશ્રવરૂપ છે, તેથી તેનો જેમ જેમ વિચ્છેદ થાય છે તેમ તેમ મિથ્યાત્વમોહનીયરૂપ પાપ આત્મામાં ક્ષીણક્ષીણતર થાય છે, અને સાથે સુકૃત પ્રત્યેનો પક્ષપાત જીવમાં વધતો જાય છે, તેથી જીવમાં સુકૃતનો પ્રવાહ ચલાવે તેવા ઉત્તમ કોટિના પુણ્યપ્રકૃતિરૂપ કર્મનું આધાન સુકૃતની અનુમોદનાથી થાય છે, જે વિપાક બતાવીને ભાવથી સર્વવિરતિના પરિણામનું કારણ બને છે. અને ઉત્તરોત્તર તે સર્વવિરતિનો પરિણામ, વૃદ્ધિ પામીને મોક્ષનું કારણ બને છે.

**આ સૂચકસૂત્ર=પાપપ્રતિઘાત-ધર્મગુણબીજાધાનસૂત્ર, સમાપ્ત થયું.**

‘**इति**’ શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે.

પંચસૂત્રની વ્યાખ્યામાં પ્રથમ સૂત્રની વ્યાખ્યા સમાપ્ત થઈ.

# द्वितीयं
# 'साधुधर्मपरिभावनासूत्रम्'

**અવતરણિકા :**

**पञ्चसूत्रकव्याख्यायां प्रथमसूत्रव्याख्या समाप्ता, अधुना द्वितीयसूत्रव्याख्या प्रस्तूयते । अस्य चायमभिसंबन्धः– इह धर्मगुणबीजमाहितं सत् तत्तद्वैचित्र्यात् तत्तत्कालादिनिमित्तभेदेन विपच्यते एतदाभिमुख्येन । तत एव धर्मगुणप्रतिपत्ति-श्रद्धोपजायते, तस्यां समुपजातायां यत् कर्त्तव्यं तदभिधातुमाह –**

**અવતરણિકાર્થ :**

**પંચસૂત્રની વ્યાખ્યામાં, પ્રથમ સૂત્રની વ્યાખ્યા સમાપ્ત થઈ. હવે બીજા સૂત્રની વ્યાખ્યાનો પ્રારંભ કરાય છે.**

**અને આનો=બીજા સૂત્રનો, પૂર્વસૂત્ર સાથેનો, આ=આગળમાં કહેવાય છે તે સંબંધ છે–**

**અહીંયાં=જીવમાં, ધર્મગુણનું બીજ આધાન કરાયું છતું તે તે પ્રકારના વૈચિત્ર્યથી, તે તે કાલઆદિ નિમિત્તના ભેદ દ્વારા આના આભિમુખ્યથી=ધર્મના આભિમુખ્યથી, વિપાકને પ્રાપ્ત કરે છે. તેનાથી જ=ધર્મગુણબીજના વિપાકથી જ, ધર્મગુણના સ્વીકારની શ્રદ્ધા થાય છે=ધર્મગુણના સ્વીકારની રુચિ થાય છે, અને તે રુચિ ઉત્પન્ન થયે છતે=ધર્મગુણના સ્વીકારની રુચિ ઉત્પન્ન થયે છતે, જે કરવું જોઈએ તેને કહે છે–**

**ભાવાર્થ :**

પ્રથમ સૂત્ર સાથે બીજા સૂત્રનો સંબંધ બતાવવા અર્થે પ્રથમ કહે છે કે, પંચસૂત્રની વ્યાખ્યામાં, પ્રથમ સૂત્રની વ્યાખ્યા સમાપ્ત થઈ, હવે બીજા સૂત્રની વ્યાખ્યાનો પ્રારંભ કરાય છે. હવે બીજા સૂત્રનો પ્રથમ સૂત્ર સાથે શું સંબંધ છે તે બતાવવા કહે છે–

જીવ જ્યારે પૂર્વમાં બતાવેલી વિધિ પ્રમાણે પંચસૂત્રનો પાઠ કરે છે, ત્યારે જીવમાં ધર્મ કરવાના ગુણના બીજનું આધાન થાય છે; કેમ કે સુકૃતની અનુમોદનાથી જીવને ગુણો પ્રત્યેની રુચિ ઉત્પન્ન થાય છે અને આ રુચિ જ જીવમાં સંસ્કારરૂપે પડેલી હોય છે અને તે રુચિ જ ધર્મગુણને પ્રગટ કરવાનું કારણ છે. તેથી તે રુચિને ધર્મગુણનું બીજ કહેલ છે. જેમ બીજને સામગ્રી મળે તો તેમાંથી

અંકુરો ફૂટે તેમ આત્મામાં પણ ધર્મ પ્રત્યેની રુચિરૂપ બીજ પ્રગટ થયા પછી તે તે કાલાદિ નિમિત્ત સામગ્રીને પામીને, તે બીજ વિપાકને પામે છે, અને આ બીજનો વિપાક જ ધર્મના અભિમુખ ભાવરૂપે પ્રગટ થાય છે અર્થાત્ હવે મારે જીવનમાં ધર્મ કરવો જોઇએ જેથી હું સંસારને પાર પામું, આવા પરિણામરૂપે બીજ પ્રગટ થાય છે; આમ છતાં બીજાધાન પછી આ બીજ ક્યારે વિપાકને પામશે તેવો નિયમ નથી. પરંતુ જ્યારે જીવને ઉપદેશઆદિની સામગ્રી પ્રાપ્ત થાય, અને તે બીજનો કાલ પાકે અને જીવ પ્રયત્ન કરે ત્યારે તે બીજમાંથી ધર્મને અભિમુખ ભાવ થાય છે; અને તે બતાવવા માટે જ કહ્યું છે કે, તે કાલાદિ નિમિત્તના ભેદથી આ બીજ વિપાકને પામે છે.

અહીં તે તે 'કાલાદિ'થી એ કહેવું છે કે, જે જીવે બીજાધાન કર્યું છે, તે બીજને અનુકૂળ વિપાકને પામે તેવો કાળ, દરેક જીવોનો જુદો જુદો છે. જે જીવોનો કાળ વહેલો પાકે તેને વિપાક શીઘ્ર થાય અને જે જીવનો કાળ મોડો પાકે તેને વિપાક મોડો થાય તે બતાવવા માટે તે તે કાલાદિરૂપ નિમિત્તભેદ કહેલ છે. અને 'આદિ' શબ્દથી તે ગુણને ખીલવવા માટેનો પુરુષાર્થ ગ્રહણ કરવાનો છે તેથી તેવા પ્રકારની નિમિત્તની સામગ્રીને પામીને જીવ પુરુષાર્થ કરે ત્યારે જ તે બીજ વિપાકને પામે છે. અહીં 'આદિ' શબ્દથી અન્ય પણ કારણોનો સંગ્રહ પણ સમજી લેવાનો છે. આથી જે જીવની ભવિતવ્યતા અનુકૂળ હોય છે, તે જીવ, નિમિત્તને પામીને ગુણને ખીલવવાને અભિમુખ થાય છે, અને જ્યારે ભવિતવ્યતા અનુકૂળ હોતી નથી ત્યારે બીજાધાન થયેલું હોવા છતાં, ઉપદેશની સામગ્રી તેના પ્રયત્નને ફળ પ્રત્યે અભિમુખ કરવા સમર્થ બનતી નથી, અને તેથી જ ઉપદેશને પામીને પણ ગુણને ખીલવવાનો તેને ઉત્સાહ થતો નથી. પરંતુ કાલાદિ પાંચેય કારણો અનુકૂળ હોય ત્યારે તે આધાન થયેલું બીજ વિપાકને પ્રાપ્ત કરે છે.

હવે કહે છે કે ધર્મગુણબીજ વિપાકને પામે ત્યારે શું થાય ? તેથી કહે છે—

તેનાથી જ=ધર્મગુણબીજના વિપાકથી જ, ધર્મગુણ સ્વીકારવાની રુચિ ઉત્પન્ન થાય છે. આશય એ છે કે જ્યારે એ બીજ વિપાકને પ્રાપ્ત કરે ત્યારે જીવને આત્મામાં ધર્મને પ્રગટ કરવાનો અભિલાષ થાય છે, અને તેથી તે ધર્મને પ્રગટ કરવા અર્થે જે ધર્મઅનુષ્ઠાન પોતે સ્વીકારી શકે તેમ હોય તે સ્વીકારવાનો અભિલાષ થાય છે.

અહીં સામાન્યથી એમ લાગે કે જ્યારે જીવને ધર્મ સ્વીકારવાની ઇચ્છા થાય ત્યારે એણે ધર્મ સ્વીકારવો જોઇએ, પરંતુ ધર્મબીજ સ્વીકારવાની રુચિ થયા પછી જો વિચાર્યા વગર ધર્મ સ્વીકારી લે તો તે ધર્મઅનુષ્ઠાન સેવવા છતાં તે ધર્મ ભાવથી નિષ્પન્ન થઇ શકે નહિ. તેથી ભાવથી ધર્મ નિષ્પન્ન કરવા માટે શું કરવું જોઇએ? તે બતાવવા અર્થે ધર્મગુણના સ્વીકારની રુચિ ઉત્પન્ન થયે છતે જે કરવું જોઇએ તે કહેવા માટે આ બીજું સૂત્ર કહે છે.

**સૂત્ર :**

**जायाए धम्मगुणपडिवत्तिसद्धाए, भावेज्जा एएसिं सरूवं पयइसुंदरत्तं, आणुगामित्तं, परोवयारित्तं, परमत्थहेउत्तं । तहा दुरणुचरत्तं, भंगदारुणत्तं, महामोहजणगत्तं, भूयो दुल्लहत्तं ति । भावेऊणेवं जहासत्तीए उचियविहाणेण अच्चंतभावसारं पडिवज्जेज्जा, तंजहा-थूलगपाणाइवायविरमणं १, थूलगमुसावायविरमणं २, थूलगअदत्तादानविरमणं ३, थूलगमेहुण-विरमणं ४, थूलगपरिग्गहविरमण ५ मिच्चाइ ।**

**સૂત્રાર્થ :**

**ધર્મગુણના સ્વીકારની રુચિ ઉત્પન્ન થયે છતે આમનું=ધર્મગુણોનું, તેના પ્રકૃતિસુંદરપણું, અનુગામીપણું, પરોપકારીપણું અને પરમાર્થહેતુપણારૂપ એવું ધર્મગુણોનું સ્વરૂપ ભાવન કરવું જોઇએ.**

**આ રીતે ધર્મગુણોનું ઉત્તમ સ્વરૂપ બતાવ્યા પછી તેને ગ્રહણ કરીને તે ધર્મગુણોનું સમ્યગ્ સેવન કરવામાં ન આવે તો શું અનર્થ થાય તે બતાવવા માટે કહે છે–**

**અને ધર્મગુણોનું દુરઅનુચરપણું, ભંગદારુણપણું, મહામોહજનકપણું અને ફરી પ્રાપ્તિનું દુર્લભપણું ભાવન કરવું જોઇએ, એ પ્રમાણે અન્વય છે.**

**'ति' શબ્દ ધર્મગુણોનાં સ્વરૂપની સમાપ્તિઅર્થે છે.**

**આ રીતે ધર્મગુણોનું સ્વરૂપ ભાવન કરીને શક્તિ પ્રમાણે અત્યંત ભાવસાર ઉચિત વિધિથી ધર્મગુણોનો સ્વીકાર જ કરવો જોઇએ, અને તે ધર્મગુણો જ 'तंजहा' થી બતાવે છે–**

**પહેલું સ્થૂલ પ્રાણાતિપાતથી વિરમણ.**
**બીજું સ્થૂલ મૃષાવાદથી વિરમણ.**
**ત્રીજું સ્થૂલ અદત્તાદાનથી વિરમણ.**
**ચોથું સ્થૂલ મૈથુનથી વિરમણ.**
**પાંચમું સ્થૂલ પરિગ્રહથી વિરમણ.**

★ 'इच्चाइ' શબ્દથી શેષગુણવ્રત અને શિક્ષાવ્રતનો સંગ્રહ ગ્રહણ કરવાનો છે.

**ઉત્થાન :**

જીવને જ્યારે ધર્મ સ્વીકારવાની વૃત્તિ થાય છે ત્યારે, ધર્મ સ્વીકારે એટલામાત્રથી ધર્મ નિષ્પન્ન થતો નથી, તેથી ધર્મની નિષ્પત્તિ માટે કઇ રીતે યત્ન કરવો જોઇએ તે બતાવે છે–

**ટીકા :**

**जायाए धम्मगुणपडिवत्तिसद्धाए** इत्यादि । **जातायां धर्मगुण-प्रतिपत्तिश्रद्धायां** भावतस्तथाविधकर्मक्षयोपशमेन, **भावयेत् एतेषां स्वरूपं** धर्मगुणानाम् । **प्रकृतिसुन्दरत्वं** जीवसंक्लेशविशुद्ध्या । **आनुगामुकत्वं** भवान्तरवासनानुगमेन । **परोपकारित्वं** तथापीडादिनिवृत्त्या । **परमार्थहेतुत्वं** परंपरया मोक्षसाधनत्वेन । **तथा दुरनुचरत्वं** सदैवानभ्यासात् । **भङ्गदारुणत्वं** भगवदाज्ञाखण्डनतः । **महामोहजनकत्वं** धर्मदूषकत्वेन । **भूयो दुर्लभत्वं** विपक्षानुबन्धपुष्ट्येति ।

**ટીકાર્થ :**

'जायाए धम्मगुणपडिवत्तिसद्धाए इत्यादि' સૂત્રનું પ્રતિક છે.

**તેવા પ્રકારના કર્મના ક્ષયોપશમને કારણે ભાવથી ધર્મગુણના સ્વીકારની રુચિ ઉત્પન્ન થયે છતે ધર્મગુણોનું સ્વરૂપ ભાવન કરવું જોઈએ,**

તે સ્વરૂપ જ બતાવે છે–

**જીવના સંક્લેશની વિશુદ્ધિ હોવાથી ધર્મગુણોનું પ્રકૃતિસુંદરપણું છે, ભવાંતરમાં વાસનારૂપે અનુગમન હોવાથી ધર્મગુણોનું અનુગામિકપણું છે=પરભવમાં સાથે આવનાર છે, તેવા પ્રકારની પીડાદિની નિવૃત્તિ હોવાથી પરોપકારીપણું છે, અને પરંપરાએ મોક્ષનું સાધનપણું હોવાના કારણે ધર્મગુણોનું પરમાર્થહેતુપણું છે.**

★ **'पीडादि' માં 'आदि' પદથી અન્યના સંક્લેશની નિવૃત્તિ ગ્રહણ કરવાની છે.**

આ રીતે ધર્મગુણોની ઉત્તમતા બતાવીને હવે તે ધર્મસેવન સેવવું કેવું કઠણ છે અને તે સ્વીકાર્યા પછી સમ્યગ્ પાલન કરવામાં ન આવે તો શું થાય ? તે બતાવવા અર્થે **'तथा'** થી કહે છે–

**ધર્મગુણોનો સદા અભ્યાસ નહિ હોવાને કારણે ધર્મગુણો દુઃખે કરીને સેવી શકાય તેવા છે. ધર્મગુણો સ્વીકાર્યા પછી જો સમ્યગ્ પાલન કરવામાં ન આવે તો ભગવદ્ આજ્ઞાના ખંડનને કારણે ધર્મગુણોના ભંગનું દારુણપણું છે.**

વળી, ધર્મ સ્વીકાર્યા પછી સમ્યગ્ પાલન કરવામાં ન આવે તો શું અનર્થ થાય ? તે બતાવવા કહે છે–

**ધર્મગુણો સ્વીકાર્યા પછી સમ્યગ્ પાલન કરવામાં ન આવે તો તે પ્રવૃત્તિ ધર્મની દૂષક હોવાના કારણે જીવમાં મહામોહની જનક બને છે અર્થાત્ મિથ્યાત્વની જનક બને છે.**

તેનાથી શું ફળ પ્રાપ્ત થાય છે ? તે બતાવે છે–

**ધર્મનાં વિપક્ષ એવા અધર્મના અનુબંધની પુષ્ટિ થવાથી ફરી ધર્મની પ્રાપ્તિ દુર્લભ બને છે.**

**'इति'** શબ્દ ભાવન કરવા યોગ્ય ધર્મના સ્વરૂપની સમાપ્તિ અર્થે છે.

**ભાવાર્થ :**

જે જીવ **પ્રથમસૂત્ર**માં બતાવેલ તે રીતે સુપ્રણિધાનપૂર્વક દુષ્કૃતગર્હા અને સુકૃત અનુમોદના કરે તો તે જીવમાં ધર્મને પ્રગટ કરનારા એવા ગુણના બીજનું આધાન થાય છે, અને આ રીતે વારંવાર દુષ્કૃતગર્હા અને સુકૃત અનુમોદના કરનાર જીવને

જ્યારે ધર્મ પ્રત્યે તીવ્ર પક્ષપાત થાય છે ત્યારે ધર્મગુણના સ્વીકારની રુચિ ઉત્પન્ન થાય છે. અને આ રુચિ ધર્મ પ્રત્યે પક્ષપાતના પરિણામરૂપ હોવાથી તેવા પ્રકારના મિથ્યાત્વ મોહનીય કર્મના ક્ષયોપશમથી થયેલા જીવના પરિણામરૂપ છે તેથી આ રુચિ પારમાર્થિક રુચિ છે. આવી રુચિ પ્રગટ થયા પછી ધર્મનું સ્વરૂપ સાંભળીને વિશેષ વિચારણા વગર જીવ ધર્મનો સ્વીકાર કરે તો એટલામાત્રથી પ્રાયઃ કરીને જીવમાં ધર્મ નિષ્પન્ન થતો નથી. તેથી ગ્રંથકાર બતાવે છે કે શું પ્રયત્ન કરીએ તો ધર્મ સ્વીકારવાની ક્રિયાથી જીવમાં ભાવથી ધર્મ પ્રગટે અને આ બતાવવા માટે જ કહે છે–

જીવે ધર્મગુણોનું સ્વરૂપ ભાવન કરવું જોઈએ, જેથી ધર્મ સ્વીકારવાની થયેલી રુચિ, વ્રતના પરિણામને અત્યંત સન્મુખ થાય, એટલું જ નહિ પણ, એ પણ ભાવન કરવું જોઈએ કે, આ ધર્મનું સેવન અતિદુષ્કર છે અને સ્વીકાર્યા પછી જો સમ્યગ્ પાલન કરવામાં ન આવે તો લાભના બદલે વિશેષ અનર્થ પ્રાપ્ત થવાની સંભાવના છે. માટે પોતાની શક્તિનો સમ્યક્ વિચાર કરીને શક્તિને ગોપવ્યા વિના અને શક્તિને ઓળંગ્યા વિના ઉચિત ધર્મનો સ્વીકાર થાય અને સ્વીકારેલા ધર્મમાં સમ્યગ્ યત્ન થાય જેથી સ્વીકારાયેલો ધર્મ ભાવથી પરિણમન પામે અને તેનાથી ધર્મસેવનનું વાસ્તવિક ફળ પ્રાપ્ત થાય.

ધર્મઅનુષ્ઠાનના સેવનથી થતા ધર્મગુણોનું સ્વરૂપ આ પ્રમાણે છે–

ધર્મઅનુષ્ઠાનના સેવનથી થતા ધર્મગુણોનું **પ્રકૃતિસુંદરપણું** છે; કેમ કે જેમ જેમ જીવ ધર્મઅનુષ્ઠાનનું વિધિપૂર્વક સેવન કરે છે તેમ તેમ જીવમાં સંક્લેશ ઓછો થાય છે, અને તેના કારણે આત્મા વિશુદ્ધ બને છે. અને વિશુદ્ધ થયેલા આત્માનું સ્વરૂપજ આ ધર્મગુણો છે, તેથી તે પ્રકૃતિથી સુંદર છે.

વળી, જીવ જેમ જેમ ધર્મઅનુષ્ઠાન સેવે છે તેમ તેમ તેનાથી તેના આત્મામાં ઉત્તમ સંસ્કાર પેદા થાય છે અને તે ઉત્તમ સંસ્કાર જ વાસનારૂપે ભવાંતરમાં સાથે આવે છે. તેથી એ પ્રાપ્ત થાય કે જેમ ધર્મઅનુષ્ઠાનનું સ્વરૂપ સુંદર છે તેમ ધર્મગુણોનું **અનુગામીકપણું** છે અર્થાત્ ધર્મગુણો પરલોકમાં પણ સાથે આવનાર છે. જ્યારે સંસારની પ્રવૃત્તિથી પેદા થતા પદાર્થો ક્ષણભર જીવને સુખ આપનાર હોવા છતાં જીવને સંક્લેશ પેદા કરનાર છે. તેથી પ્રકૃતિથી સુંદર નથી અને

ભવાંતરમાં પણ સાથે આવતા નથી, પરંતુ તે પદાર્થો મેળવવા માટે અને ભોગવવા માટે જીવ જે આરંભાદિ પ્રવૃતિ કરે છે અને તેનાથી જીવ જે અશુભકર્મો બાંધે છે તે અશુભ કર્મો અને આરંભાદિ કાળમાં થયેલા કુસંસ્કારો સાથે આવે છે. આ પ્રકારનું ધર્મઅનુષ્ઠાનનું અને સાંસારિક પ્રવૃત્તિનું સ્વરૂપ વિચારવાથી જીવનું સાંસારિક પ્રવૃત્તિ પ્રત્યેનું વલણ ઘટે છે અને ધર્મઅનુષ્ઠાન સમ્યગ્ પ્રકારે સેવવાનું અંતરંગ બળ સંચિત થાય છે.

વળી, ધર્મઅનુષ્ઠાનના સેવનથી થતા ધર્મગુણોનું વિશેષ સ્વરૂપ બતાવતાં કહે છે–

તે પ્રકારની પીડાદિની નિવૃત્તિ થવાથી **પરોપકારીપણું** છે. આશય એ છે કે વિરતિના સેવનથી પોતાના દ્વારા અન્ય જીવોની થતી પીડા આદિની નિવૃત્તિ થાય છે. અહીં 'આદિ' શબ્દથી અન્યના સંક્લેશની નિવૃત્તિ ગ્રહણ કરવાની છે. તેથી વિરતિનાં સેવનથી જીવમાં અન્યના પીડાના પરિહારની અને અન્યના સંક્લેશના પરિહારની ઉત્તમ મનોવૃત્તિ પેદા થાય છે, જે પરોપકારના પરિણામરૂપ છે.

વળી, આટલામાત્રથી જ ધર્મગુણો શ્રેષ્ઠ છે એવું નથી, પણ સેવાયેલા ધર્મગુણો પરંપરાએ મોક્ષના કારણ હોવાથી **પરમાર્થહેતુપણું** છે. ધર્મગુણોનું તાત્પર્ય એ છે કે પરમસુખ એ જીવનો પરમાર્થ છે અને તે પરમસુખ, સર્વકર્મરહિત અવસ્થામાં જ જીવને પ્રાપ્ત થાય છે. અને જીવ શાસ્ત્રવિધિ પ્રમાણે ધર્મગુણોનું સેવન કરે તો ઉત્તરોત્તર અધિક અધિક ધર્મગુણોની પ્રાપ્તિ દ્વારા સર્વકર્મનો નાશ કરે છે અને તેથી સંપૂર્ણ સુખમય એવા મોક્ષને પ્રાપ્ત કરે છે.

આ રીતે ધર્મગુણોનું ચિંતવન કરવાથી પૂર્વમાં ધર્મ સ્વીકારવાની જે રુચિ હતી તે અત્યંત સ્થિરભાવવાળી થાય છે, અને તેથી જીવ ધર્મગુણોના સ્વીકાર માટે અત્યંત પ્રયત્નવાળો થાય છે. આમ છતાં વિચાર્યા વગર સહસા ધર્મગુણોને સ્વીકારાય તો અનર્થ થવાનો સંભવ છે. તેથી કહે છે–

જીવ માટે ધર્મગુણો અત્યંત હિતકારી છે, તો પણ અનાદિકાળથી તેનો અભ્યાસ નહીં હોવાના કારણે ધર્મગુણોનું સેવન કરવું અતિદુષ્કર છે. તેથી જે ધર્મગુણો સ્વીકારવા માટે પોતે તત્પર થયો છે તેને અનુકૂળ પોતાનું સત્ત્વ પ્રગટ થયું છે કે નહિ તેનો યથાર્થ વિચાર કરીને જ ધર્મગુણોના સ્વીકાર માટે પ્રયત્ન કરવો જોઈએ.

અહીં પ્રશ્ન થાય કે ધર્મનું સેવન દુષ્કર હોવા છતાં ધર્મ સેવન કરવાનો ઉત્સાહ થયો હોય અને વ્રતો સ્વીકારે, આમ છતાં પૂર્ણ પાલન ન થાય તો પણ જે કાંઇ પાલન થાય એટલો તો લાભ મળશે જ. માટે ધર્મનું સેવન દુષ્કર હોવા છતાં પણ ઉત્સાહમાં આવીને જીવ વ્રતો સ્વીકારે તો શું વાંધો ? તેથી કહે છે—

વ્રતો સ્વીકાર્યા પછી જો તેનો ભંગ કરવામાં આવે તો ભગવાનની આજ્ઞાનું ખંડન થતું હોવાના કારણે તેનું દારુણ ફળ પ્રાપ્ત થાય છે=ઘણા ભવો સુધી સન્માર્ગની પ્રાપ્તિ થતી નથી. માટે શ્રેષ્ઠ એવા ધર્મના પાલનની શક્તિની સમાલોચના કરીને, જો શક્તિ પ્રગટ ન થઇ હોય તો શક્તિનો સંચય કરીને જ વ્રતો સ્વીકારવાં જોઇએ.

વળી, વ્રતોના ભંગથી બીજું પણ શું અનર્થ થાય છે તે બતાવે છે—

વ્રતો સ્વીકાર્યા પછી જો તેનો ભંગ થાય તો તે પ્રવૃત્તિ ધર્મને દૂષણ કરનારી છે તેથી મહામોહની જનક બને છે અર્થાત્ મિથ્યાત્વની જનક બને છે.

અહીં કોઇને પ્રશ્ન થાય કે, ઉત્સાહમાં આવીને કોઇ વ્રત ગ્રહણ કરે અને પછી તેનો ભંગ કરે તો તે વ્રતભંગનું પરિણામ દારુણ પ્રાપ્ત થાય તો પણ જેટલા અંશમાં વ્રતોનું પાલન કર્યું છે તેનાથી તો લાભ થશે ને ? તેથી કહે છે—

તે વ્રતો ગ્રહણ કર્યા પછી જો ભંગ કરવામાં આવે તો વિપક્ષના અનુબંધની પુષ્ટિ થવાથી ફરી ધર્મ દુર્લભ થાય છે. આશય એ છે કે સુકૃતઅનુમોદના કરીને જીવ ધર્મને અભિમુખ બને છે અને તે અભિમુખ ભાવના કારણે જન્માંતરમાં ધર્મની પ્રાપ્તિ સુલભ થાય તેવી પુન્ય પ્રકૃતિ જીવે બાંધી છે. આમ છતાં વિચાર્યા વગર વ્રતોને ગ્રહણ કરીને પછી તે વ્રતોની મર્યાદાથી વિપરીત પ્રવૃત્તિ કરવાના કારણે જીવને તે ધર્મ પ્રત્યે અનાદરભાવ કે ઉપેક્ષાભાવ થાય છે, અને આથી જ ગ્રહણ કરાયેલા વ્રતોના પાલન માટે સમ્યક્ યત્ન કરવા માટેનો ઉત્સાહ રહેતો નથી. અને તેના કારણે વ્રતના પરિણામથી વિપરીત એવા અધર્મના પરિણામ પ્રત્યેની જીવની રુચિ સ્થિર થતી જાય છે, જે વિપક્ષના અનુબંધ સ્વરૂપે છે. અને જેમ જેમ ગ્રહણ કરેલાં વ્રતથી વિરુદ્ધ પ્રવૃત્તિ કરે છે તેમ તેમ વિપક્ષનાં અનુબંધની પુષ્ટિ થાય છે, અને તેના કારણે જીવને સુકૃતઅનુમોદનાથી જે શીઘ્ર ધર્મની પ્રાપ્તિ થાય તેવો પુણ્યબંધ થયેલો તે ક્ષીણ થાય છે, અને ધર્મની પ્રાપ્તિ દુર્લભ કરાવે તેવો અશુભ કર્મનો અનુબંધ દૃઢ થાય છે.

આ પ્રકારનું સમ્યગ્ ભાવન કરવાથી જેમ ધર્મ સ્વીકારવા માટે ઉત્સાહ થાય છે તેમ તેનું ગાંભીર્ય સમજીને ઉચિત પ્રવૃત્તિ કરવા માટેનું વીર્ય સંચિત થાય છે, અને આ રીતે તેને પુનઃ પુનઃ ભાવન કરવાથી ધર્મનું મહત્ત્વ જેમ સ્થિર થાય છે તેમ પોતાની શક્તિનું સમાલોચન કરીને જ ઉચિત વ્રત ગ્રહણ કરવાનો ઉત્સાહ થાય છે; કેમ કે વ્રત લીધા પછી જો વ્રતનું પાલન ન થાય તો '**भूयोदुर्लभत्व**' નાં ભાવનના કારણે ભાવિના અનર્થનો પણ ખ્યાલ જીવને વ્રતગ્રહણકાળમાં સ્થિર થયેલો હોય છે. તેથી મારે કઇ રીતે વ્રત ગ્રહણ કરવાં જોઇએ કે જેથી આજીવન હું વ્રત ગ્રહણ કરીને ઉત્તર ઉત્તર ભૂમિકા પામું, તે જાણવા માટે અવશ્ય યત્ન કરે.

**ટીકા :**

**भावयित्वा एवमुक्तेन प्रकारेण यथाशक्ति शक्त्यनुरूपम्, न तद्धान्याधिक्याभ्याम्, उचितविधानमेव ( उचितविधानेन )शास्त्रोक्तेन विधिना, अत्यन्तभावसारं महता प्रणिधानबलेन प्रतिपद्येत धर्मगुणान् न राभसिकया प्रवृत्त्या, अस्या विपाकदारुणत्वात् ।**

★ અહીં '**उचितविधानमेव**' ના સ્થાને '**उचितविधानेन**' પાઠ જોઇએ કેમકે મૂળમાં '**उचित विहाणेण**' પાઠ મળ્યો છે અને તે સાચો જણાય છે અને તેનો જ અર્થ ટીકાકારે '**शास्त्रोक्तेन विधिना**' કરેલ છે.

**ટીકાર્થ :**

**આ રીતે=પૂર્વમાં કહ્યું એ રીતે, ધર્મના સ્વરૂપનું ભાવન કરીને શક્તિને અનુરૂપ=શક્તિને ગોપવીને પણ નહિ, અને શક્તિને ઓળંગીને પણ નહિ, પરંતુ શક્તિને અનુરૂપ ઉચિત વિધાનથી=શાસ્ત્રોક્ત વિધિથી, ધર્મગુણોને અત્યંત ભાવસાર સ્વીકારવાં જોઇએ=મોટા પ્રણિધાનના બળથી સ્વીકારવાં જોઇએ, પરંતુ રાભસિક પ્રવૃત્તિથી નહીં=સ્વશક્તિને વિચાર્યા વગર કે ગ્રહણ કરતી વખતે પ્રણિધાન વગર પ્રવૃત્તિ કરવી તે રૂપ રાભસિક પ્રવૃત્તિથી, વ્રતો સ્વીકારવાં જોઇએ નહિ. કેમ કે રાભસિક પ્રવૃત્તિનું વિપાકદારુણપણું છે=શક્તિના સમાલોચન વગર કે પ્રણિધાન વગર વ્રત સ્વીકારવાથી અનર્થરૂપ ફળની પ્રાપ્તિ થાય છે તે રૂપ વિપાકદારૂણપણું છે.**

**ભાવાર્થ :**

પૂર્વમાં બતાવ્યું એ રીતે ધર્મગુણોના સ્વરૂપનું વારંવાર ચિંતવન કરીને આત્માને ભાવિત કરવો જોઇએ, અને જ્યારે આત્માને સ્પષ્ટપણે ધર્મગુણોનું પ્રકૃતિસુંદરપણું આદિ બુદ્ધિમાં સ્થિર થાય, અને તેના કારણે ધર્મ સ્વીકારવાનો ભાવ પ્રકર્ષવાળો થાય, તેમ જ ધર્મગુણોના વ્રતોનું પાલન દુષ્કર છે તે પણ યથાર્થ સ્થિર થાય, અને વ્રતો લીધા પછી વ્રતભંગના અનર્થો પણ બુદ્ધિમાં સ્થિર થાય, તે રીતે જ્યારે ધર્મગુણોનું ભાવન થઇ જાય, ત્યારપછી જીવ અત્યંત વિચારપૂર્વક શક્તિને અનુરૂપ ધર્મગુણોને સ્વીકારે, તો તે સ્વીકાર્યા પછી તેનું સમ્યક્પાલન કરીને આત્મહિત સાધી શકે.

તે બતાવવા માટે જ કહે છે–

આ રીતે ધર્મગુણોના સ્વરૂપનું ભાવન કરીને પોતાની શક્તિના પ્રકર્ષથી વ્રતો સ્વીકારવાં જોઇએ, પરંતુ શક્તિને ગોપવીને પણ નહિ અને શક્તિને ઉલ્લંઘીને પણ નહિ. એ રીતે વ્રતો સ્વીકારવાં જોઇએ.

આશય એ છે કે વ્રતોના ગ્રહણમાત્રથી ફળ પ્રાપ્ત થતું નથી પરંતુ ગ્રહણ કરાયેલાં વ્રતોને પોતાના પ્રાણથી પણ અધિક સમજીને પ્રાણના ભોગે પણ તેનું પાલન કરવું જોઇએ, અને વ્રતોના પાલનમાં કોઇ સ્ખલના ન થાય તે રીતે તેનું પાલન કરવું જોઇએ. જો અનાભોગથી કે સહસાત્કારથી કદાચ સ્ખલના થઇ જાય તો તેની શુદ્ધિ પણ કરવી જોઇએ.

હવે જો જીવ પોતાની શક્તિનો વિચાર કર્યા વગર, શક્તિથી અધિક વ્રત ગ્રહણ કરી લે, અને વ્રતનું પાલન ન થાય તો વ્રતના ભંગના અનર્થની પ્રાપ્તિ કરે; અને જો શક્તિ પ્રમાણે વ્રત ગ્રહણ કરવામાં ન આવે અને શક્તિને ગોપવવામાં આવે તો પણ વ્રતના સમ્યગ્ ફળને પામી શકે નહિ; કેમ કે શક્તિને ગોપવીને વ્રતો સ્વીકારવાથી ઉત્તર ઉત્તરની ભૂમિકા માટેનો શક્તિનો સંચય થતો નથી જેથી ગ્રહણ કરાયેલા વ્રતો સર્વવિરતિનું કારણ બનતા નથી. જ્યારે પૂર્ણશક્તિથી ઉચિત વ્રત ગ્રહણ કરવામાં આવે, અને તેનું સમ્યગ્ પાલન કરીને શક્તિનો સંચય થઇ જાય ત્યારે ઉપરની ભૂમિકાનાં વ્રત ગ્રહણ કરે અને તેનું સમ્યગ્ પાલન કરે; અને આ ક્રમથી જ ઉપર ઉપરની ભૂમિકાનાં વ્રતોની પ્રાપ્તિ

દ્વારા ક્રમે કરીને સર્વસંવરભાવની પ્રાપ્તિ થાય છે, જેથી સંસારનો ઉચ્છેદ થાય છે. તેથી સંસારના ઉચ્છેદના અર્થી જીવે શક્તિને ગોપવ્યા વગર વ્રત પાલનમાં સમ્યગ્ યત્ન કરવો જોઇએ, અને તે બતાવવા માટે જ અહીં 'યથાશક્તિ' વ્રત ગ્રહણ કરવાનું કહેલ છે.

વળી, તે વ્રતનું ગ્રહણ શાસ્ત્રમાં કહેલી વિધિપૂર્વક કરવાનું છે અને તે વિધિ આ પ્રમાણે છે–

જે વ્રતો પોતાને સ્વીકારવાનાં છે તે વ્રતોનું સમ્યક્ સ્વરૂપ સુગુરુ પાસેથી જાણે, તે વ્રતોના અતિચારોને જાણે અને તે વ્રતો જ કઇ રીતે ઉત્તરોત્તર વૃદ્ધિવાળાં થઇને સર્વવિરતિનું કારણ બને છે, અને અંતે વીતરાગતાનું કારણ બને છે, તે પ્રકારનું-સમ્યગ્ સ્વરૂપ ગુરુ પાસેથી જાણી, સમજી અને સ્થિર કરીને, પછી વ્રતો ગ્રહણ કરવાની ઉચિત વિધિથી તે વ્રતો ગ્રહણ કરે. અને તે વ્રતો ગ્રહણ કરતી વખતે પણ મોટા પ્રણિધાનપૂર્વક વ્રતોને ગ્રહણ કરે પરંતુ રાભસિક પ્રવૃત્તિથી નહિ.

આશય એ છે કે જે પ્રતિજ્ઞા આપવામાં આવે છે તે પ્રતિજ્ઞાનાં સૂત્રો અને અર્થોમાં અત્યંત ઉપયોગપૂર્વક અને સંવેગનો પ્રકર્ષ થાય એ રીતે વ્રતો ગ્રહણ કરે, જેથી વ્રતોના ગ્રહણકાળમાં જ જે વ્રતોને ગ્રહણ કરવાનાં છે તેનાં આવારક કર્મોનો ક્ષયોપક્ષમ ભાવ પ્રગટે, અને ભાવથી તે વ્રતો પરિણમન પામે. પરંતુ વગર વિચારે મારે વ્રતો ગ્રહણ કરવાં છે તેવી વૃત્તિથી વ્રતો ગ્રહણ કરે તો તે વ્રતોની ગ્રહણ કરવાની વિધિ પ્રત્યેનો અનાદરભાવ જીવમાં વર્તતો હોય છે, અને આવો અનાદરભાવ વિપાકથી દારુણ છે. તેના નિવારણ માટે જ કહ્યું કે રાભસિક પ્રવૃત્તિથી=અવિચારક પ્રવૃત્તિથી, વ્રતો ગ્રહણ કરવાં જોઇએ નહિ, પરંતુ સ્વશક્તિના સમાલોચનપૂર્વક અને અત્યંત પ્રણિધાનપૂર્વક વ્રતો સ્વીકારવાં જોઇએ.

**ટીકા :**

**किंभूतांस्तान् ? इत्याह– तंजहा इत्यादि । तद्यथा-स्थूरप्राणातिपात-विरमणं, स्थूरमृषावादविरमणं, स्थूरादत्तादानविरमणं, स्थूरमैथुनविरमणं, स्थूरपरिग्रहविरमणमित्यादि । आदिशब्दाद् दिग्व्रताद्युत्तरगुणपरिग्रहः । आदावुपन्यासश्चैषां भावत इत्थमेव प्राप्तेरिति ।**

**ટીકાર્થ :**

પૂર્વમાં કહ્યું કે ધર્મગુણોને ભાવન કરીને શકિતપ્રમાણે પ્રણિધાનપૂર્વક ધર્મગુણોને સ્વીકારવા જોઈએ. તે ધર્મગુણો કેવા પ્રકારના છે ? એથી કરીને મૂળસૂત્રમાં 'तंजहा' થી કહે છે, અને તેને ટીકામાં બતાવવા માટે કેવા પ્રકારના તે ગુણો છે એ રીતે ઉત્થાન કરીને 'तंजहा इत्यादि' મૂળસૂત્રનું પ્રતિક લઈ હવે તેનો ટીકામાં 'तद्यथा' થી અર્થ કરતાં કહે છે–

**અને તે ધર્મગુણો આ પ્રમાણે છે–**

**(૧) સ્થૂલ પ્રાણાતિપાતથી વિરમણ,**
**(૨) સ્થૂલ મૃષાવાદથી વિરમણ,**
**(૩) સ્થૂલ અદત્તાદાનથી વિરમણ,**
**(૪) સ્થૂલ મૈથુનથી વિરમણ અને**
**(૫) સ્થૂલ પરિગ્રહથી વિરમણ.**

**★ મૂળસૂત્રમાં 'इच्चाइ' છે, તેમાં 'आदि' શબ્દથી દિગ્વ્રતઆદિ ઉત્તરગુણો ગ્રહણ કરવા.**

અહીં પ્રશ્ન થાય કે ધર્મગુણો સ્વીકારવાની ઈચ્છા થાય તો 'આદિ'માં સર્વવિરતિરૂપ ધર્મની વાત ન કરતાં દેશવિરતિરૂપ ધર્મ સ્વીકારવાની વાત પ્રથમ કેમ કરેલ છે ? એથી કહે છે–

**અને 'આદિ' માં આમનો=અણુવ્રતોનો, ઉપન્યાસ એટલા માટે કહેલ છે કે ભાવથી આ રીતે જ પ્રાપ્તિ છે.**

'**इति**' શબ્દ કથનની સમાપ્તિ માટે છે.

**ભાવાર્થ :**

પૂર્વમાં વર્ણન કરાયેલા ધર્મગુણોને '**तंजहा**' થી સૂત્રમાં બતાવ્યા છે અને તે શ્રાવકનાં પાંચ અણુવ્રતરૂપ છે, અને મૂળસૂત્રમાં '**इत्यादि**' શબ્દથી શેષ ગુણવ્રત અને શિક્ષાવ્રતનો સંગ્રહ છે, તેથી અહીં બારવ્રતોના નામમાત્રનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. તેનાથી એ પ્રાપ્ત થાય કે જ્યારે જીવને ધર્મગુણ સ્વીકારવાની ઈચ્છા થાય ત્યારે ધર્મગુણની નિષ્પત્તિના કારણરૂપ એવાં બાર વ્રતોમાં સમ્યગ્ યત્ન કરવાનો છે, અને તે વ્રતો પૂર્વમાં બતાવેલ ધર્મગુણોના પ્રકૃતિસુંદરપણા આદિ

ભાવોને અત્યંત ભાવન કરીને સ્વીકારવાના છે. અને આ ધર્મગુણોનું સ્વરૂપ શ્રાવકનાં બારવ્રતોના આચારરૂપ છે, જેનું શેષ વર્ણન શ્રાવકે અન્ય સ્થાનેથી જાણી લેવાનું છે. અહીં સૂત્રના વિસ્તારના ભયથી કહેલ નથી.

અહીં પ્રશ્ન થાય કે કોઇ જીવને ધર્મ સ્વીકારવાની ઇચ્છા થાય તો પૂર્ણધર્મ સર્વવિરતિ છે, તેથી સર્વવિરતિના ધર્મનું કથન ન કરતાં પ્રથમ દેશવિરતિ સ્વીકારવાનું કથન કેમ કરેલ છે ? તેથી ટીકાકાર ખુલાસો કરે છે–

કોઇ જીવ પ્રથમ સૂત્રમાં બતાવ્યા પ્રમાણે દુષ્કૃતગર્હા અને સુકૃતની અનુમોદના કરીને, જ્યારે ધર્મને સ્વીકારવાની રુચિવાળો થાય છે, ત્યારે જો દેશવિરતિમાં યત્ન કરે તો તે દેશવિરતિ ધર્મ, તેની નજીકની ભૂમિકા હોવાથી શીઘ્ર પરિણામ પામે છે; અને સર્વવિરતિનો પરિણામ ધર્મગુણોની રુચિ પછી ઘણા પ્રયત્નથી સાધી શકાય તેવો છે, તેથી અહીં સર્વવિરતિનો ઉપન્યાસ ન કરતાં દેશવિરતિનો ઉપન્યાસ કરેલ છે. વળી જીવને ક્ષયોપશમ ભાવની આ રીતે જ પ્રાપ્તિ થાય છે =ધર્મ સ્વીકારવાની તીવ્ર રુચિરૂપ સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી દેશવિરતિમાં યત્ન કરે તો જ ભાવથી દેશવિરતિની પ્રાપ્તિ થાય છે, પણ જો સર્વવિરતિમાં યત્ન કરે તો તેની પ્રાપ્તિ થવાની સંભાવના ઓછી રહે છે. કોઇ જીવને વીર્યનો પ્રકર્ષ થાય તો તે જીવ સમ્યક્ત્વની પ્રાપ્તિ કર્યા પછી અલ્પકાળમાં દેશવિરતિનો ક્ષયોપશમ કરીને તુરત જ સર્વવિરતિનો ક્ષયોપશમ કરે છે, તેથી એક અંતર્મુહૂર્તમાં જ સમ્યક્ત્વ પછી સીધી સર્વવિરતિની પણ કોઇક જીવને પ્રાપ્તિ થઇ શકે, તો પણ સામાન્ય રીતે ભાવથી દેશવિરતિની પ્રાપ્તિ પછી જ સર્વવિરતિની પ્રાપ્તિ થાય છે. માટે 'આદિ' માં શ્રાવકધર્મનાં વ્રતોનો ઉપન્યાસ છે.

બીજું સૂત્ર સાધુ-ધર્મ-પરિભાવના છે, અને તે નામથી વિચારતાં પ્રથમ દૃષ્ટિએ એમ લાગે કે પ્રસ્તુત સૂત્રમાં સાધુધર્મનું વર્ણન હશે, પરંતુ આ સૂત્રમાં સાધુધર્મનું વર્ણન ન કરતાં સાધુધર્મની પ્રાપ્તિના ઉપાયરૂપ દેશવિરતિનું વર્ણન કરેલ છે; અને દેશવિરતિના વર્ણનમાં પણ સાક્ષાત્ પાંચ અણુવ્રતના નામમાત્રનો ઉલ્લેખ કર્યો છે, અને બાકીનાં વ્રતોનો '**इत्यादि**' થી સૂત્રમાં સંગ્રહ કર્યો છે. અને દેશવિરતિ ધર્મને સમ્યગ્ પરિણમન પમાડવા માટે અને ક્રમે કરીને આ દેશવિરતિ ધર્મ સાધુધર્મની નિષ્પત્તિનું કારણ બને તે માટે કઇ રીતે ઉચિત પ્રયત્ન કરવો જોઇએ, તે બતાડવા માટે શેષ વર્ણન કરેલ છે.

**ઉત્થાન :**

પૂર્વમાં કહ્યું કે, સર્વવિરતિ ધર્મનો પ્રથમ ઉપદેશ ન આપતાં દેશવિરતિ ધર્મનો જ ઉપદેશ પ્રથમ કરેલ છે તેનું કારણ ભાવથી આ રીતે જ પ્રાપ્તિ છે= દેશવિરતિની પ્રાપ્તિપૂર્વક જ સર્વવિરતિની પ્રાપ્તિ છે. તેમાં '**उक्तं च**' થી સાક્ષી આપે છે–

**ટીકા :**

**उक्तं च-**

**सम्मत्तम्मि उ लद्धे पलियपुहत्तेण सावओ होज्जा ।**
**चरणोवसमखयाणं सागरसंखंतरा होंति ॥**

**एवं अप्परिवडिए सम्मत्ते देव-मणुयजम्मेसु ।**
**अण्णयरसेढिवज्जं एगभवेणं व सव्वाइं ॥ [ वि.भा.१२१२-१२२० ] इत्यादि ।**

**ટીકાર્થ :**

**સમ્યક્ત્વ પ્રાપ્ત થયે છતે પલ્યોપમ પૃથક્ત્વથી શ્રાવક થાય છે, અને ત્યારપછી ચારિત્ર, ઉપશમ શ્રેણી અને ક્ષપકશ્રેણીમાં ક્રમસર સંખ્યાત સાગરોપમની ક્ષપણા થાય છે.**

**આ રીતે દેવ અને મનુષ્યજન્મમાં સમ્યક્ત્વનો પ્રતિપાત ન થાય તો દેશવિરતિ આદિનો લાભ થાય છે, અથવા તો અન્યતર શ્રેણીને છોડીને એક જ ભવમાં સર્વની=મોક્ષની પ્રાપ્તિ થાય છે.**

**★ 'इत्यादि' શબ્દથી અન્ય પણ પૂર્વનાં કથનની પુષ્ટિ કરનાર સાક્ષીનો સમુચ્ચય છે.**

**ભાવાર્થ :**

સાક્ષીપાઠમાં કહેલ વિશેષઆવશ્યક ભાષ્યની ગાથાનો અર્થ આ પ્રમાણે છે–

સમ્યક્ત્વને પ્રાપ્ત કર્યા પછી પલ્યોપમ પૃથક્ત્વની સ્થિતિ ઘટે ત્યારે જીવને શ્રાવકપણું પ્રાપ્ત થાય છે.

આનાથી એ કહેવું છે કે દુષ્કૃતગર્હા અને સુકૃતઅનુમોદનાથી જીવ તત્ત્વનો તીવ્ર પક્ષપાતી બને તો સમ્યક્ત્વ પ્રાપ્ત થાય. અને સમ્યક્ત્વપ્રાપ્તિ વખતે જીવની

જે કર્મોની સ્થિતિ છે, તે સ્થિતિ કરતાં પલ્યોપમ પૃથક્ત્વ કર્મની સ્થિતિ ઘટે તો જીવ શ્રાવક બને, અને આ સ્થિતિ ઘટાડવા માટે જ સાધુ-ધર્મ-પરિભાવના સૂત્ર બતાવેલ છે. અને આ સૂત્રની આદિમાં ધર્મગુણોનું પ્રકૃતિસુંદરપણું આદિ જે કાંઇ બતાવ્યું છે તે કહેવાનું પણ એ જ પ્રયોજન છે કે આ સૂત્રમાં બતાવેલા પ્રયત્નથી, જો જીવ સમ્યગ્ યત્ન કરે તો અવશ્ય ભાવથી તેને દેશવિરતિ પ્રાપ્ત થાય, જેથી સાધુધર્મની યોગ્યતા પ્રગટે, અને પછી સાધુધર્મ સ્વીકારે તો ભાવથી સાધુધર્મ પ્રગટ થાય.

અહીં પલ્યોપમ પૃથક્ત્વથી ૨ થી ૯ પલ્યોપમ કર્મની સ્થિતિ ગ્રહણ કરવાની છે. ત્યાં વિચારકને પ્રશ્ન થાય કે ૨ પલ્યોપમ સ્થિતિ ઘટે તો શ્રાવકપણું આવે કે ૯ પલ્યોપમ સ્થિતિ ઘટે તો શ્રાવકપણું આવે ? તેનો આશય એ છે કે કોઇ જીવને ૨ પલ્યોપમ સ્થિતિ ઘટવાથી પણ શ્રાવકપણું આવી શકે અને કોઈ જીવને ૯ પલ્યોપમ સ્થિતિ ઘટવાથી પણ શ્રાવકપણું આવી શકે, અને તે સ્થિતિ જેની વધારે ઘટેલી હોય તેને શ્રાવકપણાની ઊંચી ભૂમિકા આવી શકે. અને જે જીવ સમ્યક્ત્વ પામ્યા પછી સમ્યક્ત્વથી ચ્યુત ન થાય તો દેવ અને મનુષ્યજન્મની અંદર તે કર્મોને ભોગવીને ૨ થી ૯ પલ્યોપમની સ્થિતિ ઓછી કરે તો શ્રાવકપણું પ્રાપ્ત કરે, અથવા તો ઉપદેશઆદિની સામગ્રીને પામીને પ્રસ્તુત સૂત્રમાં કહ્યું તેમ સાધુધર્મનું પરિભાવન કરે તો શીઘ્રપણે તે ૨ થી ૯ પલ્યોપમની સ્થિતિને ખપાવી શકે, અને વીર્યનો પ્રકર્ષ થાય તો અંતર્મુહૂર્તમાં પણ ખપાવીને ભાવથી દેશવિરતિ પામી શકે. અને આ દેશવિરતિ માત્ર વ્રતના બાહ્ય પાલનરૂપ નથી, પણ તે દેશવિરતિના પાલનથી ધીમે ધીમે જીવ સર્વવિરતિની સન્મુખ એવા વિશેષ વિશેષતર સંવરભાવને પામે છે, અને જ્યારે દેશવિરતિના પાલનમાં વીર્યનો પ્રકર્ષ થાય ત્યારે સર્વવિરતિ સ્વીકારવાનો પણ અધ્યવસાય થાય છે, અને તે રીતે પ્રયત્ન કરે તો પ્રાયઃ કરીને જીવને ભાવથી સર્વવિરતિ પ્રાપ્ત થઇ શકે છે.

ઉદ્ધરણની પ્રથમ ગાથાના (વિ.આ. ભા. ૧૨૨૨) પ્રથમ પાદનું જોડાણ ઉપરના કથન સાથે સાક્ષીપાઠરૂપે છે, અને ઉદ્ધરણના બીજા પાદનો ભાવ આ પ્રમાણે છે–

દેશવિરતિની પ્રાપ્તિ થયા પછી સંખ્યાતા સાગરોપમની સ્થિતિ ઓછી થાય ત્યારે જીવને ભાવથી સર્વવિરતિનો પરિણામ થાય છે, અને સર્વવિરતિનો ભાવથી

પરિણામ થયા પછી બીજા સંખ્યાતા સાગરોપમની સ્થિતિ ઘટે ત્યારે ઉપશમશ્રેણીની પ્રાપ્તિ થાય છે. અને ઉપશમશ્રેણીની સ્થિતિ કરતાં પણ સંખ્યાતા સાગરોપમની સ્થિતિ ઘટે ત્યારે ક્ષપકશ્રેણી પ્રાપ્ત થાય છે.

ઉદ્ધરણની બીજી ગાથાનો (વિ.આ. ભા. ૧૨૨૩) ભાવ આ પ્રમાણે છે–

કોઇ જીવ સમ્યક્ત્વ પામ્યા પછી સમ્યક્ત્વથી પ્રતિપાત ન થાય અને વિશેષ પ્રયત્ન દ્વારા દેશવિરતિ ન પામે, તો દેવ અને મનુષ્યજન્મમાં પલ્યોપમ પૃથક્ત્વ સ્થિતિ ઘટાડીને અવશ્ય અન્ય કોઈ મનુષ્ય જન્મમાં દેશવિરતિ પામે છે, અથવા તો સમ્યક્ત્વ પામ્યા પછી કોઇ જીવ એક ભવમાં જ દેશવિરતિ, ત્યારપછી સર્વવિરતિ અને ત્યારપછી ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણીમાંથી કોઇ એક શ્રેણી પ્રાપ્ત કરે. અને જો જીવ ઉપશમશ્રેણી પ્રાપ્ત કરે તો તે ભવમાં જ તે જીવ મોક્ષમાં ન જાય, અને કોઇ જીવ ક્ષપકશ્રેણી પ્રાપ્ત કરે તો તે જ ભવમાં મોક્ષમાં જાય.

આનાથી એ ફલિત થાય કે પ્રથમ સૂત્રમાં બતાવ્યું તેમ દુષ્કૃતગર્હા અને સુકૃતઅનુમોદના કરીને કોઇ જીવ સમ્યક્ત્વ પામે, અને સમ્યક્ત્વ પામ્યા પછી પ્રસ્તુત સૂત્રમાં બતાવ્યા પ્રમાણે સાધુધર્મ પરિભાવન કરીને તે જ ભવમાં દેશવિરતિને પામે, અને એટલું જ નહિ પણ આગળના સૂત્રમાં બતાવાશે તેમ સર્વવિરતિને પામે, અને ભાવથી ચારિત્ર પામે, અને ચારિત્રમાં દૃઢ યત્ન કરીને સ્થિતિ ઘટાડીને ક્ષપકશ્રેણી માંડીને તે જ ભવમાં મોક્ષે પણ જઇ શકે.

**ઉત્થાન :**

હવે શ્રાવકના વ્રતો ગ્રહણ કર્યા પછી કેવી રીતે પાલનમાં યત્ન કરવો જોઈએ તે બતાવતાં કહે છે–

**સૂત્ર :**

**पडिवज्जिऊण पालणे जइज्जा, सयाऽऽणागाहगे सिआ, सयाऽऽणाभावगे सिआ, सयाऽऽणापरतंते सिआ। आणा हि मोहविसपरममंतो, जलं दोसाईजलणस्स, कम्मवाहिचिगिच्छासत्थं, कप्पपायवो सिवफलस्स।**

**સૂત્રાર્થ :**

**વ્રતોને સ્વીકારીને વ્રતના પાલનમાં યત્ન કરવો જોઇએ. કેવી રીતે યત્ન કરવો જોઇએ ? એથી કહે છે–**

**સદા આજ્ઞાગ્રાહક થવું જોઇએ, સદા આજ્ઞાભાવક થવું જોઇએ, સદા આજ્ઞાપરતંત્ર થવું જોઇએ. જે કારણથી આજ્ઞા મોહરૂપી વિષને માટે પરમમંત્ર છે, દ્વેષાદિરૂપી અગ્નિને માટે જલ છે, કર્મરૂપી વ્યાધિ માટે ચિકિત્સાશાસ્ત્ર છે અને મોક્ષરૂપી ફળ માટે કલ્પવૃક્ષ છે.**

**ઉત્થાન :**

પૂર્વમાં બતાવ્યું તે રીતે શાસ્ત્રવિધિ પ્રમાણે ભાવથી શ્રાવકનાં ૧૨ વ્રતો કોઈ ગ્રહણ કરે ત્યારપછી તેણે શું કરવું જોઈએ તે બતાવે છે–

**ટીકા :**

**पडिवज्जिऊण इत्यादि । प्रतिपद्य पालने यतेत** अधिकृतगुणानाम् । **कथम् ? इत्याह– सदाऽऽज्ञाग्राहकः** स्यात्, अध्ययन-श्रवणाभ्याम् । आज्ञा आगम उच्यते । **सदाऽऽज्ञाभावकः** स्यात्,अनुप्रेक्षाद्वारेण । **सदाऽऽज्ञापरतन्त्रः** स्यादनुष्ठानं प्रति ।

**ટીકાર્થ :**

'पडिवज्जिऊण इत्यादि' એ પ્રતિક છે.

શ્રાવકનાં વ્રતો સ્વીકારીને અધિકૃતગુણોના પાલન માટે = શ્રાવકનાં વ્રતોના પાલન માટે, યત્ન કરે, તો કેવી રીતે યત્ન કરે ? આથી કરીને કહે છે–

શાસ્ત્રઅધ્યયન અને શ્રવણ દ્વારા સદા આજ્ઞાગ્રાહક થાય.

અહીં પ્રશ્ન થાય કે સૂત્રમાં આજ્ઞાગ્રાહક થાય તેમ કહ્યું છે, તેનાથી અધ્યયન-શ્રવણ દ્વારા આજ્ઞાગ્રાહક થાય એવો અર્થ કેમ કર્યો ? તેથી કહે છે–

આજ્ઞા આગમ કહેવાય છે.

અધ્યયન શ્રવણ દ્વારા આજ્ઞા ગ્રહણ કર્યા પછી શું કરે ? તેથી કહે છે–

**અનુપ્રેક્ષા દ્વારા સદા આજ્ઞાભાવક થાય.**

આજ્ઞા ભાવન કર્યા પછી શું કરે કે જેથી વ્રતના પાલન માટે સમ્યગ્ યત્ન થાય ? તેથી કહે છે–

**અનુષ્ઠાનને આશ્રયીને સદા આજ્ઞાપરતંત્ર થાય.**

**ભાવાર્થ :**

પૂર્વમાં બતાવ્યું એ રીતે શ્રાવકનાં વ્રતો સ્વીકાર્યા પછી તે વ્રતોના પાલન માટે યત્ન કરવો જોઈએ.

અહીં પ્રશ્ન થાય કે વ્રતોના પાલન માટે કઈ રીતે યત્ન કરવો જોઈએ ? તેથી તે યત્નનો ઉપાય બતાવતાં કહે છે–

શ્રાવકનાં વ્રતો સ્વીકાર્યા પછી સંવેગની વૃદ્ધિ કરે તેવાં શાસ્ત્રોનું અધ્યયન કરવું જોઈએ અને સુગુરુ પાસે તે તે શાસ્ત્રના અર્થનું શ્રવણ કરવું જોઈએ, જેથી ભગવાનનાં વચનનો નવો નવો બોધ થાય. આ બતાવવા માટે સૂત્રમાં સદા આજ્ઞાગ્રાહક થવું જોઈએ તેમ કહ્યું.

તે બોધ કર્યા પછી લીધેલાં વ્રતોમાં સંવરભાવનો યત્ન કઈ રીતે થઈ શકે, તે બતાવવા માટે કહે છે–

**અનુપ્રેક્ષા દ્વારા સદા આજ્ઞાભાવક થવું જોઈએ.**

આશય એ છે કે વ્રતો ગ્રહણ કર્યા પછી શક્તિ પ્રમાણે નવાં નવાં શાસ્ત્રોનું અધ્યયન અને ગુરુ પાસે શાસ્ત્રોનું શ્રવણ કરવું જોઈએ, અને જ્યાં અર્થ સ્પષ્ટ ન થાય ત્યાં પૃચ્છા કરવી જોઈએ. અને પૃચ્છા કર્યા પછી જ્યારે અર્થ સ્પષ્ટ થઈ જાય ત્યારે તે સૂત્ર અને અર્થનું પરાવર્તન કરીને તેને સ્થિર કરવાં જોઈએ. અને જ્યારે તે સૂત્ર અને અર્થનો બોધ સ્થિર થઈ જાય ત્યારે તે સૂત્રોના અર્થથી અનુપ્રેક્ષા દ્વારા આત્માને ભાવન કરવો જોઈએ=અત્યંત ઉપયોગપૂર્વક સૂત્ર અને અર્થમાં ચિત્તને પરોવીને સંવેગની વૃદ્ધિ થાય તે રીતે આત્માને ભાવિત કરવો જોઈએ. અને આ રીતે આત્માને ભાવિત કર્યા પછી દરેક આચરણાઓ ભગવાનના વચનના સ્મરણ નીચે કરવી જોઈએ, અને તે જ બતાવવા માટે કહે છે–

**અનુષ્ઠાનને આશ્રયીને સદા આજ્ઞાને પરતંત્ર રહેવું જોઈએ.**

આશય એ છે કે જીવ સંસારની પ્રવૃત્તિ કરતો હોય ત્યારે પણ ભગવાનના વચનનું સ્મરણ કરીને તે પ્રવૃત્તિ કરે, જેથી સંસારના ભાવોમાં ચિત્ત સંશ્લેષ પામે નહિ. તે આ રીતે–

ભગવાને કહ્યું છે કે "**सल्लं कामा विसं कामा कामा आसिविसोवमा, कामे पत्थेमाणा अकामा जंति दुग्गइ ॥**" (ઉત્તરા.૯-૫૩) તે યાદ કરવાથી કામાદિની મનોવૃત્તિ તત્કાળ શાંત થઈ જાય છે. આ રીતે વિચારવા છતાં જો જીવની ચિત્તવૃત્તિ શાંત ન થાય તો ક્ષણભર વિષયોનો સંપર્ક કરે તો પણ તેમાં ગૃદ્ધિ ન થાય તે રીતે જ પ્રવૃત્તિ કરીને તેમાંથી નિવૃત્ત થાય. જેમ વિવેકી વ્યક્તિને ખૂબ ખણજ ઊઠેલી હોય અને રહી ન શકાય તો ક્ષણભર ખણજ કરીને તેને છોડી દે છે, પરંતુ જો ખણજ કરવામાં જ દઢ યત્ન કરે તો ખણજની વૃદ્ધિ અને ઉઝરડાની પ્રાપ્તિ થાય. તેથી જેમ વિવેકી વ્યક્તિ ખણજથી ચિત્તને દૂર રાખવા યત્ન કરે છે તેમ આજ્ઞાને પરતંત્ર રહેનાર શ્રાવક ભોગાદિથી દૂર રહેવા જ યત્ન કરે. અને કદાચ પ્રવૃત્તિ કરે તો પણ વિશેષ અનર્થ ન થાય તે રીતે જ પ્રવૃત્તિ કરે, અને વારંવાર ભગવાનના વચનનું સ્મરણ કરીને સદ્અનુષ્ઠાનમાં યત્ન કરે; અને તે અનુષ્ઠાનમાં યત્ન પણ આગમને પરતંત્ર થઈને કરે, જેથી અનુષ્ઠાનના સેવનથી ઉત્તરોત્તર સંવેગની વૃદ્ધિ થાય, જેથી ભોગાદિની મનોવૃત્તિ ક્ષીણ ક્ષીણતર થતી જાય, અને સદ્અનુષ્ઠાનના સેવનથી ઉપશમરસનો અનુભવ વધતો જાય. અને જ્યારે ચિત્ત સંપન્ન થઈ જાય ત્યારે પોતે જે દેશવિરતિ સ્વીકારી છે તેમાં વિશેષ વિશેષતર સંકોચ કરીને વિરતિનો અભ્યાસ વધારીને સર્વવિરતિ તરફ જવા યત્ન કરે, જેથી દેશવિરતિના પણ ઉપર ઉપરના સંયમસ્થાનમાં જઈને સર્વવિરતિની નજીકની ભૂમિકા પ્રાપ્ત કરે; કેમ કે શાસ્ત્રઅધ્યયનથી શ્રાવકને એ નિર્ણય હોય છે કે સંસારનો નિસ્તાર સર્વવિરતિના દઢ પાલનથી જ થઈ શકે છે, અને સર્વવિરતિના દઢ પાલનથી જ જીવને નિર્લેપ પરિણામ થાય છે, અને નિર્લેપ પરિણામ જ જીવને પરમસુખરૂપ છે અને નિર્લેપ પરિણામ જ પ્રકર્ષને પામીને વીતરાગતાનું કારણ છે અને વીતરાગતા જ સર્વકર્મના નાશ દ્વારા સંપૂર્ણ સુખમય મોક્ષનું કારણ છે. માટે દેશવિરિતનાં વ્રતોમાં એ રીતે જ યત્ન કરવો જોઈએ, જેથી સર્વવિરતિને અનુકૂળ શક્તિનો સંચય થાય.

જેને ઉપરમાં વર્ણન કર્યું તેવા પ્રકારનો બોધ નથી અને માત્ર ધર્મભાવથી દેશવિરતિનાં વ્રતો સ્વીકાર્યા છે તેઓ દેશવિરતિનું પાલન કરે તો પણ પરમાર્થથી તે દેશવિરતિ ફક્ત બાહ્ય આચરણારૂપ શુભ અનુષ્ઠાન છે; કેમ કે લલિતવિસ્તરા ગ્રંથમાં કહ્યું છે કે "**सर्वविरतिलालसः खलु आद्य देशविरतिपरिणामः**" સર્વવિરતિની લાલસાવાળો દેશવિરતિનો પરિણામ છે.

**ઉત્થાન :**

પૂર્વમાં કહ્યું કે વ્રતોને સ્વીકાર્યા પછી તેના પાલન માટે સદા આજ્ઞાગ્રાહક થવું જોઈએ, સદા આજ્ઞાભાવક થવું જોઈએ અને સદા આજ્ઞાપરતંત્ર થવું જોઈએ. ત્યાં પ્રશ્ન થાય કે વ્રતોને સ્વીકાર્યા પછી વ્રતની જે મર્યાદા છે તેમાં યત્ન કરવાથી વ્રતોનું પાલન થઈ શકે છે, તો પછી શાસ્ત્રઅધ્યયનરૂપ આજ્ઞાગ્રાહક આદિની શી જરૂર છે ? તેથી કહે છે–

**ટીકા :**

**किमेवम्? इत्याह–आज्ञा हि मोहविषपरममन्त्रः, तदपनयनेन । जलं द्वेषादिज्वलनस्य, तद्विध्यापनेन । कर्मव्याधिचिकित्साशास्त्रम्, तत्क्षयकारणत्वेन । कल्पपादपः शिवफलस्य, तदवन्ध्यसाधकत्वेन ।**

**ટીકાર્થ :**

**વ્રતોના પાલન માટે આ પ્રમાણે કેમ છે?=આજ્ઞાગ્રાહક આદિની આવશ્યક્તા કેમ છે ? એથી કહે છે–**

**જે કારણથી આજ્ઞા મોહવિષનું અપનયન કરનાર હોવાથી મોહરૂપી વિષને માટે પરમમંત્ર છે, આજ્ઞા જ દ્વેષાદિરૂપી અગ્નિને ઓલવનાર હોવાથી દ્વેષાદિરૂપ અગ્નિ માટે જલ છે, આજ્ઞા જ કર્મના ક્ષયનું કારણ હોવાને કારણે કર્મરૂપી વ્યાધિ માટે ચિકિત્સાશાસ્ત્ર છે અને આજ્ઞા જ મોક્ષનું અવંધ્ય સાધક હોવાને કારણે મોક્ષરૂપી ફળ માટે કલ્પવૃક્ષ છે.**

★ '**द्वेषादि**' માં '**आदि**' પદથી ઈર્ષ્યા, માત્સર્ય વગેરે લેવાનાં છે.

**ભાવાર્થ :**

દેશવિરતિનું પાલન કરવું હોય તો દેશવિરતિનાં વ્રતોનું જ્ઞાન અને તેના અતિચારનું જ્ઞાન હોય તો દેશવિરતિનું સમ્યગ્ પાલન થઇ શકે, અને તે જ્ઞાન વળી વ્રતો લેતાં પહેલાં જ કરવાની આવશ્યક્તા રહે છે. જો વ્યક્તિ દેશવિરતિના વ્રતોનું જ્ઞાન અને દેશવિરતિના અતિચારોનું જ્ઞાન કરીને તેમાં અપ્રમાદભાવથી યત્ન કરે તો દેશવિરતિનું પાલન થઇ શકે. તેથી દેશવિરતિના પાલન માટે પૂર્વમાં કહ્યું કે આજ્ઞાગ્રાહક આદિ ભાવોમાં યત્ન કરવો જોઇએ, તે કઇ રીતે સંગત થઇ શકે, તે બતાવવા માટે કહે છે–

**૧. મોહરૂપી વિષ માટે આજ્ઞા પરમમંત્ર છે; કેમ કે આજ્ઞા મોહરૂપી વિષને દૂર કરે છે.**

આશય એ છે કે કોઇ જીવ દેશવિરતિનાં વ્રતાદિનું જ્ઞાન કરીને દેશવિરતિના પાલન માટે યત્ન કરે, તો પણ, જીવને મોહનો અભ્યાસ અનાદિનો છે અને મોહરૂપી વિષ જીવમાં અવ્યક્તપણે પડેલું છે અને તે ક્ષીણ થાય તો જ સંવરભાવ આવે. અને તે મોહરૂપી વિષને દૂર કરવા માટે ભગવાનના વચનરૂપી શાસ્ત્રનો બોધ પરમમંત્ર છે. તેથી જેમ શ્રેષ્ઠ એવા મંત્રનો જાપ કરવામાં આવે તો શરીરમાં રહેલું વિષ દૂર થાય છે, તેમ જે જીવ દેશવિરતિ સ્વીકારે ત્યારપછી સંવેગની વૃદ્ધિ કરે તેવા શાસ્ત્રનું અધ્યયન કરે, અને યોગ્ય ગુરુ પાસે તેના અર્થનું શ્રવણ કરે તો આત્મામાં સંવેગની વૃદ્ધિ થાય છે, અને સંવેગની વૃદ્ધિ થવાથી સંવરભાવ વધે છે. તેથી વ્રતોના બોધપૂર્વક દેશવિરતિનું પચ્ચક્ખાણ કર્યું ત્યારે જે સંવરભાવ થયેલો તે શાસ્ત્રઅધ્યયનકાળમાં ક્રમસર વધે છે.

જે જીવો વ્રતો ગ્રહણ કર્યા પછી શાસ્ત્રઅધ્યયનમાં યત્ન કરતા નથી, તેમને વ્રતોનું પચ્ચક્ખાણ હોવા છતાં, મોહના વિષની અસર થવાથી, વ્રતગ્રહણકાળમાં યત્નથી પ્રગટ થયેલો સંવરભાવ પણ પ્રાયઃ નાશ પામે છે. તેથી સંવરભાવને જીવાડવા માટે અને અતિશય કરવા માટે આજ્ઞાનું ગ્રહણ, આજ્ઞાનું ભાવન અને આજ્ઞાને પરતંત્ર થવાનો યત્ન કરવો જોઇએ. અને આથી જ શ્રાવક દેશવિરતિ ગ્રહણ કર્યા પછી જ્યારે શાસ્ત્રઅધ્યયન દ્વારા દેશવિરતિના ભાવોને સ્થિર કરી શકે છે ત્યારે જ તે દેશવિરતિનો પરિણામ જીવની પ્રકૃતિરૂપે બને છે, અને ત્યારપછી સાધુસામાચારી સાંભળીને તે સાધુસામાચારીને કહેનારાં શાસ્ત્રોનું

અધ્યયન કરીને ધીરે ધીરે સર્વવિરતિને અનુકૂળ એવા ચિત્તનું નિર્માણ તે શ્રાવક કરે છે.

વળી, અન્ય દૃષ્ટાંતથી પણ ભગવાનના વચનના બોધનું મહત્ત્વ બતાવે છે–

**૨. આત્મામાં વર્તતા દ્વેષાદિ ભાવરૂપી અગ્નિને બુઝવવા માટે ભગવાનનું વચન જલ જેવું છે.**

તેથી જેમ અગ્નિ સળગ્યો હોય તો પાણીથી તેને બુઝાવી શકાય છે તેમ આત્મામાં અનાદિકાળના સંસ્કારને કારણે નિમિત્તભાવને પામીને દ્વેષાદિ ભાવરૂપી અગ્નિ પ્રજ્વલિત થાય છે, અને જો તેને બુઝવવામાં ન આવે તો વિનાશનું કારણ બને, જ્યારે સદ્શાસ્ત્રોનું અધ્યયન દ્વેષાદિ ભાવોને શાંત કરે છે, જેથી તથા પ્રકારનાં નિમિત્તને પામીને દ્વેષાદિ ભાવો ઊઠી શકતા નથી, અને અભ્યાસના અતિશયથી જ્યારે દ્વેષાદિ ભાવોના સંસ્કારો પ્રતિબદ્ધ થઈ જાય ત્યારે તથા પ્રકારનાં નિમિત્તોમાં પણ તે ભાવો ઊઠી શકતા નથી, જેથી જીવને શાંતરસનો અનુભવ થાય છે, માટે જ દેશવિરતિનાં વ્રતો ગ્રહણ કર્યા પછી સંવરભાવની વૃદ્ધિ માટે શાસ્ત્રના અધ્યયન આદિમાં યત્ન કરવો જોઈએ.

વળી, અન્ય દૃષ્ટાંતથી શાસ્ત્રઅધ્યયનનું મહત્ત્વ બતાવે છે–

**૩. કર્મવ્યાધિને ક્ષય કરનાર હોવાથી શાસ્ત્રનો બોધ એ કર્મવ્યાધિ માટે ચિકિત્સાશાસ્ત્ર છે.**

આશય એ છે કે અનાદિકાળથી જીવે કર્મનો સંચય કરી રાખ્યો છે, અને જેમ વ્યાધિ એ શરીરની વિકૃત અવસ્થા છે તેમ આત્મામાં સંચિત થયેલાં કર્મો એ આત્માની વિકૃત અવસ્થા છે. તેથી જેમ વ્યાધિથી પીડાતો જીવ હંમેશાં દુઃખનો અનુભવ કરે છે, તેમ કર્મરૂપી વ્યાધિથી જીવ હંમેશાં સંસારના કલેશને પામે છે. અને જેમ ચિકિત્સાને બતાવનારાં સદ્શાસ્ત્રો કર્મના વ્યાધિને મટાડવાનું કારણ બને છે, તેમ ભગવાનનાં વચન કર્મરૂપ વ્યાધિને મટાડવાનું કારણ બને છે. આમ છતાં, ચિકિત્સાને કહેનારાં શાસ્ત્રો જેમ તેના વચન અનુસાર ઉચિત પ્રવૃત્તિ કરનારના જ વ્યાધિને મટાડી શકે છે; અન્યની વ્યાધિને નહિ. તેમ જે વ્યક્તિ શાસ્ત્રનું અધ્યયન કર્યા પછી શાસ્ત્ર વચનથી ભાવિત થઈને તે વચન અનુસાર જ

મન-વચન-કાયાની પ્રવૃત્તિ કરવા યત્ન કરે છે, તેનાં જ કર્મરૂપી વ્યાધિને શાસ્ત્ર દૂર કરી શકે છે, પરંતુ મનસ્વી રીતે શાસ્ત્ર ભણે કે મનસ્વી રીતે ધર્મની પ્રવૃત્તિ કરે તો કર્મવ્યાધિ નાશ પામે નહિ.

વળી, જીવ સુખનો અર્થી છે અને પરિપૂર્ણ સુખ આત્માની મુક્ત અવસ્થામાં જ છે અને પૂર્ણસુખની પ્રાપ્તિનો ઉપાય ભગવાનનાં વચનો જ છે તે બતાવવા માટે કહે છે–

**૪. મોક્ષરૂપી ફલ માટે કલ્પવૃક્ષ જેવું ભગવાનનું વચન છે; કેમ કે મોક્ષરૂપી ફલ માટે શાસ્ત્ર અવંધ્ય કારણ છે.**

આશય એ છે કે કોઈ જીવ ભગવાનના વચનનો સમ્યગ્ બોધ કરે અને બોધ કર્યા પછી તે જ વચનોથી આત્માને અત્યંત ભાવિત કરે અને ત્યારપછી તે વચન અનુસાર જ ઉચિત પ્રવૃત્તિ કરે, તો અવશ્ય ભગવાનનું વચન મોક્ષરૂપી ફલનું કારણ બને છે; કેમ કે ભગવાનના વચનના બોધથી સંવેગનો પ્રકર્ષ થાય છે, અને તેના ભાવનથી નિર્લેપદશા વધતી જાય છે; અને ભગવાનના વચન અનુસાર સદ્અનુષ્ઠાનો કરવાથી નિર્લેપદશા સ્થિરભાવને પામે છે, જે પ્રકર્ષને પામીને વીતરાગતાનું કારણ બને છે, અને વીતરાગતા એ મોક્ષરૂપી ફલમાં વિશ્રાંત થાય છે. માટે સુખના અર્થી જીવે વ્રતોને સ્વીકાર્યા પછી સદ્શાસ્ત્રના અધ્યયન આદિમાં જ યત્ન કરવો જોઈએ.

**ઉત્થાન :**

સાધુધર્મના પરિભાવન માટે ધર્મગુણોનું પ્રકૃતિસુંદર આદિપણું ભાવન કરીને દેશવિરતિ ગ્રહણ કરવામાં આવે, અને ત્યારપછી ભાવથી દેશવિરતિના પાલન માટે સદા આજ્ઞાગ્રાહકઆદિ થવું જોઈએ, તે વાત પૂર્વમાં બતાવી. હવે દેશવિરતિના પાલન માટે અન્ય શું કરવું ઉચિત છે, તે બતાવે છે–

**સૂત્ર :**

**वज्जेज्जा अधम्ममित्तजोगं । चिंतेज्जा अभिणवपाविए गुणे, अणाइभवसंगए य अगुणे, उदग्गसहकारित्तं अधम्ममित्ताणं, उभयलोगगरहियत्तं, असुहजोगपरंपरं च ।**

**સૂત્રાર્થ :**

**અધર્મમિત્રના યોગનું વર્જન કરવું જોઇએ, નવા સ્વીકારાયેલા વ્રતના ગુણોનું ચિંતવન કરવું જોઇએ, અને અનાદિભવસંગત એવા દોષોનું ચિંતવન કરવું જોઇએ. અને અધર્મમિત્રો અનાદિભવસંગત દોષોના તીવ્ર સહકારી છે તેનું ચિંતવન કરવું જોઇએ, અને અધર્મમિત્રોના ઉભયલોકગર્હિતપણાનું ચિંતવન કરવું જોઇએ, અને અધર્મમિત્રોના અશુભયોગની પરંપરાપણાનું ચિંતવન કરવું જોઇએ.**

**ટીકા :**

तथा वज्जेज्जा इत्यादि। वर्जयेत् अधर्ममित्रयोगम् अकल्याणमित्र-संबन्धम्, चिन्तयेत् अभिनवप्राप्तान् गुणान् स्थूरप्राणातिपातविरमणादीन्, अनादिभवसङ्गतांश्च अगुणान् सदैवाविरतत्वेन, उदग्रसहकारित्वम-धर्ममित्राणाम् अगुणान् प्रति । उभयलोकगर्हितत्वं तत्पापानुमत्यादिना, अशुभयोगपरंपरं च अकुशलानुबन्धतः ।

**ટીકાર્થ :**

"तथा वज्जेज्जा इत्यादि" સૂત્રનું પ્રતિક છે.

અધર્મમિત્રના યોગને=અકલ્યાણમિત્રના સંબંધનું વર્જન કરવું જોઈએ. સ્થૂલ પ્રાણાતિપાતવિરમણ આદિ રૂપ નવા પ્રાપ્ત થયેલા ગુણોનું ચિંતવન કરવું જોઈએ, અને સદા અવિરતપણાને કારણે અનાદિભવસંગત દોષોનું ચિંતવન કરવું જોઈએ. દોષો પ્રત્યે અધર્મમિત્રોના તીવ્ર સહકારીપણાનું ચિંતવન કરવું જોઈએ, અધર્મમિત્રોના પાપની અનુમતિ આદિ દ્વારા અધર્મમિત્રોના ઉભયલોકગર્હિતપણાનું ચિંતવન કરવું જોઈએ અને અકુશલ અનુબંધને કારણે અધર્મમિત્રોના અશુભયોગની પરંપરાપણાનું ચિંતવન કરવું જોઈએ.

★ અધર્મમિત્રો દોષો પ્રત્યે તીવ્ર સહકારીપણાનું ચિંતવન કરવું જોઈએ એમ કહ્યું, ત્યાં અધર્મમિત્રોનો સંબંધ દોષો પ્રત્યે તીવ્ર સહકારી છે તેમ અર્થથી જાણવું, અને અધર્મમિત્રોના ઉભયલોકગર્હિતપણાનું પણ ચિંતવન કરવું જોઈએ, તેમ અધર્મમિત્રોના અશુભયોગની પરંપરાપણાનું પણ ચિંતવન કરવું જોઈએ એ પ્રકારનો અન્વય છે. તેથી 'असुहजोगपरंपरं' એ પ્રયોગ ભાવના અર્થમાં છે.

★ '**पापानुमत्यादि**' માં '**आदि**' પદથી તેના પાપમાં સહકારના પરિણામનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :**

સાધુધર્મના પરિભાવન અર્થે પોતાની શક્તિ પ્રમાણે શ્રાવકધર્મનાં વ્રતો ગ્રહણ કર્યા પછી આજ્ઞાગ્રાહકઆદિ ભાવોમાં યત્ન આવશ્યક છે, જેથી દેશવિરતિનો સંવરભાવ ધીરે ધીરે અતિશય અતિશયતર થાય. તેમ અધર્મમિત્રના સંબંધનું વર્જન પણ આવશ્યક છે; કેમ કે જે મિત્રોને સંસાર પ્રત્યેનો અતિશય રસ હોય તેવા જીવો સાથે શ્રાવક મૈત્રી રાખે તો, તેના સંસર્ગથી, તેની સાથેના વાર્તાલાપથી, ધીરે ધીરે પ્રમાદભાવની વૃદ્ધિ થાય છે, અને તેથી જ ગ્રહણ કરાયેલાં વ્રતોમાં સ્ખલના થવાની સંભાવના રહે છે. કદાચ બાહ્ય આચરણારૂપે સ્ખલના ન થાય તો પણ સંવેગ મંદ થવાના કારણે ભાવથી નિષ્પન્ન થયેલો વ્રતનો પરિણામ નાશ પણ પામે. માટે સાધુધર્મના પરિભાવનના અર્થી એવા શ્રાવકે સંસારના રસિક એવા મિત્રો સાથે સંબંધ રાખવો યોગ્ય નથી.

વળી, વ્રતોના પરિણામને અતિશય કરવા અર્થે, વારંવાર, સ્વીકારેલાં વ્રતોના ગુણોનું ચિંતવન કરવું જોઇએ. અર્થાત્ જે શ્રાવક શાસ્ત્રવિધિ પ્રમાણે સ્થૂલ પ્રાણાતિપાતવિરમણ આદિ વ્રતો ગ્રહણ કરતો હોય અને તે વ્રતોના પાલન માટે સમ્યગ્ યત્ન કરતો હોય, તો તે શ્રાવકનું ચિત્ત ષટ્કાયના જીવો પ્રત્યે દયાળુ બને છે, અને સંસારની આરંભાદિની પ્રવૃત્તિ પ્રત્યે ચિત્ત ધીરે ધીરે વિમુખ વિમુખતર બનતું જાય છે, અને સર્વવિરતિને પ્રાપ્ત કરવાને અભિમુખ શક્તિનો સંચય થતો જાય છે. અને તેના કારણે મન, વચન અને કાયાના યોગો ક્રમે કરીને અધિક અધિકતર સંવેગભાવને પ્રાપ્ત કરે છે, અને આ બધા ગુણોનું ચિંતવન કરવાથી સ્વીકારેલાં વ્રતો પ્રત્યે અધિક અધિક પક્ષપાત થાય છે.

વળી, અનાદિકાળથી અવિરતિના સેવનને કારણે જીવમાં થયેલા દોષોનું ચિંતવન કરવું જોઇએ. આશય એ છે કે ભગવાનના ધર્મની પ્રાપ્તિ પૂર્વે પોતે અનાદિકાળથી અવિરતિનું સેવન કર્યું છે, અને તેના કારણે સંસારના તુચ્છ પદાર્થો પ્રત્યેનો રાગ સ્થિર થઇ ગયેલો છે, જેથી તત્ત્વનો બોધ થયા પછી પણ તે દોષો કાઢવા અતિ દુષ્કર પડે છે. અને આ દોષો જ દીર્ઘસંસારમાં પરિભ્રમણનું કારણ

છે, માટે દુઃખની પરંપરા ન જોઈતી હોય તો ફરી તે દોષો આત્મામાં પ્રગટ ન થાય તદ્અર્થે તે દોષોની અનર્થકારિતાનું ચિંતવન કરવું જોઈએ.

વળી, અધર્મમિત્રો આ દોષો પ્રગટ કરવામાં પ્રબળ સહકારી કારણ છે તે પ્રકારનું ચિંતવન કરવું જોઈએ, જેથી પૂર્વની મિત્રતાની લાગણીથી ફરી તેમને મળવાનો અભિલાષ જ ન થાય. જો આ રીતે ચિંતવન કરવામાં ન આવે, તો જીવને સહજ સ્વભાવથી પૂર્વની મિત્રતાની લાગણી ઉત્પન્ન થાય છે અને મિત્રોનો સંગ કરવાની મનોવૃત્તિ થાય છે, અને તેના પુનઃ પુનઃ પરિચયથી વિરતિના પરિણામના નાશની પણ સંભાવના રહે છે. માટે દોષોના બળવાન સહકારી એવા અધર્મમિત્રોથી દૂર રહેવા યત્ન કરવો જોઈએ.

વળી, કોઈ જીવ અત્યંત અપ્રમાદી હોય અને અધર્મમિત્રોના સંબંધકાળમાં પણ તેમના સંબંધના કારણે પ્રમાદી ન બનતો હોય, તો પણ, તેની સાથેના સંબંધના કારણે પાપની અનુમતિ દ્વારા અધર્મમિત્રનું ઉભયલોકગર્હિતપણું ચિંતવવું જોઈએ, જેથી પાપના અનુમતિ આદિના ભયથી તેઓનો સંપર્ક કરવાનો પરિણામ ન થાય.

આશય એ છે કે સ્વયં પાપ ન કરતો હોય તો પણ સંસારરસિક એવા અધર્મમિત્રો સાથે સંબંધ રાખવામાં આવે તો તેના સંબંધને કારણે, તેના પાપની અનુમતિનો દોષ પ્રાપ્ત થાય છે, અને શબ્દથી ક્યારેક તેના પાપમાં સહકારનો પરિણામ પણ થવાની શક્યતા રહે છે. તેથી ધર્મીને માટે સંસારરસિક એવા મિત્ર સાથે સંબંધ રાખવો એ આ લોકની દૃષ્ટિએ નિંદનીય છે, અને પરલોકમાં પણ તેના પાપની અનુમતિ આદિના કારણે અનર્થની પ્રાપ્તિ થશે. તેથી પરલોકના ફળની અપેક્ષાએ પણ અધર્મમિત્રો સાથેનો સંબંધ નિંદનીય છે.

વળી, કોઈ શ્રાવક યત્નપૂર્વક વ્રતોનું પાલન કરીને વિરતિના ભાવને પામેલો હોય અને અધર્મમિત્રોના સંપર્કને કારણે પ્રમાદને વશ પડે તો ફરી ધર્મથી વિમુખભાવને પણ પ્રાપ્ત કરે, અને તેમ થવાથી અધર્મના પ્રવાહરૂપ અકુશલબંધની પ્રાપ્તિ થાય. તેથી અધર્મમિત્રોનો સંબંધ અશુભયોગની પરંપરાનું કારણ છે તેમ ચિંતવન કરવું જોઈએ, જેથી અધર્મમિત્રના યોગનું વર્જન કર્યા પછી ફરી તેની સાથે સંબંધ કરવાને અભિમુખ ભાવ જ ન થાય.

**ઉત્થાન :**

સાધુધર્મના પરિભાવન માટે દેશવિરતિનાં વ્રતો ગ્રહણ કર્યા પછી બીજું શું કરવું જોઈએ ? તે બતાવતાં કહે છે–

**સૂત્ર :**

परिहरेज्जा सम्मं लोगविरूद्धे अणुकंपापरे जणाणं, न खिंसावेज्ज धम्मं, संकिलेसो खु एसा, परमबोहिबीयं अबोहिफलमप्पणो त्ति । एवमालोचेज्जा न-खलु एत्तो परो अणत्थो, अंधत्तमेयं संसाराडवीए, जणगमणिट्ठवायाणं, अइदारुणं सरूवेणं असुहाणुबंधमच्चत्थं ।

**સૂત્રાર્થ :**

**લોકવિરુદ્ધનો સમ્યગ્ પરિહાર કરવો જોઇએ, લોકોની અનુકંપામાં તત્પર થવું જોઇએ, લોકો દ્વારા ધર્મની નિંદા થાય તેમ કરવું જોઇએ નહિ; કેમ કે ધર્મની નિંદા એ સંક્લેશ છે, પરમઅબોધિનું બીજ છે અને પોતાના અબોધિનું કારણ છે.**

**'इति' શબ્દ લોકવિરુદ્ધના ત્યાગના કથનની સમાપ્તિ માટે છે.**

**આ રીતે આલોચના કરવી જોઇએ. આનાથી=લોકવિરુદ્ધ કૃત્યોથી અન્ય કોઇ મોટો અનર્થ નથી, સંસારરૂપી અટવીમાં આ=લોકવિરુદ્ધ કૃત્યો અંધપણું છે, અનિષ્ટ એવાં પાતોનું કારણ છે, સ્વરૂપથી અતિદારુણ છે અને અત્યંત અશુભ અનુબંધરૂપ છે.**

**ટીકા :**

तथा परिहरेज्जा इत्यादि। परिहरेत् सम्यग् लोकविरूद्धानि तदशुभाध्यवसायादिनिबन्धनानि । अनुकम्पापरो जनानाम्, मा भूत्तेषामधर्मः। न खिंसयेद्धर्मम्, न गर्हयेज्जनैरित्यर्थः । संक्लेश एवैषा खिंसाऽशुभभावत्वेन । परम् अबोधिबीजं तत्प्रद्वेषेण । अबोधिफलमात्मन इति, जनानां तन्निमित्तभावेन । तथा एवमालोचयेत् सूत्रानुसारेण । न खल्वतः परोऽनर्थोऽबोधिफलात् तत्कारणभावाद्वा, लोकविरूद्धत्वादिति । अन्धत्वमेतत् संसाराटव्यां

हितदर्शनाभावेन । जनकमनिष्टपातानाम्, नरकाद्युपपातकारणतया । अतिदारुणं स्वरूपेण, संक्लेशप्रधानत्वात् । अशुभानुबन्धमत्यर्थं परम्परोपघातभावेनेति । अत एवोक्तम्–

[१] लोकः खल्वाधारः सर्वेषां धर्मचारिणां [ ब्रह्मचारिणां ] यस्मात् ।
तस्माल्लोकविरुद्धं धर्मविरुद्धं च संत्याज्यम् ॥ [ प्रशम.१३१ ] इत्यादि ॥

★ પ્રશમરતિગ્રંથમાં '**धर्मचारिणां**' ના સ્થાને '**ब्रह्मचारिणां**' પાઠ છે.

**ટીકાર્થ :**

'तथा परिहरेज्जा इत्यादि' એ પ્રતિક છે.

લોકોના અશુભ અધ્યવસાય આદિના કારણભૂત એવા લોકવિરુદ્ધકૃત્યોનો સમ્યક્ પરિહાર કરવો જોઈએ. લોકવિરુદ્ધ કૃત્યોનો ત્યાગ કરીને લોકો પ્રત્યે અનુકંપામાં તત્પર થવું જોઈએ.

કઈ રીતે અનુકંપા કરવી જોઈએ તે બતાવે છે–

તેઓને=લોકોને અધર્મ ન થાય તે રીતે લોકવિરુદ્ધ કૃત્યોનો ત્યાગ કરવો જોઈએ. લોકવિરુદ્ધ કૃત્યોના ત્યાગથી તેઓને અધર્મનો પરિહાર કઈ રીતે થાય તે બતાવવા કહે છે–

લોકો દ્વારા ધર્મની નિંદા થાય નહિ, માટે લોકવિરુદ્ધ કૃત્યોનો ત્યાગ કરવો જોઈએ.

અહીં પ્રશ્ન થાય કે લોકો ધર્મની નિંદા કરે તેમાં પોતાને શું ? તેથી કહે છે–

લોકોથી કરાયેલી ધર્મની નિંદા અશુભભાવરૂપ હોવાને કારણે, સંક્લેશ જ છે, ધર્મનો પ્રદ્વેષ હોવાને કારણે પરમ અબોધિનું બીજ છે. અને લોકવિરુદ્ધ

१. "लोको जनपदः । खलुशब्दोऽवधारणे । लोक एवाधारः । सर्वेषां ब्रह्मचारिणां यस्मात् । ब्रह्म संयमः सप्तदशभेदः । तद्योगात् संयमिनः । तेषां सर्वेषामिति गच्छवासिनां गच्छनिर्गतानां च । तस्माल्लोके यद्विरुद्धं जातमृतकसूतक-समूहनिराकृतादिगृहेषु भिक्षादिग्रहणमभोज्येषु च परिहार्यम् । चञ्च लोकैकदेशे विरुद्धं मद्य-मांस-लशुन-बीजानन्तकायादि धर्मसाधनविरुद्धमनेकं तदपि परिहार्यमिति ॥१३१॥" इति प्रशमरतिटीकायाम् ॥

**કૃત્યના સેવનથી લોકોમાં અબોધિના નિમિત્તભાવ થવાને કારણે ધર્મ કરનારને પણ અબોધિફલ પ્રાપ્ત થાય છે.**

**અને સૂત્ર અનુસાર આ રીતે આલોચન કરવું જોઈએ=આગળમાં કહેવાશે એ રીતે આલોચન કરવું જોઈએ.**

અને તે આલોચન કઈ રીતે કરવું જોઈએ તે બતાવવા કહે છે–

**આનાથી=લોકવિરુદ્ધ કૃત્યોથી અધિક અનર્થ નથી=તે જ મોટો અનર્થ છે; કેમ કે પોતાને અબોધિનું ફળ મળે છે અને લોકવિરુદ્ધપણું હોવાથી બીજાનાં અબોધિમાં કારણભાવ છે અને આ=લોકવિરુદ્ધ કૃત્યો, સંસારરૂપી અટવીમાં અંધપણારૂપ છે; કેમ કે હિતનાં દર્શનનો અભાવ છે. વળી, આ=લોકવિરુદ્ધ કૃત્યો નરકાદિના ઉપપાતનું કારણપણું હોવાના કારણે અનિષ્ટ એવા પાતોનું જનક છે, અને સંક્લેશપ્રધાન હોવાના કારણે સ્વરૂપથી અતિદારુણ છે.**

★ અહીં '**नरकादि**' માં '**आदि**' પદથી તિર્યંચનું ગ્રહણ કરવાનું છે.

**લોકવિરુદ્ધ કૃત્યો પરંપર ઉપઘાતભાવ હોવાના કારણે અત્યંત અશુભ અનુબંધરૂપ છે.**

આથી કરીને જ કહેવાયું છે=લોકવિરૂદ્ધ કૃત્યો અત્યંત અનર્થરૂપ છે એથી કરીને જ કહેવાયું છે, અને તે ઉદ્ધરણના શ્લોકનો અર્થ આ પ્રમાણે છે–

સર્વ બ્રહ્મચારીઓને=સંયમીઓને=ગચ્છવાસી એવા સાધુઓને અને ગચ્છથી નિર્ગત (=નીકળેલા) એવા જિનકલ્પી આદિઓને જે કારણથી લોક જ આધાર છે તે કારણથી લોકવિરુદ્ધ અને ધર્મવિરુદ્ધ કૃત્યનો ત્યાગ કરવો જોઈએ.

★ '**अशुभाध्यवसायादि**' માં '**आदि**' પદથી લોકો દ્વારા થતી ધર્મની નિંદા અને ભગવાનના શાસનના માલિન્યને ગ્રહણ કરવાનું છે.

**भावार्थ :**

સાધુધર્મના પરિભાવન અર્થે શ્રાવકનાં વ્રતો ગ્રહણ કર્યા પછી આજ્ઞાગ્રાહક આદિમાં યત્ન આવશ્યક છે તેમ અધર્મમિત્રના યોગનું વર્જન પણ આવશ્યક છે. તે બતાવ્યા પછી હવે સાધુ ધર્મના પરિભાવન માટે યત્ન કરતાં શ્રાવકે લોકવિરુદ્ધ

કૃત્યનો પણ સમ્યગ્ ત્યાગ કરવો જોઈએ; કેમ કે શ્રાવક પોતે વ્રતપાલનમાં યત્ન કરતો હોય અને લોકવિરુદ્ધનો ત્યાગ ન કરે તો તેની તે ધર્મની પ્રવૃત્તિ લોકોના અશુભ અધ્યવસાય આદિનું કારણ બને છે. અહીં 'આદિ' પદથી લોકો દ્વારા થતી ધર્મની નિંદા અને ભગવાનના શાસનના માલિન્યને ગ્રહણ કરવાનું છે. તેથી એ પ્રાપ્ત થાય કે જો શ્રાવક લોકવિરુદ્ધ કૃત્યોનો ત્યાગ ન કરે તો લોકોને અશુભ અધ્યવસાય થાય, લોકો ધર્મની નિંદા કરે અને લોકમાં ભગવાનના શાસનનું માલિન્ય થાય. માટે શ્રાવકે લોકવિરુદ્ધ કૃત્યોનો સમ્યગ્ પરિહાર કરવો જોઈએ.

અહીં પ્રશ્ન થાય કે શ્રાવકે સાધુધર્મ પ્રગટ કરવો છે તેથી ધર્મવિરૂદ્ધ પ્રવૃત્તિ ન કરે તે ઉચિત ગણાય, પણ લોકવિરુદ્ધ પ્રવૃત્તિનો ત્યાગ કરવાનું શું પ્રયોજન છે? તેથી કહે છે–

શ્રાવકે લોકવિરુદ્ધ કૃત્યોનો ત્યાગ કરીને લોકો પ્રત્યે અનુકંપામાં તત્પર થવું જોઈએ. જો શ્રાવક લોકવિરુદ્ધ કૃત્યોનો ત્યાગ ન કરે તો લોકોને જૈનધર્મ પ્રત્યે દ્વેષભાવ થાય અને તેથી જૈનશાસનની નિંદા કરે, તેથી લોકોને અધર્મની પ્રાપ્તિ થાય. માટે લોકોને અધર્મની પ્રાપ્તિ ન થાય એ રૂપ ભાવઅનુકંપામાં શ્રાવકે તત્પર થવું જોઈએ. અને તે માટે શ્રાવકે લોકવિરુદ્ધ કૃત્યોનો ત્યાગ કરવો જોઈએ. અર્થાત્ ધર્મવિરુદ્ધ કૃત્યોનો તો ત્યાગ કરવો જોઈએ, પણ લોકવિરુદ્ધ કૃત્યોનો પણ ત્યાગ કરવો જોઈએ.

અહીં પ્રશ્ન થાય કે લોકો નિંદા કરે તેથી તેઓને અધર્મ કઈ રીતે થાય ? તેથી કહે છે–

આ પ્રવચનની=ભગવાનના પ્રકૃષ્ટ વચનની, નિંદા અશુભભાવ હોવાને કારણે સંક્લેશરૂપ છે, તેથી લોકોને અધર્મની પ્રાપ્તિ થાય. વળી, આ પ્રવચનની નિંદા માત્ર સંક્લેશરૂપ નથી, પણ પ્રવચનના પ્રત્યે પ્રદ્વેષ હોવાને કારણે પરમઅબોધિનું બીજ છે અર્થાત્ વિશિષ્ટ પ્રકારના દુર્લભબોધિનું કારણ છે.

આશય એ છે કે મિથ્યાત્વ મોહનીયના ઉદયથી જીવને અબોધિની પ્રાપ્તિ થાય છે, અને જ્યારે ધર્મી વ્યક્તિનાં લોકવિરુદ્ધ કૃત્યોને જોઈને લોકોને ધર્મ પ્રત્યે દ્વેષભાવ થાય છે ત્યારે ઘણા ભવો સુધી સન્માર્ગની પ્રાપ્તિ ન થાય તેવો ગાઢ મિથ્યાત્વ મોહનીયકર્મનો બંધ લોકો કરે છે, અને તે જ પરમ અબોધિનું બીજ છે.

અહીં પ્રશ્ન થાય કે લોકો પોતાની પ્રકૃતિના દોષને કારણે ધર્માત્મા એવા શ્રાવકનાં લોકવિરુદ્ધ કૃત્યો જોઇને ગાઢ મિથ્યાત્વ મોહનીય બાંધે તેમાં શ્રાવક શું કરે ? શ્રાવક તો ધર્મનો અર્થી છે, તેથી ધર્મવિરુદ્ધ કૃત્યો ન કરે પરંતુ લોકવિરુદ્ધ કૃત્યો પરત્વે ઉપેક્ષા કરે તો શું વાંધો ? તેથી કહે છે–

શ્રાવક જો લોકોના અબોધિમાં નિમિત્તભાવ બને તો પોતાને પણ અબોધિ ફળ મળે છે અર્થાત્ શ્રાવક પોતે પણ ભવિષ્યમાં ભગવાનનું શાસન દુર્લભ થાય એવું ક્લિષ્ટ મિથ્યાત્વ મોહનીયકર્મ બાંધે છે.

આશય એ છે કે ભગવાનનું શાસન અતિવિવેકપૂર્વક ધર્મમાં યત્ન કરવાનું કહે છે, તેથી જેમ ધર્મની વૃદ્ધિના ઉપાયનું સેવન આવશ્યક છે તેમ લોકોને ધર્મ પ્રત્યે દુર્ભાવ ન થાય તેવી પ્રવૃત્તિ પણ આવશ્યક છે. અને પોતે લોકવિરુદ્ધ કૃત્યોનો ત્યાગ કરી શકે તેવા સંયોગ હોય, છતાં "મારે તો ધર્મ જ નિષ્પન્ન કરવો છે, લોકો ગમે તે કહે તેમાં મારે શું ?" તે પ્રકારનું વિચારીને લોકવિરુદ્ધ કૃત્યોનો ત્યાગ ન કરે તો લોકોના હિતની ઉપેક્ષાનો અધ્યવસાય શ્રાવકને વર્તે છે; અને આથી જ લોકોના દુર્લભબોધિની ઉપેક્ષા કરીને તેમાં પોતે નિમિત્તરૂપ બને છે, અને લોકોનાં દુર્લભબોધિમાં નિમિત્તભાવનો પરિહાર કરવા માટે પોતે યત્ન ન કર્યો તેથી જ પોતે પણ દુર્લભબોધિ બને છે.

આ રીતે યુક્તિથી શ્રાવકે લોકવિરુદ્ધ કૃત્યોનો ત્યાગ કરવો જોઇએ તે બતાવ્યું. હવે સૂત્ર અનુસાર કઇ રીતે આલોચન કરવું જોઇએ તે બતાવે છે, જેથી લોકવિરુદ્ધ કૃત્યના ત્યાગમાં શ્રાવક અત્યંત યત્નશીલ બને.

અને તે સૂત્રાનુસાર આલોચન જ બતાવે છે–

આનાથી મોટો અનર્થ નથી=લોકવિરુદ્ધ કૃત્યથી બીજો કોઇ મોટો અનર્થ નથી; કેમ કે લોકવિરુદ્ધ કૃત્ય કરવાથી પોતાને અબોધિફળ મળે છે અને પોતે લોકોના અબોધિમાં કારણભાવ બને છે; કેમ કે તે લોકવિરુદ્ધ આચરણામાં લોકવિરુદ્ધપણું છે.

આશય એ છે કે શાસ્ત્રઅનુસાર વિચારીએ તો શાસ્ત્ર પણ કહે છે કે લોકવિરુદ્ધ આચરણા તે મહાઅનર્થરૂપ છે; કેમ કે ધર્મનું સેવન કરનાર પણ લોકવિરુદ્ધ આચરણા કરે તો પોતાને દુર્લભબોધિની પ્રાપ્તિ થાય. વળી, શ્રાવકની લોકવિરુદ્ધ

આચરણા જોઈને લોકોને શ્રાવકના ધર્મ પ્રત્યે અરુચિ થાય છે; કેમ કે લોક માને છે કે જે ધર્મ લોકવિરુદ્ધ એવા કૃત્યનો પણ ત્યાગ કરવાનું બતાવતો નથી તે ધર્મ કઇ રીતે સુંદર હોઇ શકે ? અને આવી બુદ્ધિ વિચારક લોકોને થાય છે, અને તેથી તે શ્રાવકના લોકવિરુદ્ધ કૃત્યથી વિચારક લોકો પણ દુર્લભબોધિ કર્મ બાંધે છે. માટે લોકવિરુદ્ધ કૃત્ય પોતાના અબોધિનું કારણ છે તેમ અન્ય લોકોના પણ અબોધિનું કારણ છે, માટે પરમ અનર્થરૂપ છે.

અને આ=લોકવિરુદ્ધ કૃત્ય સંસારરૂપી અટવીમાં અંધપણારૂપ છે; કેમ કે લોકવિરુદ્ધ કૃત્ય કરનાર જીવ લોકના હિતની ઉપેક્ષા કરીને લોકોમાં પોતાના ધર્મની હીનતાનું આપાદન કરે છે, અને તેનાથી લોકોને અને પોતાને દુર્લભબોધિની પ્રાપ્તિ થાય છે તે રૂપ અનર્થફલને તે જોઇ શકતો નથી. તેથી લોકવિરુદ્ધ કૃત્ય હિતના અદર્શનરૂપ હોવાને કારણે સંસારરૂપી અટવીમાં અંધત્વરૂપ છે એમ કહેલ છે. માટે કલ્યાણના અર્થી એવા જીવે સ્વ અને પરના અબોધિના અનન્ય કારણ એવા લોકવિરુદ્ધ કૃત્યનો અવશ્ય ત્યાગ કરવો જોઈએ.

વળી, આ લોકવિરુદ્ધ કૃત્ય માત્ર સન્માર્ગના અદર્શનનું કારણ નથી પણ નરકાદિ ઉપપાતનું કારણ પણ છે, તેથી અનિષ્ટ એવા દુર્ગતિઓના પાતનું જનક છે. માટે ધર્મ કરનાર વ્યક્તિએ લોકવિરુદ્ધ આચરણાના ત્યાગમાં અત્યંત યત્ન કરવો જોઈએ.

વળી, આ લોકવિરુદ્ધ કૃત્ય સ્વરૂપથી અતિદારુણ છે. કેમ કે લોકવિરુદ્ધ પ્રવૃત્તિમાં સંક્લેશની પ્રધાનતા છે.

આશય એ છે કે ધર્મ કરનાર જીવ ધર્મ નિષ્પન્ન કરવા માટે જ અત્યંત ઉદ્યમવાળો હોય ત્યારે પણ જો લોકવિરૂદ્ધ કૃત્યોની ઉપેક્ષા કરે, તો લોકોને થનારા અનર્થ પ્રત્યે તેનો ઉપેક્ષાનો અધ્યવસાય હોય છે. તેથી સદ્અનુષ્ઠાનની ક્રિયાથી ભાવિત ચિત્ત હોવા છતાં લોકોના હિતની ઉપેક્ષાવાળો અધ્યવસાય તત્સહવર્તી વર્તતો હોવાને કારણે, તેના શુભ અધ્યવસાયમાં પણ સંક્લેશની પ્રધાનતા છે.

તાત્પર્ય એ છે કે સ્થૂલબુદ્ધિથી શ્રાવકને પોતાને એમ લાગે કે હું શાસ્ત્રવચન અનુસાર શ્રાવકધર્મમાં યત્ન કરી રહ્યો છું, તેથી મારા ચિત્તમાં વર્તમાનમાં સંક્લેશ નથી એમ તેને પોતાને લાગે છે, તો પણ વાસ્તવમાં લોકવિરુદ્ધ કૃત્યોના

આચરણાકાળમાં લોકો પ્રત્યેનો અનુકંપાનો અધ્યવસાય નથી તે રૂપ ક્લિષ્ટ અધ્યવસાય ચિત્તમાં વર્તતો હોવાથી લોકોના ભાવિના હિતની ઉપેક્ષા કરીને માત્ર પોતાના ધર્મની જ ચિંતા તે કરે છે અને લોકના હિતની તે ઉપેક્ષા કરે છે, તેથી લોકોના હિતની ઉપેક્ષાનો અધ્યવસાય ચિત્તમાં વર્તે છે, અને તે અધ્યવસાય જ સ્વરૂપથી અતિદારુણ છે. તેથી લોકવિરુદ્ધ કૃત્ય સ્વરૂપથી અતિદારુણ છે એમ કહેલ છે.

વળી, આ લોકવિરુદ્ધ કૃત્ય અત્યંત અશુભ અનુબંધવાળું છે; કેમ કે પરંપરાએ ઉપઘાતનો ભાવ છે.

આશય એ છે કે ધર્મ કરનાર જીવ પણ જ્યારે લોકવિરુદ્ધ કૃત્ય કરે છે ત્યારે લોકોની અબોધિ પ્રત્યે તેને ઉપેક્ષાનો અધ્યવસાય છે જે મિથ્યાત્વ મોહનીય કર્મના ઉદયથી જ થયેલો ક્લિષ્ટ પરિણામ છે, અને તે ક્લિષ્ટ પરિણામ પોતાને અને લોકોને અબોધિની પરંપરા ચલાવીને ઉપઘાતક થાય છે, તેથી લોકવિરુદ્ધ કૃત્યને અત્યંત અશુભ અનુબંધવાળું કહેલ છે. આથી કરીને જ લોકવિરુદ્ધ કૃત્ય અત્યંત અનર્થરૂપ કહેવાયું છે..

અહીં જિજ્ઞાસા થાય કે લોકવિરૂદ્ધ કૃત્યો સાધુને અને શ્રાવકને આશ્રયીને કયા કયા છે ? તે પ્રશમરતિટીકા પ્રમાણે અને પંચાશકગ્રંથ પ્રમાણે નીચે મુજબ છે–

જન્મેલાંના સૂતકવાળું ઘર, મરેલાના સૂતકવાળું ઘર અને લોકોના સમૂહથી નિરાકૃત (તિરસ્કાર પામેલા) આદિ એવા ઘરોમાં અને અભોજ્ય (હલકાં ઘરો ચાંડાળ વગેરે) એવાં ઘરોમાં સાધુએ ભિક્ષાદિગ્રહણનો પરિહાર કરવો જોઇએ, જે લોકવિરુદ્ધ ત્યાગરૂપ છે; અને લોકના એક દેશમાં વિરુદ્ધ એવું મદ્ય, માંસ, લસણ, બીજ, બહુબીજ, અનંતકાય આદિ અનેક જે ધર્મસાધનના વિરુદ્ધ છે તેનો પણ પરિહાર કરવો જોઇએ. આ રીતે "પ્રશમરતિ- ટીકા" માં અર્થ કર્યો છે.

ગચ્છવાસી સાધુ કે જિનકલ્પી આદિ સાધુને આહાર, વસ્ત્ર અને વસતિદાન લોકો આપે છે, તે અપેક્ષાએ સર્વ સાધુઓનો આધાર લોક છે. અહીં લોકશબ્દથી શિષ્ટ લોકોને ગ્રહણ કરવાના છે, અને આવા લોકો સામાન્ય રીતે જન્મેલાના સૂતકવાળાના ઘરમાં કે મૃત્યુ પામેલાના સૂતકવાળાના ઘરમાં, આહારના ગ્રહણને નિંદનીય માને છે, અને જે લોકો હલકાં કાર્યો કરનારા છે તેવાં ઘરોમાંથી પણ

આહારના ગ્રહણને શિષ્ટ લોકો નિંદ્ય માને છે, અને ચાંડાલ આદિ જેવા અભોજ્યને ત્યાંથી પણ આહારના ગ્રહણને નિંદનીય માને છે. તેવાં ઘરોમાંથી સાધુએ આહાર, વસ્ત્ર કે વસતિને ગ્રહણ કરવાં જોઈએ નહિ; કેમ કે શિષ્ટ લોકોને તે વિરુદ્ધ ભાસે છે. અને આમ છતાં જો સાધુ તેમને ત્યાંથી ભિક્ષા આદિ ગ્રહણ કરે તો લોકોને એમ લાગે છે કે, જૈન શાસનમાં આવાં હલકાં ઘરોમાંથી કે સૂતકવાળાં ઘરોમાંથી પણ સાધુને ભિક્ષાગ્રહણઆદિ કરવાની છૂટ આપી છે. માટે જૈનશાસન વિવેકવાળું નથી.

વળી, શિષ્ટ લોકોનો જે એક દેશ મદ્ય, માંસ, લસણ, બીજ, અનંતકાય પદાર્થોને ધર્મસાધનના વિરુદ્ધ માને છે, તેનો પણ સાધુએ પરિહાર કરવો જોઈએ. આ પ્રકારનો "પ્રશમરતિ-ટીકા" નો ભાવ છે.

લોકવિરુદ્ધ કૃત્યો બીજા પંચાશકમાં ગાથા નં. ૮ થી ૧૦ માં આપ્યાં છે જે ઉપકારક છે તેથી અહીં દર્શાવેલ છે.

૧. કોઈપણ વ્યક્તિની નિંદા કરવી અને વિશેષથી ગુણવાન વ્યક્તિની નિંદા કરવી તે લોકવિરુદ્ધ કૃત્ય છે.

૨. મંદબુદ્ધિવાળા ધર્મક્રિયા કરતા હોય અને તેની અણઆવડતના કારણે તેની ખામીવાળી ક્રિયા પર હસવું તે લોકવિરુદ્ધ કૃત્ય છે.

૩. લોકોથી પૂજનીય એવા રાજા વગેરેની નિંદા કરવી તે લોકવિરુદ્ધ કૃત્ય છે.

૪. બહુજન વિરુદ્ધ એવી વ્યક્તિઓ સાથે સંપર્ક તે લોકવિરુદ્ધ કૃત્ય છે.

૫. દેશ, કાળ અને કુલ વગેરેના આચારોનું ઉલ્લંઘન કરવું તે લોકવિરુદ્ધ કૃત્ય છે.

૬. **उव्वणभोगो**=લોકોમાં શોભાયમાન ન લાગે તેવા ભોગોની પ્રવૃત્તિ તે પણ લોકવિરુદ્ધ કૃત્ય છે.

૭. પોતે કરેલાં દાન-તપ વગેરેને લોકો આગળ પ્રગટ કરવાં તે પણ લોકવિરુદ્ધ કૃત્ય છે.

૮. સજ્જન પુરુષોની આપત્તિમાં સંતોષ અને પોતાનું સામર્થ્ય હોવા છતાં સજ્જનોને આવેલી આપત્તિ દૂર કરવા યત્ન ન કરવો તે લોકવિરુદ્ધ કૃત્ય છે.

**ઉત્થાન :**

સાધુધર્મના પરિભાવન માટે જેમ લોકવિરુદ્ધ કૃત્યનો ત્યાગ કરવો આવશ્યક છે તેમ અન્ય શું આવશ્યક છે તે બતાવે છે–

**સૂત્ર :**

**सेवेज्ज धम्ममित्ते विहाणेणं, अंधो विय अणुकड्ढगे, वाहिओ विव वेज्जे, दरिद्दो विय ईसरे, भीओ विय महानायगे। न इओ सुंदरतरमन्नं ति बहुमाणजुत्ते सिया, आणाकंखी, आणापडिच्छगे, आणाअविराहगे, आणानिप्फायगे त्ति ।**

**સૂત્રાર્થ :**

**(૧) અનુકર્ષકને જેમ આંધળો સેવે, (૨) વૈદ્યને જેમ વ્યાધિત સેવે, (૩) ઐશ્વર્યવાળાને જેમ દરિદ્રી સેવે અને (૪) મહાનાયકને જેમ ભયવાળો સેવે તેમ વિધાનથી=સત્પ્રતિપત્તિ આદિથી ધર્મમિત્રોને સેવવા જોઇએ.**

**આનાથી=ધર્મમિત્રના સેવનથી, અન્ય સુંદરતર નથી. એથી કરીને (ધર્મમિત્રોના વિષયમાં) (૧) બહુમાનયુક્ત થવું જોઇએ, (૨) આજ્ઞાકાંક્ષી થવું જોઇએ, (૩) આજ્ઞા સ્વીકારક થવું જોઇએ, (૪) આજ્ઞા અવિરાધક થવું જોઇએ અને (૫) આજ્ઞાનિષ્પાદક થવું જોઇએ.**

**'त्ति' શબ્દ ધર્મમિત્રના સેવનના કથનની સમાપ્તિ માટે છે.**

**ટીકા :**

तथा सेवेज्ज इत्यादि। सेवेत धर्ममित्राणि विधानेन सत्प्रतिपत्त्यादिना । अन्ध इवानुकर्षकान्, पातादिभयेन । व्याधित इव वैद्यान्, दुःखभयेन । दरिद्र इवेश्वरान्, स्थितिहेतुत्वेन । भीत इव महानायकान्, आश्रयणीयत्वेन । तथा न इतो धर्ममित्रसेवनात् सुन्दरतरमन्यदिति कृत्वा बहुमानयुक्तः स्यात् धर्ममित्रेषु । आज्ञाकाङ्क्षी, अदत्तायामस्यां तेषाम् । आज्ञाप्रतीच्छकः, प्रदानकाले तेषामेव । आज्ञाऽविराधकः प्रस्तुतायां तेषामेव । आज्ञानिष्पादक इत्यौचित्येन तेषामेव ।

**ટીકાર્થ :**

**"तथा सेवेज्ज इत्यादि ।" એ પ્રતિક છે.**

**જેમ પાતાદિના ભયને કારણે અંધ અનુકર્ષકોને=દોરનારને સેવે છે, દુઃખના ભયને કારણે વ્યાધિત વૈદ્યોને સેવે છે, સ્થિતિહેતુ હોવાને કારણે=પોતાના જીવનનિર્વાહનો હેતુ હોવાને કારણે દરિદ્રી ધનવાનોને સેવે છે, આશ્રયણીયપણું હોવાને કારણે ભયભીત મહાનાયકોને સેવે છે; તેમ સત્પ્રતિપતિ આદિ દ્વારા= સમ્યગ્ સ્વીકાર આદિ દ્વારા, વિધાનથી ધર્મમિત્રોને સેવવા જોઈએ.**

★ **'सत्प्रतिपत्त्यादि'** માં **'आदि'** પદથી સમ્યગ્ સ્વીકાર કર્યા પછી તેનું સમ્યગ્ પાલન કરવું જોઈએ એમ ગ્રહણ કરવાનું છે.

★ **'पातादि'** માં **'आदि'** પદથી પડી જવા ઉપરાંત 'અવળારસ્તાની' પ્રાપ્તિ છે.

**અને આનાથી=ધર્મમિત્રોના સેવનથી અન્ય સુંદરતર નથી, એથી કરીને ધર્મમિત્રોમાં બહુમાનયુક્ત થવું જોઈએ, નહિ અપાયેલી એવી તેઓની આજ્ઞાની આકાંક્ષા રાખવી જોઈએ, આજ્ઞાપ્રદાનકાલમાં તેઓની જ આજ્ઞાને સ્વીકારવી જોઈએ, પ્રસ્તુત એવી તેઓની જ આજ્ઞાના અવિરાધક થવું જોઈએ.'इति'=એ પ્રકારના=જે પ્રકારનું કર્તવ્ય હોય તે પ્રકારના, ઔચિત્યથી તેઓની જ= ધર્મમિત્રોની જ, આજ્ઞાના નિષ્પાદક થવું જોઈએ.**

**ભાવાર્થ :**

સાધુધર્મના પરિભાવન માટે જેમ અધર્મમિત્રોનો ત્યાગ આવશ્યક છે, લોકવિરુદ્ધ કૃત્યોનો ત્યાગ આવશ્યક છે તેમ ધર્મમિત્રનું સેવન પણ આવશ્યક છે. અને તે સેવન જ કઈ રીતે કરવું જોઈએ તે અત્યંત સ્થિર કરવા માટે ચાર દૃષ્ટાંતથી બતાવે છે–

૧. પ્રથમ દૃષ્ટાંતથી બતાવે છે કે–

જેમ આંધળો માણસ જાણે છે કે મારી પાસે ચક્ષુ નથી તેથી મને દોરનાર વ્યક્તિનું જ મારે અનુસરણ કરવું જોઈએ, જો હું તેનું અનુસરણ ન કરું તો પાતનો ભય છે, અને 'આદિ' શબ્દથી અવળા રસ્તાની પ્રાપ્તિનો ભય છે અને ઠોકર

લાગવાનો ભય પણ છે; તેથી દોરનાર વ્યક્તિનું તે યથાર્થ અનુસરણ કરે છે, પણ સ્વમતિના વિકલ્પથી ચાલવા યત્ન કરતો નથી. તેમ જે વ્યક્તિ આ સંસારથી ભય પામેલો છે, અને જાણે છે કે મારી પાસે સન્માર્ગનો વિશેષ બોધ નથી અને મારે આ સંસારથી તરવું પણ છે, તેથી વિશેષ બોધવાળા એવા ધર્મમિત્રની સાથે સંપર્કમાં રહે છે, અને તેઓ જે રીતે સન્માર્ગ માટે તેને દોરે તે રીતે જ તેનો સ્વીકાર કરે છે. એટલું જ નહિ પણ તેમણે બતાવેલા માર્ગમાં ઉચિત પ્રયત્ન કરીને યોગમાર્ગમાં ચાલવા પ્રયત્ન કરે છે. તેથી જેમ આંધળો માણસ તેને દોરનાર વ્યક્તિની સહાયથી પાત વગેરે પામતો નથી અને ઉચિત સ્થાને પહોંચી શકે છે, તેમ ધર્મમિત્રના વચનના સેવનથી શ્રાવક પણ સર્વવિરતિની પ્રાપ્તિને અનુકૂળ એવા ઉત્તમ ચિત્તને પેદા કરી શકે છે.

૨. બીજા દૃષ્ટાંતથી બતાવે છે કે, જેમ કોઈ અતિરોગથી પીડિત હોય અને દુઃખોથી ઉદ્વિગ્ન થઈને સુવૈદ્યોને સેવે છે, અને જે રીતે સુવૈદ્ય ઔષધાદિ ગ્રહણ કરવાનું કહે તે જ રીતે ઔષધાદિને ગ્રહણ કરે છે; તેમ સંસારના પરિભ્રમણના ભયથી ત્રાસ પામેલો શ્રાવક જાણે છે કે, ધર્મ મિત્રોના વચનને જો હું સમ્યગ્ સેવીશ નહિ તો શ્રાવકધર્મની વિરાધના કરીને હું આત્મહિત સાધી શકીશ નહિ, અને સંસારની વિડંબનાઓને પામીશ. જેમ દુઃખના ભયના કારણે રોગી વૈદ્યના વચનથી વિપરીત ચિકિત્સા કરતો નથી, તેમ શ્રાવકે સંસારના પરિભ્રમણના ભયથી ધર્મમિત્રોના વચનથી વિપરીત આચરણા કરવી જોઈએ નહિ.

૩. વળી, ત્રીજા દૃષ્ટાંતથી ધર્મમિત્રોના સેવનને દૃઢ કરવા બતાવે છે–

જેમ દરિદ્રી માણસ પોતાની આજીવિકાનો હેતુ હોવાથી ધનવાનોને સેવે છે, તેમ શ્રાવક પણ પોતાના ધર્મની વૃદ્ધિનું અનન્ય કારણ ધર્મમિત્ર હોવાથી તેઓના વચનને સમ્યગ્ સેવે છે; કેમ કે જેમ ધનવાનના સેવનથી જ દરિદ્રી માણસ પાસે સમૃદ્ધિ વધે છે, તેમ ધર્મમિત્રોના વચનના સેવનથી જ શ્રાવકના શ્રાવકપણાનું સારી રીતે પાલન થાય છે અને ક્રમસર વૃદ્ધિને પામે છે.

૪. વળી, જેમ કોઈ જીવ ભયના સ્થાનમાં હોય ત્યારે મોટા નાયકનો સમ્યગ્ આશ્રય કરે છે, તેમ શ્રાવક પણ સંસારની ભયાનક સ્થિતિ જાણે છે તેથી સંસારથી ભય પામેલો તે ધર્મમિત્રોને સેવે છે; કેમ કે જેમ ભયના સ્થાનમાં મોટા નાયકો

આશ્રય કરવા યોગ્ય છે, તેમ સંસારમાં તત્ત્વને જાણનારા ધર્મમિત્રો જ= કલ્યાણમિત્રો જ, આશ્રય કરવા યોગ્ય છે.

અહીં સત્પ્રતિપત્તિ=ધર્મમિત્રોની આજ્ઞાનો સમ્યગ્ સ્વીકાર=રુચિપૂર્વકનો સ્વીકાર અને 'આદિ' પદથી તેની આજ્ઞાનું સમ્યગ્ પાલન ગ્રહણ કરવાનું છે.

પૂર્વમાં કહ્યું કે વિધાનપૂર્વક=સત્પ્રતિપત્તિઆદિપૂર્વક ધર્મમિત્રોનું સેવન કરવું જોઇએ. તે જ વાતને દૃઢ કરવા માટે કહે છે–

અને આનાથી=ધર્મમિત્રોના સેવનથી, બીજું કાંઇ સુંદરતર નથી, એથી કરીને (૧) ધર્મમિત્રોને વિષે બહુમાનયુક્ત થવું જોઇએ.

આશય એ છે કે સાધુધર્મના પરિભાવન માટે ઉદ્યમ કરનારને શ્રાવક ધર્મના અભ્યાસ દ્વારા સાધુધર્મની યોગ્યતા આત્મામાં પ્રગટ કરવી છે, અને તે પ્રગટ કરવામાં ધર્મમિત્રોનું સેવન જ પ્રબળ ઉપાય છે, અન્ય નહિ. તેથી કહે છે "ધર્મમિત્રોને વિષે બહુમાનયુક્ત થવું જોઇએ" જેથી તેઓનું સેવન કરીને શ્રાવક આત્મહિત સાધી શકે.

(૨) ધર્મમિત્રોમાં બહુમાનયુક્ત થયા પછી શું કરવું જોઇએ ? તેથી કહે છે કે તેઓ કાંઇ આજ્ઞા ન કરે તો પણ સામેથી તેઓની આજ્ઞાની આકાંક્ષા રાખવી જોઇએ. અને આકાંક્ષા રાખવાથી ધર્મમિત્રને પણ તેને સન્માર્ગમાં પ્રેરણા આપવાનો ઉત્સાહ થાય છે, અને વારંવાર પૃચ્છા કરે કે હું શું કરું કે જેથી મારો આ સંસારભાવ ઘટે અને સંયમને અનુકૂળ એવું માનસ પ્રગટ થાય ?

આ રીતે ધર્મમિત્રોની પાસે વારંવાર આજ્ઞાની આકાંક્ષા રાખવાથી તે જીવની વિશેષ યોગ્યતા જોઇને તેની ચિત્તની ભૂમિકાને અનુરૂપ જ તેને હિતના ઉપાયો બતાવીને ધર્મમિત્રો તેમના કલ્યાણનું કારણ બની શકે.

(૩) વળી, કલ્યાણના અર્થી શ્રાવકે જેમ ધર્મમિત્રો પાસે વારંવાર કલ્યાણની = આજ્ઞાની આકાંક્ષા રાખવી જોઇએ, તેમ જ્યારે કલ્યાણમિત્રો તેને આજ્ઞા આપે ત્યારે તે આજ્ઞાનો સ્વીકાર પણ કરવો જોઇએ. પરંતુ એમ ન વિચારવું જોઇએ કે આ મારાથી શક્ય નથી; કેમ કે વિવેકસંપન્ન એવા ધર્મમિત્રો તેની ચિત્તની ભૂમિકા જોઇને તેને અનુરૂપ જ આજ્ઞા આપે છે કે જેના પાલનથી શ્રાવકનું

ભાવઆરોગ્ય વૃદ્ધિ પામે. તેથી જ્યારે કલ્યાણમિત્રો આજ્ઞા આપે ત્યારે માત્ર ઉત્સાહપૂર્વક તે આજ્ઞાનો સ્વીકાર કરવો જોઈએ

(૪) આજ્ઞાનો સ્વીકાર કરવો જોઈએ એટલું જ નહિ, પણ તે આજ્ઞાના અવિરાધક થવું જોઈએ. આશય એ છે કે કલ્યાણમિત્રે બતાવેલી ઉચિત પ્રવૃત્તિ તેની ઉચિત વિધિ જાણીને તે રીતે જ પાળવાના દૃઢ સંકલ્પવાળા થવું જોઈએ, જેથી તેમની આજ્ઞા પ્રત્યે લેશ પણ અનાદરભાવ ન થાય.

(૫) વળી આ આજ્ઞા જ મારા માટે એકાંતે શ્રેયકારી છે માટે સમ્યગ્ પાલન કરી તે આજ્ઞાનો આરાધક થાઉં, એવો સંકલ્પ કરીને તે આજ્ઞાને નિષ્પાદન કરવી જોઈએ.

કઈ રીતે તેની આજ્ઞા નિષ્પાદન કરવી જોઈએ તે બતાવે છે–

જે પ્રકારની તે આજ્ઞાપાલનની વિધિ છે તે પ્રકારના ઔચિત્યથી જ તેમાં યત્ન કરવો જોઈએ, જેથી તે સમ્યગ્ આજ્ઞાના સેવનથી ભાવઆરોગ્યની વૃદ્ધિ થાય.

**ઉત્થાન :**

સાધુધર્મના પરિભાવન માટે ધર્મમિત્રોનું સેવન કર્યા પછી અન્ય શું કરવું જોઈએ તે બતાવે છે.

**સૂત્ર :**

**पडिवन्नधम्मगुणारिहं च वट्टिज्जा गिहिसमुचिएसु गिहिसमायारेसु परिसुद्धाणुट्ठाणे परिसुद्धमणकिरिए परिसुद्धवइकिरिए परिसुद्ध-कायकिरिए ।**

**સૂત્રાર્થ :**

**અને ગૃહસ્થને ઉચિત એવા ગૃહસ્થના આચારોમાં પરિશુદ્ધ અનુષ્ઠાનવાળો શ્રાવક, સ્વીકારાયેલા ધર્મગુણોને યોગ્ય રીતે વર્તે.**

**અને તે પરિશુદ્ધ અનુષ્ઠાનવાળો કઇ રીતે થાય તે વિશેષથી બતાવે છે–**

**પરિશુદ્ધ મનઃક્રિયાવડે, પરિશુદ્ધ વચનક્રિયા વડે અને પરિશુદ્ધ કાયક્રિયા વડે ગૃહસ્થના ઉચિત આચારોમાં વર્તે.**

**ટીકા :**

**पडिवण्णेत्यादि । प्रतिपन्नधर्मगुणार्हं च वर्तेत** सामान्येनैव, **गृहिसमुचितेषु गृहिसमाचारेषु** नानाप्रकारेषु, **परिशुद्धानुष्ठानः** सामान्येनैव । **परिशुद्धमनःक्रियः** शास्त्रानुसारेण । **परिशुद्धवाक्क्रियोऽनेनैव । परिशुद्धकायक्रियोऽनेनैव ।**

**ટીકાર્થ :**

'पडिवण्णेत्यादि ।' સૂત્રનું પ્રતિક છે.

**સામાન્યથી જ પ્રતિપન્ન ધર્મગુણોને યોગ્ય રીતે વર્તે.**

સ્વીકારાયેલા ધર્મગુણોને યોગ્ય રીતે શેમાં વર્તે ? તેથી કહે છે–

**ગૃહસ્થના ઉચિત અનેક પ્રકારના ગૃહસ્થના આચારોમાં સામાન્યથી જ પરિશુદ્ધ અનુષ્ઠાનવાળો વર્તે.**

સામાન્યથી બતાવેલ પરિશુદ્ધ અનુષ્ઠાનને જ સ્પષ્ટતાથી બતાવે છે–

**શાસ્ત્રઅનુસારે પરિશુદ્ધ મનઃક્રિયાવાળો અને આના દ્વારા જ=શાસ્ત્ર દ્વારા જ પરિશુદ્ધ વચનક્રિયાવાળો અને આના દ્વારા જ=શાસ્ત્ર દ્વારા જ પરિશુદ્ધ કાયક્રિયાવાળો ગૃહસ્થના ઉચિત આચારોમાં વર્તે એ પ્રકારે અન્વય છે.**

**ભાવાર્થ :**

શ્રાવકે વ્રતો ગ્રહણ કર્યા પછી સાધુધર્મના પરિભાવન માટે જેમ અધર્મમિત્રોનો ત્યાગ આવશ્યક છે, લોકવિરુદ્ધ કૃત્યોનો ત્યાગ આવશ્યક છે, ધર્મમિત્રનું સેવન આવશ્યક છે તેમ ગૃહસ્થને ઉચિત સંસારની સર્વ પ્રવૃત્તિઓમાં પણ તે રીતે જ સામાન્યથી વર્તવું જોઈએ, જેથી સ્વીકારાયેલા ધર્મગુણોને અનુરૂપ જ પોતાની સંસારની પ્રવૃત્તિઓ થાય.

આશય એ છે કે જે શ્રાવકે દેશવિરતિનાં વ્રતો સ્વીકાર્યાં છે, તે શ્રાવકે તે વ્રતોના પાલનથી સંવેગભાવ જીવંત રહે તે રીતે સંસારની અન્ય પ્રવૃત્તિઓ પણ ઉચિત રીતે કરવી જોઇએ. અને તે કઇ રીતે કરવી જોઇએ તેને બતાવવા માટે કહે છે–

સામાન્ય રીતે શ્રાવકે ગૃહસ્થે ઉચિત આચારમાં એ રીતે જ પ્રવર્તવું જોઇએ કે તેના વ્રતમાં ક્યાંય માલિન્યતા ન આવે અને ધીરે ધીરે દેશવિરતિની શુદ્ધિ અને બુદ્ધિ થાય તેથી સામાન્યથી ગૃહસ્થ પરિશુદ્ધ અનુષ્ઠાનવાળો કઇ રીતે બને તે માટે કહે છે કે, શ્રાવકે સંસારની કોઇપણ પ્રવૃત્તિ કરવી હોય તો શાસ્ત્રાનુસારે જ મન, વચન અને કાયાથી કરવી જોઇએ, જેથી સંસારની તે પ્રવૃત્તિથી પોતાના સ્વીકારાયેલા ગુણમાં ક્યાંય મલિનતા ન આવે, પણ પોતાના સ્વીકારાયેલા વ્રતો સુરક્ષિત રહે અને ક્રમસર વિશુદ્ધ વિશુદ્ધતર બને.

અહીં વિશેષ એ છે કે, શ્રાવકે સાધુધર્મના પરિભાવન માટે જ વ્રતો ગ્રહણ કર્યાં છે, તેથી ધીરે ધીરે પણ તે સંયમજીવનને અનુકૂળ ચિત્ત નિષ્પન્ન કરવા જ યત્ન કરે છે. આમ છતાં સર્વભોગાદિમાં અભિષ્વંગ વગરનું તેનું ચિત્ત હજુ થયું નથી તેથી જ તે સંયમ સ્વીકારતો નથી; તો પણ જ્યારે અર્થ ઉપાર્જનની મનોવૃત્તિ કે ભોગની-મનોવૃત્તિ થાય ત્યારે પણ સીધી તેમાં પ્રવૃત્તિ કરે નહિ, પણ શાસ્ત્રવચનનું સ્મરણ કરે; અને શાસ્ત્ર કહે છે કે ભોગની પ્રવૃત્તિ જીવ માટે શલ્ય જેવી, વિષ જેવી છે. તેથી તે વચનનું સ્મરણ કરવાથી જો ચિત્ત શાંત થઈ જાય તો તેનાથી=અર્થભોગાદિથી નિવર્તન પામીને ધર્મમાં જ ઉદ્યમશીલ રહે. પરંતુ શાસ્ત્રવચન અનુસાર ભોગાદિનું સ્વરૂપ ચિંતવન કરવા છતાં તેની ઈચ્છા શમે નહિ, અને ધર્મમાં પ્રવૃત્તિ કરવામાં બાધક થાય તેમ જણાય, તો યતનાપૂર્વક ભોગાદિ કરે ? અને તેમાંથી શીઘ્ર નિવર્તન પામે અને ધર્મની પ્રવૃત્તિમાં ચિત્તને યોજન કરે. અને આ રીતે કરવાથી જ શ્રાવકના બધા આચારોમાં મન-વચન-કાયાની પ્રવૃત્તિ સ્વીકારાયેલા ધર્મગુણોને અનુરૂપ વર્તે અને તેથી સ્વીકારાયેલ ધર્મગુણ વૃદ્ધિ પામે.

**અવતરણિકા :**

**एतद्विशेषेणाभिधातुमाह–**

**અવતરણિકાર્થ :**

પૂર્વમાં કહ્યું કે "શ્રાવકે ગૃહસ્થનાં ઉચિત એવાં સર્વ કાર્યોમાં શાસ્ત્રાનુસારે જ મન, વચન અને કાયાની પ્રવૃત્તિ કરવી જોઈએ કે જેથી સ્વીકારાયેલા ધર્મગુણો મલિન ન થાય" એને જ વિશેષથી બતાવે છે–

**સૂત્ર :**

वज्जेज्जाऽणेगोवघायकारगं गरहणिज्जं बहुकिलेसं आयइविराहगं समारंभं । न चिंतेज्ज परपीडं । न भावेज्ज दीणयं । न गच्छेज्ज हरिसं । न सेवेज्जा वितहाभिणिवेसं । उचियमणपवत्तगे सिया । एवं न भासेज्ज अलियं, न फरुसं, न पेसुन्नं, नाणिबद्धं । हियमियभासगे सिया । एवं न हिंसेज्ज भूयाणि । न गिण्हेज्ज अदत्तं । न निरिक्खेज्ज परदारं । न कुज्जा अणत्थदंडं । सुहकायजोगे सिया ।

**સૂત્રાર્થ :**

**અનેક જીવોને ઉપઘાતને કરનાર, ગર્હણીય, બહુક્લેશવાળું, પરલોકને પીડા કરનાર અંગાર કર્માદિરૂપ સમારંભનું વર્જન કરવું જોઈએ અને પરને પીડા કરવાનું ચિંતવન કરવું જોઈએ નહિ, દીનતાને ધારણ કરવી જોઈએ નહિ, હર્ષને પામવું જોઈએ નહિ, ખોટા અભિનિવેશને સેવવો જોઈએ નહિ. આ રીતે ઉચિત મનના પ્રવર્તક થવું જોઈએ;**

**એ રીતે=પૂર્વમાં જે રીતે મનનું પ્રવર્તન બતાવ્યું એ રીતે, ઉચિત વચનનું પ્રવર્તન બતાવે છે–**

**ખોટું બોલવું જોઈએ નહિ, નિષ્ઠુર વચન બોલવું જોઈએ નહિ, પેસુન્ન (ચાડી) બોલવું જોઈએ નહિ, અસંબદ્ધ બોલવું જોઈએ નહિ, હિત, મિત, ભાષક થવું જોઈએ.**

**એ રીતે=પૂર્વમાં જે રીતે ઉચિત વચનનું પ્રવર્તન બતાવ્યું એ રીતે ઉચિત કાયપ્રવર્તન બતાવે છે–**

**પૃથ્વીઆદિ જીવોની હિંસા કરવી જોઈએ નહિ, અદત્તાદાન ગ્રહણ કરવું જોઈએ નહિ, પરસ્ત્રીનું નિરીક્ષણ કરવું જોઈએ નહિ, અનર્થદંડ કરવો જોઈએ નહિ, શુભકાયયોગવાળા થવું જોઈએ.**

**ટીકા :**

**वर्जयेत् अनेकोपघातकारकं** सामान्येन, **गर्हणीयं** प्रकृत्या, **बहुक्लेशं** प्रवृत्तौ, **आयतिविराधकं** परलोकपीडाकरम्, **समारम्भम्** अङ्गारकर्मादि-रूपम् । तथा **न चिन्तयेत् परपीडां** सामान्येन । **न भावयेद् दीनतां कस्यचिदसंप्रयोगे । न गच्छेद्धर्षं कस्यचित् संप्रयोगे । न सेवेत वितथाभिनिवेशम्** अतत्त्वाध्यवसायम् । **किन्तु उचितमनःप्रवर्त्तकः स्याद्** वचनानुसारेण । **एवं न भाषेतानृतम**भ्याख्यानादि, **न परुषं** निष्ठुरम्, **न पैशू( शु )न्यं** परप्रीतिहारि, **नानिबद्धं** विकथादि **किन्तु हितमितभाषकः स्यात्** सूत्रनीत्या । **एवं न हिंस्याद् भूतानि** पृथिव्यादीनि । **न गृह्णीयाददत्तं** स्तोकमपि । **न निरीक्षेत परदारं** रागतः । **न कुर्यादनर्थदण्डं** अपध्यानाचरितादि । **किन्तु शुभकाययोगः स्यात्**, आगमनीत्या ।

**ટીકાર્થ :**

સામાન્યથી અનેક જીવોને ઉપઘાત કરનાર, પ્રકૃતિથી ગર્હણીય, પ્રવૃત્તિમાં બહુક્લેશને કરનાર, પરલોકમાં પીડાને કરનાર એવા અંગારકર્માદિકરૂપ સમારંભનું વર્જન કરવું જોઈએ; તથા સામાન્યથી પરને પીડા કરવાનું ચિંતવન કરવું જોઈએ નહિ. સંસારની કોઈપણ વસ્તુની અપ્રાપ્તિમાં દીનતાને ધારણ કરવી જોઈએ નહિ, સંસારમાં પોતાના ધાર્યા પ્રમાણે કોઈ વસ્તુની પ્રાપ્તિ થાય તેમાં હર્ષ પામવું જોઈએ નહિ, અતત્ત્વના અધ્યવસાયરૂપ વિતથ અભિનિવેશનું સેવન કરવું જોઈએ નહિ, પરંતુ શાસ્ત્રાનુસારે ઉચિત મનના પ્રવર્તક થવું જોઈએ.

એ રીતે=પૂર્વમાં જે રીતે મનનું પ્રવર્તન બતાવ્યું એ રીતે, ઉચિત વચન પ્રવર્તન બતાવે છે. અભ્યાખ્યાન=મિથ્યાઆરોપ આદિરૂપ અનૃત=મૃષા ભાષણ કરવું જોઈએ નહિ, કઠોર વચન બોલવું જોઈએ નહિ. પરની પ્રીતિને હણનાર એવું પૈશુન્ય બોલવું જોઈએ નહિ, વિકથાદિરૂપ અસંબદ્ધ બોલવું જોઈએ નહિ

**પરંતુ શાસ્ત્રનીતિથી હિત અને મિતભાષક થવું જોઈએ. એ રીતે =પૂર્વમાં જે રીતે ઉચિત વચનનું પ્રવર્તન બતાવ્યું એ રીતે, ઉચિત કાયપ્રવર્તન બતાવે છે. પૃથ્વીઆદિ જીવોની હિંસા કરવી જોઈએ નહિ, થોડુંક પણ અદત્તાદાન ગ્રહણ કરવું જોઈએ નહિ, પરસ્ત્રીને રાગથી જુએ નહિ અને અપધ્યાનઆચરિતઆદિ અનર્થદંડને કરે નહિ પરન્તુ આગમનીતિથી શુભકાયયોગવાળા થવું જોઈએ.**

★ '**अभ्याख्यानआदि**' માં '**आदि**' પદથી મૃષાઉપદેશનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :**

શ્રાવકે ગૃહસ્થનાં સર્વ કાર્યો શાસ્ત્રાનુસાર કરવાં જોઈએ જેથી સ્વીકારાયેલા ધર્મગુણો મલિન ન થાય. એને જ વિશેષથી કહે છે : શ્રાવકે અંગારકર્માદિ કૃત્યો વર્જવાં જોઈએ; કેમ કે અંગારકર્માદિ કૃત્યો સામાન્યથી અનેક જીવોને ઉપઘાત કરે તેવાં છે. આશય એ છે કે અંગારકર્માદિ કૃત્યોમાં સામાન્યથી એકેન્દ્રિયાદિ અનેક જીવનો ઉપઘાત થાય તેમ છે, તેથી શ્રાવકે અંગારકર્માદિ કૃત્યો કરવાં જોઈએ નહિ. વળી, તે અંગારકર્માદિ કૃત્યો પ્રકૃતિથી ગર્હણીય છે; કેમ કે ધર્મી જીવ આરંભ - સમારંભવાળી પ્રવૃત્તિ કરે તે નિંદનીય છે. વળી અંગારકર્માદિ કૃત્યો કરવામાં ઘણા પ્રકારના કલેશો થાય છે; કેમ કે આરંભ - સમારંભની પ્રવૃત્તિ કરતી વખતે અનેક જીવોની હિંસા થતી હોવાના કારણે ચિત્તમાં કઠોરતા, નિર્દયતા, બીજા જીવોના દુઃખોમાં ઉપેક્ષા આદિ કલેશવાળા પરિણામો થાય છે. વળી, તે અંગારકર્માદિ કૃત્યો પરલોકમાં પીડા કરનાર છે; કેમ કે તેવાં કૃત્યો કરવાથી જીવ તીવ્ર કોટિનું અશાતાવેદનીય કર્મ બાંધે છે, જેના ફળસ્વરૂપે ઘણી અશાતા પેદા થાય તેવાં દુઃખોને પ્રાપ્ત કરે છે.

આ રીતે શ્રાવકને ઘણા સમારંભવાળા વ્યાપારનો નિષેધ કરીને હવે તેને શાસ્ત્રઅનુસાર કેવું ચિંતવન કરવું જોઈએ તે બતાવતાં કહે છે–

શ્રાવકે સામાન્યથી પરને પીડા કરવાનું ચિંતવન કરવું જોઈએ નહિ અર્થાત્ પોતાની પ્રવૃત્તિથી કોઈને પણ પીડા થાય તેવું ચિંતવન પણ કરવું જોઈએ નહિ, પણ હંમેશા બીજાનું કેમ હિત થાય તેનું જ ચિંતવન કરવું જોઈએ.

અહીં 'સામાન્ય' કહેવાથી એ અર્થ પ્રાપ્ત થાય કે કારણ વિશેષથી કે સંયોગ વિશેષથી પર પીડા થાય એવું શ્રાવકે વિચારવું પણ પડે, જેમ પુત્રાદિના હિત માટે તેના ચિત્તમાં પીડા થાય તેવું પણ કહેવું પડે કે કહેવાનો વિચાર કરવો પડે. તેમ જ સંસારનાં કાર્યોની વિચારણા કરતા હોય તેમાં પણ બીજાઓને પીડા થાય તેવા કાર્યનો વિચાર કરવો પડે. તો પણ તેવા વિશેષ સંયોગ ન હોય ત્યારે કોઇને પીડા ન થાય તે જ રીતે શ્રાવક વિચારે, અને સંસારનાં કાર્યોમાં પણ હું કઇ રીતે પ્રયત્ન કરું કે જેથી પરને પીડા ન થાય તે રીતે ચિંતવન કરે, જેથી તેનું હૈયું હંમેશાં કોમળ રહે.

વળી, સંસારમાં પોતાની ધારણા પ્રમાણે વસ્તુની અપ્રાપ્તિ થાય ત્યારે દીનતાને ધારણ કરવી જોઇએ નહિ. સામાન્ય રીતે જીવને પોતાની ધારણા પ્રમાણે વસ્તુની પ્રાપ્તિ ન થાય ત્યારે મનમાં ખેદ ઉત્પન્ન થાય છે, પરંતુ શ્રાવક સંસારના સ્વરૂપને વારંવાર વિચારતો હોય છે તેથી તે જાણે છે કે સંસારનું સ્વરૂપ જ એવું છે કે પુણ્યનો સહકાર હોય ત્યારે સર્વ ઈચ્છિત વસ્તુની પ્રાપ્તિ થાય છે, અને પુણ્યનો સહકાર પ્રાપ્ત ન થાય ત્યારે પ્રાપ્ત થયેલી વસ્તુ પણ ચાલી જાય છે, અને તેવા સંયોગોમાં ચિત્તમાં દીનતા ધારણ કરવામાં આવે તો કર્મબંધની પ્રાપ્તિ થાય. માટે ચિત્તને હંમેશા તત્ત્વથી વાસિત રાખીને વિપરીત સંજોગોમાં દીનતા પ્રાપ્ત ન થાય તે રીતે શ્રાવકે ચિત્તને ભાવિત કરવું જોઇએ.

વળી, પોતાના ધાર્યા પ્રમાણે કે ધાર્યા કરતાં વધુ વસ્તુની પ્રાપ્તિ થાય ત્યારે શ્રાવકે ચિત્તમાં હર્ષ ધારણ કરવો જોઇએ નહિ. પરંતુ શ્રાવક વિચારે કે પુણ્યના સહકારથી આજે મને અનુકૂળ વસ્તુઓની પ્રાપ્તિ થઇ છે અને તેમાં ચિત્તને જોડીને હર્ષ ધારણ કરીશ તો કર્મબંધની પ્રાપ્તિ થશે, તેથી પ્રાપ્ત થયેલા સંજોગોમાં પણ પોતાનું ચિત્ત અતિ હર્ષાકુળ ન બને અને શાસ્ત્રાનુસારી પદાર્થોથી ચિત્ત ભાવિત રહે તે રીતે શ્રાવક યત્ન કરે.

વળી, શ્રાવકે અતત્ત્વના અધ્યવસાયનું સેવન કરવું જોઇએ નહિ અર્થાત્ ભગવાને જીવાદિ પદાર્થ જે રીતે કહ્યા છે તે તેમ જ છે, તેમ જાણવા માટે અને તે જાણીને તે જ રીતે તત્ત્વનો પક્ષપાત થાય તે રીતે મન પ્રવર્તાવવું જોઇએ, પરંતુ અસારભૂત એવા સંસારના પદાર્થોમાં સારભૂતતાની બુદ્ધિ કરાવે તેવા અતત્ત્વનાં અધ્યવસાયનું સેવન કરવું જોઇએ નહિ.

શ્રાવકે ભગવાનના વચન પ્રમાણે ઉચિત રીતે મનને પ્રવર્તાવું જોઈએ અર્થાત્ ભગવાને સંસારના પદાર્થો કઈ રીતે બતાવ્યા છે તે જાણવા યત્ન કરવો જોઈએ અને સંસારમાં ઉચિત પ્રવૃત્તિ જે રીતે કરવાની ભગવાનની આજ્ઞા છે તે જ પ્રકારે મનને પ્રવર્તાવવું જોઈએ, જેથી ક્રમે કરીને સંસારનો ભાવ ક્ષીણ થતો જાય અને ઉચિત રીતે મન પ્રવર્તાવવા દ્વારા જીવ નિર્જરારૂપ ફળને પામે.

આ રીતે શાસ્ત્રાનુસારી શ્રાવકની પરિશુદ્ધ મનઃ ક્રિયા બતાવીને હવે શાસ્ત્રાનુસાર પરિશુદ્ધ વાક્ક્રિયા શ્રાવક કેવી રીતે કરે તે બતાવે છે–

શ્રાવકે અભ્યાખ્યાનઆદિરૂપ મૃષાભાષણ કરવું જોઈએ નહિ. સંસારની દરેક પ્રવૃત્તિમાં ક્યાંય મૃષાવાદ બોલવાનો પ્રસંગ ન આવે એ રીતે જ શ્રાવક બોલવાનો પ્રયત્ન કરે. વળી, સાચું વચન પણ કઠોર કહેવું નહિ; કારણ કે કઠોર બોલવાથી ચિત્ત કલેશવાળું બને છે. શ્રાવકનું ચિત્ત હંમેશા દયાળુ હોય છે. માટે કોઈ વચનપ્રયોગથી કોઈને પીડા કરે તેવું નિષ્ઠુર વચન શ્રાવક બોલે નહિ. વળી, પરની પ્રીતિને હણનાર એવું પૈશુન્ય=ચાડી, વચન પણ શ્રાવક બોલે નહિ. કોઈની વાત પોતે જાણતો હોય તો પણ પરને અપ્રીતિ થાય તેવી વાત શ્રાવક બીજા પાસે પ્રકાશન કરે નહિ. વળી, શ્રાવક વિકથાદિ અસંબદ્ધ ભાષણ કરે નહિ અર્થાત્ આહારકથા, દેશકથા, સ્ત્રીકથા આદિ વાતોમાં રસ લઈને બોલે નહિ, પરંતુ સૂત્રનીતિથી હિત-મિત એવી ભાષાનો જ પ્રયોગ કરનાર થાય.

આ રીતે શાસ્ત્રાનુસારી શ્રાવકની પરિશુદ્ધ વાક્ક્રિયા બતાવીને હવે પરિશુદ્ધ કાયક્રિયા શ્રાવક કઈ રીતે કરે તે બતાવે છે–

શ્રાવક પૃથ્વી આદિ જીવોની હિંસા કરે નહિ. આશય એ છે કે શ્રાવક પણ સાધુધર્મનો અર્થી છે, અને તેથી જ સાધુધર્મના પરિભાવન માટે શ્રાવકધર્મ સ્વીકારે છે; અને આવો શ્રાવક સંસારમાં હોય ત્યારે જોકે સંસારની જીવનવ્યવસ્થા જ પૃથ્વી આદિની હિંસાથી થાય છે, તો પણ શક્ય તેટલી પૃથ્વીઆદિની હિંસા ન થાય તે રીતે શ્રાવક પોતાનાં સંસારનાં કાર્યો કરે.

વળી, શ્રાવક થોડું પણ અદત્ત ગ્રહણ કરે નહિ અર્થાત્ બીજાની માલિકાની વસ્તુ તેણે આપ્યા વગર શ્રાવક ગ્રહણ કરે નહિ. વળી, પરસ્ત્રીને રાગથી જુએ નહિ, વળી, શ્રાવક અપધ્યાનને કારણે આચરણાનું મન થાય કે બોલવાનું મન થાય તેવી અનર્થદંડની પ્રવૃત્તિ કરે નહિ. પરંતુ શ્રાવક, પોતાના જીવન માટે

ઉપયોગી હોય અને કદાચ મોજશોખનો પરિણામ પોતાને વિદ્યમાન હોય તેને કારણે અમુક આરંભ-સમારંભનું નિવારણ ન કરી શકે, તો પણ જે આરંભ-સમારંભમાં પોતાને કાંઈ ખાસ ફળ નથી તેવા આરંભ-સમારંભવાળા કૃત્યો કરે નહિ; કેમ કે અપધ્યાનથી આચારિત એવા અનર્થદંડરૂપ જ તે કૃત્યો છે.

વળી, શ્રાવક પોતાના મોજશોખમાં યત્ન કરતો હોય ત્યારે પણ વિચારતો હોય છે કે, ભગવાને કામને 'શલ્ય' જેવા કહ્યા છે, તેથી તેનાથી મારે ચિત્ત વાળવા માટે જ યત્ન કરવો જોઈએ; અને જ્યારે ચિત્ત તેના વગર રહી શકે તેવું ન હોય ત્યારે એ રીતે જ ભોગાદિ કરે કે જેથી તે મનોવૃત્તિ શાંત થઈ જાય અને જે શ્રાવક તે રીતે કરતો નથી અને વિષયોના ચિંતવનથી જ સંસારની પ્રવૃત્તિઓમાં રસ લેતો હોય છે તે અપધ્યાનથી આચરિત અનર્થદંડ છે.

શ્રાવક અપધ્યાનથી આચરિત એવા અનર્થદંડ કરે નહિ પરંતુ આગમનીતિથી શુભકાયયોગવાળો થાય. આશય એ છે કે શ્રાવકે પોતાનાં વ્રતોને અનુરૂપ યત્ન થાય તે રીતે જ સંસારની પ્રવૃત્તિ કરવી જોઈએ, જેથી પોતાના વ્રતમાં ક્યાંય મલિનતા ન આવે એ રીતે જ શુભકાયયોગની પ્રવૃત્તિ કરવી જોઈએ.

**સૂત્ર :**

**तहा लाभोचियदाणे लाभोचियभोगे लाभोचियपरिवारे लाभोचियनिहिकरे सिया । असंतावगे परिवारस्स, गुणकरे जहासत्तिं, अणुकंपापरे, निम्ममे भावेणं, एवं खु तप्पालणे वि धम्मो जहऽन्नपालणे त्ति, सव्वे जीवा पुढो पुढो, ममत्तं बंधकारणं।**

**સૂત્રાર્થ :**

**તથા લાભઉચિત દાન કરનાર થાય, લાભઉચિત ભોગ કરનાર થાય, લાભઉચિત પરિવારમાં ધન વ્યય કરનાર થાય, લાભઉચિત નિધિ(બચત) કરનાર થાય, પરિવારનો અસંતાપક થાય, યથાશક્તિ પરિવારનો ગુણ કરનારો થાય, પરિવારની અનુકંપામાં તત્પર રહે, ભાવથી પરિવાર પ્રત્યે નિર્મમ રહે. આ રીતે પરિવારના પાલનમાં પણ ધર્મ થાય, જે પ્રમાણે અન્યના પાલનમાં ધર્મ થાય. (કેમકે) સર્વ જીવો પૃથગ્ પૃથગ્ છે, મમત્વ બંધનું કારણ છે.**

★ 'खु' શબ્દ વાક્યાલંકારમાં છે.

**ટીકા :**

तथा लाभोचियदाणेत्यादि । तथा लाभोचितदानः, अष्टभागाद्यपेक्षया । तथा लाभोचितभोगः, अष्टभागाद्यपेक्षया । लाभोचितपरिवारः, चतुर्भागादिभर्त्तव्यपरिमाणेन । लाभोचितनिधिकरः स्यात्, चतुर्भागाद्यपेक्षयैव । उक्तं चात्र लौकिकैः-

पादमायान्निधिं कुर्यात् पादं वित्ताय वर्द्धयेत् ।
धर्मोपभोगयोः पादं पादं भर्त्तव्यपोषणे ॥[ ]

तथाऽन्यैरप्युक्तम्-

आयादर्द्धं नियुञ्जीत धर्मे यद्वाऽधिकं ततः ।
शेषेण शेषं कुर्वीत यत्नतस्तुच्छमैहिकम् ॥[ ] इत्यादि।

**ટીકાર્થ :**

'तथा लाभोचियदाणेत्यादि' એ પ્રતિક છે.

પોતાને પ્રાપ્ત થયેલા ધનના આઠ ભાગ કરીને એક ભાગ દાનમાં વાપરે, તથા પોતાને પ્રાપ્ત થયેલા ધનમાંથી આઠ ભાગ કરીને એક ભાગ ભોગમાં વાપરે, અને પોતાને પ્રાપ્ત થયેલા ધનના ચાર ભાગ કરીને એક ભાગ પરિવારમાં વાપરે, અને પોતાને પ્રાપ્ત થયેલા ધનના ચાર ભાગ કરીને એક ભાગ નિધિને કરે= બચતને કરે.

લાભઉચિત દાન આદિના વિષયમાં સાક્ષી આપતાં કહે છે– અને અહીંયાં=પ્રાપ્ત થયેલા ધનના વ્યયમાં લૌકિકો વડે કહેવાયું છે.

પ્રાપ્ત થયેલા ધનમાંથી એક ભાગ એટલે ચોથો ભાગ નિધિને (બચત) કરે, અને એક ભાગ એટલે ચોથો ભાગ ધનની વૃદ્ધિમાં વાપરે, અને એક ભાગ એટલે ચોથા ભાગમાંથી બે ભાગ કરીને એક ભાગ ધર્મમાં અને એક ભાગ પોતાના ઉપભોગમાં વાપરે, અને બાકીનો ચોથો ભાગ ભર્તવ્યના (આશ્રિતના) પોષણ માટે વાપરે.

**અને બીજાઓ વડે પણ કહેવાયું છે.**

પ્રાપ્ત થયેલા ધનમાંથી ધર્મમાં અડધો ભાગ વાપરે અથવા અધિક વાપરે અર્થાત્ અર્ધાભાગથી વધુ વાપરે. ત્યારપછી શેષ (ધન) વડે કરીને યત્નથી તુચ્છ એવું ઐહિક શેષ કાર્ય કરે.

★ અહીં ટીકામાં '**इत्यादि**' થી આવી જ સાક્ષીને કહેનારા અન્ય ઉદ્ધરણનો સંગ્રહ જાણવો.

**ભાવાર્થ :**

સામાન્ય રીતે શ્રાવક જે કમાતો હોય તેના ચાર ભાગ કરે. તેનો એક ભાગ પરિવારના પોષણ માટે રાખે, એક ભાગ સંચય માટે રાખે અને એક ભાગ વેપારની વૃદ્ધિ માટે વાપરે. આ રીતે ત્રણ ભાગનો ઉપયોગ કર્યા પછી જે એક ભાગ બાકી રહે તે પોતાને માટે વાપરવાનો છે. આ બાકી રહેલા એક ભાગના તે બે ભાગ પાડે છે. તેમાંથી એક ભાગ ધર્મ માટે વાપરે છે અને એક ભાગ પોતાના માટે વાપરે છે. આ પ્રકારનો વિભાગ સામાન્ય રીતે મધ્યમ કક્ષાની આવકવાળાને સામે રાખીને કરેલો હોવો જોઈએ, અને વિશેષ પ્રકારના ધન કમાયેલાને સામે રાખીને બીજો સાક્ષીપાઠ પણ પ્રસિદ્ધ છે, જે ઉદ્ધરણમાં 'અન્ય વડે કહેવાયું છે' કહીને આપ્યો છે.

અને તે અન્ય ઉદ્ધરણ પ્રમાણે જે જીવ સારા પ્રમાણમાં ધન કમાતો હોય અને ધર્મી હોય તે જીવ, તેને પ્રાપ્ત થયેલા ધનમાંથી અડધો ભાગ ધર્મમાં વાપરે અથવા અર્ધા ભાગથી અધિક ધન પણ ધર્મમાં વાપરે; કેમ કે તે સમજે છે કે ધર્મમાં વપરાયેલો પૈસો જ સાર્થક છે, જ્યારે સંસારનાં બીજાં બધાં કાર્ય તુચ્છ કોટિનાં અને આલોક પૂરતાં જ છે. આમ છતાં સંસારમાં તે કાર્યોને પણ કર્યા વગર ચાલે તેમ નથી તેથી તુચ્છ એવાં ઐહિક કાર્યો યત્નપૂર્વક=વિવેકપૂર્વક શેષ ધન વડે કરે અર્થાત્ સંસારનાં શેષ કૃત્યો પણ એ રીતે યત્નપૂર્વક કરે કે પોતે સ્વીકારેલા ધર્મગુણોને ક્યાંય બાધ ન થાય.

આનાથી એ સ્પષ્ટ દેખાય છે કે શ્રાવક સમજે છે કે શરીર સંબંધીનાં કે આલોક સંબંધીનાં સર્વ કાર્ય તુચ્છ છે, અતિ મહત્ત્વનાં નથી. માટે જે કાર્યો કર્યા વગર ચાલે નહિ એવાં જ કાર્યો માટે ધનનો વ્યય કરવો જોઈએ, બાકી શક્તિ પ્રમાણે ધનનો વ્યય તો ધર્મમાં જ કરવો જોઈએ.

**ટીકા :**

तथा असन्तापकः परिजनस्य, स्यादिति वर्त्तते, शुभप्रणिधानेन । गुणकरो यथाशक्ति भवस्थितिकथनशीलत्वेन । अनुकम्पापरः, प्रतिफलनिरपेक्षतया । निर्ममो भावेन भवस्थित्यालोचनात् । क एवं गुणः स्यात् ? इत्याह–एवं यस्मात् तत्पालनेऽपि धर्मः, जीवोपकारभावात् । यथाऽन्यपालन इति जीवाविशेषेण । किमित्येतदेवम् ? इत्याह–सर्वे जीवाः पृथक् पृथग् वर्त्तन्ते स्वलक्षणभेदेन, किन्तु ममत्वं बन्धकारणम्, लोभरूपत्वात् । उक्तं च–

संसाराम्बुनिधौ सत्त्वाः कर्मोर्मिपरिघट्टिताः ।
संयुज्यन्ते वियुज्यन्ते, तत्र कः कस्य बान्धवः ॥ [ ]

तथा–

अत्यायतेऽस्मिन् संसारे, भूयो जन्मनि जन्मनि ।
सत्त्वो नैवास्त्यसौ कश्चिद्यो न बन्धुरनेकधा ॥ [ ]॥ इत्यादि॥

सर्वथा परिभावनामात्रमेतत्स्वजनो न स्वजन इति ॥

**ટીકાર્થ :**

મૂળસૂત્રમાં 'स्यात्' શબ્દ અધ્યાહાર છે.

અને સુપ્રણિધાન દ્વારા પરિવારજનને અસંતાપક થાય. ભવસ્થિતિના કથન દ્વારા યથાશક્તિ પરિવારને ગુણને કરનારો થાય, પ્રતિફલની અપેક્ષા રાખ્યા વિના તેની અનુકંપામાં તત્પર થાય, ભવસ્થિતિની આલોચનાના કારણે ભાવથી તેના પ્રત્યે નિર્મમ થાય. આ રીતે=પરિવાર પ્રત્યે નિર્મમ થાય તો શું ગુણ થાય? એથી કહે છે–

જે કારણથી આ રીતે પરિવારના પાલનમાં પણ ધર્મ થાય છે; કેમ કે જીવો પ્રત્યે=પરિવારના જીવો પ્રત્યે ઉપકારનો ભાવ છે. જે રીતે અન્યના પાલનમાં =પરિવારથી અન્યના પાલનમાં, ધર્મ થાય છે તે રીતે પરિવારના પાલનમાં પણ ધર્મ થાય છે; કેમ કે જીવનું અવિશેષપણું છે=બધા જીવોનું સમાનપણું છે અર્થાત્ નિર્મમ વ્યક્તિને પરિવારના જીવો અને અન્ય જીવો પરત્વે સમાન બુદ્ધિ છે.

અહીં પ્રશ્ન થાય કે પરિવારના જીવો અને અન્ય જીવો પરત્વે વિવેકી શ્રાવકને સમાન બુદ્ધિ કેમ છે ? તેથી કહે છે–

**દરેક જીવ સ્વસ્વરૂપના ભેદથી પૃથક્ પૃથક્ વર્તે છે, પરંતુ પરિવાર પ્રત્યે મમત્વ એ બંધનું કારણ છે; કેમ કે એ લોભરૂપ છે.**

સર્વ જીવો સ્વસ્વરૂપથી પૃથક્ પૃથક્ કેમ છે? અને પરિવાર પ્રત્યે મમત્વ છે તે બંધનું કારણ કેમ છે? તેમાં સાક્ષી '**उक्तं च**' થી આપે છે–

સંસારરૂપી સમુદ્રમાં કર્મની ઊર્મિથી પરિઘટ્ટિત જીવો સંયોગ પામે છે અને વિયોગ પામે છે. ત્યાં=સંસારરૂપી સમુદ્રમાં કોણ કોનો બંધુ છે ? અર્થાત્ કોઈ કોઈનો બંધુ નથી.

અને બીજી સાક્ષી '**तथा**' થી આપે છે–

અતિદીર્ઘ એવા આ સંસારમાં ઘણા જન્મોમાં એવો કોઈ જીવ નથી જ, જે અનેક વખત બંધુ થયો ન હોય, ઈત્યાદિ.

★ '**इत्यादि**' થી આવી પણ અન્ય સાક્ષીઓનો સમુચ્ચય છે.

આ સાક્ષીપાઠનો ફલિતાર્થ બતાવે છે–

**સર્વથા પરિભાવન માત્ર આ છે="આ મારો બંધુ છે" એ માત્ર કલ્પના છે; કેમ કે સ્વજન એ સ્વજન નથી.**

'**इति**' શબ્દ કથનની સમાપ્તિ માટે છે.

**ભાવાર્થ :**

શ્રાવકે પોતાને પ્રાપ્ત થયેલ ધનનો વ્યય કેવી રીતે કરવો જોઈએ તે બતાવ્યા પછી શ્રાવકે પરિવાર પ્રત્યે કેવી રીતે વર્તન કરવું જોઈએ તે બતાવે છે–

શ્રાવકે કોઈને સંતાપ ન થાય એ પ્રકારના સુંદર પ્રણિધાનથી પરિવારનાં અસંતાપક થવું જોઈએ.

આશય એ છે કે શ્રાવકની પ્રકૃતિ જ એવી હોય છે કે કોઈને સંતાપ ન થાય, છતાં અનાદિ અભ્યસ્ત જીવનો સ્વભાવ છે કે જેથી કષાયને વશ થઈને બીજાને સંતાપ થાય એવી પ્રવૃત્તિ પણ ક્યારેક શ્રાવકથી થઈ જાય આમ છતાં, જે શ્રાવક

સાધુધર્મપરિભાવન માટે યત્ન કરતો હોય તેણે વિશેષથી સુપ્રણિધાન કરવું જોઈએ કે જેથી અનાભોગથી પણ કોઈના સંતાપનું કારણ પોતે ન બને. અને સામાન્ય રીતે જેનો અતિપરિચય હોય ત્યાં જ સંતાપ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે, તેથી પોતાના નજીકના પરિચયવાળા એવા પોતાના પરિવારને પોતાનાથી ક્યાંય સંતાપ ન થાય તે રીતે શ્રાવકે યત્ન કરવો જોઈએ.

વળી, પોતાની શક્તિને અનુરૂપ ભવસ્થિતિનું કથન કરીને પરિવારના લોકોને યથાર્થ બોધ થાય તેવો પ્રયત્ન કરવો જોઈએ, જેથી શક્તિને અનુરૂપ પરોપકાર કરવાની મનોવૃત્તિ જીવંત રહે, અને આ પ્રકારનો પ્રયત્ન એ પરિવારની ભાવ અનુકંપા સ્વરૂપ છે; કેમ કે જો પરિવારને ભવસ્થિતિનો સમ્યગ્બોધ થાય તો તેઓ પણ ધર્મપરાયણ બનીને આત્માનું હિત સાધવા માટે યત્નવાળા થાય.

વળી, જેમ શ્રાવકે પરિવારની હિતચિંતારૂપે ભવસ્થિતિનું કથન કરવું જોઈએ તેમ પરિવારની દ્રવ્યઅનુકંપામાં પણ તત્પર રહેવું જોઈએ, તે બતાવવા માટે શ્રાવક પરિવાર પ્રત્યે અનુકંપાતત્પર થાય તેમ કહેલ છે. અને તે દ્રવ્યઅનુકંપા પણ પ્રતિફલની અપેક્ષા વગર કરવી જોઈએ, જેથી ચિત્તની નિર્મળતા થાય.

આશય એ છે કે શ્રાવક હંમેશાં દયાળુ સ્વભાવવાળો હોય તેથી પોતાના પરિવારના જીવોને પણ કોઈ પ્રકારની શારીરિક તકલીફ ન થાય, અને સંસારની દૃષ્ટિએ પણ સ્વસ્થ અને સુખમય જીવનની પ્રાપ્તિ કરે તે રીતે જ તેઓની સારસંભાળ કરે. અને આ પ્રકારની ઉચિત સારસંભાળ કરવાથી પરિવારજનોને પણ શ્રાવક વડે કરાતા ધર્મ પ્રત્યે બહુમાન થવાનો સંભવ રહે છે, અને તેથી તેની આ દ્રવ્યઅનુકંપા પણ ભાવઅનુકંપાનું કારણ બને છે. અને આ રીતે પરિવારને સુખશાંતિ મળે તેવી દ્રવ્યઅનુકંપા પણ શ્રાવક પ્રતિફલની અપેક્ષાથી કરે નહિ કેમ કે તેમ કરવાથી સ્વાર્થવૃત્તિ આવે છે. અને તે પ્રતિફલની અપેક્ષા એ છે કે જો હું આ પરિવારની અત્યારે ચિંતા કરીશ તો પ્રસંગે તેઓ પણ મને ઉપયોગી થશે, અને મારા વિષમ સંજોગોમાં મને અનુકૂળ સંજોગોની પ્રાપ્તિ કરાવશે. આવી અપેક્ષાઓથી શ્રાવક પરિવારની અનુકંપા કરે નહિ, પરંતુ સ્વાભાવિક દયાળુ હૈયું જીવંત રહે તે રીતે પરિવારની અનુકંપામાં તત્પર રહે.

વળી, શ્રાવક પોતાના પરિવારને સુખશાંતિ ઉત્પન્ન થાય તે રીતે અનુકંપાપર થાય છે, તો પણ ભવસ્થિતિનાં આલોચનના કારણે ભાવથી શ્રાવકે પરિવાર પ્રત્યે નિર્મમ ભાવ રાખવો જોઈએ.

આશય એ છે કે શ્રાવકનો સ્વભાવ દયાળુ હોવાને કારણે પરિવારના સ્વાસ્થ્ય આદિની ચિન્તા કરનાર હોવા છતાં "આ મારો પરિવાર છે" એમ બુદ્ધિથી તેઓના પ્રત્યે અતિરાગાદિ ભાવોને ધારણ કરે નહિ, પરંતુ ભવસ્થિતિનું આલોચન કરીને પરિવાર પ્રત્યે પણ ભાવથી નિર્મમ ભાવવાળો રહે. અને આ પ્રકારે ભાવથી નિર્મમ ભાવવાળો રહેવાથી પરિવારના પાલનમાં પણ શ્રાવકને ધર્મની પ્રાપ્તિ થાય છે; કેમ કે પરિવારના જીવો પ્રત્યે ઉપકારની બુદ્ધિથી જ તેનું પાલન કરે છે, પરંતુ રાગાદિને પરવશ થઈને તેઓનું પાલન કરતો નથી. જેમ કોઈ જીવ પ્રકૃતિથી દયાળુ હોય અને તેના કારણે પોતાના પરિવારથી અન્ય એવા યોગ્ય જીવોનું પાલન કરે તો તે પાલનની ક્રિયા, તે જીવ પ્રત્યે રાગાત્મક પરિણામરૂપ નહિ હોવાથી, અને કેવલ તે જીવ પ્રત્યેની ઉપકારક બુદ્ધિ હોવાના કારણે તે ધર્મરૂપ છે, તેમ જે શ્રાવક કુટુંબ પ્રત્યે રાગાદિને ધારણ કર્યા વગર કઈ રીતે તેઓનો ઉપકાર થાય તેવા શુભાશયથી તેનું પાલન કરે, તો તે પાલનથી ધર્મની જ પ્રાપ્તિ થાય છે.

અહીં કુટુંબના જીવો અને અન્ય જીવો પ્રત્યે સમાન બુદ્ધિ છે તેથી રાગાદિરહિત તેના પાલનમાં ધર્મ થાય છે એમ કહ્યું છે, ત્યાં પ્રશ્ન થાય કે અન્ય જીવ અને કુટુંબના જીવ સમાન નથી; કેમ કે અન્ય જીવો સાથે પોતાને સંબંધ નથી જ્યારે કુટુંબના જીવો સાથે પોતાને સંબંધ છે, તો બધા જીવો સમાન છે તેમ કેમ કહી શકાય ? એથી કહે છે.

દરેક જીવ સ્વસ્વરૂપથી પૃથક્ પૃથક્ રહે છે, કેવળ પોતાના કુટુંબ પ્રત્યે મમત્વભાવ છે તે જ બંધનું કારણ છે; કેમ કે જીવના લોભપરિણામરૂપ છે.

આશય એ છે કે તત્ત્વથી જોવામાં આવે તો જેમ પોતાના કુટુંબની વ્યક્તિ પોતાના સ્વરૂપથી જુદી છે તેમ સંસારના બધા જીવો પોતાના સ્વરૂપથી જુદા છે =પોતાના વ્યક્તિત્વથી જુદા છે. તેથી 'આ મારો, અને આ પારકો' એવું પદાર્થનું સ્વરૂપ નથી, પરંતુ જીવે સ્વબુદ્ધિથી પોતાના પરિવાર પ્રત્યે મમત્વની બુદ્ધિ કરી તે જ કર્મબંધનું કારણ છે. તેથી જે વિવેકી શ્રાવક પોતાના પરિવાર પ્રત્યે મમત્વની

બુદ્ધિ ધારણ કરતો નથી, અને પરિવારના ઉપકાર અર્થે જ તેઓનું પાલન કરે છે, તો તે પાલન ધર્મરૂપ જ છે. માટે શ્રાવકે પોતાના પરિવાર પ્રત્યે પણ ભાવથી નિર્મમભાવ કેળવવા પ્રયત્ન કરવો જોઈએ, જેથી કુટુંબના પાલનની ક્રિયા પણ ધર્મરૂપ બને.

પરમાર્થથી પોતાનું કોઈ પરિજન-સ્વજન નથી પરંતુ બધા જીવ પોતાના માટે સમાન છે તે રૂપ તત્ત્વને બતાવનાર સાક્ષીપાઠ '**उक्तं च**' થી આપે છે, જેનો ભાવ આ પ્રમાણે છે–

સમુદ્રમાં જેમ ઊર્મિઓથી પાણીના પરપોટા થાય છે તેમ કર્મની ઊર્મિઓથી જીવો તે તે મનુષ્યઆદિ આકારવાળા થાય છે, અને તે તે જીવની સાથે સંબંધવાળા થાય છે; અને જ્યારે તે કર્મ પૂરું થાય અને નવું કર્મ વિપાકમાં આવે, ત્યારે તે તે જીવની સાથેનો સંયોગ વિયોગને પામે છે. આવું સંસારનું સ્વરૂપ હોય ત્યાં કયો જીવ કોનો બંધુ છે તેમ કેમ કહી શકાય ? અર્થાત્ કોઈ કોઈનો બંધુ નથી.

વળી, બીજા સાક્ષીપાઠનો અર્થ આ પ્રમાણે છે–

અતિદીર્ઘ એવા સંસારમાં ઘણા જન્મોમાં કોઈ જીવ એવો નથી જ કે જે આનો અનેક વખત બંધુ થયો ન હોય. તેથી સર્વ સંસારી જીવો પોતાના અનેક વખત બંધુ થયા છે. માટે આ 'બંધુ' અને આ 'પર' એવી બુદ્ધિ સ્વકલ્પના માત્રથી જ થયેલી છે. અને એ જ વાતને સ્પષ્ટ કરતાં કહે છે– આ મારો બંધુ છે એ સર્વથા પરિભાવના માત્ર છે અર્થાત્ વાસ્તવિક તેનો કોઈ બંધુ નથી, પરંતુ માત્ર પોતાની બુદ્ધિથી જીવે પોતે પરિભાવન કર્યું છે કે "આ મારો બંધુ છે", અને તેથી તેને બંધુરૂપે દેખાય છે; તો પણ પરમાર્થથી જે સ્વજન દેખાય છે તે સ્વજન નથી. આ પ્રકારનું ભવસ્વરૂપનું ચિંતવન કરવાથી શ્રાવક હંમેશાં પરિજન પ્રત્યે નિર્મમભાવ કેળવી શકે, જેથી પરિજનનું પાલન પણ નિર્જરાનું જ કારણ બને.

**सूत्र :**

**तहा तेसु तेसु समायारेसु सइसमन्नागए सिया, अमुगे अहं, अमुगकुले, अमुगसीसे, अमुगधम्मट्ठाणट्ठिए, न मे तव्विराहणा, न मे तदारंभो, वुड्ढी ममेयस्स, एयमेत्थ सारं, एयमायभूयं, एयं हियं । असारमन्नं सव्वं विसेसओ**

**अविहिगहणेणं विवागदारुणं च त्ति । एवमाह तिलोगबंधू परमकारुणिगे सम्मं संबुद्धे भगवं अरहंते त्ति । एवं समालोचिय तदविरुद्धेसु समायारेसु सम्मं वट्टेज्जा । भावमंगलमेयं तन्निप्फत्तीए ।**

★ **"विवागदारुणं च त्ति"** આ પ્રકારનો સૂત્રમાં રહેલો પાઠ અમુક પ્રતોમાં નથી, અને એ પાઠ નથી એમ જ ગ્રહણ કરીને પૂ. હરિભદ્રસૂરિ મહારાજ સાહેબની ટીકા છે, આમ છતાં કોઈક પ્રતમાં પાઠ છે તેથી મૂળસૂત્રનો અર્થ અહીં તે પ્રમાણે કર્યો છે.

**સૂત્રાર્થ :**

**અને તે તે સમાચારોમાં=આચારોમાં શ્રાવક સ્મૃતિ-સમન્વાગત થાય =ઉપયોગવાળો થાય.**

**તે કેવી રીતે ઉપયોગવાળો થાય તે બતાવે છે– હું અમુક છું, અમુક કુળમાં ઉત્પન્ન થયો છું, અમુકનો શિષ્ય છું, અમુક ધર્મસ્થાનમાં રહેલો છું, મને તેની વિરાધના (યુક્ત) નથી=તે ધર્મસ્થાનની વિરાધના (યુક્ત) નથી, મને તેનો આરંભ નથી=સ્વીકારાયેલા ધર્મસ્થાનની વિરાધનાનો આરંભ નથી, મને આની =સ્વીકારાયેલા ધર્મસ્થાનની વૃદ્ધિ છે, આ=ધર્મસ્થાન, અહીં=સંસારમાં સાર છે, આ આત્મભૂત છે=આ સ્વીકારાયેલું ધર્મસ્થાન આત્મભૂત છે, આ હિત છે =આ સ્વીકારાયેલું ધર્મસ્થાન હિત છે, અન્ય સર્વ=સ્વીકારાયેલા ધર્મસ્થાનથી અન્ય સર્વ અસાર છે, વિશેષથી અવિધિનાં ગ્રહણ દ્વારા અસાર છે અને વિપાકદારુણ છે; એથી કરીને (અવિધિથી ગ્રહણ કરેલ અન્ય સર્વ વિશેષથી અસાર છે).**

**એ પ્રમાણે=શ્રાવકે સ્મૃતિ સમન્વાગત થવું જોઇએ ઇત્યાદિ પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રમાણે, ત્રિલોકબંધુ, પરમ કારુણિક સમ્યક્ સંબુદ્ધ ભગવાન અરિહંત કહે છે. એ રીતે સમાલોચન કરીને તેની અવિરુદ્ધ સમાચારોમાં =અધિકૃત ધર્મસ્થાનોથી અવિરૂદ્ધ આચારોમાં, સમ્યક્ વર્તવું જોઇએ. તેની નિષ્પત્તિ માટે=અધિકૃત આચારોની નિષ્પત્તિ માટે આ=વિધિપૂર્વક વર્તન ભાવમંગલ છે.**

**ટીકા :**

तहा तेसु तेसु इत्यादि । तथा तेषु तेषु समाचारेषु गृहिसमुचितेष्विति वर्त्तते, स्मृतिसमन्वागतः स्यात् आभोगयुक्तः । कथम्? इत्याह–अमुकोऽहं देवदत्तादिनामा । अमुककुल इक्ष्वाका( क्वा )द्यपेक्षया । अमुकशिष्यो धर्मतः तत्तदाचार्यापेक्षया । अमुकधर्मस्थानस्थितः अणुव्रताद्यपेक्षया । न मम तद्विराधना सांप्रतम्[१] । न मम तदारम्भः विराधनारम्भः । तथा वृद्धिर्ममैतस्य धर्मस्थानस्य । एतदत्र सारं धर्मस्थानम् । एतदात्मभूतमानुगामुकत्वेन । एतद्धितं सुन्दरपरिणामत्वेन । असारमन्यत् सर्वमर्थजातादीति विशेषतोऽविधिग्रहणेन विपाकदारुणत्वात् । यथोक्तम्–

पापेनैवार्थरागान्धः फलमाप्नोति यत् क्वचित् ।
बडिशामिषवत्तत्तमविनाश्य न जीर्यति ॥ [ ] ॥ इति ।

एतदेवमेवेत्याह–एवमाह त्रिलोकबन्धुः समुपचितपुण्यसंभारः, परमकारुणिकः तथाभव्यत्वनियोगात् । सम्यक् संबुद्धोऽनुत्तरबोधिबीजतः । भगवानर्हन् सत्त्वविशेष इति । एवं समालोच्य तदविरुद्धेषु अधिकृतधर्मस्थानाविरुद्धेषु समाचारेषु विचित्रेषु सम्यग् वर्तेत सूत्रनीत्या । भावमङ्गलमेतद्विधिना वर्त्तनं तन्निष्पत्तेरधिकृतसमाचारनिष्पत्तेरिति ।

१. "युक्तमित्यर्थे साम्प्रतमिति शब्दोऽत्रावसेयः" આ પ્રકારની નોંધ કોઈક પ્રતમાં છે.

**ટીકાર્થ :**

"तहा तेसु तेसु इत्यादि।" પ્રતિક છે. ગૃહસ્થને ઉચિત એવા તે તે સમાચારોમાં સ્મૃતિ - સમન્વાગત શ્રાવક થાય=આભોગયુક્ત શ્રાવક થાય.

★ અહીં મૂળ સૂત્રમાં "**समाचारेषु**" પછી "**गृहिसमुचितेषु**" એ પ્રકારનું પદ અધ્યાહાર છે. તે બતાવવા માટે ટીકામાં કહ્યું કે "**गृहिसमुचितेष्विति वर्त्तते**".

હવે કેવી રીતે સ્મૃતિસમન્વાગત શ્રાવક થાય તે બતાવવા અર્થે કહે છે. દેવદત્તનામ આદિથી હું અમુક છું, ઈક્ષ્વાકુ આદિ અપેક્ષાએ હું અમુક કુળમાં ઉત્પન્ન થયો છું, ધર્મથી તે તે આચાર્યની અપેક્ષાએ હું અમુકનો શિષ્ય છું, અણુવ્રતાદિ અપેક્ષાએ હું

**અમુક ધર્મસ્થાનમાં હું રહેલો છું, મને તે ધર્મસ્થાનની વિરાધના સાંપ્રત નથી=યુક્ત નથી, મને તેનો=ગ્રહણ કરાયેલા વ્રતોની વિરાધનાનો આરંભ નથી, અને મને આ ધર્મસ્થાનની=સ્વીકારાયેલા ધર્મસ્થાનની વૃદ્ધિ વર્તે છે, આ=સ્વીકારાયેલું ધર્મસ્થાન અહીં=સંસારમાં સાર છે, આ=સ્વીકારાયેલું ધર્મસ્થાન પરલોકમાં અનુગામી હોવાને કારણે આત્મભૂત છે, આ=સ્વીકારાયેલું ધર્મસ્થાન સુંદર પરિણામપણું હોવાને કારણે હિત છે, આ સ્વીકારાયેલા ધર્મસ્થાનથી અન્ય સર્વ 'અર્થજાતાદિ'=ધનભોગાદિ અસાર છે, આ=અર્થજાતાદિ, અવિધિગ્રહણ દ્વારા વિશેષથી અસાર છે; કેમ કે વિપાકદારુણપણું છે.**

★ અહીં "**अर्थजातादि**" માં "**आदि**" પદથી ભોગનું ગ્રહણ કરવાનું છે.

★ અહીં "**अर्थजातादि**" પછી "**इति**" શબ્દ છે તે "**एतद्**" અર્થમાં છે, અને તે "**एतद्**" શબ્દ અન્ય સર્વનો પરામર્શક છે. તેથી એ પ્રાપ્ત થાય કે ધર્મસ્થાનથી અન્ય સર્વ અવિધિગ્રહણ દ્વારા વિશેષથી અસાર છે.

ધર્મસ્થાનથી અન્ય સર્વ અવિધિથી ગ્રહણ કરવા દ્વારા વિશેષથી અસાર છે તેમાં સાક્ષીપાઠ "**यथोक्तम्**" થી આપતાં કહે છે–

**જે પ્રમાણે કહેવાયું છે–**

પાપ વડે કરીને જ અર્થમાં રાગાન્ધ વ્યક્તિ ક્વચિત્ જે ફળ પ્રાપ્ત કરે છે તે ફળ તેનો વિનાશ કર્યા વગર '**बडिशामिष**' ની જેમ જીર્ણ થતું નથી.

**આ=પૂર્વમાં વર્ણન કર્યું કે શ્રાવકે ગૃહસ્થના સમુચિત આચારોમાં સ્મૃતિ સમન્વાગત થવું જોઈએ ઇત્યાદિ, એમ જ છે એ પ્રકારે કહે છે–**

**ત્રણ લોકના બંધુ સમુપચિત પુણ્યસંભારવાળા, તથાભવ્યત્વના નિયોગથી =તથાભવ્યત્વના વ્યાપારથી પરમકરુણાવાળા, અનુત્તર બોધિબીજના કારણે સમ્યક્ સંબુદ્ધ જીવ વિશેષ એવા ભગવાન અરિહંત, આ પ્રમાણે કહે છે=ઉપરમાં વર્ણન કર્યું કે શ્રાવકે સ્મૃતિ - સમન્વાગત આદિ થવું જોઈએ એ પ્રમાણે છે. 'इति' શબ્દ ભગવાનના કથનની સમાપ્તિ માટે છે.**

**એ પ્રમાણે સમાલોચન કરીને=શ્રાવકે ગૃહસ્થના ઉચિત આચારોમાં સ્મૃતિ - સમન્વાગત થવું જોઈએ ઇત્યાદિ ભગવાને કહ્યું છે એ પ્રમાણે સમાલોચન**

**કરીને, અધિકૃત ધર્મસ્થાનથી અવિરુદ્ધ એવા અનેક પ્રકારના આચારોમાં શ્રાવકે સૂત્રનીતિથી સમ્યક્ વર્તવું જોઈએ. આ=અધિકૃત ધર્મસ્થાનમાં વિધિપૂર્વકનું વર્તન, અધિકૃત આચારનિષ્પત્તિનું કારણ હોવાને કારણે ભાવમંગલ છે.**

'**इति**' શબ્દ કથનની સમાપ્તિ માટે છે.

**ભાવાર્થ :**

શ્રાવકે સાધુધર્મના પરિભાવન અર્થે અણુવ્રતો આદિ ગ્રહણ કર્યા પછી *ગૃહસ્થને ઉચિત એવી સર્વ પ્રવૃત્તિઓમાં સ્મૃતિયુક્ત થવું જોઈએ, અને તે* સ્મૃતિયુક્ત થવા માટે ગૃહસ્થે નિત્ય નીચેની વસ્તુનું સ્મરણ કરવું જોઈએ, જેના કારણે સ્વીકારાયેલાં વ્રતો ધીરે ધીરે વૃદ્ધિવાળાં થઈને સર્વવિરતિનું કારણ બને. અને તે સ્મરણ શું કરવું જોઈએ તે બતાવે છે–

"હું દેવદત્તાદિનામવાળી અમુક વ્યક્તિ છું" આ નામ યાદ કરવાનો આશય એ છે કે પ્રાયઃ કરીને નામને અનુરૂપ ગુણને વહન કરવું તે શિષ્ટ પુરુષોનો આચાર છે, અને શ્રાવકકુળમાં હંમેશાં જીવની પ્રકૃતિને સામે રાખીને તેના ગુણને અનુરૂપ નામ રાખવાનો વ્યવહાર હોય છે, જેમ કે તીર્થંકરોનાં માતા-પિતા તેમના સ્વપ્નાદિના પ્રસંગને સામે રાખીને કે એવા કોઈ પ્રસંગને સામે રાખીને નામ પાડે છે, જે નામ તેમના ગુણવિશેષને જ બતાવે છે. અને આ રીતે પોતાના નામનું સ્મરણ કરવાથી પણ તે નામને અનુરૂપ ઉચિત વર્તન કરવાનો જીવને અધ્યવસાય થાય છે.

શ્રાવક ત્યારપછી વિચારે છે કે "હું ઈક્ષ્વાકુઆદિ અમુક કુળમાં જન્મ્યો છું, તેથી તે કુળને ઉચિત મર્યાદા પ્રમાણે જ મારે ઉચિત પ્રવૃત્તિ કરવી જોઈએ" અને આ પ્રકારની વિચારણા કરવાથી કુળને કલંક લાગે એવી કોઈપણ અનુચિત પ્રવૃત્તિ પોતાનાથી થઈ ન જાય તેની જીવનમાં જાગૃતિ આવે છે.

વળી, શ્રાવક વિચારે કે "ધર્મથી હું તે તે આચાર્યની અપેક્ષાએ અમુકનો શિષ્ય છું." આનાથી એ પ્રાપ્ત થાય કે શ્રાવકે ધર્મ સ્વીકાર્યા પછી કોઈ ઉચિત ગુરુનો નિર્ણય કરીને તેમનો શિષ્યભાવ સ્વીકારવો જોઈએ, અને રોજ તેનું સ્મરણ કરવું જોઈએ જેથી પોતાના ગુરુના ઉપદેશથી વિપરીત આચારોનું સેવન પ્રમાદથી થઈ ન જાય તેવી જીવમાં જાગૃતિ આવે.

વળી, શ્રાવક સ્મરણ કરે કે "મેં અમુક અણુવ્રતાદિ ધર્મસ્થાનકો સ્વીકાર્યાં છે" અને આ પ્રકારનું સ્મરણ કરવાથી સ્વીકારાયેલા ધર્મસ્થાનની ઉચિત મર્યાદા માટે જાગૃતિ રહે.

વળી, ત્યારપછી શ્રાવક સ્મરણ કરે છે કે "મારા માટે સ્વીકારાયેલા ધર્મસ્થાનની વિરાધના ઉચિત નથી, તેથી મારે સંસારની દરેક પ્રવૃત્તિ તે રીતે જ કરવી જોઈએ કે જેથી સ્વીકારાયેલા ધર્મસ્થાનમાં નાનો પણ અતિચાર ન લાગે." અહીં ટીકામાં '**सांप्रतम्**' શબ્દ છે. તેનો અર્થ કોઈ ટીકાકારે એ પ્રમાણે કરેલ છે, અને તે અર્થ ઉચિત જણાય છે, તેથી એ અર્થ પ્રાપ્ત થાય કે "મેં જે ધર્મસ્થાન સ્વીકારેલ છે તેની વિરાધના મારા માટે યુક્ત નથી=ઉચિત નથી", અને આમ વિચારણા કરવાથી સૂક્ષ્મ અતિચારનો પણ પરિહાર કરવાની જીવમાં જાગૃતિ આવે છે.

આટલું વિચાર્યા પછી શ્રાવક વિચારે છે કે "સ્વીકારાયેલા ધર્મસ્થાનની વિરાધનાનો મને આરંભ નથી." આ પ્રકારની વિચારણા શ્રાવક ત્યારે જ કરી શકે કે જ્યારે સ્વીકારાયેલ ધર્મસ્થાનની મર્યાદા અને તેના અતિચારો બુદ્ધિ સામે રાખીને ગૃહસ્થના સર્વ આચારો તે સેવતો હોય. અને જ્યારે તે વિચારે કે મારા સ્વીકારાયેલા વ્રતોમાં વિરાધનાનો આરંભ નથી તેથી વિરાધનાથી વિરુદ્ધભાવ પોતાનો સ્થિર થાય છે, જેથી ભવિષ્યમાં પણ વિરાધનાનો ભાવ થવાની સંભાવના ઓછી રહે છે.

વળી, શ્રાવક વિચારે કે "સ્વીકારાયેલ ધર્મસ્થાનની મને વૃદ્ધિ થઈ રહી છે" આશય એ છે કે શ્રાવક અત્યંત રુચિપૂર્વક વ્રતોનું મહત્ત્વ સમજીને વ્રતો સ્વીકારે, અને વ્રતોમાં કોઈ વિરાધના ન થાય તેની અત્યંત કાળજી રાખે, અને તે રીતે જ વ્રતોનું પાલન કરવાથી તેના આત્મામાં તે તે વ્રતોના સંસ્કારો ક્રમસર વધતા જાય. અને ધીમે ધીમે તે વ્રતો જીવની પ્રકૃતિરૂપે બને. અને જ્યારે તે વ્રતો જીવની પ્રકૃતિરૂપ બની જાય ત્યારે વિશેષ વિશેષ વ્રતો ગ્રહણ કરીને શ્રાવક ઉપર ઉપરનાં વ્રતો ગ્રહણ કરે, અને તે સર્વની ઉપસ્થિતિ કરવા અર્થે શ્રાવક વિચારે છે કે મારા સ્વીકારાયેલ ધર્મસ્થાનની વૃદ્ધિ થઈ રહી છે. આ રીતે વિચારણા કરવાથી સ્વીકારાયેલ વ્રતો દૃઢ પ્રકૃતિરૂપ બને તેવો દૃઢ યત્નાતિશય જીવમાં પ્રગટ થાય છે અને કદાચ પોતાનાં સ્વીકારાયેલાં વ્રતોની વૃદ્ધિ થતી ન દેખાય તો આ

શાસ્ત્રવચનના સ્મરણથી હું કઇ રીતે યત્ન કરું કે જેથી મારા સ્વીકારાયેલા ધર્મસ્થાનની વૃદ્ધિ થાય તેવી ચિંતા પ્રગટે છે. જેમ સંસારમાં કોઇ જીવ ધન કમાતો હોય અને તે સર્વ ધન વપરાઇ જતું હોય અને ધનની વૃદ્ધિ થતી ન હોય તો તેને ચિંતા પ્રગટે છે, અને તે વિચારે છે કે હું કઇ રીતે યત્ન કરું કે જેથી ધનનો સંચય થાય. તેમ શ્રાવક વિચારે છે કે સંસારી જીવો માટે યોગમાર્ગ જ એકાંતે હિતકારી છે અને યોગમાર્ગ પ્રાપ્ત થયા પછી જ ક્રમસર તેની વૃદ્ધિ કરવી ઉચિત છે. જેથી સંસારથી તરી શકાય અને પોતાના સ્વીકારાયેલા ધર્મસ્થાનની વૃદ્ધિ ન દેખાય તો આ શાસ્ત્રવચનના સ્મરણથી તેની વૃદ્ધિ કરવા માટે જાગૃતિ આવે.

વળી, શ્રાવક વિચારે કે "સંસારમાં સ્વીકારાયેલ આ ધર્મસ્થાન જ સાર છે." આમ વિચારવાથી સંસારની અન્ય સર્વ પ્રવૃત્તિ કરતાં તેના ચિત્તમાં ધર્મનું જ વિશેષરૂપે મહત્ત્વ ઉપસ્થિત થાય છે. સામાન્ય રીતે શ્રાવક સાધુની જેમ સર્વથા નિર્લેપ હોતો નથી, તેથી તેને પોતાની જે જે ભોગાદિ પ્રત્યે મનોવૃત્તિ છે તે તે ભોગાદિ તેને સુખરૂપ લાગતા હોય છે; તો પણ તે ભોગાદિ ક્ષણિક સુખ આપીને જનારા છે અને સારભૂત નથી. જ્યારે આ ધર્મસ્થાનનાં સેવનથી જીવને ભોગાદિની મનોવૃત્તિ ઘટતી જાય છે, વર્તમાનમાં ઉપશમ સુખ મળે છે, કર્મબંધ અટકે છે અને ભાવિ હિતને અનુકૂળ એવું પુણ્યાનુબંધી પુણ્ય અને નિર્જરા ફલ પ્રાપ્ત થાય છે, માટે આ ધર્મસ્થાન જ સાર છે એમ શ્રાવકે વિચારવું જોઇએ.

વળી, શ્રાવક વિચારે કે "મારા વડે સ્વીકારાયેલ આ ધર્મસ્થાન મારા માટે આત્મભૂત છે; કેમ કે પરલોકમાં અનુગામી છે." આશય એ છે કે શ્રાવક સંસારમાં જે કાંઇ ધનાદિ ઉપાર્જન કરે છે તે સર્વ પરલોકમાં સાથે અનુગામી નથી, પરંતુ પોતે જે વ્રતો સ્વીકાર્યાં છે તેનાથી આત્મામાં જે સંવરનો પરિણામ થાય છે તે આત્મા ઉપર સંસ્કારરૂપે રહે છે, અને તે સંસ્કારો પરલોકમાં અનુગામી છે; તેમ જ વ્રતોના પાલન વખતે મોક્ષને અનુકૂળ જે પુણ્યાનુબંધી પુણ્ય થાય છે, તે આત્મા સાથે પરલોકમાં આવે છે, અને જન્માંતરમાં ફરી તે વ્રતોની નિષ્પત્તિ કરાવીને અધિક અધિક ધર્મસ્થાનની પ્રાપ્તિ કરાવશે, તેથી આ ધર્મસ્થાન મારા માટે આત્મભૂત છે. આ પ્રકારનો વિચાર કરવાથી સ્વીકારાયેલ ધર્મસ્થાનને સેવવા માટેનો દઢ પક્ષપાત થાય છે, જેથી ભાવથી વિશેષ વિશેષરૂપે વ્રતનો પરિણામ પ્રગટ થાય છે.

વળી, શ્રાવક વિચારે કે "સ્વીકારાયેલું મારું આ ધર્મસ્થાન હિત છે; કેમ કે સુંદર પરિણામરૂપ છે." આશય એ છે કે વ્રતના પાલનથી જીવમાં મોહનો પરિણામ ઓછો થાય છે. એથી વર્તમાનમાં શાંતરસ પેદા થાય છે, સંસારના કલેશો ઓછા થાય છે, વળી કર્મબંધ ઓછો થાય છે, અને વ્રતના પાલનથી થનાર શુભ અધ્યવસાયથી પુણ્યાનુબંધી પુણ્ય અને નિર્જરા પ્રાપ્ત થાય છે, જે ભાવિમાં હિતની પરંપરાનું કારણ છે. આ રીતે વ્રતનું સેવન સુંદર પરિણામરૂપ હોવાથી મારા માટે હિત છે.

આ રીતે વિચાર્યા પછી ફરી શ્રાવક વિચારે કે "આ ધર્મસ્થાનથી અન્ય સર્વ અર્થજાતાદિ અસાર છે." 'જાત' શબ્દ સમુદાયના અર્થમાં છે, તેથી જાત=અર્થનો સમુદાય અર્થજાતાદિથી નવ પ્રકારના પરિગ્રહ એટલે ધન, ધાન્ય, સોનું, રૂપું વગેરેનો સમાવેશ થાય, અને 'આદિ' પદથી ભોગનું ગ્રહણ કરવાનું છે. આશય એ છે કે શ્રાવક જેમ ધર્મસ્થાનનું સેવન કરે છે તેમ પ્રસંગે અર્થોપાર્જન અને ભોગાદિ પણ કરે છે. આમ છતાં તે માને છે કે જીવ માટે સારભૂત તો ધર્મસ્થાન જ છે તે સિવાયનું ધન, વૈભવ કે ભોગ આદિ સર્વ અસાર છે. અને તેને વારંવાર તે રીતે ઉપસ્થિત કરવાથી તે અર્થાદિ પ્રત્યે અસારતાની બુદ્ધિ અધિક અધિક થતી જાય છે, જેથી અર્થ-ભોગાદિ પ્રત્યેનું વલણ ઘટે છે અને ધર્મ તરફ વલણ સ્થિર થાય છે.

વળી, શ્રાવક વિચારે કે "સામાન્યથી પણ અર્થવૈભવ આદિ અસાર છે તો પણ અવિધિપૂર્વક ગ્રહણ કરે તો વિશેષથી અસાર છે; કેમ કે, તેનું ફલ દારુણ છે." આશય એ છે કે શ્રાવક, શ્રાવકધર્મની મર્યાદા છોડીને ધન ઉપાર્જન કરે કે ભોગાદિ કરે તે અવિધિથી ગ્રહણ છે; અને તે રીતે કરવાથી વ્રતોની મ્લાનિ થાય છે, અને સ્વીકારેલ વ્રતોની મ્લાનિ કરનાર એવા ભોગાદિ વિશેષ પાપબંધ કરાવીને જીવને દીર્ઘ સંસાર પ્રાપ્ત કરાવવાનું કારણ બને છે. આ પ્રકારનું સ્મરણ સદા જીવંત રાખવાથી વિષમ સંયોગોમાં પણ અવિધિથી અર્થાદિ માટેનો યત્ન ન થઈ શકે તેવું સ્થિર વીર્ય જીવમાં પ્રગટે છે. માટે શ્રાવકે હંમેશાં ઉપરમાં વર્ણન કરેલ સર્વ પદાર્થોનું ભાવન કરવું જોઈએ અને તેની સ્મૃતિ નીચે સર્વ આચારોમાં યત્ન કરવો જોઈએ.

અવિધિથી ગ્રહણ કરેલ અર્થજાતાદિ વિશેષથી અસાર છે તેમાં સાક્ષીપાઠ આપેલ છે. તેનો ભાવ આ પ્રમાણે છે–

અર્થનો રાગાંધ જીવ, પાપ વડે કરીને કદાચ વિશેષ પ્રકારના અર્થાદિ પ્રાપ્ત કરે તો પણ પ્રાપ્ત થયેલું તે ધન તેનો વિનાશ કર્યા વગર જીર્ણ થતું નથી. જેમ માછલાને પકડવા માટે કાંટા ઉપર માંસનો ટુકડો રાખીને માછીમાર માછલાને પકડવા માટે યત્ન કરે છે ત્યારે તે માંસ ખાનાર મત્સ્યને માંસ ખાવાનું સુખ ક્ષણભર પ્રાપ્ત થાય છે, પરંતુ તેના ફળસ્વરૂપે તેના મુખમાં કાંટો ભરાય છે, અને આખરે તેનું કમોતે મૃત્યુ થાય છે; તેમ રાગાંધ જીવ પાપને વશ થઈને અર્થાદિ મેળવે, તો પણ તે પ્રાપ્ત થયેલા અર્થાદિ ક્વચિત્ તે જ ભવમાં અનેક પાપપ્રકૃતિને જાગૃત કરીને ક્લેશ ઉત્પન્ન કરાવે છે, અને જીવનો વિનાશ કરે છે. અને કદાચ ભૂતકાળનું તથાપ્રકારનું પુણ્ય જાગૃત હોય તો વર્તમાનમાં અનુચિત પ્રવૃત્તિથી મેળવાયેલા ધનથી વર્તમાનમાં કોઈ અનર્થ ન થાય તો પણ તે ધન મેળવવા માટે કરાયેલા પાપથી ભાવિમાં મહા અનર્થની પરંપરા પ્રાપ્ત થાય છે. આ રીતે શાસ્ત્રવચનનું સ્મરણ કરવાથી અવિધિથી અર્થજાતાદિને ગ્રહણ કરવાના પરિણામથી તે વિમુખ થાય છે, જેથી શુદ્ધ શ્રાવકાચાર પાળીને શ્રાવક આત્મહિત સાધી શકે છે.

પૂર્વમાં શ્રાવકને સદાસ્મૃતિમાં રાખવા જેવા પદાર્થો બતાવ્યા જેથી શ્રાવક પોતાનાં વ્રતો સમ્યક્ પાળી શકે અને વૃદ્ધિ કરી શકે, અને એ વસ્તુ એમ જ છે એ સ્થિર કરવા માટે ભગવાનના વચનની સાક્ષી બતાવે છે–

પૂર્વમાં કહ્યું એ પ્રમાણે ત્રણ લોકના બંધુ, પરમકારુણિક, સમુપચિત પુણ્યસંભાર અરિહંત ભગવાન આમ જ કહે છે શ્રાવકે સ્મૃતિ સમન્વાગત થવું જોઈએ ઈત્યાદિ પૂર્વમાં વર્ણન કર્યું 'એ એમ જ છે' એમ ભગવાન કહે છે–

ભગવાન ત્રણ લોકના બંધુ કેમ છે તે બતાવવા કહે છે– ભૂતકાળમાં સમુપચિત કર્યો છે પુણ્યનો સમૂહ જેણે, અને તેના કારણે જગતના સર્વજીવોને એકાંતે હિત કરવા માટે પ્રેરાય છે, માટે ભગવાન ત્રણ લોકના બંધુ છે. અને આવા ભગવાન જ્યારે કહેતા હોય કે શ્રાવકે સ્મૃતિયુક્તાદિ થવું જોઈએ, તેમ વિચારવાથી વિશેષ પ્રકારનો યત્ન શ્રાવક સ્મૃતિ માટે કરે છે.

વળી, "ભગવાન પરમકરુણાવાળા છે; કેમ કે ભગવાનમાં રહેલું તથાભવ્યત્વ અત્યારે વ્યાપૃત=વ્યાપારવાળું છે." આશય એ છે કે દરેક જીવનું તથાભવ્યત્વ જુદા જુદા પ્રકારનું હોય છે, અને ભગવાનનું તથાભવ્યત્વ ચરમભવમાં સમસ્ત જગતના જીવોને ઉપકાર કરવા માટે પરમ યત્ન કરાવે તેવું હોય છે. અને તે તથાભવ્યત્વ પૂર્વના ભવોમાં વ્યાપારવાળું હોતું નથી અને કેવળજ્ઞાન પછી વ્યાપારવાળું થાય છે.અને તેથી ભગવાન પરમકરુણાવાળા છે અને તે કરુણાનાં કારણે જ જગતના જીવોને એકાંતે હિત કેમ થાય તેવા સન્માર્ગનું દર્શન કરાવે છે, અને આવા ભગવાન જ્યારે કહે કે શ્રાવકે આ પ્રમાણે સ્મૃતિયુક્ત થવું જોઈએ ત્યારે શ્રાવકનો સ્મૃતિવિષયક યત્ન વિશેષ થાય છે.

વળી, ભગવાન ત્રણ લોકના બંધુ અને પરમકારુણિક છે તો પણ સમ્યક્ બોધવાળા ન હોય તો તેમનાથી પણ કાંઈક અહિતમાં યત્ન થઈ શકે. તેથી ભગવાનથી અહિત થઈ શકે તેમ જ નથી, તે બતાવવા માટે કહે છે– "ભગવાન અનુત્તર બોધિબીજને કારણે સમ્યક્ સંબુદ્ધ છે." આશય એ છે કે બોધિબીજ એટલે સમ્યક્ત્વનું બીજ, અને ભગવાનનું બોધિબીજ અન્ય સર્વોના બોધિબીજ કરતાં અનુત્તર શ્રેષ્ઠ કોટિનું છે, અને તેવા શ્રેષ્ઠ કોટિના બોધિબીજને કારણે ભગવાન ચરમભવમાં સમ્યક્ પ્રકારના સંબોધવાળા હોય છે, જેથી તેઓ જે કાંઈ કહે તે જીવ માટે એકાંતે હિતકર જ હોય. આવા કોણ હોય તે સ્પષ્ટ કરવા માટે કહે છે આવા ભગવાન અરિહંત છે, જે અન્ય જીવો કરતાં વિશેષ પ્રકારના છે અને જેઓ આ પ્રમાણે કહે છે=પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રમાણે કહે છે.

ઉપરમાં વર્ણન કર્યું એ રીતે શ્રાવકે સમ્યક્ આલોચન કરીને સ્વીકારાયેલા ધર્મસ્થાનને અવિરુદ્ધ એવા અનેક પ્રકારના આચારોમાં સૂત્રનીતિથી સમ્યક્ વર્તન કરવું જોઈએ. આ કથન પૂર્વના કથનનાં નિગમનરૂપે છે. એથી એ ફલિત થાય છે કે ઉપરના સર્વકથનનો સાર એ છે કે શ્રાવકે સર્વ પ્રવૃત્તિ શાસ્ત્રનીતિથી સમ્યક્ કરવી જોઈએ કે જેથી સ્વીકારાયેલા વ્રતમાં લેશ પણ મલિનતા ન થાય.

આ રીતે શ્રાવકે પોતાના સ્વીકારાયેલા વ્રતોના સમ્યક્ પાલન માટે શું કરવું જોઈએ તે બતાવ્યું, અને તેમ કરવાથી પોતાનામાં ભાવથી કદાચ શ્રાવકપણું ન આવ્યું હોય તો તે પ્રગટ થાય છે, અને જો ભાવથી શ્રાવકપણું આવ્યું હોય તો

ઉત્તરોત્તર વૃદ્ધિ થાય છે અને તે બતાવવા માટે કહે છે કે વિધિપૂર્વક શ્રાવકના સર્વ આચારોમાં પ્રવર્તન કરવું તે ભાવમંગલ છે; કેમ કે આ પ્રકારના પ્રવર્તનથી સ્વીકારાયેલા ધર્મસ્થાનની અવશ્ય નિષ્પત્તિ થાય છે.

આશય એ છે કે મંગલ કરવાથી કાર્યની નિષ્પત્તિમાં આવતાં વિઘ્નોનો નાશ થાય છે. દ્રવ્યમંગલથી ક્વચિત્ વિઘ્નોનો નાશ થાય કે ન થાય પરંતુ ભાવમંગલથી કાર્યમાં આવતાં વિઘ્નોનો નાશ થાય છે અને તેથી અવશ્ય કાર્ય નિષ્પન્ન થાય છે. અને શ્રાવકે જે વ્રતો લીધાં છે તેના દ્વારા શ્રાવકને ભાવથી દેશવિરતિનો પરિણામ નિષ્પન્ન કરવો છે, અને ધીરે ધીરે તેને અતિશય કરીને સાધુધર્મની યોગ્યતા પ્રગટ કરવી છે અને તે પ્રગટ કરવા માટે અંતરાયરૂપ ચારિત્રમોહનીય કર્મ છે અને તે તૂટે તો જ ભાવથી દેશવિરતિધર્મ પ્રગટ થાય. અને ઉત્તરોત્તર તે દેશવિરતિધર્મથી સાધુધર્મની યોગ્યતા જીવમાં પ્રગટ થાય. અને તેને પ્રગટ કરવા માટે ભગવાનના વચન અનુસાર વિધિપૂર્વક શ્રાવકાચારમાં કરાતો યત્ન ભાવમંગલરૂપ છે, જે થવાથી અવશ્ય ગુણસ્થાનકની પ્રાપ્તિ અને ગુણસ્થાનકની વૃદ્ધિમાં પ્રતિબંધક એવા કર્મોનો નાશ થાય છે, જેથી શ્રાવકના સ્વીકારાયેલા આચારોની ભાવથી નિષ્પત્તિ થાય છે.

તાત્પર્ય એ છે કે જે અધ્યવસાયનું અતિ મહત્ત્વ હોય અને તેને વારંવાર યાદ કરીને સ્થિર કરવામાં આવે, તો તે સ્થિર થયેલો અધ્યવસાય પ્રવૃત્તિકાળમાં વિચારરૂપે ન હોય તો પણ તે અધ્યવસાયની મર્યાદા નીચે જ પ્રવૃત્તિ થાય છે. જેમ કોઇ વ્યક્તિએ ઉત્સૂત્ર ભાષણથી થતા અનંત સંસારનું સ્વરૂપ ચિંતવન કરીને આત્માને અતિભાવિત કરેલ હોય, તો કોઇપણ વચનપ્રયોગની પ્રવૃત્તિકાળમાં મારાથી ભગવાનનાં વચનથી વિરુદ્ધ ન બોલાય તે પ્રકારની જાગૃતિ નીચે જ તેના વચનપ્રયોગનો ઉપયોગ પ્રવર્તે છે. આમ છતાં તે વખતે તે વિચારરૂપે મારાથી ઉત્સૂત્ર ન થાય તેવો વિચાર ન કરતો હોય તો પણ ચિત્તમાં થયેલો સ્થિર અધ્યવસાય વચનપ્રયોગકાળમાં તેનો નિયંતા (નિયંત્રણ કરનાર) છે. તેમ ઉપરમાં કહેલા ભાવો સ્થિર કરવાથી શ્રાવકની દરેક પ્રવૃત્તિ તે ભાવોની મર્યાદાની સ્મૃતિ નીચે જ પ્રવૃત્તિ કરાવે તેવી દૃઢ બને છે. જેથી શ્રાવક હંમેશાં સ્મૃતિ સમન્વાગત સર્વઆચારોમાં પ્રવૃત્તિ કરી શકે છે.

**ઉત્થાન :**

પૂર્વમાં સાધુધર્મના પરિભાવન અર્થે શ્રાવકે સ્મૃતિયુક્ત થવું જોઇએ એ બતાવ્યું. હવે ધર્મની વૃદ્ધિ માટે ધર્મજાગરિકા આવશ્યક છે, તે બતાવવા માટે ધર્મજાગરિકા કઇ રીતે કરવી જોઇએ તે કહે છે–

**સૂત્ર :**

**तहा जागरिज्ज धम्मजागरियाए-को मम कालो, किमेयस्स उचियं, असारा विसया नियमगामिणो विरसावसाणा । भीसणो मच्चू, सव्वाभावकारी, अविन्नायागमणो, अणिवारणिज्जो पुणो पुणोऽणुबंधी । धम्मो एयस्स ओसहं एगंतविसुद्धो महापुरिससेविओ सव्वहियकारी निरइयारो परमाणंदहेऊ ।**

**સૂત્રાર્થ :**

**અને ધર્મજાગરિકાથી આત્માને જાગૃત કરે, અને તે ધર્મજાગરિકા કઇ રીતે કરે તે બતાવે છે–**

**મારો કાળ=મારી વય કઇ છે અને આ વયને ઉચિત શું છે એ વિચારે, વિષયો અસાર છે, નિયમગામી છે=નિયમા વિનાશ પામનારા છે, અને અંતમાં વિરસ છે, મૃત્યુ ભયાનક છે, સર્વ અભાવને કરનારું છે, અવિજ્ઞાત આગમવાળું છે, અનિવારણીય છે=નિવારણ કરી શકાય તેવું નથી, ફરી ફરી અનુબંધી છે=ફરી ફરી આવનારું છે. એકાંતે વિશુદ્ધ, મહાપુરુષોથી સેવિત, સર્વના હિતને કરનાર, નિરતિચાર, પરમ આનંદનો હેતુ એવો ધર્મ આનું=મૃત્યુનું ઔષધ છે.**

**ટીકા :**

तहा जागा( ग )रेज्जेत्यादि । तथा जागृयात् भावनिद्राविरहेण । धर्मजागरया तत्त्वालोचनरूपया । को मम कालः वयोऽवस्थारूपः । किमेतस्योचितं धर्माद्यनुष्ठानम् । असारा विषयाः तुच्छाः शब्दादयो, नियमगामिनो वियोगान्ताः, विरसावसानाः परिणामदारुणाः । तथा भयानको

**मृत्युः** महाभयजननः । **सर्वाभावकारी** तत्साध्यार्थक्रियाऽभावात् । **अविज्ञातागमनः**, अदृश्यस्वभावत्वान्मृत्योः । **अनिवारणीयः** स्वजनादिबलेन । **पुनः पुनरनुबन्धी**, अनेकयोनिभावेन । **धर्म एतस्यौषधं** मृत्योर्व्याधिकल्पस्य । किंविशिष्टः? इत्याह–**एकान्तविशुद्धः** निवृत्तिरूपः, **महापुरुषसेवितः** तीर्थकरादिसेवितः, **सर्वहितकारी** मैत्र्यादिरूपतया । **निरतिचारो** यथागृहीतपरिपालनेन । **परमानन्दहेतुः**, निर्वाणकारणमित्यर्थः ।

**ટીકાર્થ :**

"तहा जागा( ग )रेज्जेत्यादि" સૂત્રનું પ્રતિક છે.

અને ભાવનિદ્રાના પરિહાર વડે તત્ત્વઆલોચનરૂપ ધર્મજાગરિકાથી શ્રાવક આત્માને જાગૃત કરે. ધર્મજાગરિકા માટે આવશ્યક તત્ત્વઆલોચન બતાવે છે–

વય અવસ્થારૂપ મારો કયો કાળ છે અને મારી વયને ઉચિત કયું ધર્માદિ અનુષ્ઠાન છે ? તુચ્છ એવા શબ્દાદિ વિષયો અસાર છે, નિયમાગામી છે= વિયોગ અંતવાળા છે, વિરસ અંતવાળા છે=પરિણામથી દારુણ છે. તથા ભયાનક મૃત્યુ છે=મહાભયને પેદા કરનાર છે, સર્વ અભાવને કરનારુ છે; કેમ કે મૃત્યુથી સાધ્ય એવી અર્થ ક્રિયાનો અભાવ છે. મૃત્યુ અવિજ્ઞાત આગમવાળું છે; કેમ કે મૃત્યુનું અદશ્ય સ્વભાવપણું છે. મૃત્યુ સ્વજન આદિના બળથી નિવારણ કરી શકાય તેવું નથી. પ્રાપ્ત થયેલું મૃત્યુ ફરી ફરી આવનાર છે; કેમ કે અનેક યોનિમાં મૃત્યુનો સદ્ભાવ છે. વ્યાધિ જેવા આ મૃત્યુનું ધર્મ ઔષધ છે.

કેવી વિશેષતાવાળું ધર્મઔષધ છે ? એથી કરીને કહે છે–

સર્વ સાવદ્યની નિવૃત્તિરૂપ એકાંત વિશુદ્ધ, તીર્થંકર આદિ મહાપુરુષથી સેવિત, મૈત્રીઆદિરૂપપણું હોવાને કારણે સર્વજીવોના હિતને કરનાર, ગ્રહણ પ્રમાણે પાલન દ્વારા નિરતિચાર અને પરમ આનંદનો હેતુ=મોક્ષને કરનાર એવો ધર્મ જ મૃત્યુનું ઔષધ છે, એ પ્રકારે અન્વય છે.

★ અહીં એકાંત વિશુદ્ધનું વિશેષણ નિવૃત્તિરૂપ ટીકામાં બતાવેલ છે તે હેતુઅર્થક વિશેષણ છે. તેથી એપ્રાપ્ત થાય કે સર્વ સાવદ્યનું નિવૃત્તિરૂપ હોવાને કારણે એકાંત વિશુદ્ધ છે.

★ **'धर्मादि'** માં **'आदि'** પદથી અર્થ અને કામનું ગ્રહણ કરવાનું છે.

★ **'शब्दादि'** માં **'आदि'** પદથી શ્રોત્રેન્દ્રિય સિવાયની ઇન્દ્રિયો ગ્રહણ કરવાની છે.

**ભાવાર્થ :**

શ્રાવકે સાધુધર્મના પરિભાવન માટે જેમ સ્મૃતિયુક્ત થવાની જરૂર છે તેમ દરરોજ ધર્મજાગરિકા કરવાની પણ આવશ્યક્તા છે, જેથી કરીને તેના જીવનમાં શ્રાવકધર્મ સ્થિરતાને પામે, અને ક્રમે કરીને વૃદ્ધિવાળો થઇને સાધુધર્મની યોગ્યતા પ્રગટ કરે; અને તે ધર્મજાગરિકા તત્ત્વઆલોચનથી ભાવનિદ્રાને દૂર કરવાના યત્ન સ્વરૂપ છે.

આશય એ છે કે શ્રાવક તત્ત્વનો જાણકાર છે, એથી જ પોતે સાધુધર્મનો અર્થી છે, તો પણ અનાદિથી જીવનો સ્વભાવ છે કે જો યત્નપૂર્વક આત્માને જાગૃત કરવામાં ન આવે તો તત્ત્વનો બોધ ઝાંખો થાય છે, અને જીવ સંસારના વિષયોની પ્રવૃત્તિમાં જ યત્નવાળો રહે છે, અને તેથી તત્ત્વની વિચારણામાં નિદ્રાધીન બને છે જે ભાવથી નિદ્રાસ્વરૂપ છે. જ્યારે વારંવાર તત્ત્વના આલોચનથી જીવમાં ભાવનિદ્રાનો ત્યાગ થાય છે અને ધર્મ માટે જાગૃતિ આવે છે, તેથી તે ધર્મજાગરિકા કઇ રીતે કરવાની છે તે બતાવે છે–

શ્રાવક પ્રથમ વિચારે કે મારી વય શું છે, અને આ વયને ઉચિત કયું ધર્માદિ અનુષ્ઠાન છે ? આ પ્રમાણે વિચાર કરવાથી પોતાની વયને અનુરૂપ ઉચિત ધર્માદિ અનુષ્ઠાનમાં પ્રયત્ન કરવા માટે જીવમાં વિશેષ જાગૃતિ આવે છે. અહીં **'धर्मादि'** શબ્દમાં **'आदि'** શબ્દથી અર્થ અને કામને ગ્રહણ કરવાનાં છે. જો કે સામાન્ય રીતે શ્રાવકને માટે અર્થ-કામ સેવવાં ઉચિત નથી, અને સ્વયં ગ્રંથકાર જ આગળમાં ભોગોને અસાર કહેવાના છે; તો પણ જ્યાં સુધી સંપૂર્ણપણે ભોગોને છોડીને કેવળ ધર્મસેવનને અનુકૂળ નિર્મળ ચિત્ત થયું નથી, તે ભૂમિકામાં ધર્મને બાધ ન થાય તે રીતે, વિવેકપૂર્વક જો અર્થ અને કામની પ્રવૃત્તિ પણ કરવામાં ન આવે તો અર્થના અભાવમાં ગૃહસ્થની જીવનવ્યવસ્થા તૂટવાથી જીવને સંક્લેશ પ્રાપ્ત થાય છે, અને ધર્મમાં પણ યત્ન થઇ શકતો નથી. અને કામમાં વિવેકપૂર્વક યત્ન કરવામાં ન આવે તો કામની સતામણી અધિક થવાથી ચિત્ત અન્યકાળમાં પણ

ધર્મમાં યત્નવાળું થઇ શકતું નથી. તેથી શ્રાવક ભગવાનના વચનનું સ્મરણ કરીને ધર્મને હાનિ ન થાય તે રીતે વિવેકપૂર્વક અર્થ અને કામમાં પણ યત્ન કરે, અને જ્યારે પોતાનું ચિત્ત શ્રાવક ધર્મના સેવનથી સંપન્ન થઇ જાય ત્યારે લાગે કે હવે અર્થ-કામનો ત્યાગ કરીને કેવળ ધર્મ સેવી શકે તેવું મારું નિર્લેપ ચિત્ત પ્રગટ થયું છે, તો અર્થ-કામનો સર્વથા ત્યાગ કરીને સંયમ પણ ગ્રહણ કરે, જેથી કેવળ ધર્મઅનુષ્ઠાનના સેવનથી ઉત્તરોત્તર સંસારનો ઉચ્છેદ થાય. અને જો કેવળ ધર્મ સેવવાને અનુકૂળ એવું ભોગાદિમાં નિર્લેપ ચિત્ત પ્રગટ થયું ન હોય, તેમ છતાં, જો વિચાર્યા વગર સંયમ ગ્રહણ કરે તો સંયમ લીધા પછી પણ એક યા બીજી રીતે ઇન્દ્રિયોના વિષયમાં પ્રવૃત્તિ થવાથી ધર્મની વૃદ્ધિ થવાને બદલે ધર્મની હાનિ પણ થઇ શકે. તેથી વિવેકી શ્રાવક પોતાની વય અને પોતાની ચિત્તવૃત્તિને સામે રાખીને મારે શું કરવું ઉચિત છે જેથી પ્રતિદિન ધર્મની વૃદ્ધિ થાય, તે રીતે તત્ત્વનું આલોચન કરે, જેથી ભાવનિદ્રાના પરિહારથી ધર્મબુદ્ધિને અનુકૂળ ધર્મજાગરિકા થાય.

શ્રાવક આ રીતે વયોચિત ધર્માનુષ્ઠાનની વિચારણારૂપ ધર્મજાગરિકા કર્યા પછી જુએ કે હજી પણ પૂર્ણ ધર્મ સેવવા માટેનું તેનું ચિત્ત પેદા થયું નથી અને આથી જ અર્થ-કામમાં પણ તેને યત્ન કરીને મારે આ મનુષ્યભવ વ્યર્થ પસાર કરવો પડે છે; અને વિષયોની વૃત્તિ હજી સર્વથા જતી નથી તેથી તેને શિથિલ કરવા માટે તત્ત્વનું આલોચન કરે છે કે, તુચ્છ એવા શબ્દાદિ વિષયો અસાર છે, નિયમા વિયોગને પામનારા છે અને પરિણામે દારુણ છે.

અહીં '**शब्दादि**' માં '**आदि**' શબ્દથી શ્રોત્રેન્દ્રિય સિવાયની ઇન્દ્રિયના વિષયો ગ્રહણ કરવાના છે; કેમ કે શ્રોત્રેન્દ્રિયનો વિષય શબ્દ છે, અને અન્ય અન્ય ઇન્દ્રિયોના વિષયો અન્ય અન્ય છે, અને તે સર્વે મળીને પાંચેય ઇન્દ્રિયોના ૨૩ વિષયો છે અને તે વિષયો તુચ્છ છે; કેમ કે આત્મા માટે એ કાંઇ હિતકારી નથી, પરંતુ આત્મા હજુ સંપન્ન થયો નથી તેથી જ તુચ્છ એવા વિષયો પ્રત્યે તેને આકર્ષણ થાય છે. અને આ આકર્ષણ ઓછું કરવા માટે જ શ્રાવક વિચારે છે કે જેમ બાળક અવસ્થામાં તુચ્છ એવા કાંકરા પણ સારભૂત લાગે છે, પણ બાળક મોટો થાય અને વિવેકસંપન્ન બને ત્યારે તો રત્ન જ સારભૂત લાગે છે; તેમ વિવેક વગરની અવસ્થામાં વિષયો સારભૂત લાગતા હોય છે, પરંતુ વિવેકી માટે તો આત્માની

નિર્લેપદશામાં વર્તતા ઉત્તમ ગુણો જ સારભૂત છે અને તુચ્છ એવા શબ્દાદિ વિષયો અસાર છે. આ પ્રકારે ચિંતવન કરવાથી વિષયો પ્રત્યેનું આકર્ષણ ઘટતું જાય છે, જેથી શ્રાવકનું ચિત્ત સંયમને અનુકૂળ ધીરે ધીરે પણ અવશ્ય સંપન્ન થાય છે.

વળી, શ્રાવક વિચારે છે કે સંસારના વિષયો પુણ્યના ઉદયથી ગમે તેવા શ્રેષ્ઠ મળ્યા હોય તો પણ અવશ્ય વિયોગ અંતવાળા છે. જો આ ભવમાં તેવા પ્રકારનું પુણ્ય ક્ષીણ થાય તો આ ભવમાં જ વિયોગ થાય છે, અને કદાચ આ જન્મ સુધી તેવા પ્રકારનું પુણ્ય અનુકૂળ હોય તો જન્મની સમાપ્તિ સાથે આ સર્વ વિષયોનો અવશ્ય વિયોગ થાય છે. શ્રાવક સંયમ ગ્રહણ કરવાનો અભિલાષી હોવા છતાં વિષયો પ્રત્યે આકર્ષણ હોવાને કારણે સંયમ ગ્રહણ કરી શકતો નથી, પરંતુ વિષયો અવશ્ય વિયોગ અંતવાળા છે, આ પ્રકારની વિચારણ કરવાથી વિષયો પ્રત્યે જે કાંઇ આકર્ષણ છે તે ઘટે છે, તેથી આ પ્રકારની ધર્મજાગરિકાથી સંયમ પ્રત્યે અભિમુખ ભાવ થાય છે.

વળી, શ્રાવક વિચારે કે આ વિષયો માત્ર વિયોગ અંતવાળા નથી પણ પરિણામથી દારુણ છે; કેમ કે વિષયોના સેવનથી રાગાદિના સંસ્કારો વધે છે, અને વિષયોના સેવનકાળમાં વર્તતા રાગાદિના પરિણામથી કર્મબંધ થાય છે, જે ભવની પરંપરા પ્રાપ્ત કરાવી જીવને સંસારના ક્લેશો પ્રાપ્ત કરાવે છે, તેથી પરિણામથી દારુણ છે. અને આ પ્રકારે વારંવાર તત્ત્વનું આલોચન કરીને વિષયોથી દૂર રહેવા માટે પણ શ્રાવક યત્ન કરે, જેથી વિષયો પ્રત્યેનું ખેંચાણ વધે નહિ. અને કદાચ વિષયો વગર રહી ન શકે તો પણ વિષયોના સેવનકાળમાં “વિષયો પરિણામથી દારુણ છે” તેવી વિચારણા પૂર્વમાં વારંવાર કરેલી હોવાથી વિષયો પ્રત્યેનું આકર્ષણ મંદ થાય છે જેથી વિષયોને અલ્પકાળ સેવીને તેના ત્યાગ પરત્વેનું વલણ ઉત્પન્ન થાય છે અને આત્મહિત માટેનું વીર્ય ઉલ્લસિત બને છે અને જાગૃતિ પેદા થાય તેવી ધર્મજાગરિકા જીવનમાં પ્રગટે છે.

આ રીતે વિષયોના સ્વરૂપના ચિંતવનથી શ્રાવક જેમ ધર્મજાગરિકા કરે છે, તેમ મૃત્યુના વાસ્તવિક સ્વરૂપનું ચિંતવન કરીને પણ ધર્મજાગરિકા કરે છે, તે બતાવે છે–

મહાભયને પેદા કરનાર મૃત્યુ છે. વળી, મૃત્યુથી સાધ્ય એવાં કોઇ અર્થ ક્રિયા નહિ હોવાને કારણે સર્વ અભાવને કરનારું મૃત્યુ છે. વળી, મૃત્યુનું આગમન ક્યારે થાય તે જણાય એવું નથી, તેથી મૃત્યુના આગમન પહેલાં જ મારે મારું

હિત સાધી લેવું જોઇએ. વળી, સ્વજન આદિના પ્રયત્નથી મૃત્યુનું નિવારણ થઇ શકે તેમ નથી. એટલું જ નહિ પણ મહાભયાનક મૃત્યુ પણ ફરી ફરી આવનાર છે; કેમ કે દરેક ભવમાં તેની પ્રાપ્તિ છે. આ પ્રકારે વિચાર કરવાથી શ્રાવકને, મૃત્યુની પ્રાપ્તિ પહેલાં જ મારે હિત સાધવામાં યત્ન કરવો જોઇએ એ પ્રકારે જાગૃતિ આવે છે.

આશય એ છે કે સામાન્યથી સર્વજીવો માટે જગતના અન્ય સર્વ ભય કરતાં મૃત્યુ મહાભયરૂપ છે; કેમ કે મૃત્યુના જેવી ઉત્કટવેદના બીજી કોઇ નથી. વળી આ મૃત્યુ વર્તમાનમાં જગતના વિદ્યમાન સર્વભાવોનો અભાવ કરનાર છે. અર્થાત્ વર્તમાનનો મનુષ્યભવ, વર્તમાનની મારી સંપત્તિ, વર્તમાનનો મારો પરિવાર તે સર્વેનો અભાવ કરનાર છે. તેમાં યુક્તિ બતાવે છે–

જે વસ્તુ ભાવાત્મક હોય છે તેનાથી સાધ્ય કોઇક અર્થક્રિયા હોય છે. જેમ ઘડો એ ભાવાત્મક છે તો ઘટથી સાધ્ય એવી જલધારણની અર્થક્રિયા થાય છે, પરંતુ મૃત્યુની પ્રાપ્તિથી સાધ્ય એવી કોઇ અર્થક્રિયા નથી, એથી સર્વ અભાવને કરનાર મૃત્યુ છે.

તાત્પર્ય એ છે કે જીવ જન્મ પામે છે ત્યારે મનુષ્યભવની પ્રાપ્તિરૂપ ભાવાત્મક અવસ્થા પ્રાપ્ત કરે છે, અને તે અવસ્થાથી સાધ્ય જ્ઞાનની વૃદ્ધિ, ધનની વૃદ્ધિ, ભોગાદિનું સેવન કે ધર્માદિનું સેવન કરે છે, જે સર્વ ભાવાત્મક એવા મનુષ્યભવથી સાધ્ય એવી અર્થક્રિયા છે. અને જેવું મૃત્યુ આવે છે તેવું આ જન્મમાં જન્મીને જીવે જે કાંઇ બાહ્ય પદાર્થો ઊભા કર્યા છે તે સર્વનો અભાવ કરી દે છે, તેથી મૃત્યુ જેવું ભયાનક અન્ય કોઇ નથી. વળી, આ મૃત્યુ ક્યારે આવે તે કહી શકાય તેવું નથી; માટે વિચારક એમ ન વિચારે કે હજી મારી ઉંમર નાની છે માટે અત્યારે ભોગાદિ કરી લઉં, પાછળની ઉંમરમાં હું સાધના કરી લઇશ, જેથી મનુષ્યભવ નિષ્ફળ નહિ થાય. પરંતુ વિચારે કે જો હું અર્થાદિની પ્રવૃત્તિમાં આ પ્રમાણે વિચારીને જીવન પસાર કરીશ અને જો મૃત્યુ આવી જશે તો ધર્મસેવનનો કાળ રહેશે નહિ અને મારો મનુષ્યભવ નિષ્ફળ જવાથી સંસારના પરિભ્રમણને અલ્પ કરવામાં મારી શક્તિનો ઉપયોગ થશે નહિ. માટે કાલક્ષેપ કર્યા વિના વર્તમાનમાં જ મારે ધર્મમાં જ યત્ન કરવો જોઇએ, આ પ્રકારની જાગૃતિ મૃત્યુ અનિશ્ચિત છે એમ વિચારવાથી આવે છે. તેથી વિચારે કે મૃત્યુની પ્રાપ્તિ

પહેલાં જ હિત સાધી લેવું જોઈએ. વળી, સંસારમાં અન્ય કાંઈ આપત્તિ આવે તો સ્વજનાદિના પ્રયત્નથી કદાચ થોડું નિવારણ થઈ શકે, પરંતુ મૃત્યુનું નિવારણ તો સ્વજનાદિના પ્રયત્નથી પણ થઈ શકે તેવું નથી, માટે મૃત્યુ ભયાનક છે.

વળી, એક વખત મૃત્યુ થઈ ગયું તેટલામાત્રથી કાર્ય અટકતું નથી, પણ આ મૃત્યુ ફરી ફરી જીવને આવ્યા જ કરે છે; કેમ કે દરેક ભવમાં જન્મની સાથે અવશ્ય મૃત્યુની પ્રાપ્તિ થાય છે. તેથી અહીંથી મૃત્યુ પામીને જીવ અહીંની દુનિયાનો અભાવ પ્રાપ્ત કરે છે, અને પુણ્ય-પાપની મૂડી પ્રમાણે અન્ય ભવને પ્રાપ્ત કરે છે, અને ત્યાં ફરી પોતાને પ્રાપ્ત થયેલા ભવને અનુરૂપ પોતાના સંયોગથી સાધ્ય એવી અર્થક્રિયા કરીને પોતાની નવી દુનિયા ઉભી કરે છે. ત્યાં ફરી મૃત્યુ આવીને તે સર્વનો અભાવ કરે છે, તેથી મહેનત કરીને સર્જન કરેલી દુનિયાનો મૃત્યુ વિનાશ કરે છે. અને ફરી ફરી અનેક ભવો સુધી મૃત્યુની પ્રાપ્તિ થાય છે. માટે આ મૃત્યુ જીવ માટે વ્યાધિ જેવો છે. જેમ શરીરમાં આવેલો વ્યાધિ જીવને માત્ર કદર્થના કરે છે, તેમ દરેક ભવમાં જીવને નિયમા મૃત્યુની કદર્થના પ્રાપ્ત થાય છે અને તે મૃત્યુનું ઔષધ ધર્મ જ છે. આ પ્રકારે શ્રાવક તત્ત્વનું આલોચન કરે તો મૃત્યુના સ્વરૂપના ચિંતવનથી તુચ્છ એવા સંસારના પદાર્થ માટેનો તેને જે અભિમુખ ભાવ છે તે દૂર થાય છે, અને મૃત્યુરૂપી વ્યાધિના ઔષધરૂપ ધર્મ સેવવાનો વિશેષ ઉત્સાહ થાય છે.

અને તે ધર્મ કેવા સ્વરૂપવાળો છે કે જે મૃત્યુરૂપી વ્યાધિનું ઔષધ છે, તે બતાવવા કહે છે–

તે ધર્મ સર્વસાવદ્યની નિવૃત્તિરૂપ હોવાથી એકાંત વિશુદ્ધ=નિવૃત્તિરૂપ તે ધર્મ છે. તીર્થંકર આદિ મહાપુરુષોથી સેવાયેલો છે. મૈત્રી, પ્રમોદ, કરુણા અને મધ્યસ્થભાવરૂપ હોવાના કારણે સર્વ જીવોને હિતકારી છે. અને ગ્રહણ પ્રમાણે પાલન દ્વારા નિરતિચાર થાય તો પરમાનંદનો હેતુ છે=નિર્વાણનું કારણ છે, અને આ જ ધર્મ મૃત્યુરૂપ વ્યાધિનું ઔષધ છે, એ પ્રકારનો અન્વય છે.

આશય એ છે કે સમ્યગ્દૃષ્ટિ કે દેશવિરતિ શ્રાવક દ્વારા સેવાયેલો ધર્મ એકાંતે વિશુદ્ધ નથી, પરંતુ સર્વસાવદ્યની જેણે નિવૃત્તિ કરી છે તેનો જ ધર્મ એકાંતે શુદ્ધ છે, અને આ ધર્મ સમિતિ અને ગુપ્તિમાં રહેલા મુનિઓ જ સેવી શકે છે. તે સમિતિ અને ગુપ્તિ એ છે કે, મુનિના મન-વચન અને કાયાના યોગો સંસારની

તમામ પ્રવૃત્તિઓથી વિરામ પામેલા છે, અને મુનિ કેવલ આત્મભાવમાત્રમાં પ્રતિબંધવાળા છે, તેથી જ આત્મભાવની વૃદ્ધિ કરે તે રીતે સ્વાધ્યાય-ધ્યાનમાં રત રહેલા છે. આવો ધર્મ સામાન્ય મનુષ્ય સેવી શકતો નથી, તેથી જ કહે છે કે મહાપુરુષ એવા તીર્થંકર આદિથી સેવાયેલો આ ધર્મ છે.

વળી, આ ધર્મ કરનારનું હૈયું તત્ત્વને જોનારું હોય છે, તેથી જ જગતના જીવમાત્ર પ્રત્યે મૈત્રીભાવવાળું હોય છે. આથી જ કોઈ જીવને લેશમાત્ર પીડા ન થાય તે જ રીતે ષટ્કાયના પાલનમાં મુનિઓ યત્નવાળા હોય છે, તેમ જ કોઈ જીવને કલેશ ન થાય એ જ રીતે યત્ન કરે છે જે મૈત્રીભાવરૂપ છે.

વળી, તત્ત્વને જોનારા હોવાથી મુનિને તત્ત્વની પ્રાપ્તિમાં અનન્ય કારણભૂત એવા ગુણોનો પક્ષપાત હોય છે, આથી મુનિ પ્રમોદભાવને ધારણ કરે છે જે પ્રમોદભાવરૂપ છે.

વળી, મુનિઓને જગતમાત્રની હિતચિંતા હોવા છતાં સર્વનું હિત વિશેષ રીતે શક્ય હોતું નથી, તેથી પોતાનાથી તેમને કોઈને ઉપદ્રવ ન થાય તે રીતે મૈત્રી ભાવનાથી ભાવિત હોય છે, અને જે જીવોમાં ગુણ પ્રગટી શકે તેવી યોગ્યતા છે તેઓના પ્રત્યે હૈયામાં કરુણા હોય છે, અને તેથી જ પોતાનાથી શક્ય હોય તો ઉપદેશ આદિથી તેઓનો ઉપકાર કરે છે; અને જો પોતાનાથી કોઈ ઉપકારની શક્યતા ન હોય તો પણ પોતાના કોઈ નિમિત્તને પામીને તે જીવો માર્ગ પ્રત્યે દ્વેષવાળા ન થાય તે રીતે યત્ન કરે છે. જે કરૂણારૂપ છે.

વળી, કેટલાક જીવો અનુચિત પ્રવૃત્તિ કરતા હોય, અને તે પ્રવૃત્તિથી તેમનું અહિત થાય તેમ હોય, છતાં ઉપદેશ આદિ પ્રવૃત્તિથી તેમની અનુચિત પ્રવૃત્તિનું નિવારણ શક્ય ન હોય તો તેવા જીવોને જોઈને મુનિ દ્વેષ કરતા નથી, પરંતુ મધ્યસ્થ ભાવને ધારણ કરે છે જે મધ્યસ્થભાવરૂપ છે. આ રીતે મૈત્રીઆદિભાવોથી યુક્ત મુનિનો ધર્મ હોવાથી સર્વના હિતને કરનારો છે.

વળી તે ધર્મ મુનિઓએ જે રીતે પ્રતિજ્ઞા કરી છે તે રીતે નિરતિચાર પાલન કરવામાં આવે તો ક્રમસર પ્રકર્ષને પામીને મોક્ષનું કારણ બને છે; અને મોક્ષની પ્રાપ્તિ પછી મૃત્યુ આવતું નથી, તેથી વ્યાધિ જેવા મૃત્યુનું ઔષધ ધર્મ છે તેમ કહેલ છે, કેમ કે આવા ધર્મના સેવનથી જીવ મૃત્યુરૂપ વ્યાધિ વગરનો બને છે.

**ઉત્થાન :**

ધર્મજાગરિકા બતાવ્યા પછી સાધુધર્મના પરિભાવન માટે ધર્મ પ્રત્યેના આદરના અતિશય અર્થે શું કરવું જોઈએ તે બતાવે છે–

**સૂત્ર :**

**नमो इमस्स धम्मस्स । नमो एयधम्मपयासयाणं । नमो एयधम्मपालयाणं । नमो एयधम्मपरूवयाणं । नमो एयधम्मपवज्जगाणं । इच्छामि अहमिणं धम्मं पडिवज्जित्तए सम्मं मणवयणकायजोगेहिं । होउ ममेयं कल्लाणं परमकल्लाणाणं जिणाणमणुभावओ । सुप्पणिहाणमेवं चिंतेज्जा पुणो पुणो । एयधम्मजुत्ताणं अववायकारी सिया । पहाणं मोहच्छेयणमेयं । एवं विसुज्झमाणे विसुज्झमाणे भावणाए कम्मापगमेणं उवेइ एयस्स जोग्गयं । तहा संसारविरत्ते संविग्गे भवइ अममे अपरोवयावी विसुद्धे विसुज्झमाणभावे त्ति ।**

**॥ साहुधम्मपरिभावणासुत्तं समत्तं ॥**

**સૂત્રાર્થ :**

**હું આ ધર્મને નમસ્કાર કરું છું, આ ધર્મના પ્રકાશકને નમસ્કાર કરું છું, આ ધર્મના પાલકને નમસ્કાર કરું છું, આ ધર્મના પ્રરૂપકને નમસ્કાર કરું છું અને આ ધર્મના સ્વીકારનારાઓને નમસ્કાર કરું છું. હું આ ધર્મને મન, વચન અને કાયાના વ્યાપારથી સમ્યગ્ સ્વીકારવાને ઇચ્છું છું, પરમકલ્યાણરૂપ એવા જિનેશ્વરોના અનુભાવથી=અનુગ્રહથી આ કલ્યાણ=ધર્મના સ્વીકારરૂપ કલ્યાણ મને પ્રાપ્ત થાઓ, "આ પ્રમાણે ભગવાનના અનુભાવથી=અનુગ્રહથી મને આ ધર્મની પ્રાપ્તિ થાઓ" એ પ્રમાણે સુપ્રણિધાનપૂર્વક વારંવાર ચિંતવન કરવું જોઇએ. આ ધર્મથી યુક્ત એવા મુનિઓનો હું अववायकारी=આજ્ઞાકારી થાઉં. આ=મુનિઓનું આજ્ઞાકારીપણું, પ્રધાન મોહનું છેદન છે.**

**આ રીતે=**नमो इमस्स **થી માંડીને અત્યાર સુધી કહ્યું એ રીતે, ભાવનાથી વિશુદ્ધ્યમાન વિશુદ્ધ્યમાન એવો જીવ કર્મના અપગમથી આની**

**=સાધુ ધર્મની, યોગ્યતાને પામે છે. અને સાધુધર્મની યોગ્યતાનું સ્વરૂપ 'तहा' થી બતાવે છે–**

**અને સંસારથી વિરક્ત, સંવિજ્ઞ, મમત્વરહિત, અપરોપતાપી, વિશુદ્ધ વિશુદ્ધમાન ભાવવાળો શ્રાવક થાય છે.**

**'त्ति' શબ્દ બીજાસૂત્રની સમાપ્તિ માટે છે.**

**સાધુધર્મ પરિભાવના સૂત્ર સમાપ્ત થયું.**

**ટીકા :**

**णमो इमस्सेत्यादि** । **नम एतस्मै धर्माय** अनन्तरोदितरूपाय । **नम एतद्धर्मप्रकाशकेभ्यो**ऽर्हद्भ्यः । **नम एतद्धर्मपालकेभ्यो** यतिभ्यः । **नम एतद्धर्मप्ररूपकेभ्यो** यतिभ्य एव । **नम एतद्धर्मप्रतिपत्तृभ्यः** श्रावकादिभ्यः । **इच्छाम्यहमेनं धर्मप्रतिपत्तुम्**, अनेनैतत्पक्षपातमाह । **सम्यग् मनोवाक्काययोगैः**, अनेन तु संपूर्णप्रतिपत्तिरूपं प्रणिधिविशेषमाह । **भवतु ममैतत् कल्याणम्** अधिकृतधर्मप्रतिपत्तिरूपं **परमकल्याणानां जिनानामनुभावतः** तदनुग्रहेणेत्यर्थः । **सुप्रणिधानमेवं चिन्तयेत् पुनः पुनः** । एवं हि स्वाशयादेव तन्निमित्तोऽनुग्रह इति ।

**ટીકાર્થ :**

-'**णमो इमस्सेत्यादि**' સૂત્રનું પ્રતિક છે.

અનન્તર કહેવાયેલા સ્વરૂપવાળા=ધર્મજાગરિકાના અંતમાં વ્યાધિરૂપ મૃત્યુના ઔષધરૂપ, કહેવાયેલા સ્વરૂપવાળા આ ધર્મને=સાધુધર્મને હું નમસ્કાર કરું છું.

આ ધર્મના પ્રકાશક એવા અરિહંતને નમસ્કાર કરું છું, આ ધર્મના પાલક એવા યતિઓને નમસ્કાર કરું છું, આ ધર્મના પ્રરૂપક એવા યતિઓને જ નમસ્કાર કરું છું.

★ અહીં '**यतिभ्य एव**' માં '**एव**' થી એ બતાવે છે કે ધર્મના પાલક જે યતિઓ છે તે જ ધર્મના પ્રરૂપક છે, અન્ય નથી એ બતાડવા માટે '**एव**'કાર છે.

**અને આ ધર્મને=સર્વવિરતિધર્મને સ્વીકારનારા=સ્વીકારવાની તૈયારી કરનારા એવા શ્રાવક આદિને હું નમસ્કાર કરું છું. હું આ ધર્મને સ્વીકારવાની ઇચ્છા કરું છું. આના દ્વારા=હું આ ધર્મને સ્વીકારવાની ઇચ્છા કરું છું એના દ્વારા, પોતાને સર્વવિરતિરૂપ ધર્મ ગ્રહણ કરવાનો પક્ષપાત થયો છે તેને બતાવેલ છે.**

★ '**श्रावकादिभ्यः**' માં '**आदि**' પદથી શ્રાવિકા, સમ્યગ્દૃષ્ટિ જીવો અને સ્થૂલબોધવાળા એવા ધર્મને સ્વીકારવાના અભિલાષવાળા અપુનર્બંધક જીવોને ગ્રહણ કરવાના છે.

કઇ રીતે હું આ ધર્મ સ્વીકારવાની ઇચ્છા કરું છું તે બતાવે છે–

**સમ્યગ્ મન, વચન અને કાયાના યોગો દ્વારા સર્વવિરતિ ધર્મને સ્વીકારવાની ઇચ્છાવાળો હું છું. આ કથન દ્વારા સંપૂર્ણ ધર્મને સ્વીકારવારૂપ પ્રણિધાનવિશેષને ગ્રંથકાર કહે છે. મને પરમકલ્યાણ એવા જિનોના અનુગ્રહથી આ કલ્યાણ= અધિકૃતમાં=પ્રસ્તુતમાં જેનો અધિકાર ચાલે છે, એવા સર્વવિરતિ ધર્મના સ્વીકારરૂપ કલ્યાણની પ્રાપ્તિ થાઓ. આ પ્રકારે=જિનેશ્વરોના અનુભાવથી મને આ કલ્યાણની મને પ્રાપ્તિ થાઓ એ પ્રકારે, સુપ્રણિધાનપૂર્વક ફરી ફરી ચિંતવન કરે. આ રીતે સ્વઆશયથી જ તે નિમિત્તક=ભગવાનનિમિત્તક અનુગ્રહ થાય છે.**

'**इति**' શબ્દ કથનની સમાપ્તિ માટે છે.

**ભાવાર્થ :**

ધર્મજાગરિકા કર્યા પછી સર્વવિરતિ ધર્મની આત્મામાં નિષ્પત્તિ અર્થે શ્રાવક વિશેષ પ્રયત્ન કરે છે, અને તે કરવા માટે જ સર્વવિરતિ ધર્મ પ્રત્યે પોતાના હૈયામાં આદરનો અતિશય થાય તે રીતે અત્યંત ઉપયોગપૂર્વક સર્વવિરતિધર્મના સ્વરૂપને ઉપસ્થિત કરીને ભાવથી તેને નમસ્કાર કરે છે; કેમ કે શ્રાવક જાણે છે કે સંસારના સર્વ ભાવો પ્રત્યે જેનું ચિત્ત તદ્દન નિઃસ્પૃહ છે, જેનું ચિત્ત કેવળ મોક્ષમાં પ્રતિબંધવાળું છે, મોક્ષની નિષ્પત્તિના ઉપાયરૂપ એવા નિરવદ્ય આચારોમાં જ જેની રુચિ છે અને નિરવદ્ય આચારોમાં જ જે સમ્યગ્ પ્રવૃત્તિ કરી શકે છે તેવા જીવમાં જ આ સાધુધર્મ સંભવે છે, અને અતિ સાત્ત્વિક જીવો જ તેની પ્રાપ્તિ

કરી શકે છે. અને પોતાને પણ તે ધર્મ મેળવવાની અત્યંત ઇચ્છા છે તેથી જ સાધુધર્મ પરિભાવન માટે દેશવિરતિને સ્વીકારેલ છે. અને હવે સર્વવિરતિધર્મ પ્રત્યે પોતાનું હૈયું ઉલ્લસિત કરવા માટે વારંવાર સર્વવિરતિ ધર્મનું સ્મરણ કરીને તેને નમસ્કાર કરે છે, જેના બળથી સર્વવિરતિને અભિમુખ પોતાનું વીર્ય સંચિત થાય છે, અને તે માટે જ પ્રસંગે પ્રસંગે શ્રાવક આ રીતે જ સૂત્રપાઠ કરીને સંયમને અભિમુખ માનસ કેળવે છે.

વળી, શ્રાવક વિચારે કે આવો નિરવદ્ય સાધુધર્મ સર્વજ્ઞ ભગવંતે જ પ્રકાશેલો છે, અને આ નિરવદ્ય ધર્મનું પોતાના જીવનમાં સમ્યગ્ સેવન કરીને નિરવદ્ય ધર્મના પ્રકર્ષથી ભગવાન કેવળજ્ઞાનને પામ્યા છે, અને તે કેવળજ્ઞાનના બળથી તે નિરવદ્ય સાધુધર્મની સર્વ ભૂમિકાઓને સાક્ષાત્ જુએ છે, અને શબ્દની મર્યાદા સીમિત છે તો પણ, શબ્દની મર્યાદાથી આવો ઉત્તમ ધર્મ જેટલો કહી શકાય તેટલો તેમણે પ્રકાશિત કરીને જગત ઉપર મહાઉપકાર કરેલો છે. આથી જ શ્રાવકને, તેમના પ્રત્યે પૂજ્યભાવ થાય છે, અને તે પૂજ્યભાવના અતિશયને કારણે જ ધર્મપ્રકાશક એવા અરિહંતને નમસ્કાર કરે છે, જે નમસ્કાર ધર્મ પ્રત્યેના બહુમાનના જ અતિશયનું અનન્ય કારણ છે, જેનાથી શીઘ્ર સાધુધર્મની યોગ્યતા પ્રગટે છે.

વળી, શ્રાવક વિચારે કે આ ધર્મના પાલક એવા યતિઓને હું નમસ્કાર કરું છું. આ પ્રકારે વિચાર કરવાથી શ્રાવકને જેમ સાધુધર્મને નમસ્કાર કરવાથી નિર્લેપ એવા સર્વવિરતિધર્મ પ્રત્યે બહુમાનભાવ વધેલો, તેમ તે ધર્મના પાલન કરનારા એવા સાધુઓને નમસ્કાર કરવાથી સર્વવિરતિધર્મ પ્રત્યે પૂર્વ કરતા વિશેષ બહુમાનભાવ થાય છે, અને તે બહુમાનભાવ શીઘ્ર સાધુધર્મની યોગ્યતા પ્રગટ કરવામાં પ્રબળ કારણ બને છે.

વળી, શ્રાવકને જેમ ધર્મના પ્રકાશક એવા તીર્થંકરો પ્રત્યે અત્યંત બહુમાન છે, તેમ ધર્મના પ્રરૂપક એવા મુનિઓ પ્રત્યે પણ વિશેષ બહુમાન છે; કેમ કે શ્રાવક જાણે છે કે આ ધર્મનું ભગવાને જ પ્રકાશન કર્યું છે તો પણ મને તેની પ્રાપ્તિ ધર્મના પ્રરૂપક એવા મુનિઓ દ્વારા જ થાય છે. માટે, જેને ધર્મનું બહુમાન હોય તેને જેમ ધર્મના પ્રકાશકનું અને ધર્મના પાલકનું પણ બહુમાન હોય છે,

તેમ ધર્મના પ્રરૂપક પ્રત્યે પણ બહુમાનભાવ હોય છે, અને તે બહુમાનની પ્રબળ વૃદ્ધિના કારણે જ ઉપયોગપૂર્વક ધર્મના પ્રરૂપક એવા મુનિઓને શ્રાવક નમસ્કાર કરે છે.

આટલું કર્યા પછી પણ ધર્મના બહુમાનના કારણે શ્રાવકને હૈયામાં સંતોષ થતો નથી, તેથી આવા ઉત્તમ ધર્મને સ્વીકારવા અર્થે જે લોકો સાધુધર્મનું પરિભાવન કરી રહ્યા છે તેવા શ્રાવકો પ્રત્યે તેને બહુમાન થાય છે. એટલું જ નહિ પણ જે લોકો સાધુધર્મનું પરિભાવન કરતા નથી, તેમ છતાં, સમ્યક્ત્વને કારણે સાધુધર્મ પ્રત્યે અત્યંત રુચિ છે અને રુચિપૂર્વક સાધુધર્મને સ્વીકારવાના પરિણામવાળા હોય છે, તે સર્વને નમસ્કાર કરવા અર્થે શ્રાવક કહે છે—

આ ધર્મના સ્વીકારનાર એવા શ્રાવક આદિને પણ હું નમસ્કાર કરું છું.

આ શ્રાવક આદિને નમસ્કારથી સર્વવિરતિ ધર્મના ઉપાયો પ્રત્યે પણ બહુમાનભાવ પ્રકર્ષવાળો થાય. તેથી જ તેના ઉપાયને સેવવા માટે દૃઢ યત્ન થાય છે, જેના બળથી સાધુધર્મને અનુકુળ એવું ચિત્ત શીઘ્ર પ્રાપ્ત થાય છે.

વળી, શ્રાવક વિચારે છે કે હું આ ધર્મને સ્વીકારવાની ઇચ્છા કરું છું.

જોકે શ્રાવક સાધુધર્મને ગ્રહણ કરવાની ઇચ્છાવાળો તો હતો જ. તેથી જ સાધુધર્મના પરિભાવન માટે દેશવિરતિધર્મ તેણે ગ્રહણ કર્યો છે. તો પણ, "હું આ ધર્મને સ્વીકારવા ઇચ્છું છું." એ પ્રકારના વચનપ્રયોગ દ્વારા સાધુધર્મનો પક્ષપાત વધારે થાય છે, અને તે પક્ષપાતના કારણે પ્રકર્ષને પામેલો શ્રાવક સાધુધર્મને અનુકૂળ એવું ચિત્ત શીઘ્ર પ્રગટ કરી શકે છે.

વળી, શ્રાવક માત્ર સાધુવેશ કે સાધ્વાચારની ક્રિયામાત્રથી સંતોષ પામે તેમ નથી. તેથી જ વિચારે છે કે સમ્યગ્ મન-વચન-કાયાના યોગ દ્વારા હું નિર્લેપ ચિત્તના અનન્ય ઉપાયભૂત આ સર્વવિરતિ ધર્મને સ્વીકારવા ઇચ્છું છું.

આ પ્રકારના પ્રણિધાનવિશેષથી સંપૂર્ણ સાધુધર્મનાં વ્રતો પ્રત્યે તેને પક્ષપાત થાય છે. આ રીતે સાધુધર્મનાં વ્રતો પ્રત્યેના પક્ષપાતથી એવા દૃઢ સંસ્કાર પડે છે કે જે સંસ્કારના બળથી જ્યારે સાધુધર્મનું સેવન ગ્રહણ કરશે, ત્યારે શક્તિના પ્રકર્ષથી સંપૂર્ણ સાધુધર્મનું સેવન કરવા સમ્યગ્ વીર્ય પ્રગટ થશે. કદાચ સંયમ

ગ્રહણ કર્યા પછી પરિપૂર્ણ સાધુધર્મ પાળવાનું સત્ત્વ ન પ્રગટ્યું હોય તો પણ, ગ્રહણ કરાયેલ સાધુધર્મની સ્ખલનાને દૂર કરીને આ સંસ્કારથી ધીરે ધીરે પૂર્ણ સાધુધર્મ પ્રગટ કરવાનો યત્ન તો અવશ્ય થશે.

વળી, શ્રાવક જાણે છે કે સર્વવિરતિ ધર્મ અતિદુષ્કર છે, અને અતિ સાત્ત્વિક જીવો જ તેને ગ્રહણ કરી શકે છે, અને તે ગ્રહણ કર્યા પછી જીવનના અંત સુધી સમ્યગ્ પાળી શકે છે. પરંતુ પોતાનામાં હજી તેવી સાત્ત્વિકતા પ્રગટી નથી, આથી જ તે સાધુધર્મના મહત્ત્વને સમજ્યો હોવા છતાં, અને આ સાધુધર્મને ગ્રહણ કરીને જ હું મારું જીવન સફળ કરું એવી અત્યંત ઇચ્છા હોવા છતાં, વિશેષ સત્ત્વ પોતાનામાં પ્રગટ કરવા માટે જ સર્વવિરતિ ગ્રહણ કરવામાં કાળક્ષેપ કરે છે. વળી તે જાણે છે કે માત્ર ઉત્સાહના અતિરેકથી સર્વવિરતિ ગ્રહણ કરી લેવામાં આવે, પણ ચિત્તની યોગ્યતા પ્રગટ થઈ ન હોય તો ભાવથી સાધુધર્મ પ્રગટ થતો નથી; તેથી મારે એવો જ યત્ન કરવો જોઈએ કે જેથી જ્યારે સર્વવિરતિ ધર્મ ગ્રહણ કરું ત્યારે ભાવથી સર્વવિરતિધર્મ પ્રગટે. તેથી જ તે વિચારે છે કે “પરમકલ્યાણના કારણભૂત એવા જિનેશ્વરોના અનુગ્રહથી મને કલ્યાણના કારણભૂત એવા સાધુધર્મની પ્રાપ્તિ થાઓ”. આ પ્રકારના વિકલ્પો કરવાથી ભગવાનના વચનઅનુસાર દૃઢ પ્રયત્ન કરવાનો સત્ત્વસંચય થાય છે.

આમ છતાં, શ્રાવક જાણે છે કે “ભગવાનના અનુગ્રહથી મને પરમ કલ્યાણની પ્રાપ્તિ થાઓ” એ પ્રકારના માત્ર એક વખતના પ્રણિધાનથી આજીવન તેને નિષ્ઠાપૂર્વક વહન કરવું અતિદુષ્કર છે. માટે ફરી ફરી પ્રણિધાનપૂર્વક એ જ વિચારે છે કે “પરમકલ્યાણરૂપ જિનેશ્વરના અનુગ્રહથી મને આ સાધુધર્મની પ્રાપ્તિ થાઓ” અને આ રીતે પુનઃ પુનઃ પ્રણિધાન કરવાથી શક્તિનો વિશેષ વિશેષ સંચય થાય છે.

વળી, જિનેશ્વર ભગવંત પરમકલ્યાણના કારણરૂપ છે, એવી ઉપસ્થિતિ થવાથી, તેમના વચનઅનુસાર ચાલવા માટે ચિત્ત દૃઢ પ્રકર્ષવાળું થાય છે; અને આ સાધુધર્મ કલ્યાણના કારણભૂત છે તે પ્રકારની ઉપસ્થિતિ થવાથી, સાધુધર્મ પ્રત્યે વિશેષ પ્રતિબંધ (ખેંચાણ-આકર્ષણ) થાય છે. અને આવું પ્રણિધાન પુનઃ પુનઃ કરવાથી ભગવાનના વચનોનો પ્રતિબંધ અને સાધુધર્મનો પ્રતિબંધ પ્રકર્ષવાળો

થાય છે; જેનાથી સાધુધર્મની યોગ્યતા વિશેષ ખીલે છે, અને સાધુધર્મ ગ્રહણ કર્યા પછી આજીવન પાલન કરવાની શક્તિનો દૃઢ સંચય થાય છે.

અહીં પ્રશ્ન થાય કે ભગવાન તો અનુગ્રહ કરતા નથી તો પછી ભગવાનના અનુગ્રહથી મને કલ્યાણ થાઓ એ રીતે શ્રાવક કઇ રીતે કહી શકે ? તેથી કહે છે કે આ રીતે પ્રણિધાન કરવાથી સ્વઆશયથી જ ભગવાન-નિમિત્તક અનુગ્રહ થાય છે.

આશય એ છે કે ભગવાન વીતરાગ થયા છે અને મોક્ષમાં ગયા છે, ભગવાન કાંઇ કરતા નથી, તો પણ શ્રાવક વિચારે છે કે ભગવાને સન્માર્ગ બતાવીને આપણા ઉપર મહાન અનુગ્રહ કર્યો છે, અને તે અનુગ્રહને હું તો જ ઝીલી શકું કે જો તેમની આજ્ઞાનુસાર સન્માર્ગમાં દૃઢ યત્ન કરું. અને તે દૃઢ યત્ન કરવા માટે શ્રાવક પુનઃ પુનઃ ચિંતવન કરે છે કે ભગવાનના અનુગ્રહથી મને કલ્યાણની પ્રાપ્તિ થાઓ. અને આ પ્રકારના શુભ આશયથી ભગવાનના અવલંબનને કારણે જ ભગવાનના વચન અનુસાર ચાલવાની શક્તિનો સંચય થાય છે, જેના બળથી સંયમ ગ્રહણ કર્યા પછી ભગવાનના વચન અનુસાર મન-વચન અને કાયાના પ્રવર્તનને કારણે ભાવથી સંયમની પ્રાપ્તિ થાય છે, અને આ જ ભગવાનના નિમિત્તે પોતાના ઉપર થયેલો અનુગ્રહ છે.

**ઉત્થાન :**

આ રીતે શ્રાવક સાધુધર્મની યોગ્યતા પ્રગટ કરવા માટે વારંવાર ચિંતવન કરે, જેથી સંયમધર્મને અનુકૂળ એવું ઉત્તમચિત્ત પોતાને પ્રગટ થાય. વળી એ સિવાય પણ સંયમની યોગ્યતા પ્રગટ કરવાનો અન્ય ઉપાય બતાવે છે–

**ટીકા :**

**तथा एतद्धर्मयुक्तानां यतीनामवपातकारी स्यात्,आज्ञाकारीति भावः। प्रधानं मोहच्छेदनमेतत् तदाज्ञाकारित्वम्, तन्मोहच्छेदनयोगनिष्पत्त्यङ्गतयेति हृदयम्।**

**ટીકાર્થ :**

વળી શ્રાવક સાધુધર્મનાં પરિભાવન માટે બીજું શું કરે ? તે '**तथा**' થી બતાવે છે–

**આ ધર્મયુક્ત=સાધુધર્મયુક્ત, એવા યતિઓની આજ્ઞાને કરનારો થાઉં. તેમનું=સાધુઓનું, આજ્ઞાકારીપણું એ પ્રધાન મોહનું છેદન છે=મોહના છેદનનું પ્રધાન કારણ છે.**

તે જ સ્પષ્ટ કરે છે–

**તેના=શ્રાવકના મોહછેદનના યોગની નિષ્પત્તિનું અંગ હોવાને કારણે સાધુની આજ્ઞાકારીપણું પ્રધાન મોહછેદન છે, એ પ્રકારનું તાત્પર્ય છે.**

**ભાવાર્થ :**

સાધુ ધર્મના પરિભાવન માટે પૂર્વમાં બતાવ્યું એ રીતે "ભગવાનના અનુગ્રહથી મને અધિકૃત ધર્મસ્થાનની પ્રાપ્તિ થાઓ" એ રીતે શ્રાવક વારંવાર સુપ્રણિધાનપૂર્વક ચિંતવન કરે, જેના બળથી સંયમને અભિમુખ જીવવીર્ય ઉલ્લસિત થાય છે. આમ છતાં, વિવેકી શ્રાવક જાણે છે કે, જ્યાં સુધી વિષયોથી પરાઙ્ગમુખ ચિત્ત થયું નથી ત્યાં સુધી એકાંતે હિતકારી સાધુધર્મ પણ, સંયમ ગ્રહણ કરવા માત્રથી પ્રાપ્ત થાય તેમ નથી. એથી જ પોતાને સંયમનો અભિલાષ છે, આમ છતાં સંયમ કેમ પ્રાપ્ત કરી શકતો નથી ? એ માટે પોતાની માનસિક સ્થિતિ શું છે ? અને પોતાની શારીરિક અને સાંયોગિક સ્થિતિ શું છે ? એ સર્વ વાત ગુણવાન એવા ગુરુ પાસે કહે છે. અને ગુરુ પણ એકાંતે તેનું હિત કેમ થાય એવા જ ભાવવાળા છે, તેથી તેની પરિસ્થિતિ સમજીને તેણે શું ઉચિત કરવું જોઈએ, જેથી તે શ્રાવક શીઘ્ર સંયમની ભૂમિકા પ્રાપ્ત કરે, તે માટે, તેને અનુરૂપ આજ્ઞા ગુરુ કરે છે. અને સંયમનો અર્થી એવો તે શ્રાવક પણ તે જ પ્રમાણે તે આજ્ઞાનું પાલન કરે છે.

જેમ કે શ્રાવક ગુરુને કહે કે અમુક પ્રકારના રાગાદિ મને સતાવે છે, જેથી સંયમ પ્રત્યે મને બળવાન ઇચ્છા હોવા છતાં તે ગ્રહણ કરવા માટે હું ઉલ્લસિત થતો નથી. અને ગુરુ પણ તેના યથાર્થ કથનથી તેની માનસિક સ્થિતિ યથાર્થ જાણીને તેના તે તે રાગાદિ ભાવોનું કઈ રીતે પ્રતિપક્ષ ભાવન કરવું જોઈએ, અને તે તે રાગાદિ ભાવોના ઉચ્છેદ માટે કયા કયા આલંબન લેવાં જોઈએ, તે સર્વમાં યત્ન કરવાની આજ્ઞા કરે, અને તે શ્રાવક પણ તે જ પ્રમાણે આજ્ઞાનું પાલન કરે, અને શ્રાવકનું તે આજ્ઞાપાલન મોહછેદનનું કારણ છે, તો પણ કારણમાં કાર્યનો ઉપચાર કરીને આજ્ઞાપાલનને જ મોહછેદન કહેલ છે. અને તેને સ્પષ્ટ

કરતાં કહ્યું કે, શ્રાવકમાં વર્તતા મોહના છેદનને અનુકૂળ એવા યોગની નિષ્પત્તિનું અંગ એ આજ્ઞાપાલન છે. તેથી જો શ્રાવક ગુરુની આજ્ઞાને અનુસાર જ તે આજ્ઞાપાલનમાં યત્ન કરે તો તેનામાં વર્તતા મોહછેદનને અનુકૂળ એવા યોગની નિષ્પત્તિ અવશ્ય થાય છે. તેથી શ્રાવક, જેમ સાધુધર્મ આદિને નમસ્કાર કરીને સાધુધર્મની યોગ્યતા ખીલવે છે, તેમ ગુણવાન એવા સાધુની આજ્ઞાનું પાલન કરીને પણ સંયમને અનુકૂળ એવું ઉત્તમ ચિત્ત પેદા કરે છે.

અહીં આજ્ઞાકારિતાને પ્રધાન મોહછેદનરૂપ કહ્યું, તેનાથી એ કહેવું છે કે શ્રાવકની ધર્મની અન્ય પ્રવૃત્તિથી તો મોહનું છેદન થાય જ છે, પરંતુ ગુરુની આજ્ઞાના પાલનથી પ્રધાન મોહછેદન થાય છે; કેમ કે જે જે ભૂમિકા પોતાને યોગમાર્ગમાં બાધક છે તેના નિવર્તનનાં ઉપાયરૂપે જ ગુરુની આજ્ઞા હોય-છે. તેથી તે સમ્યક્ આજ્ઞાપાલન મોહછેદનનું પ્રધાન કારણ છે.

**ઉત્થાન :**

આ રીતે સાધુધર્મના પરિભાવનના ઉપાયો બતાવ્યા. હવે તે સાધુધર્મના પરિભાવનથી જીવમાં કઈ રીતે સાધુધર્મની યોગ્યતા પ્રગટે છે તે બતાવે છે—

**ટીકા :**

**एवं कुशलाभ्यासेन विशुद्ध्यमानो विशुद्ध्यमान एतत्सेवक इति प्रक्रमः, भावनयोक्तरूपया, कर्मापगमेन हेतुना, उपैति एतस्य धर्मस्य योग्यताम् ।**

**ટીકાર્થ :**

**આ પ્રકારના કુશલ અભ્યાસથી વિશુદ્ધ્યમાન વિશુદ્ધ્યમાન એવો આનો સેવક=ગુરુની આજ્ઞાનો સેવક, ઉપરમાં કહેવાયેલી ભાવના વડે કર્મનાં અપગમ દ્વારા સાધુધર્મની યોગ્યતાને પ્રાપ્ત કરે છે.**

★ મૂળસૂત્રમાં **एतत्सेवक** એ પદ નથી. ટીકાકારને એ ધ્યાન ખેંચવું છે કે 'સાધુની આજ્ઞાનો સેવક' એ કથન '**प्रक्रमः**' થી ગ્રહણ કરવાનું છે; કેમ કે આની પૂર્વે જ કહેલું કે આ ધર્મથી યુક્ત એવા સાધુની આજ્ઞાને કરનાર શ્રાવક છે, અને તે આજ્ઞાપાલન પણ તેની યોગ્યતાનું અંગ છે, એ પ્રક્રમથી સાધુની આજ્ઞાનો સેવક ગ્રહણ કરવાનો છે.

**ભાવાર્થ :**

આ રીતે=ઉપરમાં કહ્યું કે "આ ધર્મને અને આ ધર્મના પ્રકાશક આદિને નમસ્કાર થાઓ" એ રીતે, કુશળ અભ્યાસ દ્વારા વિશુદ્ધ્યમાન વિશુદ્ધ્યમાન થતો ગુરુની આજ્ઞાનો સેવક ઉક્તરૂપ ભાવના વડે=પરમ કલ્યાણ એવા જિનેશ્વરના અનુગ્રહથી મને કલ્યાણ થાઓ એ પ્રકારના પુનઃ પુનઃ ચિંતવનરૂપ ભાવના વડે, કર્મનાશ થવાથી શ્રાવક સાધુધર્મની યોગ્યતાને પામે છે.

આશય એ છે કે શ્રાવકને તત્ત્વનો સ્પષ્ટ બોધ છે કે આ સંસારમાં મનુષ્યભવ પામીને સંપૂર્ણ નિરવદ્ય એવો સાધુધર્મ જ સેવવા જેવો છે. આમ છતાં, અનાદિના સંસ્કારોના કારણે હજી પણ અવિરતિના ભાવો તેને સતાવે છે અને તેને કાઢવા માટે જ શ્રાવક અતિ ઉત્સાહી છે. આથી જ શ્રાવક "આ ધર્મને નમસ્કાર કરું છું, સાધુધર્મનાં પ્રકાશકને નમસ્કાર કરું છું." ઇત્યાદિનું વારંવાર ઉપયોગપૂર્વક પરિભાવન કરે છે. આ રીતે ઉપયોગપૂર્વક પરિભાવન કરવાથી સાધુધર્મને અનુકૂળ એવો કુશળ અભ્યાસ તેનામાં પ્રગટે છે, અને તેનામાં રહેલા સાધુધર્મ પ્રત્યેના આકર્ષણમાં અતિશયતાનું આધાન થાય છે. અને જેમ જેમ સાધુધર્મ પ્રત્યેના પક્ષપાતની અતિશયતા થાય છે તેમ તેમ શ્રાવક વિશુદ્ધ્યમાન બનતો જાય છે, અને વળી ભાવના પણ કરે છે કે પરમકલ્યાણરૂપ એવા ભગવાનના અનુભાવથી મને સર્વથા નિરવદ્ય જીવનરૂપ કલ્યાણ પ્રાપ્ત થાઓ. અને આ ભાવનાથી સાધુધર્મની નિષ્પત્તિનાં પ્રતિબંધક એવાં કર્મો શિથિલ થાય છે. તે આ રીતે—

શ્રાવક જ્યારે ઉપયોગપૂર્વક વિચારે છે કે પરમકલ્યાણરૂપ તીર્થંકરના અનુભાવથી આ કલ્યાણ મને પ્રાપ્ત થાઓ, ત્યારે સાધુધર્મ તેને એકાંતે કલ્યાણરૂપ છે તે બુદ્ધિ સ્થિર થતી જાય છે; અને ભગવાનનો અનુગ્રહ ભગવાનની આજ્ઞાના પાલનરૂપ છે તે પ્રકારનો યથાર્થ બોધ હોવાથી, પરમકલ્યાણરૂપ ભગવાનના અનુગ્રહથી આ કલ્યાણ મને પ્રાપ્ત થાઓ એ ભાવના દ્વારા, ભગવાનની આજ્ઞાને અનુરૂપ પ્રયત્ન કરવાનો પક્ષપાત વધતો જાય છે; જેથી સંયમ ગ્રહણ કર્યા પછી ભગવાનની આજ્ઞા અનુસાર યત્ન કરી શકશે તેવી યોગ્યતા પ્રગટે છે, જે સાધુધર્મની નિષ્પત્તિમાં પ્રતિબંધક એવાં કર્મોનાં શૈથિલ્યથી થાય છે.

વળી, જેમ શ્રાવક ભાવના કરે છે તેમ સાધુધર્મને પાળનારા એવા યતિઓની આજ્ઞામાં પણ યત્ન કરે છે. તેથી મુનિઓની આજ્ઞાનો સેવક હોવાથી પણ ધીરે ધીરે સાધુધર્મના પ્રતિબંધક એવા રાગાદિ શિથિલ થાય છે, અને તેના બળથી સાધુધર્મની પ્રાપ્તિમાં પ્રતિબંધક એવાં કર્મો શિથિલ થાય છે અને સાધુધર્મનાં પ્રતિબંધક કર્મોની શિથિલતાજન્ય જીવની જે પરિણતિ છે તે જ સાધુધર્મની યોગ્યતા છે.

**ટીકા :**

**एतदेवाह-तथा संसारविरक्तस्तद्दोषभावनया, संविग्नो भवति मोक्षार्थी, अममः ममत्वरहितः, अपरोपतापी परपीडापरिहारी, विशुद्धः ग्रन्थ्यादिभेदेन, विशुद्ध्यमानभावः शुभकण्डकवृद्ध्येति**

**ટીકાર્થ :**

પૂર્વમાં કહ્યું કે આ રીતે કુશળ અભ્યાસથી શ્રાવક સાધુધર્મની યોગ્યતાને પામે છે.

**એને જ=સાધુધર્મની યોગ્યતાને પ્રાપ્ત કરે છે એને જ, સૂત્રમાં 'तथा' થી કહે છે–**

**અને તેની=સંસારની, દોષભાવના કરવાને કારણે સંસારથી વિરક્ત, સંવિગ્ન=મોક્ષાર્થી, મમત્વરહિત, પરપીડા પરિહારી, ગ્રંથ્યાદિના ભેદ વડે કરીને વિશુદ્ધ, શુભકંડકની વૃદ્ધિથી વિશુદ્ધ્યમાન ભાવવાળો શ્રાવક થાય છે.**

★ **'ग्रन्थ्यादि'** માં **'आदि'** પદથી ભોગતૃષ્ણાનો ભેદ ગ્રહણ કરવાનો છે.

**ભાવાર્થ :**

પૂર્વમાં બતાવ્યું એ રીતે જ્યારે શ્રાવક સાધુધર્મનું પરિભાવન કરે છે ત્યારે તેનામાં સાધુધર્મની યોગ્યતા પ્રગટે છે. તે વખતે તેનું માનસ કેવું હોય છે ? તે બતાવે છે–

સંસારની દોષભાવનાને કારણે તેનું ચિત્ત સંસારથી વિરક્ત બને છે. આશય એ છે કે શ્રાવક સંસારના સ્વરૂપને પહેલા પણ જાણતો હતો આમ છતાં વિષયોનું

પણ આકર્ષણ હતું પરંતુ વારંવાર સાધુધર્મના પરિભાવનને કારણે સંસારના સ્વરૂપની ભાવના સ્થિર થતી જાય છે તેથી આ સંસારમાં જન્મ, જરા, મરણ, રોગ, શોક વગેરે હોવાથી શ્રાવકનું ચિત્ત સંસારથી વિરક્ત બને છે, તેથી શ્રાવક સંસારથી નિસ્તાર પામવા માટે સાધુધર્મને અભિમુખ બને છે.

વળી, શ્રાવક સંવિગ્ન થાય છે=માત્ર મોક્ષને જ સાધવાની અભિલાષાવાળો થાય છે. આશય એ છે કે જોકે પૂર્વમાં પણ શ્રાવક સંસારના સ્વરૂપને જાણતો હતો, તો પણ સંસારમાં વિષયોનો અનાદિ ભવથી અભ્યાસ હોવાને કારણે આકર્ષણ પણ થતું હોય છે. પરંતુ પ્રસ્તુત સૂત્રમાં વર્ણન કર્યું તે રીતે સાધુધર્મના પરિભાવનને કારણે સંસારનું સ્વરૂપ કેવું અનર્થકારી છે તે ભાવના તેનામાં સ્થિર થતી જાય છે, અને જ્યારે તે ભાવના સ્થિર થાય છે, ત્યારે માત્ર મોક્ષ જ મેળવવા જેવો છે તેવો દૃઢ પ્રતિબંધ તેને પેદા થાય છે.

વળી, શ્રાવક મમત્વરહિત થાય છે=સંસારના પદાર્થો પ્રત્યે આકર્ષણ વગરનો થાય છે. આશય એ છે કે સંસારનું સ્વરૂપ અનર્થકારી છે એ ભાવના તેનામાં સ્થિરભાવને પામે છે ત્યારે, ઇન્દ્રિયોની ઉત્સુકતા શાંત થાય છે અને ભોગાદિ પદાર્થોનું આકર્ષણ જતું રહે છે. તે તેથી તેનું ચિત્ત સંસારથી વિરક્ત બને છે અને માત્ર મોક્ષની ઇચ્છાવાળો થાય છે અને એના કારણે જ સંસારના સર્વભાવો પ્રત્યે તે મમત્વરહિત બને છે.

વળી, શ્રાવક પરપીડા પરિહારી બને છે. આશય એ છે કે શ્રાવક ધર્મમાં યત્ન કરી કરીને અહિંસાને અભિમુખ પરિણામવાળો થવાથી અને સાધુધર્મના પક્ષપાતને કેળવવાથી, પરની પીડાનો પરિહાર કરે તેવું ચિત્ત પેદા કરે છે. આવો શ્રાવક મન-વચન અને કાયાના યોગોથી કોઈ જીવને પીડા ન થાય તે જ રીતે શ્રાવકજીવનમાં પણ અત્યંત સંકોચપૂર્વક ઉચિત વ્યવહાર કરે છે.

વળી, શ્રાવક ગ્રંથિ આદિના ભેદ વડે કરીને વિશુદ્ધ બને છે. આશય એ છે કે જીવમાં મોહના કારણે અજ્ઞાનરૂપી અંધકારની ગ્રંથિ રહેલી છે, અને રોજ તત્ત્વના ભાવનથી જેમ તમોગ્રંથિનો ભેદ થાય છે તેમ ભોગતૃષ્ણાનો પણ ભેદ થાય છે. આ રીતે ગ્રંથિના ભેદથી અને ભોગતૃષ્ણાના ભેદથી શ્રાવકનું ચિત્ત વિશુદ્ધ બને છે.

અહીં વિશેષ એ છે કે મિથ્યાત્વકાળમાં વર્તતી રાગદ્વેષની ગ્રંથિનો ભેદ થાય છે ત્યારે જીવ સમ્યક્ત્વ પામે છે, અને તે વખતે સમિતિ-ગુપ્તિકાલીન મોક્ષને અનુકૂળ એવી જીવની પરિણતિ કેવી હોય છે તેનો યથાર્થ બોધ થાય છે; અને તેથી જ સંયમની ક્રિયા ગુપ્તિની વૃદ્ધિ દ્વારા કઇ રીતે વીતરાગતાનું કારણ છે, તે સમ્યગ્દૃષ્ટિ જીવ જોઇ શકે છે. આમ છતાં, હજી વિશેષ પ્રકારના ભાવોને જોવાની પ્રજ્ઞા શ્રાવકને પ્રગટ થઇ નથી, પરંતુ જેમ જેમ તે સાધુધર્મનું પરિભાવન કરે છે તેમ તેના સમિતિ ગુપ્તિના સૂક્ષ્મ સૂક્ષ્મતર ભાવોને જોવામાં પ્રતિબંધક એવાં જ્ઞાનાવરણીય આદિ કર્મોનો નાશ થાય છે, અને એ રૂપ જ તમોગ્રંથિનો ભેદ થાય છે. અને આવો તમોગ્રંથિના ભેદ થાય ત્યારે સંયમકાળમાં વર્તતા અપૂર્વ ચિત્તસ્વાસ્થ્યને અપૂર્વપણે તે જોઇ શકે છે, અને તેના કારણે જ ભોગની તૃષ્ણા પણ ક્ષીણ ક્ષીણતર થતી જાય છે. આથી જ શ્રાવક વિશુદ્ધ બને છે.

વળી, શ્રાવક શુભકંડકની વૃદ્ધિથી વિશુદ્ધ્યમાનભાવવાળો થાય છે. આશય એ છે કે અજ્ઞાનરૂપી અંધકારની ગ્રંથિનો ભેદ થયેલો હોવાથી, અને ભોગની લાલસા ચાલી ગયેલી હોવાથી શ્રાવક વિશુદ્ધ બને છે; અને વારંવાર તત્ત્વનું ભાવન કરવાને કારણે સર્વવિરતિને અનુકૂળ એવા શુભકંડક સ્થાનોની વૃદ્ધિ થાય છે.

★ 'કંડક' એ સંખ્યાવાચી શબ્દ છે. જ્યારે જીવ શુભભાવમાં હોય છે ત્યારે શુભપરિણતિની વૃદ્ધિ થાય છે, અને તે સંયમસ્થાનને અભિમુખ કંડકની સંખ્યાથી જીવ ઉપર ઉપરના ગુણસ્થાનમાં જાય છે આ બતાવવા માટે શુભકંડકની વૃદ્ધિથી વિશુદ્ધ્યમાન ભાવવાળો બને છે તેમ અહીં કહેલ છે.

આવો શ્રાવક, શ્રાવક અવસ્થામાં પણ પ્રતિદિન વિશુદ્ધ્યમાન ભાવવાળો હોય છે, અને આવા ભાવવાળો શ્રાવક રોજ વિચારતો હોય કે આજે સંયમ લઇશ કે કાલે સંયમ લઇશ. તેથી જ્યારે તેવા પ્રકારના બળવાન નિમિત્ત મળે ત્યારે સંસારનો ત્યાગ કરીને સાધુધર્મ સ્વીકારે તો, અવશ્ય તેને ભાવથી સાધુધર્મનો પરિણામ થાય તેવું યોગ્ય ચિત્ત વર્તમાનમાં થયેલું છે, અને તે જ સાધુધર્મના પરિભાવનથી પ્રગટેલી સંયમની યોગ્યતા છે.

**ઉત્થાન :**

દ્વિતીય સૂત્રની સમાપ્તિ થઇ. તે જ સ્પષ્ટ કરે છે–

**ટીકા :**

**साधुधर्मपरिभावनासूत्रं समाप्तम्,** भावतः साधुधर्मप्राप्त्युपायभूतार्थसूचकं **सूत्रं समाप्तम् ।**

**॥ पञ्चसूत्रकव्याख्यायां द्वितीयसूत्रव्याख्या समाप्ता ॥**

**ટીકાર્થ :**

**સાધુ ધર્મ પરિભાવના સૂત્ર સમાપ્ત થયું,**

અને તેનો જ અર્થ બતાવે છે–

**ભાવથી સાધુધર્મની પ્રાપ્તિના ઉપાયભૂત અર્થનું સૂચક એવું સૂત્ર સમાપ્ત થયું.**

**ભાવાર્થ :**

જ્યારે શ્રાવક સાધુપણું ગ્રહણ કરે ત્યારે ભાવથી સાધુધર્મની પ્રાપ્તિ તેને થઇ શકે તેવું ચિત્ત કઇ રીતે ઘડવું જોઇએ ? તે અર્થને બતાવવા માટે આ બીજું સાધુ-ધર્મ-પરિભાવના સૂત્ર છે, અને તે સૂત્ર અહીં પૂર્ણ થાય છે.

પંચસૂત્રની વ્યાખ્યામાં બીજા સૂત્રની વ્યાખ્યા સમાપ્ત થઇ.

## સુવાક્યો

૧. ચતુઃશરણગમનમાં ગુણવાનના બહુમાન દ્વારા ગુણની પ્રાપ્તિ સુલભ થાય છે, દુષ્કૃતગર્હામાં પાપના અનુબંધને તોડવાની શક્તિ છે અને સુકૃત અનુમોદનામાં પુન્યના અનુબંધની પુષ્ટિ થાય છે.

૨. ચતુઃશરણગમન, દુષ્કૃતગર્હા અને સુકૃતઅનુમોદના ત્રણે કુશલ આશય છે,

૩. ચતુઃશરણગમન કરનારને પાપનો ઉદય પણ હોય પણ બહુફલવાળો ન થાય.

૪. ચતુઃશરણગમન આપત્તિમાં મહાનપરિરક્ષણનો ઉપાય છે.

૫. સુપ્રણિધાનપૂર્વક, વિધિપૂર્વક ચતુઃશરણગમનઆદિમાં પ્રયત્ન કરવામાં આવે તો તથાભવ્યત્વનો પરિપાક થાય છે.

૬. દુષ્કૃતગર્હા અને સુકૃતઅનુમોદના એ દોષો પ્રત્યે દ્વેષ અને ગુણો પ્રત્યે રાગ કેળવવાની ક્રિયા છે.

૭. દોષો પ્રત્યે જેટલો જુગુપ્સાનો ભાવ પ્રકર્ષવાળો તેટલા અંશે દોષો જાય અને બીજાધાન થાય. ઉત્કટ પરિણામથી તીર્થંકર, કેવલી આદિ ઉત્કટ ગુરૂની પ્રાપ્તિ થાય.

૮. માત્ર દુષ્કૃતગર્હા કરવાથી દોષોનો નાશ કરવો અતિદુષ્કર છે તેથી ચારનું શરણું સ્વીકારીને દુષ્કૃતગર્હા કરવામાં આવે તો પાપનો પ્રતિઘાત થઇ શકે.

૯. ચતુઃશરણગમનમાં રક્ષણના કાર્યની પ્રધાનતા છે, દુષ્કૃતગર્હામાં અનુબંધના અપનયની મહત્તા છે.

૧૦. ભગવાનના વચન અનુસાર અને ગુરૂના અનુશાસન નીચે રહેવાથી ગર્હા સમ્યક્ થાય.

૧૧. સુકૃતની અનુમોદના સંવેગપૂર્વક થાય તો ફલવાન બને.

૧૨. સુકૃતની અનુમોદના એવી રીતે કરવાની છે કે તેના સંસ્કાર દૃઢ બની, સુકૃત એ જ આપણી પ્રકૃતિ બને.

૧૩. જ્યાં સુકૃત સેવનની શક્તિ નથી ત્યાં સુકૃતની અનુમોદનાનો ભાવ છે, પણ જ્યાં સુકૃત સેવનની શક્તિ છે ત્યાં સુકૃતની અનુમોદના નહિ, પણ સુકૃત સેવનમાં જ સમ્યગ્ યત્ન કરવાનો છે.

## શુદ્ધિ પત્રક

| પાના નં. | લીટી નં. | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| ૬૯ | ૨૩ | કહેવાયેલા | ભગવાન વડે કહેવાયેલા |
| ૭૯ | ૮ | 'ઔચિત્યપૂર્વક' | 'ઔચિત્યપૂર્વકથી' |
| ૯૩ | ૧૦ | તથાભવ્યત્વઆદિના | તથાભવ્યત્વના |
| ૧૧૩ | ૨૬ | **ए ( ऐ ) कान्तिका •** | **एकान्तिका •** |
| ૧૧૮ | ૨ | સાધુઓ આ | આ સાધુઓ, |
| ૧૫૪ | ૨૫ | **• तादिलक्षगमा** | **• तादिलक्षणमा** |
| ૧૫૯ | ૮ | નિરતિચારપૂર્વક | નિરતિચાર |
| ૧૭૮ | ૪ | કરી શકાય છે તે બતાવવા માટે | કરી શકાય છે તેમ જ સમ્યગ્દૃષ્ટિનું પણ જે અશુભ અનુબંધવાળું કર્મપાત કરાવીને મિથ્યાત્વ પ્રાપ્ત કરાવે તેવું છે તેને પણ અપુનર્ભાવવાળું કરી શકાય છે તે બતાવવા માટે |
| ૧૭૮ | ૧૩ | સમ્યગ્દૃષ્ટિ જીવ ક્ષાયિક | સમ્યગ્દૃષ્ટિ જીવ ક્રમે કરીને ક્ષાયિક |
| ૧૯૭ | ૩ | સ્વીકાર જ કરવો. | સ્વીકાર કરવો. |
| ૧૯૮ | ૩ | વિશુદ્ધિ હોવાથી ધર્મગુણોનું | વિશુદ્ધિ વડે ધર્મગુણોનું |
| ૨૦૦ | ૧૬ | ધર્મગુણોનું તાત્પર્ય એ | તાત્પર્ય એ |
| ૨૦૭ | ૧૯ | સર્વની=મોક્ષની | સર્વની યાવત્ મોક્ષની |
| ૨૨૧ | ૨૪ | **चज्ञ** | **यज्ञ** |
| ૨૩૪ | ૮ | બુદ્ધિ | વૃદ્ધિ |
| ૨૩૪ | ૨૦ | અર્થભોગાદિથી | ભોગાદિથી |
| ૨૪૩ | ૧૬ | શબ્દ અધ્યાહાર છે. | શબ્દ અનુવૃત્તિરૂપે છે. |
| ૨૫૨ | ૮ | ટીકાકાર એ | ટીકાકારે 'યુક્ત' એ |
| ૨૬૪ | ૨૧ | વિશુદ્ધ=નિવૃત્તિરૂપ તે ધર્મ | વિશુદ્ધ |
| ૨૬૫ | ૯ | મૈત્રીભાવરૂપ | મૈત્રીભાવનારૂપ |
| ૨૬૫ | ૧૨ | પ્રમોદભાવરૂપ | પ્રમોદભાવનારૂપ |
| ૨૬૫ | ૧૯ | કરુણારૂપ | કરુણાભાવનારૂપ |
| ૨૬૫ | ૨૩ | મધ્યસ્થભાવ રૂપ | મધ્યસ્થભાવનારૂપ |
| ૨૬૯ | ૬ | થાય છે અને | થાય અને |
| ૨૭૦ | ૨૬ | સાધુધર્મનું સેવન ગ્રહણ | સાધુધર્મ ગ્રહણ |
| ૨૭૨ | ૩ | આજીવન પાલન કરવાની શક્તિનો દૃઢ સંચય | આજીવન સમ્યગ્ પાલન થાય તેટલી શક્તિનો સંચય |
| ૨૭૭ | ૧૬ | તે તેથી | તેથી |

જીવ અનાદિનો છે. અનાદિ કર્મસંયોગથી નિષ્પન્ન થયેલા ભવો અનાદિનાં છે અને તે ભવો દુઃખરૂપ, દુઃખફળવાળા અને દુઃખ અનુબંધવાળા છે અને તેનો વિચ્છેદ શુદ્ધ ધર્મથી થાય છે અને શુદ્ધ ધર્મની પ્રાપ્તિ તથાભવ્યત્વાદિના પરિપાકથી થાય છે અને તથાભવ્યત્વાદિના પરિપાકના ઉપાયરૂપે ચતુઃશરણગમન, દુષ્કૃતગર્હા અને સુકૃત આસેવન છે. તેનાથી તથાભવ્યત્વનો પરિપાક થાય છે અને તથાભવ્યત્વનો પરિપાક થયા પછી સાધુ ધર્મનું પરિભાવન કરવાથી શુદ્ધ ધર્મ પ્રગટે છે, તેનાથી સંસારનો ઉચ્છેદ થાય છે. આ પંચસૂત્ર ગ્રંથના પ્રથમ અને દ્વિતીય સૂત્રનું હાર્દ છે.

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફતેહપુરા રોડ, પાલડી, અમદાવાદ.
ફોન : ૦૭૯-૬૬૦૪૯૧૧

Printed by : SURYA OFFSET Ph. : 3732366
Title Designed by : JINESHWAR, (M) 98240 15514